વાસ્તે હું, પી. વી. નાથાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૬ થી તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નડિયાદ શહેરમાં આવેલ રસ્તાનો ઉપયોગ કરવા સંબંધી નીચેની વિગેત પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર માટે -તિબંધ મુકવાના જાહેર માર્ગો.

(૧) નવા-જુના એસ.ટી. સ્ટેન્ડથી બહાર નીકળવાના વળાંકથી સંતરામ મંદિર તરફ જતો તમામ વાહનવ્યવહાર.

(૨) પીજ ભાગોળ ચોકથી જયંત શાહ હોસ્પીટલ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

(૩) માઈ મંદિર થી વી. બી. પેટ્રોલ પંપ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(૪) વૈશાલી સિનેમા રેલ્વે ગરનાળા તરફથી મોટી શાક માર્કેટ તરફ આવતો તમામ વાહન વ્યવહાર

(૫) પેટલાદ રેલ્વે ફાટક, રેલ્વે ક્રોસીંગથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર

(૬) મહાગુજરાત ત્રણ રસ્તાથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર

INDEX

(૭) રબારી વાડ (સુરજબા પાર્ક), દેસાઇ વગો તરફથી ગ્લોબ સિનેમા તરફ આવતો તમામ વાહન વ્યવહાર

(૮) ડુમરાલ બજારથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર

(૯) સંતરામ સોસાયટી, વકીલ સોસાયટી, ઓપન એર થિયેટર તથા વિઠ્ઠલ કન્યા વિદ્યાલય તરફથી સંતરામ રોડ તરફ આવતો તમામ વાહન વ્યવહાર

(B) જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ થતા આ વાહન વ્યવહાર પસાર થવા માટેના વૈકલ્પિક રસ્તાઓ :-

(૧) નવા-જુના એસ.ટી. બસ સ્ટેન્ડથી નીકળતો તમામ વાહનવ્યવહાર જુના એસ.ટી. સ્ટેન્ડ, શ્રેયસ સિનેમા રેલ્વે ગરનાળાના વળાંક થઇ, રેલ્વે સ્ટેશનથી આર.ટી.ઓ. થઇ સોશ્યલ કલબ તરફ જશે.

(૨) મહાગુજરાત હોસ્પીટલ ત્રણ રસ્તા તથા ડાકોર રોડ, ચકલાસી ભાગોળ તરફથી આવતો તમામ વાહનવ્યવહાર કનીપુરા નાકા થઇ નડિયાદ શહેરમાં આવશે.

(૩) સંતરામ સોસાયટી, વકીલ સોસાયટી તરફથી આવતો તમામ વાહનવ્યવહાર વિઠ્ઠલ કન્યા વિદ્યાલય થી પેટલાદ ફાટક તરફ તથા વિકાસ કોલોની, રાહુલ હોસ્પીટલ ત્રણ રસ્તા થઇ અલકાપુરી થી મહા ગુજરાત ત્રણ રસ્તા તરફ પસાર થશે.

અપવાદ : સરકારી વાહનો, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ તારીખ ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. વી. નાથાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 16

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, FEBRUARY 1, 2006 / MAGHA 12, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૦૬/૨૦૦૬.– તારીખ ૯મી ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ મહોરમનો તહેવાર ઉજવવામાં આવનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તારીખ ૨૭મી જાન્યુઆરી ૨૦૦૬ના રોજ ફેક્સ મેસેજથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, (જી.એ.એસ.,) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :-સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ :-આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 17 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, FEBRUARY 1, 2006 / MAGHA 12, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૦૭/૨૦૦૬.– તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહોરમનો તહેવાર જિલ્લામાં ઉજવવામાં આવનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તા. ૨૭/૦૧/૨૦૦૬ના રોજ ફેક્સ મેસેજથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, ડી. જી. ઝાલાવાડીયા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ આપુ છું. સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોને એકત્ર થવું નહિ; ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા-ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યા.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Supple C. G. I-Extra-17

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 18 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, FEBRUARY 2, 2006 / MAGHA 13, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી-જાહેરનામું ૪૪૩ થી ૫૫૩/૨૦૦૬.– મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જી.આર. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, આગામી તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ કતલની રાત તથા તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહોરમનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તથા હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.

(૨) કોઇ લગ્નના વરઘોડાને.

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિ-ાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. આર. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી / એમએજી / જાહેરનામું / વશી- કલમ-૩૭ (૧)/ ૪૪૩ થી ૫૫૩/૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જી. આર. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, આગામી તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ કતલની રાત તથા તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહોરમનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તેમજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહાશિવરાત્રીનો તહેવાર ઉજવવામાં આવનાર છે. અને હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ અર્થે તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાનાં યંત્રો, સાકરવા નહીં અથવા તૈયાર કરવા નહિં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ, બતાવવી નહિ, તેનો ફેલાવો કરવો નહી :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઇ જવાની ફરજ હોય,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારિરીક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને,

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જી. આર. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 19

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, FEBRUARY 2, 2006 / MAGHA 13, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨માં) ની કલમ-૩૩ (૧) (બી) (સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૧૫ થી ૨૨૬/૨૦૦૬.—આ કચેરીના તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૫ના જાહેરનામા નંબર પીઓએલ/વશી/૧૫૮૩ થી ૧૫૯૫/૦૫ની મુદત પુરી થતાં માંગણી આધારે તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૫ના જાહેરનામાની મુદત તારીખ ૨૭મી જુલાઇ, ૨૦૦૫ના જાહેરનામા નંબર પીઓએલ/વશી/૧૯૧૭ થી ૧૯૨૯/૦૫ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૫ સુધી અને ત્યારબાદ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૫ ના જાહેરનામા નંબર પીઓએલ/વશી/૨૫૪૧ થી ૨૫૫૪/૨૦૦૫ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૫ સુધી વધારી આપેલ હતી. ત્યારબાદ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૫ ના જાહેરનામા નંબર પીઓએલ/વશી/૩૩૬૬ થી ૭૯/૦૫ ની મુદત તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ સુધી વધારી આપેલ હતી. હવે આ જાહેરનામાની મુદત તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ થી વધુ બે માસ માટે લંબાવી આપવા અત્રે દરખાસ્ત મળેલ હોઇ નીચેની વિગતે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) મહેસાણા તરફથી વાયા બલોલ-આસજોલ થઇ બેચરાજી તરફ જતાં ભારે વાહનોએ મહેસાણા, મોઢેરા ચાર રસ્તા ગામ મોઢેરા થઇ વાયા કાલરી થઇ બેચરાજી જવાનું રહેશે. તથા પાલાવાસણા ત્રણ રસ્તા હાઇવે રોડથી વાયા બલોલ થઇ બેચરાજી તરફ જતાં ભારે વાહનોએ મહેસાણા, મોઢેરા, ચાર રસ્તા-ગામ મોઢેરા થઇ વાયા કાલરી થઇ બેચરાજી જવાનું રહેશે.

(૨) મહેસાણા તરફથી વાયા બલોલ થઇ બેચરાજી તરફ જતાં હલકા તથા અન્ય લોકલ વાહનો એ તથા પાલાવાસણા ત્રણ રસ્તાથી હાઇવે રોડથી વાયા બલોલ થઇ બેચરાજી તરફ જતાં હલકા તથા અન્ય લોકલ વાહનોએ પાલાવાસણા ત્રણ રસ્તા હાઇવે રોડથી વાયા બલોલ થઇ આસજોલ ગામથી રાંતેજ તરફ જવાના રસ્તા પર નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૦૫.૦૦ કિલો મીટર પર પુલ ઓળંગી નહેરની ડાબી બાજુના સર્વિસ રોડ પર થઇ મુખ્ય નહેરની સાંકળ ૩૦૫.૭૧૪ કિલો મીટરના પુલ પાસેથી કાલરી થઇ બેચરાજી જવાનું રહેશે. તે મુજબ ડાયવર્ઝન આપવા પુરવણી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ સુધી વધારી આપેલ હતી.

કા.પા.ઇ.શ્રી ન.યો.મુ.નિ.વિ.નં. ૧૮, મહેસાણા એ તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૬ના પત્રથી આ જાહેરનામાની મુદત બે માસ સુધી વધારી આપવા વિનંતી કરેલ છે. જેથી આ કચેરીના તારીખ ૨૪મી

નવેમ્બર, ૨૦૦૫ના પુરવણી જાહેરનામાની મુદત તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ સુધી આથી વધારવા પુરવણી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

આ કચેરીના પત્ર નં. જેલ/પોલ/વશી/૧૮૪૬/૦૫ તારીખ ૨૬મી જુલાઇ, ૨૦૦૫ થી વિભાગીય નિયામકશ્રી એસ.ટી. મહેસાણાને એસ.ટી. ના સંચાલન માટે આપવામાં આવેલ મુક્તિ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે પુરવણી જાહેરનામું બહાર પાડ્યું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 20 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, FEBRUARY 2, 2006 / MAGHA 13, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/વશી-૧૯૬/૨૦૦૬.– તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે શ્રીમતી પી. કે. ફણસે વિદ્યાલય ખાતે ''સુવર્ણ જયંતિ મહોત્સવ'' કાર્યક્રમમાં પધારનાર હોઈ અને તા.૮/૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહોરમ (તાજીયા)નો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ ઉપરોકત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૬ થી ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, જી. એમ. ડામોર, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ,૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. એમ. ડામોર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/વશી-૧૯૬/૨૦૦૬.– તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે શ્રીમતી પી. કે. ફણસે વિદ્યાલય ખાતે "સુવર્ણ જયંતિ મહોત્સવ" કાર્યક્રમમાં પધારનાર હોઈ અને તા.૮/૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહોરમ (તાજીયા)નો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ ઉપરોક્ત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૬ થી ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, જી. એમ. ડામોર, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રુએ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યક્તિઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોંકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. એમ. ડામોર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 21 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, FEBRUARY 7, 2006 / MAGHA 18, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૫૦૨/૨૦૦૬.–તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મુસ્લીમ કોમનો મહોરમનો તહેવાર ઉજવવામાં આવશે. કોમી એકતાના મુદ્દાને સંવેદનશીલ બનાવી ચોક્કસ તત્વો આ તહેવારની ઉજવણીને નિમિત બનાવી જાહેર સુલેહ અને શાંતિને ભડકાવી વાતાવરણ તંગ બનાવી ઘર્ષણ પેદા કરવાની શક્યતા નકારી શકાય નહીં. જેથી ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદએ તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૬ના પત્ર ક્રમાંક એલ. આઈ.બી./ જાહેરનામું/૨૬૧/૨૦૦૬ થી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧)અન્વયેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રીની સદરહુ દરખાસ્ત ઉચિત અને આવશ્યક હોવાનું જણાય છે.

વાસ્તે હું, પી. વી. નાથાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએથી સમગ્ર ખેડા જિલ્લાની હદ વિસ્તારમાં તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુદ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રોં પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું,ચાળા પાડવાનું, નકલ કરવાનું;

INDEX

વિસ્તાર :- સમગ્ર ખેડા જિલ્લાનો વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:-

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલિસ અધિકારીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. વી. નાથાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૫૧૬/૨૦૦૬.–તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૬ સુધી ખેડા ખાતે આવેલ મેલડી માતાના મંદીર ખાતે મેલડી માતાના ૨૨માં પાટોત્સવની ઉજવણી થનાર છે. તેમજ ભવ્ય લોકમેળા, ધાર્મિક શોભાયાત્રા અને જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમોમાં દુર સુદુરથી ભાવિક ભક્તો, શ્રધ્ધાળુઓ દર્શનાર્થે તેમજ લોકમેળા, ધાર્મિક શોભાયાત્રા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણવા ઉપસ્થિત થશે. આ દરમ્યાન ખેડા-મહેમદાવાદ રોડ ઉપર આવેલ મેલડી માતા મંદિર તથા તેની આજુબાજુના જાહેર માર્ગો ઉપર ટ્રાફિક નિયમન કરવું આવશ્યક જણાય છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદએ તેઓના પત્ર ક્રમાંક એલઆઈબી/એચએ/જાહેરનામુ/૨૬૦/૨૦૦૬, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૬થી વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું, પી. વી. નાથાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી ખેડાથી ટ્રેઝરી કચેરી થઈ મહેમદાવાદ તરફ આવેલ રસ્તાનો ઉપયોગ કરવા સંબંધી નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો.

ખેડા બસ સ્ટેન્ડ ચોકડીથી ટ્રેઝરી, વિઠલપુર થઈ મહેમદાવાદ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

(B) જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ થતા આ વાહન વ્યવહાર પસાર થવા માટેના વૈકલ્પિક રસ્તાઓ :-

ખેડા બસ સ્ટેન્ડ ચોકડીથી ખેડા કેમ્પ, વિઠલપુરા થઈ મહેમદાવાદ તરફ તમામ વાહનો જઈ શકશે.

અપવાદ : સરકારી વાહનો, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. વી. નાથાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૫૨૭/૨૦૦૬.–તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૬ સુધી નડિયાદ શહેરમાં આવેલ સુપ્રસિધ્ધ શ્રી સંતરામ મંદિર ખાતે મહા સુદ પુનમ નિમિતે ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવનાર છે. આ ધાર્મિક લોકમેળામાં દુર સુદુરથી ભાવિક ભક્તો, શ્રધ્ધાળુઓ દર્શનાર્થે તેમજ લોકમેળાનો આનંદ માણવા ઉપસ્થિત થશે. આ મેળા દરમ્યાન નડિયાદ શહેરમાં સંતરામ મંદિર તથા તેની આજુબાજુના જાહેર માર્ગો ઉપર ટ્રાફિક નિયમન કરવું આવશ્યક જણાય છે.પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદએ તેઓના તારીખ ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૬ના પત્રથી વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું, પી. વી. નાથાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નડિયાદ શહેરમાં આવેલ રસ્તાનો ઉપયોગ કરવા સંબંધી નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

(A) વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો.

(૧) નવા-જુના એસ.ટી. સ્ટેન્ડથી બહાર નીકળવાના વળાંકથી સંતરામ રોડ તરફનો જતો તમામ વાહનવ્યવહાર.

(૨) પીજ ભાગોળ ચોકથી જયંત શાહ હોસ્પીટલ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

(૩) માઇ મંદિર થી વી. બી. પેટ્રોલ પંપ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(૪) વૈશાલી સિનેમા રેલ્વે ગરનાળા તરફથી મોટી શાક માર્કેટ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(૫) પેટલાદ રેલ્વે ફાટક, રેલ્વે ક્રોસીંગથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(૬) મહાગુજરાત ત્રણ રસ્તાથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(૭) રબારી વાડ (સુરજબા પાર્ક), દેસાઇ વગો તરફથી ગ્લોબ સિનેમા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(૮) ડુમરાલ બજારથી સંતરામ મંદિર તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(૯) સંતરામ સોસાયટી, વકીલ સોસાયટી, ઓપન એર થિયેટર તથા વિઠ્ઠલ કન્યા વિદ્યાલય તરફથી સંતરામ રોડ તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ થતા આ વાહન વ્યવહાર પસાર થવા માટેના વૈકલ્પિક રસ્તાઓ :-

(૧) નવા-જુના એસ.ટી. બસ સ્ટેન્ડમાં આવતો-જતો તમામ વાહનવ્યવહાર જુના એસ.ટી. સ્ટેન્ડ, શ્રેયસ સિનેમા રેલ્વે ગરનાળાના વળાંક થઇ, રેલ્વે સ્ટેશનથી આર.ટી.ઓ. થઇ સોશ્યલ કલબ તરફ જશે.

(૨) મહાગુજરાત હોસ્પીટલ ત્રણ રસ્તા તથા ડાકોર રોડ, ચકલાસી ભાગોળ તરફથી આવતો તમામ વાહનવ્યવહાર કનીપુરા નાકા થઇ નડિયાદ શહેરમાં આવશે.

(૩) સંતરામ સોસાયટી, વકીલ સોસાયટી તરફથી આવતો તમામ વાહનવ્યવહાર વિઠ્ઠલ કન્યા વિદ્યાલય થી પેટલાદ ફાટક તરફ તથા વિકાસ કોલોની, રાહુલ હોસ્પીટલ ત્રણ રસ્તા થઇ અલ્કાપુરી થી મહાગુજરાત ત્રણ રસ્તા તરફ પસાર થશે.

અપવાદ : સરકારી વાહનો, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. વી. નાથાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૫૩૮/૨૦૦૬.–તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૦૬ સુધી કપડવંજ ખાતે આવેલ બત્રીસ કોઠા વાવ આગળ જાહેર માર્ગ ઉપર યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. આ યજ્ઞમાં દુર સુદુરથી ભાવિક ભક્તો, શ્રધ્ધાળુઓ દર્શનાર્થે ઉપસ્થિત થશે. આ યજ્ઞ દરમ્યાન આ રોડ ઉપર ટ્રાફિક નિયમન કરવું આવશ્યક જણાય છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદએ તેઓના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૨૫૭/૨૦૦૬, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૬ થી વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું, પી. વી. નાથાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી કપડવંજ મુકામે આવેલ બત્રીસ કોઠાની વાવ આગળના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા સંબંધી નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો.

(૧) ગાંધી બાવલાથી બત્રીસ કોઠા વાવ તરફ આવતો તમામ વાહનવ્યવહાર.

(૨) હોળી ચકલાથી બત્રીસ કોઠા વાવ તરફ આવતો તમામ વાહનવ્યવહાર.

(B) જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ થતા આ વાહન વ્યવહાર પસાર થવા માટેના વૈકલ્પિક રસ્તાઓ :-

(૧) ગાંધી બાવલાથી બત્રીસ કોઠા વાવ તરફ આવતો તમામ વાહનવ્યવહાર મોઢેશ્વરી માતા મંદિર આગળથી કુંડવાવ ચોકી તરફ પસાર થશે.

(૨) હોળી ચકલાથી બત્રીસ કોઠા વાવ તરફ આવતો તમામ વાહનવ્યવહાર પટેલ વડાથી લાંબી શેરી, દલાલ વાડા થઈ આગળ જશે.

અપવાદ : સરકારી વાહનો, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ તારીખ ૭જી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. વી. નાથાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ(૧)/૫૫૫/૨૦૦૬.–તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી (૧) મહાસુદ પુનમ નિમિત્તે નડિયાદ સંતરામનો મેળો (૨) વડતાલ સ્વામીનારાયણ મંદિરનો મેળો (૩) ડાકોર રણછોડરાયજી મંદિરનો મેળો (૪) ખેડા મુકામે મેલડી માતાના મંદિરે વાર્ષિક પાટોત્સવ જેવા લોકમેળાઓ જિલ્લામાં યોજાનાર છે. કોમી એકતાના મુદ્દાને સંવેદનશીલ બનાવી ચોક્કસ તત્વો આ તહેવારોની ઉજવણીને નિમિત્ત બનાવી જાહેર સુલેહ અને શાંતિને ભડકાવી વાતાવરણ તંગ બનાવી ઘર્ષણ પેદા કરવાની શકયતા નકારી શકાય નહી. જેથી ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડાએ તા. ૨૪મી જાન્યુઆરી, ૨૦૦૬ના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/ ૨૩૫/૨૦૦૬ થી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રીની સદરહુ દરખાસ્ત ઉચિત અને આવશ્યક હોવાનું જણાય છે.

વાસ્તે હું, પી. વી. નાથાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નડિયાદ નગરપાલિકા વિસ્તાર, ડાકોર નગરપંચાયત વિસ્તાર, ખેડા નગર પંચાયત વિસ્તાર તથા વડતાલ ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુદ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું,ચાળા પાડવાનું, નકલ કરવાનું;

વિસ્તાર :- સમગ્ર નડિયાદ નગરપાલિકા વિસ્તાર, સમગ્ર ડાકોર નગરપાલિકા વિસ્તાર, ખેડા નગરપાલિકા વિસ્તાર, સમગ્ર વડતાલ ગ્રામ પંચાયત વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલિસ અધિકારીએ શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭જી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. વી. નાથાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

Extra No. 22 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, FEBRUARY 7, 2006 / MAGHA 18, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમએજી/વશી/૧૭૬ થી ૧૯૮/૨૦૦૬.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા સદરહુ સમય દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી સમગ્ર નર્મદા જિલ્લાના વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવા કોઈ વ્યક્તિઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨) માંની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા ઉપરોક્ત વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ રાત્રિના ૨૦-૦૦ કલાકથી તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાક સુધીના (બને દિવસો સહિત) સમય દરમ્યાન નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને;

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને;

(૩) કોઈ લગ્નનાં વરઘોડાને;

(૪) કોઈપણ સ્મશાનયાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને;

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુક્તિ આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી આપતાં પહેલાં સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય લક્ષમાં લઈ આપી શકશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં)ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી./જાહેરનામું/વશી/૧૯૯ થી ૨૨૧/૨૦૦૬.– નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી ૨૪-૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) કોઈએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી ;

(ગ) પથ્થરો અથવા હાનીકારક -વાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ અથવા તૈયાર કરવા નહિ ;

(ઘ) મનુષ્યો અથવા શબો, અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહિ ;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ ;

(છ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવાં હાવભાવ કરવા નહિ અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ, બતાવવી નહિ, તેનો ફેલાવો કરવો નહિ ;

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ. :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા પોલિસ અધિક્ષકશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલિસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 23 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, FEBRUARY 10, 2006 / MAGHA 21, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેર. ના. ક. ૩૭ (૧) વશી/૫૦૬ થી ૫૪૧/૨૦૦૬.—આગામી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહોરમ (તાજીયા) તથા તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહાશિવરાત્રીના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. જે દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી પાટણે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઇપણ ઇસમને નહિ કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે, એકઠા કરવાની કે, સાથે રાખી ફરવાનું કે કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઇ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતીનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

INDEX

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ/રાધનપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેર.ના.ક.૩૭(૩)/ વશી/ ૫૪૨ થી ૫૭૭/૨૦૦૬.—આગામી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહોરમ (તાજીયા) તથા તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મહાશિવરાત્રીના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. જે દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી પાટણે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કોઈપણ મંડળી કે સરઘસમાં ચાર કરતાં વધારે વ્યક્તિઓની મંડળી માટે મનાઈ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨)ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના ૦-૦૦ કલાકથી તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંતની મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યક્તિઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇ સ્મશાન યાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨)ની કલમ-૩૭ (૩) ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 24

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, FEBRUARY 10, 2006 / MAGHA 21, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયેનો.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર.-૦૮/૨૦૦૬.– સેકશન એન્જીનીયરશ્રી પશ્ચિમ રેલ્વે આણંદએ તેઓશ્રીના તારીખ ૩જી ફેબ્રુઆરી, ૨૦૦૬ના પત્રથી ઉમરેઠ રેલ્વે સ્ટેશન યાર્ડમાં આવેલ રેલ્વે ફાટક નંબર ૨૩ કિ.મી. ૨૨/૨-૪નું સમારકામ કરવાનું હોઈ આ ફાટક તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સવારના ૭-૦૦ કલાકથી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી, એમ ૩ દિવસ માટે બંધ કરવા માંગણી કરેલ છે. આ કામે પોલીસ અધિક્ષકશ્રી, આણંદનો અભિપ્રાય માંગવામાં આવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૬ના પત્રથી જાહેરનામું પ્રસિદ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ કલાક ૭-૦૦ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ રાત્રીના કલાક ૧૨-૦૦ સુધીના સમય માટે નીચે મુજબના રસ્તાઓ ઉપરનો ટ્રાફીક ડાયવર્ઝન કરવા તથા ટ્રાફીક બીજા રસ્તા તરફ વાળવા માટે હુકમ કરું છું.

(૧) આ ગેટ પરથી પસાર થતાં તમામ પ્રકારનાં વાહનો વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ઉમરેઠ રેલ્વે યાર્ડમાં આવેલ રેલ્વે ફાટક નં. ૨૨ અને ફાટક નંબર ૨૪નો આવવા જવા માટે ઉપયોગ કરી શકશે.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 25

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, FEBRUARY 13, 2006 / MAGHA 24, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

(૧) અત્રેના નંબર પીઓએલ/ટ્રાફિક નિયમન/જા.નામુ/વશી-૩૭૩૯/૨૦૦૫, તા. ૧૮-૬-૨૦૦૫ અન્વયે પ્રસિદ્ધ કરેલ જાહેરનામું.

(૨) પોલીસ અધિક્ષકશ્રી સા.કાં.ના પત્ર નંબર એલઆરઈબી/રેલ્વે ઓવર બ્રીજ/૨૬૯/૨૦૦૬, તા. ૨૪-૧-૨૦૦૬.

સુધારા આદેશ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (બી) અન્વયેના અમલી જાહેરનામા પરત્વે.

નંબર પીઓએલ/ટ્રાફિક નિયમન/જા.નામુ/વશી-૩૭૩૯/સુધારો/૨૦૦૫.—આમુખ(૧)ની વિગતે હિંમતનગર થી અમદાવાદ જતા માર્ગ ઉપર રેલ્વે ક્રોસીંગ ફાટક નં. ૮૧/એએસપીએલ ઉપર સુચિત રેલ્વે ઓવર બ્રીજના બાંધકામની થઈ રહેલ કામગીરી સંદર્ભે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું જરૂરી જાહેરનામું ટ્રાફિક નિયમનના હેતુથી અત્રેના અધિકારમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આમુખ (૨)ની વિગતે પોલીસ અધિક્ષકશ્રીના અભિપ્રાય મુજબ આ અમલી જાહેરનામા મુજબના ટ્રાફિક નિયમન પરત્વે વધુ યોગ્ય વ્યવસ્થા જળવાય તે સારૂ મુળ જાહેરનામા મુદા નં. (૧) થી (૫)ને આનુષંગિક નીચે મુજબનો સુધારો આથી જાહેર કરવામાં આવે છે.

"પ્રસિદ્ધ જાહેરનામાના અમલીકરણની મુદત દરમ્યાન હિંમતનગર શહેર માટે દિવસ દરમ્યાન ભારે ટ્રકો તથા અન્ય ભારે વાહનો મોતીપુરાથી સહકારી જીન રોડ થઈ હડીયોલપુલ છાપરીયા કેનાલ, જુના માર્કેટ યાર્ડ થઈ મહાવીર નગર તથા પોલો ગ્રાઉન્ડ જઈ શકશે. અલબત્ત, ભારે વાહનો અને તમામ મોટી ટ્રકો શહેરની અંદર ગીચ બજાર વિસ્તારમાં સવારના કલાક ૮-૦૦ થી રાત્રીના કલાક ૨૧-૦૦ સુધી પ્રવેશી શકશે નહીં કે અવર-જવર કરી શકશે નહીં. વિશેષમાં આ સમયગાળા દરમ્યાન એટલે કે સવારના કલાક ૮-૦૦ થી રાત્રીના કલાક ૨૧-૦૦ સુધી મહેતાપુરા-એન.જી. સર્કલ થી ટાવર રોડ, ઈડર રોડ, બસ સ્ટેન્ડ પર બીલકુલ અવર-જવર વાહનો કરશે નહીં.

ઉપરોક્ત સુધારા હુકમની અમલવારી પોલીસ તંત્ર તેમજ સંબંધિત તંત્ર દ્વારા આમુખ (૧) ની વિગતે પ્રસિદ્ધ જાહેરનામાની બાબતો સાથે સંકલીત કરી જાહેર હિત તેમજ બજાર વ્યવસ્થા તથા આવશ્યક ચીજ વસ્તુના પરિવહનને અસર ન થાય તે મુજબ અમલવારી કરવાની રહેશે.

આજ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 26

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] TUESDAY, FEBRUARY 14, 2006 / MAGHA 25, 1927

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/ક્યુએલ/બ્લેક ટ્રેપ/જાહેરનામું/૨૦૦૬.–શ્રી માધુભાઈ કોદરભાઈ દેસાઈને મોજે કડીયાદરા, તા. ઈડરની ઘઉઆવ નદી પટ પૈકી ૧-૦૦-૦૦ હેક્ટર વિસ્તારમાં રેતી કંકર ખનીજની ક્વોરી લીઝ આપેલ હતી જેની હકીકત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	ઈડર	કડીયાદરા	ઘઉઆવ નદી પટ	૧-૦૦-૦૦ હેક્ટર

ઉપરોક્ત હકીકતે પટેદારશ્રીની લીઝ રદ સરન્ડર કરેલ હોવાથી ફરી ખાણ કામ માટે જાહેર કરવાનો હોઈ આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેક્ટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૦૬.

સહી (અવાચ્ય),
કલેક્ટર, સાબરકાંઠા.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 27

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, FEBRUARY 15, 2006 / MAGHA 26, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૩ (૧) (ઓ) (વાય) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૭૧ થી ૩૧૦/૨૦૦૬.--આગામી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ''મહોરમ''ના તહેવાર દરમ્યાન જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી નીચેના પગલાં લેવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, (જી.એ.એસ.,) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, (સને ૧૯૫૧ના ૨૨માં)મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ઓ) (વાય) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ મહેસાણા જિલ્લાના તમામ ગામોમાં '' મહોરમ '' ના તહેવાર દરમ્યાન એટલે કે તારીખ ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ સુધી (ત્રણ દિવસો સુધ્ધાંત) નીચે પ્રમાણે વ્યવસ્થા રાખવા હુકમ કરૂં છું.

(૧) ''તાજીયા'' ફેરવવા સારૂ તેના આગેવાનોએ તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી પરવાનગી મેળવવાની રહેશે. અને તે મળ્યા બાદ પરવાનગીથી શરતોને આધિન રહીને ''તાજીયા'' ફેરવવાના રહેશે.

(૨) સદરહુ પરવાનગીનો હુકમ ''તાજીયા'' કાઢવા ઈચ્છનાર આગેવાનોએ પોતાની પાસે રાખવો અને સરઘસમાં હાજર રહેવું અને તે પરવાનગીનો હુકમ કોઈપણ મેજિસ્ટ્રેટશ્રી અગર ફરજ પરના કોઈપણ પોલીસ અમલદાર કે પોલીસ હેડ કોન્સ્ટેબલ જ્યારે જ્યારે જોવા માંગે ત્યારે તે પરવાનગી હુકમ બતાવવો.

(૩) સદરહુ પરવાનગીનો હુકમ ધારણ કરનાર ઈસમ સરઘસમાં સુલેહ શાંતિ જાળવવા માટે જવાબદાર ગણાશે અને સરઘસમાં સુલેહ શાંતિ જોખમાય તેમ જણાશે તો એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી અગર પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી આવી પરવાનગી લેખિત અગર મૌખિક હુકમથી રદ કરી શકશે અને તેમ થતાં સરઘસમાં તમામ માણસોએ તાત્કાલિક વિખરાઈ જવું પડશે. અને ફરીથી તેજ સરઘસ/તાજીયા આજુબાજુના સ્થળે ફેરવી શકશે નહીં.

(૪) કોઈપણ વાજીંત્રો સક્ષમ અધિકારીશ્રી પાસેથી પરવાનગી મેળવ્યા સિવાય ''તાજીયા'' ના સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં વગાડી શકશે નહીં. જો વાજીંત્રો વગાડવાના હશે તો તે માટે લેખિત મંજુરી મેળવી લેવી અને તે ''તાજીયા'' ના આગેવાનોએ પોતાની પાસે રાખવી અને સરઘસમાં હાજર રહેવું. અને કોઈપણ મેજિસ્ટ્રેટ અગર ફરજ પરના પોલીસ અધિકારી જોવા માંગે ત્યારે બતાવવી અને પરવાનગી શરતોનું પાલન કરવું.

(૫) તહેવારના છેલ્લા દિવસે તારીખ ૧૦મી ફેબ્રુઆરી,. ૨૦૦૬ના રોજ ''તાજીયા'' ફેરવવાના દિવસે અથવા તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ રાત્રે અથવા સદરહુ તહેવાર આ તારીખથી બીજી તારીખે આવે તો તે દિવસોએ ''તાજીયા'' ફેરવવા અને પોતાની જગ્યાએથી બપોરના ૧-૦૦ વાગે ઉઠાવી પરવાનગીમાં જણાવેલ શરતે ફેરવી સુર્યાસ્ત પહેલાં ઠંડા કરી દેવાં

(૬) દરેક ''તાજીયા'' ની સાથે પરવાનગીમાં મંજુરી મેળવ્યા પ્રમાણે માણસો હોવા જોઈએ. પરવાનગી હેઠળ ત્રીસ માણસોએ

INDEX

''તાજીયા'' સાથે ફરવાની છુટ છે. તેથી વધુ માણસો ફેરવવાના હોય તો તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અગર સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી પરવાનગી મેળવી ''તાજીયા''ના જવાબદાર આગેવાનોએ પોતાની પાસે રાખવી અને સરઘસમાં હાજર રહેવું.

(૭) તમામ પ્રકારના ટોળકી રૂપ સરઘસો, ''મહોરમ'' ના તહેવાર દરમ્યાન બંધ રાખવા.

(૮) સ્થાનિક વિસ્તારમાં ધાર્મિક બાબત કે જાહેરજનતાની સુખાકારી જોખમાય તેવુ પરવાનગી આપનાર અધિકારીશ્રીને જણાશે તો સરઘસ રૂપે ''તાજીયા'' ફેરવવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

(૯) આવી પરવાનગી ધારણ કરનાર ઈસમે પરવાનગી આપનાર તરફથી જે જે સુચનાઓ આપવામાં આવે તે પાળવા માટે જવાબદાર ગણાશે તેમજ આ દરમ્યાન જે જે કાનૂનો, નિયમો કે હુકમો અમલમાં હશે તેવુ પાલન કરવા જવાબદાર ગણાશે.

(૧૦) જાહેર જગ્યાએ કે જાહેર રસ્તામાં જીલ, જાલરો, હુલહલ, ઘોડાનું સરઘસ કાઢવા પરવાનગી આપવામાં આવશે નહીં. તેમજ ''તાજીયા'' ફરવા દેવામાં આવશે નહીં.

(૧૧) ''તાજીયા''ના દિવસે તાબુતનું સરઘસ કાઢતી વખતે તે ઉઠાવી ટૂંકામાં ટૂકા રસ્તે લઈ જવાની તેમજ પોલીસ અમલદાર સ્થળે આપે તેવી સુચના મુજબ જવાની શરતે પરવાનગી આપવામાં આવશે.

(૧૨) ''તાજીયા'' ફેરવવાના રસ્તામાં કોઈ ગાડુ, મોટર અગર બીજા વાહનો અગર સ્મશાનયાત્રા, લગ્ન વરઘોડા સરઘસ આવે તો ''તાજીયા વાળાઓએ'' ડાબી બાજુએ રહી જમણી બાજુ રસ્તો આપી તેમને જવા દેવા.

(૧૩) જયાં વીજળી/ટેલીફોનના દોરડા નાંખેલા હોય ત્યાં સદર વીજળીઘર, ટેલીફોન વગેરેના તાર/દોરડાને કોઈપણ જાતની હરકત આવે નહીં તેટલી જ ઊંચાઈના ''તાજીયા'' હોવા જોઈએ.

(૧૪) ''તાજીયા'' ઠંડા કરવા ગામ કૂવા કે જેનો પીવાના પાણી તરીકે ઉપયોગ થાય છે. તેમાં ફુલ વિગેરે નાંખવા નહીં/પધરાવવા નહીં.

આ પ્રતિબંધિત હુકમનો કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 28 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, FEBRUARY 20, 2006 / PHALGUNA 1, 1927

નંબર જાહેરનામા/એસ.આર.-૧૧/૨૦૦૬.—આગામી તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૬ સુધીના સમય દરમ્યાન એસ.એસ.સી./એચ.એસ.સી. ની પરીક્ષાઓ શરૂ થનાર હોઈ, આણંદ જિલ્લાના શહેર તથા ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા કેન્દ્રો ઉપર, પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરવામાં આવે છે અને પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ હોઈ તે માટે પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારના ઝેરોક્ષ મશીનો ચલાવનાર ઉપર નિયંત્રણ રાખવાની મને જરૂર જણાય છે. તેથી, હું ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એએસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ. મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ ૧(છ) થી મને મળેલ સત્તાની રૂઈએ આથી આદેશ કરૂ છું કે આણંદ જિલ્લાના શહેર તથા ગ્રામ્ય વિસ્તારના તમામ પરીક્ષા કેન્દ્રોના સ્થળેથી ૫૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનો તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૬ સુધી પરીક્ષા સમય દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ થી સાંજના ૧૯-૦૦ કલાક સુધી બંધ રાખવા.

વિસ્તાર :- આણંદ જિલ્લાના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોના સ્થળેથી ૫૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર.

આ આદેશનો ભંગ/ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૧) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી, હુકમ બહાર પાડવામાં આવ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 43

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI] THESDAY, MARCH 7, 2006 / Phalguna 16, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

નંબર જાહેરનામા/એસ.આર./૧૨/૨૦૦૬.—આગામી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધીના સમય દરમ્યાન ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી દ્વારા એચ.એસ.સી., એસ.એસ.સી. ની પરીક્ષાઓ લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિજ્ઞિત કરવા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે તથા પરીક્ષાના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં થતી ગેરરીતીઓ અટકાવવા માટે પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે -માણે ફરમાવું છું કે તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન પરીક્ષા ખંડની અંદર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં આવેલ કોઈ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર -તિબંધ ફરમાવું છું.

(૧) આ સાથેની અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલથી ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિતના પ્રવેશ માટે તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધીના સવારના ૧૦-૦૦ થી સાંજના ૧૯-૦૦ કલાક દરમ્યાન પ્રતિબંધ ફરમાવું છું.

સ્પષ્ટતા :

(૧) સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળા સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદ્દેદારો પણ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશી શકશે નહિ.

(૨) સેલ્યુલર, મોબાઈલ ફોન, પેજર, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન વગેરે લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તેમની કાયદેસરની ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર ફોન, કોડલેસફોન, હેન્ડસેટ, વોકીટોકી તથા વાયરલેસ વગેરેના ઉપયોગ કરી શકશે. આ જ પ્રમાણે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતાં અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ અનુસૂચિમાં જણાવેલ કેન્દ્રનાં વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

એસ. એસ. સી. / એચ. એસ. સી. પરીક્ષા, માર્ચ, ૨૦૦૬ કેન્દ્રો તથા ઉપયોગમાં લેવાનાર મકાનની યાદી

અ. નં.	કેન્દ્રનું નામ	કેન્દ્ર નંબર	ઉપયોગમાં લેવાનાર મકાનનું નામ	પરીક્ષાનું નામ		
				એસ. એસ. સી.	એચ.એસ.સી.	
					સામાન્ય પ્રવાહ	વિજ્ઞાન પ્રવાહ
૧	આણંદ	૧	કસ્તુરબા કન્યા હાઈસ્કુલ, આણંદ	√	–	√
		૨	પાયોનિયર હાઈસ્કુલ, આણંદ	√	√	–
		૩	ડી. એન. હાઈસ્કુલ, આણંદ	√	√	√
		૪	શારદા હાઈસ્કુલ, આણંદ	√	√	–
		૫	વી. જે. પટેલ ટેક. હાઈસ્કુલ, આણંદ	√	√	–
		૬	સ. પ. હાઈસ્કુલ, આણંદ	–	√	–
		૭	આણંદ હાઈસ્કુલ, આણંદ	√	√	–
		૮	વીમલ મિરિયમ હાઈ., ગામડી	–	√	–
		૯	લો કોલેજ, આણંદ	√	–	–
		૧૦	સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, આણંદ	√	–	–
૨	આંકલાવ	૧૧	આંકલાવ હાઈસ્કુલ, આંકલાવ	√	–	–
		૧૨	આર્ટસ કોલેજ, આંકલાવ	√	–	–
૩	ભાલેજ	૧૩	ભાલેજ હાઈસ્કુલ, ભાલેજ	√	–	–
		૧૪	અંજુમન હાઈસ્કુલ, ભાલેજ	√	–	–
૪	બોરસદ	૧૫	જે. ડી. પટેલ હાઈસ્કુલ, બોરસદ	√	√	√
		૧૬	જે. ડી. પટેલ કન્યા હાઈસ્કુલ, બોરસદ	√	√	–
		૧૭	સરદાર પટેલ વિદ્યા મંદિર, બોરસદ	√	√	–
		૧૮	ઉ. બુ. વિદ્યાલય, બોરસદ	√	√	–
૫	ખંભાત	૧૯	માધવલાલ શાહ હાઈસ્કુલ, ખંભાત	√	–	√
		૨૦	એસ. ઝેડ. વાઘેલા હાઈસ્કુલ, ખંભાત	√	√	–
		૨૧	એસ. કે. વાઘેલા હાઈસ્કુલ, ખંભાત	√	√	–
		૨૨	એસ. ડી. કાપડીયા હાઈસ્કુલ, ખંભાત	√	√	–
૬	નાર	૨૩	બી. આર. એલ. હાઈસ્કુલ, નાર	√	√	–
		૨૪	કે. વી. પટેલ બાલમંદિર, નાર	√	√	–
		૨૫	એલ. સી. પટેલ ગર્લ્સ સ્કુલ, નાર	√	√	–
		૨૬	એમ. એમ. હાઈસ્કુલ, સોજીત્રા	√	–	–
૭	પેટલાદ	૨૭	આર. કે. વિદ્યાલય, પેટલાદ	√	√	–
		૨૮	એન. કે. વિદ્યાલય, પેટલાદ	√	–	√
		૨૯	વિનય મંદિર વિદ્યાલય, પેટલાદ	√	√	–
		૩૦	ન્યુ. એજ્યુ. હાઈ. (બોઈઝ), પેટલાદ	√	√	–

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
૭	પેટલાદ	૩૧	ન્યુ. એજ્યુ. હાઇ. (ગર્લ્સ), પેટલાદ	√	√	–
		૩૨	ન્યુ. એજ્યુ. -ાથમિક, પેટલાદ	√	–	–
		૩૩	સેન્ટ મેરીઝ હાઇસ્કુલ, પેટલાદ	√	√	–
૮	સારસા	૩૪	એમ. વી. એસ. હાઈસ્કુલ, સારસા	√	√	–
		૩૫	ઝેડ. એસ. જી. હાઇસ્કુલ, સારસા	√	√	–
		૩૬	સ. ૫. વિનય મંદિર, ઓડ	√	–	–
૯	ઉમરેઠ	૩૭	જ્યુબીલી હાઈસ્કુલ, ઉમરેઠ	√	√	–
		૩૮	એચ. એમ. દવે હાઈસ્કુલ, ઉમરેઠ	√	√	–
૧૦	વલ્લભ વિદ્યાનગર	૩૯	એમ. યુ. પટેલ હાઈસ્કુલ, વિદ્યાનગર	√	√	–
		૪૦	ગો. જો. શારદા મંદિર, વિદ્યાનગર	√	√	–
		૪૧	આઇ. બી. પટેલ ઇંગ્લીશ, વિદ્યાનગર	√	√	–
		૪૨	આર. પી. ટી. પી., વિદ્યાનગર	–	–	√
		૪૩	ટી. વી. પટેલ હાઇસ્કુલ, વિદ્યાનગર	–	–	√
		૪૪	એસ. ડી. દેસાઇ હાઇસ્કુલ, વિદ્યાનગર	√	√	–
૧૧	ભાદરણ	૪૫	ટી. બી. હાઈસ્કુલ, ભાદરણ	√	√	–
		૪૬	ટી. બી. હાઈ., ભાદરણ ઉ. મા. મકાન-૨	√	√	–
		૪૭	ગર્લ્સ વિદ્યાલય, ભાદરણ	√	–	√
–		૪૮	વિનય મંદિર -ા. શાળા, ભાદરણ	√	√	–
૧૨	વાસદ	૪૯	સરદાર પટેલ વિનય મંદિર, વાસદ	√	–	–
૧૩	ચાંગા	૫૦	બી. એ. પટેલ હાઈસ્કુલ, ચાંગા	√	–	–
૧૪	કરમસદ	૫૧	સ. વ. ૫. હાઈસ્કુલ, કરમસદ	√	–	–
		૫૨	સી. જે. પટેલ ઇ. મી. સ્કુલ, કરમસદ	√	–	–
૧૫	મોગર	૫૩	એચ. એસ. મહીડા હાઇસ્કુલ, મોગર	√	–	–
૧૬	આસોદર	૫૪	એચ. ડી. પટેલ વિદ્યા મંદિર, આસોદર	√	–	–
૧૭	તારાપુર	૫૫	સાર્વજનિક હાઇસ્કુલ, તારાપુર	√	–	–
૧૮	ઉકેલ	૫૬	ઉકેલ હાઇસ્કુલ, ઉકેલ	√	–	–

આજ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 44 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, MARCH 7, 2006 / PHALGUNA 16, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧માંની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર એમ.એ.જી.પી.ઓ.એલ./જાહેર.ના.ક.૩૭(૩)/વશી/૧૦૧૧ થી ૧૦૪૬/૨૦૦૬.–આગામી તારીખ ૧૪/૧૫મી માર્ચ, ૨૦૦૬ના રોજ હોળી-ધુળેટી તથા તા. ૩૦મી માર્ચ, ૨૦૦૬ના રોજ ચેટીચાંદ તહેવારોની ઉજવણી કરવામાં આવનાર છે. તથા તારીખ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૬ સુધી એસ.એસ. સી./એચ.એસ.સી.ની બોર્ડની પરીક્ષાઓ લેવાનાર છે. જે દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી પાટણે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧માંની કલમ-૩૭ (૩) અન્વયે કોઇપણ મંડળી કે સરઘસમાં ચાર કરતાં વધારે વ્યકિતઓની મંડળી માટે મનાઇ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૪થી માર્ચ, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇ સ્મશાન યાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની ક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨)ની કલમ- ૩૭ (૩) ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭ (૧)મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામું-૩૭(૧)/વશી/ ૯૭૪ થી ૧૦૧૦/૨૦૦૬.–આગામી તારીખ ૧૪-૧૫મી માર્ચ, ૨૦૦૫ના રોજ હોળી-ધુળેટી તથા તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૬ના રોજ ચેટીચાંદ તહેવારોની ઉજવણી કરવામાં આવનાર છે. તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી એસ.એસ.સી./ એચ.એસ.સી. ની બોર્ડની પરીક્ષાઓ લેવાનાર છે. જે દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી પાટણે મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે હથીયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૪થી માર્ચ, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબ કૃત્યો કોઈપણ ઇસમને નહિ કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઇ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે, અસભ્યતા -રે અગર નીતિનો ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે -દર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું આકૃતિ અગર -તિમા -દર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતીનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની, તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ -માણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ/રાધનપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 45 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, MARCH 8, 2006 / PHALGUNA 17, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૩/૨૦૦૬.--આણંદ જિલ્લામાં તારીખ ૧૪-૧૫મી માર્ચ, ૨૦૦૬ના રોજ હોળી ધુળેટીનો તહેવાર ઉજવવામાં આવનાર હોય કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડિયા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આદેશ આપુ છું કે સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ થી ૧૭મી માર્ચ, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહિ. ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :-સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટાગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યાં.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 46 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, MARCH 8, 2006 / PHALGUNA 17, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૪/૨૦૦૬.–આણંદ જિલ્લામાં તારીખ ૧૪-૧૫મી માર્ચ, ૨૦૦૬ના રોજ હોળી ધુળેટીનો તહેવાર ઉજવવામાં આવનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, (જી.એ.એસ.,) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ થી ૧૭મી માર્ચ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :–સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ :–આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યાં.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 47 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, MARCH 9, 2006/PHALGUNA 18, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (એમ) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૧૦૭૨/૨૦૦૬.–ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં ડાકોર શહેર ખાતે સુપ્રસિધ્ધ રણછોડરાયજીનું મંદિર આવેલુ છે. આ મંદિર એક સુપ્રસિધ્ધ યાત્રાધામ છે જયાં રોજબરોજ ધાર્મિક શ્રધ્ધાળુઓ વિવિધ શહેર / ગામડાઓમાંથી દર્શનાર્થે આવતા જતા હોય છે. જેથી ડાકોર બસ સ્ટેન્ડથી રણછોડરાયજી મંદિર સુધીના રસ્તાની આજુબાજુ તથા મંદિર પરીસરની આજુબાજુના વિસ્તારોમાં ઈંડા/માસ/મચ્છીના વેચાણ તેમજ ઉપયોગ ઉપર નિયંત્રણ લદાય તે ઈચ્છનીય અને જાહેર હિતમાં છે.

વાસ્તે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (એમ) થી મને મળેલ અધિકારની રૂઈએ હું, આર. આર. વરસાણી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ, જાહેર હિતમાં ફરમાવું છું કે ડાકોર શહેરના એસ. ટી. બસ સ્ટેન્ડ તેમજ રેલ્વે સ્ટેટશનથી શરૂ થઈ રણછોડરાયજીના મંદિર સુધી જતા રસ્તાની બંન્ને બાજુ ૧૦૦ (સો) ૧૦૦(સો) મીટર સુધીનાં વિસ્તારમાં તેમજ રણછોડરાયજી મંદિરની આજુબાજુના ૫૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ ઈંડા/મચ્ચી/માંસનું સંગ્રહ કે વેચાણ કરવું નહી.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજા/દંડને પાત્ર થશે.

આજ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 48 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, MARCH 10, 2006 / PHALGUNA 19, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર ઉમકપ/પલસ/મજસ/વશી/૮૦૪-૮૨૩/૨૦૦૬.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ.એસ.સી. તથા એચ.એસ.સી.ની પરીક્ષાઓ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરિક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે બન્ને પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગોધરાએ, તારીખ ૧લી માર્ચ, ૨૦૦૬ના પત્ર જા. નં. ખ-૪/૧૨૮૧-૮૨ થી અત્રે દરખાસ્ત કરેલ છે.

સદર પરીક્ષાઓ વિદ્યાર્થીઓ નિર્ભયપણે આપી શકે, પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, પરીક્ષાઓમાં ગેરરીતી થતી અટકાવવા, કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તથા પરીક્ષા ખંડમાં શાંતિપૂર્ણ પરીક્ષા આપતાં પરીક્ષાર્થીઓને, કોઈ વ્યકિત ત્રાસ અથવા ખલેલ અથવા ભય પહોંચાડે નહિ તે માટે પ્રતિબંધક હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

આથી હું, સંજય પટણી, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬થી તારીખ ૨૯મી માર્ચ ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સહિત) સવારના કલાક ૧૦-૦૦ થી સાંજના કલાક ૧૯-૦૦ સુધીના સમયગાળા માટે આ સાથે બીડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર :-

અનુસુચિત પરીક્ષા કેન્દ્રની ચતુર્દિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :-

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધીત વિસ્તારમાં દાખલ થવું નહી તેમજ કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ ઈસમે અડચણ

INDEX

કે અવરોધ કરવો કે કરાવવો નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરિક્ષાવિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહીં.

(૨) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી નોકરોએ પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, અથવા ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર વિગેરે પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો પરીક્ષા સ્થળમાં લઈ જવા નહિ કે તેનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહીં.

(૩) પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થીએ જાતે પરીક્ષામાં ચોરી કરીને, કરાવીને કે ચોરી કરવામાં મદદગારી કરીને, અથવા ચોરી ગણાય તેવા કોઈ સાહિત્યની આપલે કરીને, કરાવીને, ત્રાસ અથવા ખલેલ અથવા ભય પહોંચે તેવું કોઈ કૃત્ય કરવું નહિ.

(૪) પરીક્ષામાં ગેરરીતી થતી અટકાવવાના હેતુથી આ સાથેની અનુસુચિમાં જણાવેલ પરીક્ષા સ્થળોના ૩ (ત્રણ) કી. મી.ના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ મશીન સંચાલકોએ અથવા કોપીઅર મશીન સંચાલકોએ ઝેરોક્ષ મશીન અથવા કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષા દિવસો દરમ્યાન સવારના કલાક ૯-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી સદંતર બંધ કરવો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ નીચે મુજબ શિક્ષાને પાત્ર થશે.

જો તેવા અનાદર કાનૂની રીતે કામે રાખેલ વ્યક્તિઓને અવરોધ, ત્રાસ કે હાનિ પહોંચાડે અથવા પહોંચાડે તેમ હોય અથવા અવરોધ, ત્રાસ કે હાનિનું જોખમ ઉત્પન્ન કરે કે ઉત્પન્ન કરે તેમ હોય તો તેને એક માસ સુધીની સાદી કેદ અથવા બસો રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા થશે.

અને જો તેવો અનાદર માનવજીવન, સુખાકારી કે સલામતીને ભયમાં મુકે અથવા મુકે તેમ હોય અથવા તેથી હુલ્લડ કે બખેડો થાય અથવા થાય તેમ હોય તો તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા થશે.

એચ.એસ.સી./એસ.એસ.સી. પરીક્ષા માર્ચ-૨૦૦૬ પંચમહાલ જિલ્લાના વિવિધ કેન્દ્રો/બિલ્ડીંગની વિગત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પંચમહાલ ગોધરાના હુકમ નં. ઉ/મકપ/પલસ/મજસ/વશી/૮૦૪-૮૨૩/૦૬, તા. ૭-૩-૨૦૦૬ હેઠળની

અનુસૂચિ

અનુ. નંબર	કેન્દ્ર/પેટા કેન્દ્રનું નામ/નંબર SSC	HSC	પરીક્ષા બિલ્ડીંગનું નામ
૧	૨	૩	૪
૧	ગોધરા ૧૩૩	ગોધરા ૦૩૨	૧. અનાજ મહાજન સાર્વજનિક હાઈસ્કુલ, ગોધરા યુ. ૧,૨. ૨. રોટરી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, ગોધરા. ૩. સેન્ટ આર્નોલ્ડ હાઈસ્કુલ, ગોધરા. ૪. એમ. એન્ડ મહેતા હાઈસ્કુલ, ગોધરા.
૨	હાલોલ ૧૩૪	હાલોલ ૦૩૪	૧. એમ. એસ. હાઈસ્કુલ, હાલોલ. ૨. એમ. જી. એમ. હાઈસ્કુલ, હાલોલ. ૩. કલરવ હાઈસ્કુલ, હાલોલ.
૩	શિવરાજપુર ૧૩૪/૧	--	૧. કે.વી.એસ. હાઈસ્કુલ, શિવરાજપુર.
૪	રામેશરા ૧૩૪/૨	--	૧. પી. એમ. સાર્વજનિક હાઈસ્કુલ, રામેશરા.
૫	કાલોલ ૧૩૬	કાલોલ ૦૪૩	૧. એમ. જી. એસ. હાઈસ્કુલ, કાલોલ. ૨. શ્રીમતી સી. બી. ગર્લ્સ હાઈસ્કુલ, કાલોલ. ૩. સરસ્વતી હાઈસ્કુલ, કાલોલ.
૬	લુણાવાડા ૧૩૭	લુણાવાડા ૦૫૦	૧. પંચશીલ હાઈસ્કુલ, લુણાવાડા. ૨. પંચશીલ ગર્લ્સ હાઈસ્કુલ, લુણાવાડા. ૩. કિસાન હાઈસ્કુલ, લુણાવાડા. ૪. સરદાર પટેલ વિદ્યાલય, લુણાવાડા.
૭	માલવણ ૧૩૮	--	૧. એચ. એસ. શેઠ હાઈસ્કુલ, માલવણ.

INDEX

૧	૨	૩	૪
૮	સંતરામપુર ૧૪૦	સંતરામપુર ૦૬૯	૧. મુરલીધર કન્યા વિદ્યાલય, સંતરામપુર. ૨. જે. એચ. મહેતા હાઈસ્કુલ, સંતરામપુર. ૩. એસ. પી. હાઈસ્કુલ, સંતરામપુર.
૯	શહેરા ૧૪૧	શહેરા ૧૩૩	૧. શ્રીમતી એસ. જે. દવે હાઈસ્કુલ, શહેરા. ૨. શારદા મંદિર હાઈસ્કુલ, શહેરા.
૧૦.	બાહી, ૧૪૧/૧	--	૧. નવચેતન ઈંગ્લીશ સ્કુલ, બાહી.
૧૧.	વરધરી ૧૪૨	વરધરી ૧૯૦	૧. સી. કે. શાહ, હાઈસ્કુલ, વરધરી.
૧૨.	સંતરોડ ૧૪૩	--	૧. શ્રીમતી જે. આર. ભા. હાઈસ્કુલ, સંતરોડ.
૧૩.	સાંકલી, ૧૪૩/૧	--	૧. કે. જી. પરમાર માધ્યમિક શાળા, સાંકલી.
૧૪.	કાંકણપુર ૧૪૫	--	૧. એમ. જી. એસ. હાઈસ્કુલ, કાંકણપુર. ૨. એ. વી. શાહ પ્રાથમિક શાળા, કાંકણપુર.
૧૫.	લીમડીયા ૧૪૬	લીમડીયા	૧. એચ. એન. શાહ હાઈસ્કુલ, લીમડીયા.
૧૬.	કોઠંબા, ૧૪૭	કોઠંબા, ૧૩૩/૩	૧. ધી આઈડલ હાઈસ્કુલ, કોઠંબા.
૧૭.	મુનપુર ૧૫૧	મુનપુર ૧૭૧	૧. યુ. એચ. ભટ્ટ હાઈસ્કુલ, મુનપુર. ૨. આર્ટસ કોલેજ, મુનપુર. ૩. પ્રાથમિક શાળા, મુનપુર.
૧૮.	નાની સરસણ ૧૫૨	--	૧. ધી ભોમાનંદ વિદ્યાલય, નાની સરસણ.
૧૯.	કાળીબેલ, ૧૫૨/૧	--	૧. શારદા વિદ્યાલય, કાળીબેલ.
૨૦.	અડાદરા, ૧૫૫	--	૧. એમ. આર. હાઈસ્કુલ, અડાદરા.
૨૧.	ઘોઘંબા, ૧૫૬	--	૧. એચ. એસ. વરીયા હાઈસ્કુલ, ઘોઘંબા.
૨૨.	સાંપા ૧૫૭	સાંપા ૧૩૩/૨	૧. નવજીવન હાઈસ્કુલ, સાંપા. ૨. પ્રાથમિક શાળા, સાંપા.
૨૩.	વાઘજીપુર ૧૫૮	--	૧. નવજીવન હાઈસ્કુલ, વાઘજીપુર. ૨. પ્રાથમિક શાળા, વાઘજીપુર.
૨૪.	સુલિયાત ૧૫૯	--	૧. ગંગા જમના હાઈસ્કુલ, સુલીયાત. ૨. રામ લક્ષ્મણ કુમાર છાત્રાલય, સુલીયાત.
૨૫.	રીંછવાણી ૧૬૮	--	૧. એસ. પી. હાઈસ્કુલ, રીંછવાણી.
૨૬.	સીમલીયા ૧૬૮/૧	સીમલીયા ૦૪૩/૧	૧. પ્રકાશ મા. શાળા, સીમલીયા, (કોલેજ કેમ્પસ).
૨૭.	ગોલ્લાવ ૧૬૮/૨	--	૧. જી. વી. એસ. હાઈસ્કુલ, ગોલ્લાવ.
૨૮.	નારૂકોટ ૧૬૯	--	૧. એમ. એમ. ગાંધી ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા, નારૂકોટ.
૨૯.	ડેરોલ સ્ટેશન ૧૭૧	--	૧. પી. કે. એસ. સાર્વજનિક હાઈસ્કુલ, ડેરોલ સ્ટેશન.

૧	૨	૩	૪
૩૦.	ચાવડીબાઈના મુવાડા, ૧૭૨	--	૧. ડી. કે. હાઈસ્કુલ, ચાવડીબાઈના મુવાડા.
૩૧.	મધવાસ ૧૭૨/૧	મધવાસ ૧૭૨	૧. નવસર્જન હાઈસ્કુલ, મધવાસ.
૩૨.	વીરણીયા, ૧૭૩	--	૧. ધી ન્યુ ઇંગ્લીશ સ્કુલ, વીરણીયા.
૩૩.	ગોઠીબ, ૧૭૫	--	૧. એમ. એન. પુરોહિત હાઈસ્કુલ, ગોઠીબ.
૩૪.	મોરવા રેણા ૧૭૭	મોરવા રેણા ૧૩૩/૧	૧. કે. એમ. મહેતા હાઈસ્કુલ, મોરવા (રેણા). ૨. પ્રાથમિક શાળા મોરવા (રેણા).
૩૫.	ખોજલવાસા, ૧૭૮	--	૧. એસ. વી. ખાંટ સાર્વજનિક હાઈસ્કુલ, ખોજલવાસા.
૩૬.	સાલાવાડા, ૧૭૯	--	૧. મહીસાગર મા. શાળા, સાલાવાડા. ૨. મહાત્માગાંધી છાત્રાલય, સાલાવાડા.
૩૭.	ખાનપુર, ૧૮૧	--	૧. એમ. એલ. વિદ્યામંદિર, ખાનપુર.
૩૮.	બાકોર પાંડરવાડા ૧૮૧/૧	--	૧. કે. એમ. દોશી હાઈસ્કુલ, બાકોર પાંડરવાડા.
૩૯.	બટકવાડા ૧૮૨	--	૧. આદિવાસી માધ્યમિક શાળા, બટકવાડા. ૨. પ્રાથમિક શાળા, બટકવાડા. ૩. કુમાર છાત્રાલય, બટકવાડા.
૪૦.	મોરવા (હડફ) ૧૮૫	--	૧. કૃષિકાર માધ્યમિક શાળા, મોરવા (હડફ). ૨. પ્રાથમિક શાળા, મોરવા (હડફ).
૪૧.	મોરા, ૧૮૬	મોરા ૦૬૯/૧	૧. આઈ. એચ. શેઠ હાઈસ્કુલ, મોરા.
૪૨.	ચોપડાબુઝર્ગ, ૧૮૭	--	૧. બી. એમ. વિદ્યાલય, ચોપડાબુઝર્ગ.
૪૩.	વેજલપુર, ૧૯૦	--	૧. કે. કે. હાઈસ્કુલ, વેજલપુર.
૪૪.	દિવડા કોલોની ૧૯૧	દિવડા કોલોની ૧૭૧/૧	૧. સરકારી ઉ. મા. શાળા, દિવડા.

આજ તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સંજય પટણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 49 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, MARCH 13, 2006 / PHALGUNA 22, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART – I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર જેલ/વશી/૫૪૯ થી ૫૭૮/૨૦૦૬.- તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૬ના રોજ ‘‘ધુળેટી’’ નો જાહેર તહેવાર છે. આ દિવસે ‘‘હોળી’’ ના તહેવારને અનુલક્ષી ‘‘ધુળેટી’’ ના દિવસે જાહેર જનતા રંગ, ગુલાલ, અબીલ, વિગેરે એક બીજા ઉપર છાંટી ઉત્સવ મનાવે છે. આ પ્રસંગો દરમ્યાન ઉપરનું કૃત્ય થવાના પ્રસંગે હાલનો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોતાં, જાહેર જોખમ ઉભું થવાનો તેમજ જાહેર શાંતિ જોખમાય તેવા બનાવો બનવા સંભવ રહેલ છે. ‘‘હોળી’’ - ‘‘ધુળેટી’’ ના આ તહેવાર દરમ્યાન જાહેર શાંતિ જોખમાય તેવા કૃત્યો અટકાવવા માટે અને આવું સંભવિત જોખમ ટાળવા માટે વર્તમાન પરિસ્થિતિ ધ્યાને લેતા, ઉકત કૃત્યો કરવા મનાઈ ફરમાવવી યોગ્ય જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, આથી ફરમાવું છું કે, મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ના સમય માટે નીચેના કૃત્યો કોઈપણ ઈસમે કરવા/કરાવવા નહી, અગર તે હેતુસર મદદગારી કરવી નહી.

(૧) એક બીજા ઉપર રંગ, ગુલાલ, અબીલ, છાંટવી નહી અગર છંટાવવી નહી અગર તેમ કરવામાં મદદગારી કરવી નહી.

(૨) પીચકારીમાં રંગ, ગુલાલ, તૈલી પદાર્થો, જ્વલનશીલ પદાર્થો, અણગમો ઉત્પન્ન થાય તેવા પદાર્થો ભરી છાંટવા નહી. છંટકાવવા નહી અગર તેમ કરવામાં મદદગારી કરવી નહી.

ઉપર મુજબના આદેશનો ચુસ્તપણે અમલ કરવો.

આ જાહેરનામાનો ભંગ કરનાર / કરાવનાર અગર તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ -૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામુ બહાર પાડયું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં ની કલમ-૩૩ (૧) (ઓ) મુજબ.

નંબર પીઓએલ/હોળી/વડનગર/વશી/૫૭૯ થી ૫૮૮/૨૦૦૬.- મહેસાણા જિલ્લાના વડનગર ગામે ગામમાં જુદાજુદા મહોલ્લામાંથી 'હોળી' ના તહેવારમાં એક જ દિવસે અડધા કલાકના અંતરે "ઘેર" ફરવા નિકળે છે. જુદી જુદી "ઘેર" બજારમાં ભેગી થતાં તોફાનો થવાનો પ્રસંગ ઉપસ્થિત થવા સંભવ છે. જેથી વડનગરમાં જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ નીચે પ્રમાણે હુકમ કરવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ઓ) થી મળેલ સત્તાની રૂએ વડનગરમાં 'હોળી' ના તહેવારો દરમ્યાન તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે જણાવેલ આદેશનો અમલ કરવા હુકમ કરૂ છું.

(૧) ધીણોજીયા ઘેરવાળાઓએ ગોરવાડાના રસ્તેથી સોનીવાડાના માઢ આગળથી જુના ચાચરે થઈ માતોરની કુઈ થઈ દેસાઈ વાડાના માઢ આગળ થઈને ઘેર લઈ જવી. આ ઘેરવાળાઓએ સાંજના ૫-૦૦ કલાક થી ૬-૦૦ વાગ્યા સુધીમાં લાયબ્રેરી આગળ થઈને ચાલ્યા જવું.

(૨) મોઢની ઘેરવાળાઓએ 'ઘેરૈયા' ચૌદસના દિવસે મોઢવાડામાંથી નિકળી બજારમાં થઈ નવી લાયબ્રેરી આગળ થઈ પોતાના રસ્તે ચાલ્યા જવું ત્યાં તેમણે સાંજના ૬-૩૦ થી ૭-૩૦ વાગ્યા સુધીમાં બહાર પસાર થવું. સમય ૬-૩૦ વાગ્યા પહેલાં ચારામાં આવવું નહી.

(૩) 'ધુળેટી' ના દિવસે માતોરવાળાઓએ માતોરથી નીકળી દેસાઈવાડે થઈ બોકર મંડીથી ચાચરે જવું ત્યાંથી તે જ રસ્તે પાછા ફરી મોચી ઓળ આગળ થઈ બજારમાં થઈ જુની લાયબ્રેરી પાસે આવી દેસાઈવાડાના માઢ આગળ થઈ વાસુદેવના ચાચર આગળ થઈ ભાવસાર વાડે જવું.

(૪) 'ધુળેટી' ના દિવસે વડનગર ગામમાં ફરનાર દરેક ઘેરવાળાઓએ સવારના ૮-૦૦ વાગે નિકળી અગિયાર વાગ્યા સુધી પોત - પોતાની ડાબી બાજુ ચાલી એક બીજાનો રસ્તો ગાળી અને આગળ-પાછળ યોગ્ય અંતરે ચાલ્યા જવું. એક બીજાની લાગણી દુભાય તેવું વર્તન કોઈએ કરવું નહી કે કોઈ જાતનો ટંટો તોફાન કરવા નહી.

(૫) આ તમામ લોકોએ ઘેરૈયા ચૌદશના દિવસે ત્રાંસા, શરણાઈઓ, ડફ, બાણગું વગાડવાની ઘડીયાર કે નિશાન સિવાય બીજું કોઈપણ વાજીંત્ર ઘેર સાથે રાખવું નહી. તથા "ધુળેટી" ના દિવસે તમામ ઘેરો સાથે ગધેડું, મશાલ, નગારૂ, નોબત ટંકારખાનું વિગેરે સાથે રાખવા નહી.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 50 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, MARCH 13, 2006/ PHALGUNA 22, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./વશી/૧૧૬૫ થી ૧૧૮૦/૨૦૦૬.–પાટણ જિલ્લામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા માર્ચ-જુન, ૨૦૦૬ના ગાળામાં વિવિધ પરીક્ષાઓ લેવાનાર છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પાટણ જિલ્લાના વિવિધ કેન્દ્રો ઉપર લેવાનાર વિવિધ પરીક્ષાઓનું પાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતીથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ, પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડમાં નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારૂં પાટણ જિલ્લાના હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુનાં ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં (ત્રિજ્યામાં) કોઈ અસામાજિક તત્વો કે અનધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહી તે સારૂં, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ સુધી દરરોજ સવારના પરીક્ષાના પ્રારંભ થતા અગાઉ એટલે કે ૧૦-૦૦ વાગ્યાથી પરીક્ષા સમાપ્ત થતા સુધી એટલે કે સાંજના ૭-૦૦ સુધી પરીક્ષા માટેના પાટણ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુ બાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદર પરીક્ષાની કામગીરીમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરાયેલ આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ/સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ/ રાધનપુર દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ની શિક્ષાને પાત્ર થશે.

પાટણ, તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 51

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, MARCH 13, 2006 / PHALGUNA 22, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વિષય:- ગ્રામ પંચાયત / નગરપાલિકા પેટા ચૂંટણી-૨૦૦૬ ઝોનલ અધિકારીશ્રીઓને કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેની સત્તા આપવા બાબત.

વંચાણમાં લીધા : (૧) સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક : જી જી/૧૧૫/સીઆરસી/૩૨૯૯-૪૯૪૪/મ, તારીખ ૨૨-૯-૨૦૦૦.

હુકમ

નંબર પીઓએલ/૨/ચૂંટણી/વશી/૧૩૮૬/૨૦૦૬.–તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ના રોજ ગ્રામ પંચાયત / નગરપાલિકાની પેટા ચૂંટણીઓ યોજાનાર છે. તથા તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૬ના રોજ મતગણતરી યોજાનાર છે.

આણંદ જિલ્લાનાં સોજીત્રા, ઉમરેઠ અને વલ્લભ વિદ્યાનગરની પેટા / સામાન્ય ચૂંટણી તથા ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીઓ યોજાનાર છે. જેથી તમામ મત વિસ્તાર માટે જુદા-જુદા સંવર્ગના અધિકારીશ્રીઓની ચૂંટણી અધિકારીશ્રીઓ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. તેમજ દરેક મત વિસ્તાર માટે ઝોનલ અધિકારીશ્રી, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓની નિમણૂંક નિયમોનુસાર કરવામાં આવેલ છે.

ચૂંટણી સંચાલનની પ્રક્રિયામાં નિષ્પક્ષ અને ન્યાયી કામગીરી થાય તે હેતુથી ચૂંટણીલક્ષી નિમણૂંક પામેલા અધિકારીશ્રીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ ખાસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે તથા આ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો આપવા આવશ્યક હોવાથી આમુખ (૧) માં જણાવેલ સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામાંથી ચૂંટણીની પ્રક્રિયા સાથે સંકળાયેલા આવા અધિકારીઓને આવી સત્તાઓ સોંપવામાં આવેલી છે. હવે આવા અધિકારીઓને વિસ્તાર અને નિમણૂંકનો સમયગાળો નિશ્ચિવત કરવાનો રહે છે.

વાસ્તે, અત્રેથી ઉપર જણાવેલ વિગતે નિમણૂંક કરવામાં આવી હોય તે તમામ અધિકારીશ્રીઓને જે વિસ્તાર માટે તેમની નિમણૂંક થયેલ હોય તે વિસ્તાર માટે તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૬ સુધીના સમયગાળા માટે (ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૧ નીચે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નીમીને) તેમને સોંપવામાં આવેલ ચૂંટણી કાર્યના અનુસંધાને તેમના અધિકાર માટે સદરહુ અધિનિયમની હેઠળ સોંપેલ સત્તાઓ ભોગવવા નિમણૂંક કરવામાં આવે છે.

આજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યા.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭/૩/અન્વયેનો.

નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૫/૨૦૦૬.–આગામી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયત તેમજ ત્રણ નગરપાલિકાની પેટા /સામાન્ય ચૂંટણીઓ યોજાનાર હોઈ તે દરમ્યાન શાંતિ જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ

જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડીયા, જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારોની રૂઈએ આદેશ આપુ છું આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકાની પેટા / સામાન્ય ચૂંટણી યોજાનાર છે. તે સમગ્ર વિસ્તારમાં તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોને એકત્ર થવું નહિ. ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે તે સમગ્ર વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે. આજરોજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (છ) અન્વયેનો.

નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૬/૨૦૦૬.—આગામી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ના રોજ ગ્રામ પંચાયત તેમ ત્રણ નગરપાલિકાની પેટા / સામાન્ય ચૂંટણી યોજાનાર છે તે દરમ્યાન આણંદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ (૩૭) (૧) (છ) મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડીયા, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ, ૩૭ (૧) (છ) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં જયા ગ્રામ પંચાયત તેમજ નગર પાલિકાની પેટા / સામાન્ય ચૂંટણી યોજાનાર છે તે સમગ્ર વિસ્તારમાં તારીખ ૭/૩/૦૬ થી ૧૪/૩/૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) જેનાથી સુરૂચિ તથા નીતિનો ભંગ થતો હોય અથવા રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું તથા

(૨) જેનાથી સુરૂચિ અથવા નીતિનો તથા ચૂંટણી કમિશ્નરશ્રી દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુ તૈયાર કરવાનું કૃત્ય.

આ હુકમ આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે તે વિસ્તારો માટે લાગુ પડે છે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યા.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માની કલમ-૩૩(૧)(થ) અન્વયેનો.

નંબર/પીઓએલ/૨/જાહેરનામા/એસઆર/૧૭/૨૦૦૬.—ગ્રામ પંચાયત તેમજ ત્રણ નગરપાલીકાની પેટા/સામાન્ય ચૂંટણીઓ આગામી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ના રોજ યોજાનાર હોઈ, આણંદ જિલ્લામાં ચૂંટણીઓ દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર દ્વારા જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડીયા, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ મુંબઈ પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયત તેમજ નગર પંચાયતની પેટા/સામાન્ય ચૂંટણીઓ યોજવાની છે. તે વિસ્તારમાં તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું

INDEX

પાલન કરવા ફરમાવું છું.

નિયમો :-

(૧) કોઈપણ વ્યક્તિ જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળેથી લાઉડસ્પીકર ફક્ત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાની રહેશે.

ઉપરોક્ત હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ (૫) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ આણંદ જિલ્લામાં જ્યાં ગ્રામ પંચાયત તેમજ નગર પંચાયતની ચૂંટણી યોજવાની છે તે વિસ્તારને લાગુ પડશે.

આજે તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યા.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર/પીઓએલ/૨/જાહેરનામા/એસઆર/૧૮/૨૦૦૬.—આણંદ જિલ્લામાં ત્રણ નગરપાલીકાની પેટા/સામાન્ય ચૂંટણી અને ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીઓ તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદાન મથકોની આજુબાજુમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યાઘાત ન પડે તેમજ મતદાન શાંતિ રીતે પૂર્ણ થાય તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ના રોજ મતદાનના દિવસે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા માન્ય થયેલ મતદાન મથકોના સંદર્ભે નીચે મુજબ હુકમ ફરમાવું છું.

(૧) જે તે મતદાન મથકમાં ફક્ત નીચેની વ્યક્તિઓ જ પ્રવેશી શકશે.

- મતદાર
- પોલીંગ ઓફિસર્સ
- ચૂંટણી સાથે સંકળાયેલ સરકારી કર્મચારીઓ
- રાજ્ય ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિઓ
- ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારનો એક મતદાન એજન્ટ
- સ્ત્રી મતદારે તેડેલું બાળક
- અંધ, અશક્ત ઉમેદવારનો સાથી
- આ સિવાય અન્ય વ્યક્તિ કે જેને ચૂંટણી અધિકારીશ્રી અથવા પ્રિસાઈડીંગ ઓફીસરે નિયુક્ત કર્યા હોય તેવી વ્યક્તિ.

(૨) મતદાન મથકથી ૨૦૦ મીટર દૂર ઉમેદવાર દ્વારા ઉભા કરવામાં આવેલ બુથ ઉપરથી અથવા ઉમેદવાર તરફથી જે કાપલી મતદારને આપવામાં આવે તેમાં કોઈપણ ઉમેદવારનું નામ, પ્રતિક, સંજ્ઞા કે અન્ય કોઈ લખાણ હોવું જોઈએ નહીં. કોઈપણ મતદાર કે વ્યક્તિ મતદાન મથકની ૨૦૦ મીટરની હદમાં આવી કોઈ કાપલી કે જેમાં ઉમેદવારનું નામ, પ્રતિક, કે સંજ્ઞાનું લખાણ હોય તે લઈ પ્રવેશી શકશે નહીં.

(૩) મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં કોઈ પણ વ્યક્તિ પેજર, કોર્ડલેસ ફોન, સેલ્યુલર ફોન કે વાયરલેસ લઈ પ્રવેશી શકશે નહીં.

(૪) મતદાન મથકથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રચાર અંગેનું કોઈપણ સાહિત્ય, બેનર, કટઆઉટ, પોસ્ટર રાખી શકશે નહીં.

વિસ્તાર:- આંણદ જિલ્લાના ગ્રામ પંચાયતના તથા ત્રણ નગરપાલીકા પેટા સામાન્ય ચૂંટણીના મુકરર થયેલ મતદાન મથકો.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને લાગું પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને-૧૮૬૦ ના ૪૫માં)ની કલમ-૧૮૮હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 52 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, MARCH 13, 2006 / PHALGUNA 22, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૯/૨૦૦૬.– આગામી તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયત તેમજ ત્રણ નગરપાલિકાની પેટા/સામાન્ય ચૂંટણીઓ યોજાનાર હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, (જી.એ.એસ.,) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :–આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે તે સમગ્ર વિસ્તાર.

અપવાદ :–આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 53 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, MARCH 13, 2006 / PHALGUNA 22, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/એસ.એસ.સી./એચ.એસ.સી.//મોબા. પ્રતિબંધ/૩(૧)/૨૦૦૬.—અત્રેના જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ દરમ્યાન એસ.એસ.સી./એચ.એસ.સી.ની પરિક્ષાઓ યોજાનાર છે. પરીક્ષાઓ દરમ્યાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ કાયદો-વ્યવસ્થા જાળવવા પરીક્ષાના સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની અંદર અથવા તેની ૧૫૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યકિતને મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોનં જેવા સાધનો સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

વાસ્તે, હું બી. એચ. ઘોડાસરા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ.એસ.સી/એચ.એસ.સી.ની તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ દરમ્યાન યોજાનાર પરીક્ષાઓ અન્વયે પરીક્ષા સમય દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૫૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન સાથે લઈ જઇ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહિ.

અપવાદ :- આ હુકમ નીચેના અધિકારીઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લાના વડા અને પરીક્ષા સમિતિના વર્ગ-૧ના અધિકારીશ્રીઓ.

(૨) અધિક કલેકટરશ્રી, સાબરકાંઠા.

(૩) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી અને પ્રાન્ત અધિકારીશ્રી, હિંમતનગર, ઈડર, મોડાસા.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.

(૫) ઝોનલ અધિકારી (એસ.એસ.સી./એચ.એસ.સી.) હિંમતનગર/મોડાસા/ઈડર.

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસેથી મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ આદેશનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર.

INDEX

જાહેરનામુ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનુ.

નંબર પી.ઓ.એલ./એસ.એસ.સી./એચ.એસ.સી./જા.ના./ઝેરોક્ષ પ્રતિબંધ/૩(૨)/૨૦૦૬.–અત્રેના જિલ્લામાં તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ. એસ. સી./ એચ.એસ.સી.ની પરીક્ષાઓ યોજાનાર છે. પરીક્ષાઓ દરમ્યાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવા તેમજ પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે પરીક્ષાના સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો, પરીક્ષા સમય દરમ્યાન ખુલ્લા રાખવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે, હું બી. એચ. ઘોડાસરા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ.એસ.સી/એચ.એસ.સી.ની તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ દરમ્યાન યોજાનાર પરીક્ષાઓ અન્વયે પરીક્ષા સમય દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો ખુલ્લા રાખી શકાશે નહિં કે તેનો ઉપયોગ કરી શકાશે નહિ.

આ આદેશનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનુ.

નંબર પીઓએલ/એસ.એસ.સી./એચ.એસ.સી./જાનાં/૩(૩)/૨૦૦૬.–અત્રેના જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ વિગતેના એસ.એસ.સી./એચ.એસ.સી.ના ૬૯ પરીક્ષા કેન્દ્રો ઉપર આગામી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ પરીક્ષાઓ લેવાનાર છે. જેથી આ તામામ પરિક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા સમય દરમ્યાન મોટા પ્રમાણમાં માણસો એકઠા થાય તેવી શકયતા રહેલી છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તથા પરીક્ષાર્થીઓ શાંત અને મુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તથા ગેરરીતિઓ અટકી શકે તે હેતુથી સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ અન્વયેનો પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, મને સંતોષ થયેલ છે અને તેમ કરવું જરૂરી છે. જેથી હું, બી. એચ. ઘોડાસરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો, હિંમતનગર ઉપરોકત અધિનિયમ હેઠળ મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લાના આ સાથેના પરિશિષ્ટ મુજબના એસ.એસ.સી. તથા એચ.એસ.સીના આ જિલ્લાના ૬૯ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી પરીક્ષા સમય દરમ્યાન ૪ (ચાર) કે તેથી વધારે માણસોએ એકત્ર થવા અથવા ભેગા થવું નહી કે સભાઓ ભરવી નહી કે સૂત્રો પોકારવા નહીં કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા કોઇ પદાર્થ લઇ જવા નહી.

અપવાદ :-

આ હુકમ પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ કર્મચારી/અધિકારીઓ તથા પોલીસ ખાતાના અધિકારીઓ/કર્મચારીઓ તથા પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ

એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા માર્ચ-૨૦૦૬ના
પરીક્ષા કેન્દ્રોની વિગતનું પત્રક
સાબરકાંઠા જિલ્લો

અ. નં.	સ્કુલનું નામ	પરીક્ષા
૧.	હિંમત હાઇસ્કુલ, હિંમતનગર.	SSC/HSC
૨.	માયઓન હાઇસ્કુલ, હિંમતનગર.	SSC/HSC
૩.	મદ્રેસા હાઇ. હાજીપુરા, હિંમતનગર.	SSC/HSC
૪.	ન્યુ ઇંગ્લીશ હાઇસ્કુલ, હિંમતનગર.	SSC/HSC
૫.	ત્રિવેણી વિદ્યાલય, મહેતાપુરા.	SSC/HSC
૬.	જૈનાચાર્ય આનંદ ધનસુરી વિદ્યા, હિંમતનગર	SSC/HSC
૭.	એમ. એમ. પટેલ હાઇસ્કુલ, નિકોડા.	SSC
૮.	એમ. એમ. પટેલ હાઇસ્કુલ, નિકોડા.	SSC
૯.	ઇલોલ ગૃપ સ.મં. હાઇસ્કુલ, ઇલોલ, તા. હિંમતનગર.	SSC
૧૦.	ભૈરવનાથ હાઇસ્કુલ, મજરા, તા. પ્રાંતિજ.	SSC
૧૧.	પી. એન્ડ આર. હાઇસ્કુલ, પ્રાંતિજ.	SSC/HSC
૧૨.	અવરઓન હાઇસ્કુલ, પ્રાંતિજ.	SSC
૧૩.	સર્વોદય કન્યા વિદ્યાલય, પ્રાંતિજ.	SSC
૧૪.	રૂપાલ હાઇસ્કુલ, રૂપાલ.	SSC
૧૫.	એન. જી. જોષી, હાઇસ્કુલ, રાયગઢ, તા. હિંમતનગર.	SSC/HSC
૧૬.	સી. ડી. પટેલ હાઇસ્કુલ, તલોદ, તા. તલોદ.	SSC/HSC

INDEX

અ. નં.	સ્કુલનું નામ	પરીક્ષા
૧૭.	જે. બી. ઉપાધ્યાય હાઇસ્કુલ, મહીયલ, તા. તલોદ.	SSC
૧૮.	ગ્રુપ સેકન્ડરી સ્કુલ, ગાંભોઇ, તા. હિંમતનગર.	SSC
૧૯.	જે. એમ. કોટડીયા હાઇસ્કુલ, જાબુંડી, તા. હિંમતનગર.	SSC
૨૦.	સી. આર. ભગત હાઇસ્કુલ, હરસોલ, તા. તલોદ.	SSC
૨૧.	સેકન્ડરી હાઇસ્કુલ, ધડકણ.	SSC
૨૨.	એ. એમ. શાહ હાઇસ્કુલ, સરડોઇ, તા. મોડાસા.	SSC
૨૩.	સી. વી. ગાંધી હાઇસ્કુલ, રણાસણ.	SSC
૨૪.	કે. એમ. પટેલ હાઇસ્કુલ, ઇડર.	SSC/HSC
૨૫.	સર પ્રતાપ હાઇસ્કુલ, ઇડર.	SSC/HSC
૨૬.	સી. કે. સરસ્વતી હાઇસ્કુલ, ઇડર	HSC
૨૭.	સ્વસ્તિક હાઇસ્કુલ, ઇડર.	HSC
૨૮.	ધી ન્યુ હાઇસ્કુલ, ઇડર.	HSC
૨૯.	આર. એચ. જાની હાઇસ્કુલ, બડોલી.	SSC/HSC
૩૦.	શ્રીમતી જે. પી. પટેલ હાઇસ્કુલ, કાવા, તા. ઇડર.	SSC
૩૧.	એન. આર. એ. વિદ્યાલય, ભિલોડા.	SSC/HSC
૩૨.	આર. જે. તન્ના પ્રેરણા વિદ્યાલય, ભિલોડા.	SSC
૩૩.	સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કુલ, માંકરોડા, તા. ભિલોડા.	SSC
૩૪.	જે. એમ. તન્ના વિદ્યાલય, વાંકાનેર.	SSC
૩૫.	સી. જે. મહેતા વિદ્યામંદિર, ઉમેદગઢ, તા. ઇડર.	SSC
૩૬.	એચ. એમ. પટેલ હાઇસ્કુલ, નવારેવાસ, તા. ઇડર.	SSC
૩૭.	સરકારી ઉ.મા. શાળા, ખેરોજ.	SSC
૩૮.	સેવા વિદ્યાલય, ચિઠોડા.	SSC/HSC
૩૯.	સરસ્વતી હાઇસ્કુલ, અંદ્રોખા.	SSC
૪૦.	શેઠ કે. ટી. હાઇસ્કુલ, ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા.	SSC/HSC
૪૧.	જ્યોતિ હાઇસ્કુલ, ખેડબ્રહ્મા.	SSC
૪૨.	શેઠ સી. જે. હાઇસ્કુલ, વડાલી.	SSC/HSC
૪૩.	શેઠ બી. જે. હાઇસ્કુલ, જાદર,	SSC

અ. નં.	સ્કુલનું નામ	પરીક્ષા
૪૪.	એમ. એચ. હાઇસ્કુલ, વિજયનગર.	SSC/HSC
૪૫.	સેન્ટ એન્ડ્રુઝ હાઇસ્કુલ, બીલડીયા.	SSC
૪૬.	કે. એન. શાહ હાઇસ્કુલ, મોડાસા.	SSC/HSC
૪૭.	સી. જી. બુટાલા હાઇસ્કુલ, મોડાસા.	SSC/HSC
૪૮.	એચ. એલ. પટેલ સરસ્વતી હાઇસ્કુલ, મોડાસા.	HSC
૪૯.	પી. એમ. કોઠારી હાઇસ્કુલ, ટીંટોઇ	SSC
૫૦.	શેઠ એલ. પી. હાઇસ્કુલ, શિણોલ.	SSC
૫૧.	એન. એચ. શાહ હાઇસ્કુલ, બાયડ.	SSC/HSC
૫૨.	શેઠ યુ.જી. હાઇસ્કુલ, ચોઇલા.	SSC
૫૩.	શેઠ એમ. પી. શાહ હાઇસ્કુલ, જીતપુર.	SSC/HSC
૫૪.	આર. વી. પટેલ હાઇસ્કુલ, બોરોલ.	SSC
૫૫.	ટી. સી. પટેલ હાઇસ્કુલ, આંબલીયારા.	HSC
૫૬.	સુરજબા હાઇસ્કુલ, ગાબટ.	SSC
૫૭.	વિ.વિ.કા.સ. વિદ્યાલય, સાઠંબા.	SSC/HSC
૫૮.	પી. કે. ફણસે વિદ્યાલય, આકરૂન્દ.	SSC
૫૯.	જે. એસ. મહેતા વિદ્યાલય, ધનસુરા.	SSC/HSC
૬૦.	આર.એલ.એચ.સં. હાઇસ્કુલ, પુંસરી.	SSC/HSC
૬૧.	પી. સી. એન. હાઇસ્કુલ, મેઘરજ.	SSC/HSC
૬૨.	સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કુલ, મેઘરજ.	SSC
૬૩.	પી. જી. મહેતા હાઇસ્કુલ, માલપુર.	SSC/HSC
૬૪.	એન. યુ. બીયોલા હાઇસ્કુલ, ઇસરી.	SSC/HSC
૬૫.	ગુરૂકૃપા વિદ્યાલય, રેલ્લાવાડા.	SSC
૬૬.	આર્યજ્યોતિ વિદ્યાલય, શામળાજી,	SSC/HSC
૬૭.	એ. પી. ઠાકર હાઇસ્કુલ, શામળપુર, તા. ભિલોડા.	SSC
૬૮.	સર્વોદય વિનય મંદિર, શામળાજી,	SSC
૬૯.	શામળાજી ગર્લ્સ હાઇસ્કુલ, શામળાજી.	SSC

આજ તારીખ ૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 54 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, MARCH 14, 2006 / PHALGUNA 23, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (ડબલ્યુ) (૨) અન્વયે.

નં. ડીએમએજી/૧/વશી/ ૮૪૪૫ થી ૮૪૫૯/૨૦૦૬.– બનાસકાંઠા જિલ્લાના દાતાં તાલુકા અંબાજી મુકામે અંબાજી માતાનું સુપ્રસિધ્ધ મંદિર આવેલુ છે. અંબાજી માતાના મંદિરે દર્શનાર્થે જુદા જુદા શહેર/ગામડાઓમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવે છે. અંબાજી મંદિર અને ગબ્બરના દર્શનાર્થે આવતા ભાવિક ભક્તોની ધાર્મિક લાગણી દુભાય નહી તે હેતુથી અંબાજી મંદિર પરિસર અને ગબ્બર પર્વતની આજુબાજુના વિસ્તારમાં ઈંડા/માંસ/મચ્છીના વેચાણ તેમજ ઉપયોગ ઉપર નિયંત્રણ લદાય તે ઈચ્છનીય અને જાહેર હિતમાં છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ડબલ્યુ) (૨) થી મને મળેલ અધિકારની રૂએ હું, આર. આર. ચૌહાણ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર, જાહેર હિતમાં ફરમાવું છું. કે અંબાજી મુકામે આવેલ અંબાજી મંદિર પરિસરની આજુબાજુના ૫૦૦ મીટર વિસ્તાર અને ગબ્બર પર્વતની આજુબાજુના ૫૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ ઈંડા/માંસ/મચ્છીનું વેચાણ કરવું નહિ.

સદરહુ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ સજા અને દંડને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. ચૌહાણ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 55 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, MARCH 14, 2006 / PHALGUNA 23, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (એફ) અન્વયે.

નંબર ડી/એમએજી/૧/પરીક્ષા/જાહેરનામું/૧/૨૦૦૬.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ.એસ.સી તથા એચ.એસ..સી. પરીક્ષાઓ તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી સવારે ૧૦-૩૦ થી બપોરના ૧૩-૩૦ તથા બપોરે ૩-૦૦ થી ૬-૦૦ દરમ્યાન જિલ્લાના નીચે દર્શાવ્યા મુજબના કેન્દ્રો ઉપર લેવાનાર છે.

કેન્દ્રો :-(૧) પાલનપુર (૨) ડીસા (૩) વડગામ (૪) છાપી (૫) કાણોદર (૬) ગઢ (૭) ચંડીસર (૮) માલણ (૯) અમીરગઢ (૧૦) દાંતા (૧૧) અંબાજી (૧૨) ધાનેરા (૧૩) વાવ (૧૪) થરાદ (૧૫) દિયોદર (૧૬) ભાભર (૧૭) થરા (૧૮) શિહોરા (૧૯) મેમદપુર (૨૦) સનાલી (૨૧) દાંતાવાડા (૨૨) લાખણી (૨૩) નારોલી (૨૪) પાંથાવાડા (૨૫) સુઈગામ.

સબબ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં પરીક્ષા યોજાય તેમજ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષામાં કોઈ ગેરરીતી થાય નહી અને પરીક્ષાની શુધ્ધતા જળવાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ મશીનો ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે હું, બી. સી. પટણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ (બંને દિવસો સહીત) સુધી **"પરીક્ષાના સમય દરમ્યાન"** જે તે કેન્દ્રના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનોના ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવા આથી હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૮મી માહે માર્ચ, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

બી. સી. પટણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/પરીક્ષા/જાહેરનામું/૩/૨૦૦૬.—ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષાઓ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી

INDEX

થાય, પરીક્ષાઓ શાંત અને સ્વચ્છ વાતાવરણમાં યોજાય તેમજ વિશ્વનીયતાનું વાતાવરણ સર્જાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વિના પરીક્ષા આપે તે માટે બનાસકાંઠા જિલ્લાના આ સાથેની અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની હદ મર્યાદાથી બહારના ૧૫૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું પ્રવર્તમાન સંજોગોમાં જાહેર સલામતી માટે વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું, શ્રી બી. સી. પટણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આ સાથે બીડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા કેન્દ્રોના સ્થળે, પરીક્ષા સમય દરમ્યાન જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળના હદ મર્યાદાથી બહાર ૧૫૦ મીટરના ત્રિજ્યા વિસ્તારમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચેના કૃત્યો કરવા પ્રતિબંધિત મુકવા હુકમ કરૂં છું.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇ બિન અધિકૃત માણસોએ પરીક્ષા કેન્દ્રની અંદર તથા પરીક્ષા કેન્દ્રોની હદ મર્યાદાથી બહારના ૧૫૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં દાખલ થવું નહીં.

(૨) કોઈપણ ઇસમે તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં.

(૩) પરીક્ષા સબંધી ચોરી કરાવી શકાય તેવી કોઇ વસ્તુ/ઇલેક્ટ્રોનિક આઇટેમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહી કે કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

(૪) કોઇપણ વ્યક્તિ પેજર, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકી ટોકી સેટ, સાથે લઇ જઇ શકશે નહીં, અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૫) પરીક્ષાર્થીઓને શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહીં.

સદરહુ આદેશ કાયદો વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ/સુરક્ષા કર્મચારીઓ, શિક્ષણ વિભાગે નીમેલા નિરીક્ષકો, સ્કોર્ડ અધિકારીઓ અને પરીક્ષા સંચાલનના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં. આ આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

અનુસૂચિ
ધોરણ-૧૦ અને ૧૨ ની જાહેર પરીક્ષાના સ્થળોની વિગત.
માર્ચ ૨૦૦૬.

ક્રમ	તાલુકાનું નામ	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળનું નામ (શાળાનું નામ)
૧	૨	૩	૪
૧	દાંતા તાલુકો	દાંતા	(૧) સર ભવાનસિંહ વિદ્યાલય, દાંતા.
			(૨) પ્રાથમિક શાળા નં. ૨, દાંતા.
		સણાલી	(૩) રાજમણી વિદ્યાલય, સણાલી.
			(૪) આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી.
		અંબાજી	(૫) અંબાજી ગ્રા.પં. હાઇ. અંબાજી.
૨	ડીસા તાલુકો	ડીસા	(૧) સરદાર પટેલ હાઇ., ડીસા.
			(૨) ડી.એન.જે. આદર્શ હાઇ., ડીસા.
			(૩) ડી.એન.જે. આદર્શ પ્રા.શા., ડીસા.
			(૪) સેન્ટ ઝેવિયર્સ હાઇ., ડીસા.
			(૫) કે. બી. અગ્રવાલ વિદ્યા., ડીસા.
			(૬) સર્વોદય વિદ્યાલય, ડીસા.
			(૭) સંત અન્ના હાઇસ્કુલ, ડીસા.
			(૮) વિવેકાનંદ વિદ્યાલય, ડીસા.
			(૯) એસ.બી.ડબલ્યુ. હાઇસ્કુલ, ડીસા.
		લાખણી	(૧૦) સરસ્વતી વિદ્યાલય, લાખણી.
૩	પાલનપુર તાલુકો	પાલનપુર	(૧) વિવિધલક્ષી વિદ્યામંદિર, પાલનપુર.
			(૨) સી.બી. ગાંધી નૂતન હાઇ., પાલનપુર.
			(૩) વિ.આર. વિદ્યા., પાલનપુર.

INDEX

ક્રમ	તાલુકાનું નામ	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળનું નામ (શાળાનું નામ)
૧	૨	૩	૪
	પાલનપુર તાલુકો	પાલનપુર	(૪) એમ.બી. કર્ણાવત હાઈ., પાલનપુર.
			(૫) માતૃશ્રી કુંવરબાઈ કન્યા વિદ્યા., પાલનપુર.
			(૬) આર.કે. કન્યા વિદ્યા., પાલનપુર.
			(૭) કે.કે.ગોઠી સ્વસ્તિક હાઈસ્કુલ, પાલનપુર.
			(૮) સરસ્વતી હાઈસ્કુલ, પાલનપુર.
			(૯) સંસ્કાર વિદ્યાલય, લક્ષ્મીપુરા.
			(૧૦) બી.કે. ભણસાલી પ્રા. શાળા, પાલનપુર.
૪	અમીરગઢ તાલુકો	અમીરગઢ	(૧) શ્રી આર.આર. વિદ્યાલય, અમીરગઢ.
૫	પાલનપુર તાલુકો	ચંડીસર	(૧) એમ.ડી. સોમાણી હાઈ., ચંડીસર-૧ અને ૨.
		ગઢ	(૨) શેઠ ન.લ. ઝવેરી સાર્વ. હાઈ.,-૧ અને ૨.
		માલણ	(૩) શેઠ ટી.પી. હાઈ., માલણ-૧ અને ૨.
		કાણોદર	(૪) એસ. કે. એમ. હાઈ., કાણોદર-૧ અને ૨.
૬	થરાદ તાલુકો	થરાદ	(૧) જનતા હાઈ., થરાદ-૧ અને ૨.
			(૨) ગાયત્રી વિદ્યા., થરાદ-૧ અને ૨.
		નારોલી	(૩) આર.સી. મહેતા વિદ્યાલય, નારોલી.
૭	વડગામ તાલુકો	વડગામ	(૧) વિ.જે. પટેલ હાઈ., વડગામ.
			(૨) સરસ્વતી કન્યા વિદ્યાલય, વડગામ.
		છાપી	(૩) એસ.યુ.એન. મહેતા હાઈ., છાપી-૧ અને ૨.
		મેમદપુર	(૪) કે. જે. મહેતા હાઈ., મેમદપુર.
૮	કાંકરેજ તાલુકો	થરા	(૧) વિનય મંદિર, થરા.
			(૨) ઓગડ વિદ્યા., થરા.
		શિહોરી	(૧) શેઠ એમ.વી. વાલાણી હાઈ., શિહોરી.
			(૨) એમ. વી. વાલાણી પ્રા.શાળા, શિહોરી.
૯	ભાભર તાલુકો	ભાભર	(૧) સર્વોદય વિદ્યાલય, ભાભર.
			(૨) આદર્શ વિદ્યાલય, ભાભર.
૧૦	દિયોદર તાલુકો	દિયોદર	(૧) વિ. કે. વાઘેલા, હાઈ., દિયોદર.
			(૨) વિ. કે. વાઘેલા, પ્રા. શાળા., દિયોદર.
			(૩) આદર્શ વિદ્યાલય, દિયોદર.
૧૧	ધાનેરા તાલુકો	ધાનેરા	(૧) વિવેકાનંદ વિદ્યા., ધાનેરા.
			(૨) ડી.બી. પારેખ હાઈ., ધાનેરા.
૧૨	વાવ તાલુકો	વાવ	(૧) એન.એસ. વિનય મંદિર, વાવ-૧ અને ૨.
		સુઈ ગામ	(૨) ગુરૂકુળ વિદ્યાલય, સુઈગામ.
૧૩	દાંતીવાડા તાલુકો	સ.કૃ. નગર	(૧) સ.કૃ. વિદ્યાલય, દાંતીવાડા.
		પાંથાવાડા	(૨) પાંથાવાડા હાઈસ્કુલ.

આજરોજ તારીખ ૮મી માહે, માર્ચ, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

બી. સી. પટણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા, પાલનપુર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 56 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, MARCH 16, 2006 / PHALGUNA 25, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૬૧૦ થી ૬૩૨/૨૦૦૬.– ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર ધો. ૧૦ અને ધો. ૧૨ ની જાહેર પરીક્ષા તા. ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી શરૂ થનાર છે. સદરહુ પરીક્ષાઓની વિશ્વનિયતતા વધે તેજસ્વી વિદ્યાર્થીઓને ન્યાય મળી રહે પરીક્ષામાં થતી ગેરરીતીઓથી પરીક્ષાર્થીઓને કોઈ અડચણ ન થાય તથા ગેરરીતીઓ અટકાવી શકાય તે માટે પરીક્ષાને લગતા કોઈ સાહિત્ય, પ્રશ્નપત્ર જવાબવહી કાપલીઓની ઝેરોક્ષ ન થાય તે આશયથી નર્મદા જિલ્લામાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોના સંચાલકોએ જાહેર પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા લક્ષી સાહિત્યની ઝેરોક્ષ નકલ કાઢવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

આથી હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા. ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સહિત) એસ. એસ. સી./ એચ. એસ. સી. ની જાહેર પરીક્ષાઓ દરમ્યાન સવારના ૧૦-૦૦ કલાક થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી નર્મદા જિલ્લામાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોમાં તેનાં માલીકો/ સંચાલકો જાહેર પરીક્ષાને લગતા કોઈ પણ સાહિત્ય, પ્રશ્નપત્ર, જવાબવહી તથા કાપલીઓની ઝેરોક્ષ નકલ કાઢી શકશે નહી. તથા ઉક્ત પરીક્ષાના સમય દરમ્યાન નર્મદા જિલ્લામાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોના સંચાલકોએ તેઓના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા ફરમાવું છું.

સદર હુકમ તા. ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી સવારના ૧૦-૦૦ થી સાંજના ૧૮-૦૦ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આજ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૬૩૩ થી ૬૫૫/૨૦૦૬.– ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ.એસ.સી. અને એચ.એસ.સી. ની પરીક્ષાઓ તા. ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાઓ શાંત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે બન્ને પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા-રાજપીપલા તા. ૨જી માર્ચ, ૨૦૦૬ ના પત્ર ક્રમાંક/જા. નં./પરીક્ષાવિભાગ/૨૫૭૪ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

આથી હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ સાથે બિડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર :-

અનુસુચીત પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચોં તરફ ૧૫૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો જગ્યા સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :-

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધીત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બીન અધિકૃત માણસોએ ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહી તેમજ કોઈપણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખન કાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાન ભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ/કરાવવુ નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ ઈલેક્ટ્રોનીક આઈટમ પુસ્તક કાપલીઓ ઝેરોક્ષ નકલોનું વહન કરવુ નહી કે કરાવવામાં મદદગારી કરવી નહી.

સમયગાળો :-

તા. ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તા. ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સવારના ૧૦-૦૦ કલાક થી સાંજના ૧૮-૩૦ કલાક સુધી ના સમયગાળા માટે.

અનુસૂચિ-૧

માર્ચ-૨૦૦૬ માં લેવાનાર એસ. એસ. સી. (ધોરણ-૧૦) પરીક્ષાના કેન્દ્રોની માહિતી જિ. નર્મદા.

ક્રમ	કેન્દ્ર નંબર	કેન્દ્ર	પરીક્ષા સ્થળનું નામ	ટે. નં.
૧	૨૩૪	રાજપીપલા	સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, રાજપીપલા	૨૨૦૧૮૪
૨	૨૩૪	રાજપીપલા	શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપલા	૨૨૦૦૨૨
૩	૨૩૪	રાજપીપલા	શ્રી નવદુર્ગા હાઈસ્કુલ, રાજપીપલા	૨૨૦૮૩૮
૪	૨૩૪	રાજપીપલા	શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ, રાજપીપલા	૨૨૦૦૯૨
૫	૨૩૪	રાજપીપલા	શ્રીમતી સુરજબા ર. મહીડા કન્યા વિનય મંદિર, રાજપીપલા	૨૨૦૧૮૯
૬	૨૩૪/૧	પ્રતાપનગર	શેઠશ્રી એસ. આર. અગ્રવાલ વિદ્યાલય, પ્રતાપનગર, તા. નાંદોદ	–
૭	૨૭૧	કેવડીયા કોલોની	સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, કેવડીયા કોલોની	૨૩૨૧૭૯
૮	૨૭૧	કેવડીયા કોલોની	શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ, તણખલા રોડ, કેવડીયા કોલોની	૨૩૨૨૫૨
૯	૨૪૫	તિલકવાડા	શ્રી કે. એમ. શાહ, હાઈસ્કુલ, તિલકવાડા, તા. તિલકવાડા	૨૬૬૩૩૭
૧૦	૨૧૫	દેડીયાપાડા	શ્રી એ. એન. બારોટ વિદ્યાલય, દેડીયાપાડા, તા. દેડીયાપાડા	૨૩૪૧૨૬
૧૧	૨૭૯	નિવાલ્દા	શ્રી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, નિવાલ્દા, તા. દેડીયાપાડા	૨૩૪૫૨૯
૧૨	૨૬૭	સાગબારા	શ્રી જે. કે. હાઈસ્કુલ, સાગબારા, તા. સાગબારા	૨૫૫૨૨૧
૧૩	૨૬૭	સાગબારા	નવરચના માધ્યમિક શાળા, સાગબારા, તા. સાગબારા	૨૫૫૧૩૯
૧૪	૨૬૭/૧	સેલંબા	સેલંબા હાઈસ્કુલ, સેલંબા	૨૫૪૨૪૯
૧૫	૨૭૧	કેવડીયા	પ્રાથમિક શાળા, કેવડીયા	

INDEX

અનુસૂચિ-૨

માર્ચ-૨૦૦૬ માં લેવાનાર એચ. એસ. સી. (ધોરણ-૧૨) પરીક્ષાના કેન્દ્રોની માહિતી જિ. નર્મદા.

ક્રમ	કેન્દ્ર નંબર	કેન્દ્ર	પરીક્ષા સ્થળનું નામ
૧	૦૬૮	રાજપીપલા	સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, રાજપીપલા
૨	૦૬૮	રાજપીપલા	શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપલા
૩	૦૬૮	રાજપીપલા	શ્રી નવદુર્ગા હાઈસ્કુલ, રાજપીપલા
૪	૦૬૮	રાજપીપલા	શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ, રાજપીપલા
૫	૦૬૮	રાજપીપલા	શ્રીમતી સુરજબા ર. મહીડા કન્યા વિનય મંદિર, રાજપીપલા
૬	૧૨૪	દેડીયાપાડા	શ્રી એ. એન. બારોટ વિદ્યાલય, દેડીયાપાડા, તા. દેડીયાપાડા
૭	૧૨૪	દેડીયાપાડા	શ્રી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, નિવાલ્દા, તા. દેડીયાપાડા
૮	૧૯૫	સેલંબા	સેલંબા હાઈસ્કુલ, સેલંબા, તા. સાગબારા

આજ તા. ૧૩મી માર્ચ, ૨૦૦૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 57 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI I] THURSDAY, MARCH 16, 2006 / PHALGUNA 25, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૨૦/૨૦૦૬.—આણંદ જિલ્લામાં ત્રણ નગરપાલિકાની પેટા સામાન્ય ચૂંટણી તેમજ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીઓ આગામી તા. ૧૨મી માર્ચ, ૨૦૦૬ ના રોજ યોજાનાર છે. તેમજ તે અંગેની મતગણતરી તા. ૧૪મી માર્ચ, ૨૦૦૬ ના રોજ હાથ ધરવામાં આવનાર છે મતગણતરી અંગે નગરપાલિકા તથા ગ્રામ પંચાયતવાર આ સાથેની અનુસૂચિ-૧ અને ૨ માં દર્શાવેલ સ્થળો નક્કી કરવામાં આવેલ છે. ચૂંટણીના પરિણામો જાણવા માટે મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાની શક્યતાઓ રહેલી છે. અને તેના કારણે તંગદીલીભર્યું વાતાવરણ સર્જાય અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતાઓ રહેલી છે. જેથી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ હુકમ કરવા માટે પુરતા કારણો છે.

વાસ્તે હું ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છું કે આ સાથેની અનુસૂચિ-૧ અને ૨ માં જણાવેલા મતગણતરીના સ્થળોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં તા. ૧૩મી માર્ચ, ૨૦૦૬ ના રોજ રાત્રિના ૧૨-૦૦ કલાકથી શરૂ કરીને મતગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમય માટે

(૧) ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે ભેગા થવું નહિ.

(૨) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહિ.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહિ.

(૪) કોઈપણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈ હથિયાર સાથે રાખીને ફરવું નહિ.

(૫) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવો કોઈ પદાર્થ સાથે રાખવો નહિ.

(૬) કોઈ વ્યક્તિએ મતગણતરી સ્થળ કે જેની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોર્ડલેસ ફોન, મોબાઈલ (સેલ્યુલર) ફોન, પેજર કે વાયરલેસ સાથે -વેશવું નહિ.

અપવાદ :

સરકારી નોકર કે જે ફરજ ઉપર હશે તેને આ હુકમ લાગુ થશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને-૧૮૬૦ ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અનુસૂચિ-૧

વિદ્યાનગર, ઉમરેઠ, સોજીત્રા નગરપાલિકા પેટા/સામાન્ય ચૂંટણી - ૨૦૦૬ મતગણતરી સ્થળ દર્શાવતું પત્રક

અ.નં.	નગરપાલિકા મતદાર મંડળનું નામ	સ્થળ
૧	વિદ્યાનગર	વિદ્યાનગર નગરપાલિકા કોમ્યુનીટી સભાખંડ
૨	ઉમરેઠ	ઉમરેઠ નગરપાલિકા કચેરી સભાખંડ
૩	સોજીત્રા	સોજીત્રા સી. બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ

અનુસૂચિ-૨

ગ્રામ પંચાયત પેટા ચૂંટણી - ૨૦૦૬ મતગણતરી સ્થળ દર્શાવતું પત્રક

અ.નં.	ગ્રામ પંચાયત મતદાર મંડળનું નામ	સ્થળ
૧	રામનગર	મામલતદાર કચેરી, આણંદ (ગ્રામ્ય)
૨	ખડોલ (હ)	મામલતદાર કચેરી, આંકલાવ
૩	લક્કડપુરા, માણેજ	મામલતદાર કચેરી, પેટલાદ
૪	મોટી શેરડી	મામલતદાર કચેરી, બોરસદ
૫	શકરપુર, જલુંધ	મામલતદાર કચેરી, ખંભાત

આજ તારીખ ૧૦મી માર્ચ, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 58 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, MARCH 17, 2006 / PHALGUNA 26, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. એમએજી/કા. વ્ય./પરીક્ષા/વશી/૧૨૧૬ થી ૧૨૪૫/ ૨૦૦૬.– પાટણ જિલ્લામાં ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ ગાંધીનગર દ્વારા તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તેમજ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા લેવાનાર છે. જિલ્લામાં આવેલ કેન્દ્રો ઉપર લેવાનાર એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષાનું સંચાલન શાંત અને સરળતાથી થાય તે જરૂરી છે. ઝેરોક્ષની દુકાન તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા હોય તેવા કોમ્પ્યુટર સેન્ટર ઉપર પરીક્ષાલક્ષી સાહિત્યની નકલ થવાથી અને તે સાહિત્ય પરીક્ષા કેન્દ્રોમાં મોકલવાની પ્રવૃતિથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે વિકટ પ્રશ્ન ઉપસ્થિત થતો હોઇ જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષની દુકાનો તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા તમામ કોમ્પ્યુટર સેન્ટરો ઉપર થતી પરીક્ષાલક્ષી સાહિત્યની નકલો કઢાવવાની અનઅધિકૃત કૃત્ય અટકાવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે. આથી પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૧૦૦ (એકસો) મીટરના વિસ્તારમાં (ત્રિજયામાં) આવેલ તમામ ઝેરોક્ષ દુકાનો તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા તમામ કોમ્પ્યુટર સેન્ટરોમાં એસ.એસ.સી/એચ.એસ.સી. પરીક્ષામાં મદદરૂપ થાય તેવું કોઇપણ સાહિત્યની ઝેરોક્ષ નકલ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ અત્રે વિનંતી કરેલ છે જે મુજબ કાર્યવાહી કરવા મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. ડી. ભાડ (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઇએ આથી જણાવું છું કે, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી એસ.એસ.સી. / એચ.એસ.સી. પરીક્ષા માટે પાટણ જિલ્લામાં આવેલ પરીક્ષા કેન્દ્રવાળા ગામ/શહેરોના વિસ્તારમાં નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું.

(૧) જિલ્લામાં આવેલ તમામ એસ.એસ.સી./એચ.એસ.સી. કેન્દ્રોવાળા ગ્રામ્ય/શહેરી વિસ્તારોમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા તમામ કોમ્પ્યુટર સેન્ટરો ઉપર ઉપરોક્ત તારીખોએ સવારે ૧૦-૦૦ કલાકથી બપોરે ૧-૩૦ કલાક અને બપોર ૩-૦૦ કલાકથી સાંજે ૬-૦૦ કલાક સુધી ખુલ્લા રાખવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) પરીક્ષામાં ગેરરીતિ માટે મદદરૂપ થાય તેવું તેમજ પરીક્ષાલક્ષી સાહિત્ય પરીક્ષાખંડમાં તેમજ કેન્દ્રમાંથી બહાર લઇ જવા તેમજ બહારથી પરીક્ષા કેન્દ્રમાં કે ખંડમાં લાવવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

સદરહું હુકમના ખંડનો ભંગ / ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પરિશિષ્ટ - ૧

એસ.એસ.સી. પરીક્ષા માર્ચ - ૨૦૦૬ (ધોરણ ૧૦)
જિલ્લો પાટણ

અનું.નં.	કેન્દ્રનું નામ	બિલ્ડીંગનું નામ
૧	બાલીસણા	શેઠ સી.વી. વિદ્યાલય, મું. બાલીસણા તા. જિ. પાટણ
૨	ચાણસ્મા	શેઠ પી. પી. પટેલ હાઇસ્કૂલ, ચાણસ્મા.
૩	ચાણસ્મા	કે. એ. નદાસિયા ગર્લ્સ હાઈસ્કુલ, ચાણસ્મા.
૪	ધિણોજ	શ્રી એન. એચ. સાર્વજનીક વિદ્યાલય, મું. ધિણોજ તા. ચાણસ્મા
૫	ધિણોજ	શેઠ સી. એમ. કે. ગર્લ્સ હાઈસ્કુલ, ધિણોજ, તા. ચાણસ્મા.
૬	પાટણ	શેઠ એમ.એન. હાઇસ્કૂલ, પાટણ યુનિટ-૧
૭	પાટણ	શેઠ એમ.એન. હાઇસ્કૂલ, પાટણ યુનિટ-૨
૮	પાટણ	આદર્શ વિદ્યાલય, પાટણ, યુનિટ-૧
૯	પાટણ	આદર્શ વિદ્યાલય, પાટણ, યુનિટ-૨
૧૦	પાટણ	શ્રી બી. ડી. હાઇસ્કૂલ, પાટણ
૧૧	પાટણ	બી. એમ. હાઇસ્કૂલ, પાટણ
૧૨	પાટણ	શેઠ વી. કે. ભુલા હાઈસ્કુલ, પાટણ
૧૩	પાટણ	શ્રી પી. પી. જી. એક્સપરીમેન્ટલ હાઇસ્કૂલ, પાટણ
૧૪	પાટણ	ગુરૂકુલ વિદ્યાલય, પાટણ
૧૫	પાટણ	જાફરી હાઈસ્કુલ, પાટણ
૧૬	રાધનપુર	શેઠ કે.બી.વકીલ હાઇસ્કૂલ, રાધનપુર (નવું મકાન)
૧૭	રાધનપુર	શેઠ કે.બી.વકીલ હાઇસ્કૂલ, રાધનપુર (જુનું મકાન)
૧૮	રાધનપુર	આદર્શ વિદ્યાલય, રાધનપુર
૧૯	રાધનપુર	વાણિજ્ય ભવન, રાધનપુર
૨૦	રાધનપુર	વિનય વિદ્યાલય, રાધનપુર
૨૧	રણુંજ	રણુંજ હાઇસ્કૂલ, રણુંજ યુનિટ-૧/રણુંજ યુનિટ-૨
૨૨	સિધ્ધપુર	એલ. એસ. હાઇસ્કૂલ, સિધ્ધપુર
૨૩	સિધ્ધપુર	શ્રી સ્થળ હાઇસ્કૂલ, સિધ્ધપુર, જિ. પાટણ
૨૪	સિધ્ધપુર	પી. જે. એન્ડ આર. કે. ગર્લ્સ હાઇસ્કૂલ, સિધ્ધપુર, જિ. પાટણ
૨૫	સિધ્ધપુર	ગુરૂકુલ સ્વામીનારાયણ હાઇસ્કૂલ, સિધ્ધપુર
૨૬	સિધ્ધપુર	ટી. એન્ડ એચ. એડનવાલા હાઈસ્કૂલ, સિધ્ધપુર
૨૭	સિધ્ધપુર	અભિનવ હાઈસ્કુલ, સિધ્ધપુર
૨૮	હારીજ	શ્રી કે. પી. હાઇસ્કૂલ, હારીજ
૨૯	હારીજ	આર. કે. પી. તન્ના ગર્લ્સ હાઇસ્કૂલ, હારીજ
૩૦	હારીજ	આર. ડી. એ. ઠક્કર વિદ્યાલય, હારીજ
૩૧	હારીજ (શંખેશ્વર)	શ્રી પી. સી. પ્રજાપતિ વિદ્યાલય, શંખેશ્વર, તા. સમી.
૩૨	વારાહી	સાર્વજનિક હાઈસ્કુલ, વારાહી, તા. સાંતલપુર
૩૩	વડાવલી	નૂતન વિદ્યાલય, વડાવલી, તા. ચાણસ્મા
૩૪	પાટણ	શેઠ બી. એમ. પ્રા. શાળા (પીપળા ગેટ) પાટણ

પરિશિષ્ટ - ૨

એચ.એસ.સી. પરીક્ષા માર્ચ - ૨૦૦૬ (ધોરણ ૧૨)

જિલ્લો પાટણ

અનું.નં.	કેન્દ્રનું નામ	બિલ્ડીંગનું નામ
૧	પાટણ	શ્રી બી. ડી. સાર્વ. હાઈસ્કુલ, પાટણ
૨	પાટણ	બી. એમ. હાઇસ્કૂલ, પાટણ
૩	પાટણ	શેઠ વી. કે. ભૂલા હાઇસ્કૂલ, પાટણ
૪	પાટણ	એકસપરીમેન્ટલ હાઇસ્કૂલ, પાટણ
૫	પાટણ	આદર્શ હાઈસ્કુલ, પાટણ
૬	પાટણ	શેઠ એમ.એન. હાઇસ્કૂલ, પાટણ યુનિટ-૧
૭	સિધ્ધપુર	પી. જે. ગર્લ્સ હાઇસ્કૂલ, સિધ્ધપુર
૮	સિધ્ધપુર	ગુરુકુલ સ્વામીનારાયણ હાઇસ્કૂલ, સિધ્ધપુર
૯	સિધ્ધપુર	શ્રી સ્થળે અંગ્રેજી મીડીયમ હાઇસ્કૂલ, સિધ્ધપુર
૧૦	સિધ્ધપુર	શ્રી એલ. એસ. હાઈસ્કુલ, સિધ્ધપુર
૧૧	ચાણસ્મા	કે. એ. નદાસીયા ગર્લ્સ હાઇસ્કૂલ, ચાણસ્મા
૧૨	ચાણસ્મા	પી. પી. પટેલ હાઇસ્કૂલ, ચાણસ્મા.
૧૩	ધિણોજ	શ્રી એન. એચ. સાર્વ. વિદ્યામંદિર, ધિણોજ
૧૪	રાધનપુર	આદર્શ વિદ્યાલય, રાધનપુર
૧૫	રાધનપુર	કે. બી. પટેલ હાઈસ્કુલ, (નવું મકાન) રાધનપુર
૧૬	બાલીસણા	શેઠ સી.વી. વિદ્યાલય, બાલીસણા
૧૭	બાલીસણા	એલ. એન. ટી. કન્યા હાઈસ્કુલ, બાલીસણા

પાટણ, તારીખ ૧૦મી માર્ચ, ૨૦૦૬.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 59

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI I] SATURDAY, MARCH 18, 2006 / PHALGUNA 27, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/વશી-૭૫૩ /૨૦૦૬.– તારીખ ૪થી માર્ચ ૨૦૦૬ થી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ દરમ્યાન આયોજીત મેઘરજ તાલુકાના કસાણા ગામે સંતશ્રી મોરીરીબાપુની "રામકથા" હાલ ચાલુ છે. તથા તારીખ ૧૦મી માર્ચ ૨૦૦૬ થી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ સુધી મેઘરજ તાલુકાના કંટાળુ ગામે કંટાળુ હનુમાનજીનો મોટો મેળો ભરાનાર છે. તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૬ના રોજ બાયડ તથા વડાલી નગરપાલીકાઓની/ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી યોજાનાર છે. તેમજ ૧૪/૧૫મી માર્ચ ૨૦૦૬ના રોજ હોળી ધુળેટીનો તહેવાર અને તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી એસ.એસ.સી./એચ.એસ.સી. ની પરીક્ષાઓ હોઈ ઉપરોક્ત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૯મી માર્ચ ૨૦૦૬ ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૪મી માર્ચ ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલારૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રુએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૬ના કલાક ૮-૦૦ થી તા. ૨૪મી માર્ચ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહી.

ખુલાસો :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતાં ખેડુતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૦મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/વશી-૭૫૩/૨૦૦૬.– તારીખ ૪થી માર્ચ ૨૦૦૬ થી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ દરમ્યાન આયોજીત મેઘરજ તાલુકાના કસાણા ગામે સંતશ્રી મોરીરીબાપુની ''રામકથા'' હાલ ચાલુ છે. તથા તારીખ ૧૦મી માર્ચ ૨૦૦૬ થી તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૬ સુધી મેઘરજ તાલુકાના કંટાળુ ગામે કંટાળુ હનુમાનજીનો મોટો મેળો ભરાનાર છે તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૬ના રોજ બાયડ તથા વડાલી નગરપાલીકાઓની/ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી યોજાનાર છે. તેમજ તારીખ ૧૪/૧૫મી માર્ચ, ૨૦૦૬ના રોજ હોળી ધુળેટીનો તહેવાર અને તારીખ ૧૬મી માર્ચ ૨૦૦૬થી એસ.એસ.સી./એચ.એસ.સી. ની પરીક્ષાઓ હોઈ ઉપરોક્ત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૯મી માર્ચ ૨૦૦૬ ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૪મી માર્ચ ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલારૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રુએ તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૬ના કલાક ૮-૦૦ થી તારીખ ૨૪મી માર્ચ ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યક્તિઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકાર અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ કરવાનું. તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ :

આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યક્તિઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે. તેમજ ભારતના ફોજદારી ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૦મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય,વડોદરા.

INDEX

Extra No. 60 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, MARCH 20, 2006 / PHALGUNA 29, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડી/એમએજી/૧/યુનિ. પરીક્ષા/જાહેરનામું/વશી-૮૮૦૫/૨૦૦૬.—હેમચંદ્રાચાર્ય ગુજરાત યુનિવર્સીટી દ્વારા માર્ચ-જુન, ૨૦૦૬ના ગાળામાં વિવિધ પરીક્ષાઓ તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૩જી મે, ૨૦૦૬ સુધી લેવાનાર છે. કોલેજોમાં લેવાનાર તમામ પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, વિશ્વનીયતાનું વાતાવરણ સર્જાય, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને કોલેજના વિદ્યાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે, તથા કોઈ ખલેલ ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પરીક્ષા કેન્દ્રોના સ્થળોએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું બહાર પાડવા કુલ સચિવશ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણએ તેમના પત્ર નં. પરી./૧/૨૨૦૩/૨૦૦૬, તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ દરખાસ્ત રજુ કરેલ છે. કુલ સચિવશ્રીની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. સી. પટણી, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૩જી મે, ૨૦૦૬ સુધી (બંને દિવસો સહીત) પરીક્ષા કેન્દ્રના સ્થળની હદ મર્યાદાથી બહાર ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ અને સંચાલકો સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પરીક્ષા કેન્દ્રોની વિગત

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	સ્થળ
(૧)	પાલનપુર	૧. આર. આર. મહેતા, કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ, કોલેજ ઓફ કોમર્સ. ૨. બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, સંચાલિત કોલેજ. ૩. ડી. ડી. ચોકસી કોલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન. ૪. જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ. ૫. લો કોલેજ
(૨)	મડાણા-ગઢ	નૂતન ભારતી ગ્રામ સેવા મહાવિદ્યાલય.
(૩)	રતનપુર	લોકનિકેતન મહા વિદ્યાલય.
(૪)	ડીસા	ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ.
(૫)	થરા	કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ.
(૬)	અંબાજી	અંબાજી આર્ટસ અને કોમર્સ કોલેજ.
(૭)	વડગામ	આર્ટસ કોલેજ.

આજરોજ તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

બી. સી. પટણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

Extra No. 61 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, MARCH 21, 2006 / PHALGUNA 30, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

"ધ્વનિ પ્રદુષણ" (નિયમન તથા નિયંત્રણ) નિયમો-૨૦૦૦ હેઠળનું.

નંબર પીઓએલ/૨/એસ.આર./૨૧/૨૦૦૬.– "ધ્વનિ પ્રદુષણ" (નિયમન તથા નિયંત્રણ) નિયમો-૨૦૦૦ના પરિશિષ્ટમાં નિર્દેષવાળા "સાયલન્સ ઝોન" માં દિવસ અને રાત્રી સમય દરમ્યાન વ્યાપક ધ્વનિમાત્રાની મર્યાદાઓ નક્કી કરવામાં આવેલ છે. જેની જોગવાઈઓને લક્ષમાં લઈ આણંદ જિલ્લાના વિદ્યાનગર શહેર વિસ્તારમાં આવેલ શૈક્ષણિક સંકુલમાં ભણતા વિદ્યાર્થિઓ તથા આ વિસ્તારમાં આવેલ યુનિવર્સિટી ઓફિસ તથા વાંચનાલયને ધ્યાને રાખી "સાયલન્સ ઝોન" નિર્દિષ્ટ કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના પત્ર ક્રમાંક સીબી-૫/૩/ટ્રાફિક/સાયલન્સ ઝોન/૩૯૬૦, તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૬થી "સાયલન્સ ઝોન" જાહેર કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે વિનંતી કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રીની આ દરખાસ્ત નિયમોને અનુરૂપ, ઉચિત અને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, જિલ્લામાં આવેલ વિદ્યાનગર શહેરના ભાઈકાકા સ્ટેચ્યુથી રઘુવીર ચેમ્બર, યુનિવર્સિટી ઓફિસ, શાસ્ત્રી મેદાન ફરતો વિસ્તાર તેમજ મોટા બજાર ચાર રસ્તા યુનિવર્સિટી ઓફિસ રોડ, બેંક ઓફ બરોડાથી આર્કિટેકટ કોલેજ સુધીના વિસ્તારને "સાયલન્સ ઝોન" તરીકે જાહેર કરૂં છું. અને તે વિસ્તારની ૧૦૦ મીટરની ત્રિજયામાં દિવસ દરમ્યાન ૬-૦૦ થી ૨૨-૦૦ કલાક દરમ્યાન ૫૦ ડેસીબલ અને રાત્રીના ૨૨-૦૦ કલાકથી આગળ ૬-૦૦ કલાક દરમ્યાન ૪૦ ડેસીબલથી વધુ પ્રમાણમાં ધ્વનિ સર્જાય તે રીતે સંગીત રેલાવવા, વાજીંત્રો વગાડવા, ઢોલક વગાડવા કે દાંડી પીટવા, ટોમ ટોમ અથવા બીજા એવા સાધનો વગાડવા, સીસોટી કે હોર્ન વગાડવા કે તે માત્રાથી વધારે અવાજ સર્જતુ કોઈપણ સાધન બજાવવા, લોકસમુહ આકર્ષવા માટે સાંગીતીક કે અન્યની નકલ કરવા જેવું કોઈપણ કૃત્ય કરવા અથવા અવાજ પ્રદુષણ સર્જે તેવા બીજા સાધનો વગાડવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કસુરવાર સામે પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૧૫ નીચે પાંચ વર્ષ સુધીની કેદ અથવા તો ૧ લાખ સુધીના દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે તેમજ ઉલ્લંઘન કરવાનું ચાલુ રહેશે તો પ્રતિદિન રૂા. ૫૦૦૦ લેખે દંડને પાત્ર થશે. તદ્ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ નીચે પણ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 62 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, MARCH 21, 2006 / PHALGUNA 30, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (છ) અન્વયે બહાર પાડેલ.

નંબર એમએજી./જાહેરનામું/૧૯૧૧ થી ૧૯૬૧/૨૦૦૬.– આગામી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધીના સમય દરમ્યાન એસ. એસ. સી../એચ.એસ.સી. ની પરીક્ષાઓ થનાર હોઈ, વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા કેન્દ્રના સ્થળોએ પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરવામાં આવે અને પરિણામે પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ હોઈ તે માટે પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારના ઝેરોક્ષ મશીનો ચલાવવા ઉપર નિયંત્રણ રાખવાની મને જરૂર જણાય છે.

તેથી હું, રાજીવ ટોપનો, (આઈ.એ.એસ.)જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (છ) થી મને મળેલ સત્તાની રૂઈએ આથી આદેશ કરૂં છું, કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તમામ પરીક્ષા કેન્દ્રોના સ્થળેથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીનો તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯ માર્ચ, ૨૦૦૬ સુધી પરીક્ષાના કલાકો દરમ્યાન બંધ રાખવા.

વિસ્તાર :- વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોના સ્થળેથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તાર.

આ આદેશનો ભંગ/ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ (૧) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે બહાર પાડવામાં આવ્યો.

રાજીવ ટોપનો,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 63 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, MARCH 21, 2006 / PHALGUNA 30, 1927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી-જાહેરનામું/૧૭૬૫ થી ૧૮૨૫/૨૦૦૬.– મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જી. આર. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, આગામી તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ થી તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ સુધી એસ. એસ. સી. / એચ. એસ.સી. ની પરીક્ષાઓ યોજાનાર છે. તથા હાલની રાજકીય પરિસ્થિતીને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં.

વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.
(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિ-નય મેળવી આપવાનો રહેશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. આર. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 64 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, MARCH 22, 2006 / CAITRA 1, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક પીસીબી / પાસા / ડીટીએન/જાહેરનામું/૪૦૪/૨૦૦૬.– હું, દિપક સ્વરૂપ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા, સને ૧૯૮૫ની કલમ-૮(૨) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

વડોદરા શહેર વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ નિવડે તેવી અસામાજીક પ્રવૃત્તિ આચરતા શ્રી રવિકુમાર ઉર્ફે બંટી રાજેન્દ્રભાઈ ચૌહાણ, રહે. દાહોદ ગોદી રોડ, યાદવ ચાલ, તા. જી. દાહોદનાની અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા માટે ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા, સને ૧૯૮૫(પાસા) ની કલમ ૩(૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૮-૫-૮૫ના જાહેરનામા ક્રમાંક જી/૧૫૫/એસબી/પીએએસ/૧૦૮૫/૧૧૯૪ થી મળેલ સત્તા અન્વયે ઉપરોક્ત ઈસમની નિવારક અટકાયત કરવા માટેના હુકમ ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/૨૧/૦૬, તા. ૮-૨-૦૬ થી જારી કરવામાં આવેલ છે. જે હુકમને સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ.૩/પાસા/૩૩૦૬/૧૧૧, તા. ૧૬-૨-૨૦૦૬ થી મંજુર કરેલ છે. જે અટકાયત હુકમની બજવણી માટે સતત પ્રયત્નો કરતા સરકારી અધિકારીશ્રીઓના અહેવાલ તેમજ અમારી જાત તપાસણી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે જે વ્યકિતના સંબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે ઉક્ત વ્યકિત ફરાર થઈ ગયેલ છે અને તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે, તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહું અટકાયત હુકમની અમલ બજવણી કરી શકાતી નથી જેથી ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ની કલમ ૮(૨) થી અમોને મળેલ અધિકારની રૂઈએ ઉક્ત ફરારી વ્યકિતએ આ હુકમની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં વડોદરા શહેર ખાતે અમારી સમક્ષ પોલીસ કમિશનર કચેરી, પહેલો માળ, પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા અથવા પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે. બી. જાડેજા, ડી.સી.બી. પો. સ્ટે., વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે. જો તેઓ આ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો સદરહુ કાયદાની કલમ ૮(૧) અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૨૦મી માર્ચ, ૨૦૦૬.

દિપક સ્વરૂપ,
પોલિસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 65 REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, MARCH 23, 2006 / CAITRA 2, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨માં) ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર પીઓએલ/વશી/૬૯૭ થી ૭૨૬/ ૨૦૦૬.- આગામી દિવસોમાં ન્યુ એસ.એસ.સી./ચ.એસ.સી. પરીક્ષા તથા ગુડી પડવો, રામનવમી, મહાવીર જયંતિ, ઈદે મિલાદ, બહુચરાજી માતાનો ચૈત્રી પુનમનો મેળો, ગુડ ફ્રાઈડે, બુધ્ધ પૂર્ણિમા જેવા તહેવાર હોઈ તેમજ વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે મહેસાણા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવાઈ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે. જેથી આગામી તહેવારોમાં તેમજ વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને આ જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રુઈએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૬ના કલાક ૦૮-૦૦ કલાક થી તારીખ ૨૦મી મે, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે, એકઠા કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે, ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે, જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારી કે અશ્લિલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા / સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા-વિસનગર / એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ, તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓ અને શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

(૩) ઉપરોકત - (૨) સિવાય અન્ય કિસ્સાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી વ્યકિતઓને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ. પી. સી. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા..

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 66

POSTAL REGISTRATION
NO. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI] TUESDAY, APRIL 4, 2006 / CAITRA 14, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART – I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) (સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૭૭૬ થી ૭૮૫/૨૦૦૬.—આગામી તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે ચૈત્રી પૂનમનો મેળો ભરાનાર છે. અને સદરહું મેળામાં ખૂબ જ મોટી સંખ્યામાં દુર દુર થી યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોઈ મેળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છિનિય બનાવ ન બને અને ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે હેતુસર મેળામાં આવનાર યાત્રાળુઓ સિવાયના તમામ ભારે વાહનો માટે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવો જરૂરી જણાય છે. તથા બેચરાજી ટાઉનમાં થઈ પસાર થતી તમામ એસ. ટી. બસોના રૂટ મેળા દરમ્યાન બદલવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, સદરહું મેળા દરમ્યાન જાહેર સલામતી અને ટ્રાફિકની અવર-જવરમાં મુશ્કેલી પડે નહીં તે સારૂ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)(સી) થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છું.

મહેસાણા તરફથી વાયા બેચરાજી થઈ વિરમગામ તરફ જતાં ભારે વાહનો (મેળા સિવાયના) મહેસાણા મોઢેરા ત્રણ રસ્તા તથા પાલાવાસણા ત્રણ રસ્તા હાઈવે રોડથી વાયા કડી તરફ જઈ શકશે. વિરમગામ તરફથી મહેસાણા, પાટણ ચાણસ્મા તરફ વાયા બેચરાજી થઈ જતાં ભારે વાહનો (મેળા-સિવાયના) વિરમગામ રોડ વિઠ્ઠલાપુર ચોકડીથી કડી થઈ અથવા દસાડા થઈ હારીજ-સમી તરફ જઈ શકશે.

ચાણસ્મા, પાટણ તરફથી વાયા બેચરાજી થઈ વિરમગામ તરફ જતાં ભારે વાહનોને ચાણસ્માથી મહેસાણા થઈ અથવા હારીજ-સમી થઈ વિરમગામ તરફ જવાના રહેશે.

બેચરાજી એસ. ટી. ડેપોમાં (ટાઉનમાં) આવતી નીચે પ્રમાણે એસ.ટી. બસોના રૂટ બદલવા અંગેની વ્યવસ્થા ડેપો મેનેજરશ્રી, બેચરાજીએ કરવાની રહેશે.

(૧) મહેસાણા તરફથી વિરમગામ તરફ વાયા બેચરાજી ટાઉનમાં થઈ પસાર થતી એસ.ટી. બસ.

INDEX

(૨) પાટણ, ચાણસ્મા તરફથી વિરમગામ વાયા બેચરાજી ટાઉનમાંથી પસાર થતી એસ.ટી. બસ.

(૩) વિરમગામ તરફથી મહેસાણા, પાટણ, ચાણસ્મા તરફ જતી બેચરાજી ટાઉનમાં થઈ પસાર થતી બસ.

(૪) હારીજ-શંખલપુર રોડ તરફથી બેચરાજી ટાઉનમાં થઈ પસાર થતી બસ.

સદરહુ જાહેરનામું તારીખ ૧૧મી એપ્રિલ ૨૦૦૬ના સવારના ૮-૦૦ કલાક થી તારીખ ૧૩મી એપ્રિલ ૨૦૦૬ના બપોરના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

મહેસાણાથી વાયા મોઢેરા અગર બલોલ થઈને વિરમગામ તરફ જતાં ભારે વાહનોને મહેસાણા પોઈન્ટો ઉપરથી રોકવાનાં રહેશે. આ માટે પોલીસ અધિક્ષકશ્રીએ મોઢરા ચાર રસ્તા, નાગલપુર ત્રણ રસ્તા તથા પાલાવાસણા ચોકડી ઉપર ટ્રાફિક પોલીસની વ્યવસ્થા કરવાની રહેશે.

આ પ્રતિબંધિત હુકમનો કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી.સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખંડ) (સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૭૮૬ થી ૭૯૩/૨૦૦૬.—આગામી તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે ચૈત્રી પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં મોટા પ્રમાણમાં માનવ મેદની એકત્ર થવાનો સંભવ છે. લોકો માં બહુચરના દર્શન માટે લાંબી કતારોમાં ઉભા રહે છે. જેથી જાહેર રસ્તા ઉપર અવર-જવર કરતા યાત્રાળુઓ તેમજ લાઈનમાં ઉભેલા યાત્રિકોને હેરાનગતિ થવાનો તેમજ વાહનોની હેરાફેરીના કારણે અવ્યવસ્થા ઉભી થવાનો સંભવ હોઈ, સદર મેળા દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તથા દર્શનાર્થીઓને કોઈ અગવડ ઉભી ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)ના ખંડ (સી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, આથી બેચરાજી ટાઉનમાં મેળાના વિસ્તારમાં પરમીટ વગર જીપગાડી કે રીક્ષા જેવા પેસેન્જર વાહનોને તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ અથવા તેમાં મદદગીરી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી.સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ખંડ (ઈ) મુજબ.

નંબર પીઓએલ/વશી/૭૯૪ થી ૮૦૧/૨૦૦૬.—મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે આગામી તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી ચૈત્રી પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં પગપાળા તથા વાહનો દ્વારા મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે. આ તમામ યાત્રાળુઓ બહુચરાજી માતાના દર્શન માટે કતારોમાં ઉભા રહે છે. જેથી જાહેર રસ્તા ઉપર અવર-જવર કરતા યાત્રાળુઓ તેમજ લાઈનમાં ઉભેલ યાત્રિકોને કોઈ પ્રકારની હેરાનગતિ કે અડચણ ના થાય તેમજ કોઈ અવ્યવસ્થા ઉભી ન થાય તે હેતુસર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)ના ખંડ (ઈ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, આથી બેચરાજી ટાઉનમાં તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ (બંને દિવસો સહિત) જાહેર માર્ગો ઉપર થઈને ઢોર લાવવા લઈ જવા ઉપર તેમજ ઢોરોના પાલકોને તેમના ઢોરો જાહેર રોડ માર્ગો ઉપર છુટા મુકવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી.સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ખંડ (એન) મુજબ.

નંબર પીઓએલ/વશી/૮૦૨ થી ૮૦૯/૨૦૦૬.—મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે આગામી તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન ચૈત્રી પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે. આ મેળા દરમ્યાન લાઉડ સ્પીકરોનો ઘોંઘાટ વધી જતો હોઈ જેના કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવણીમાં અગવડતા રહેતી હોઈ, તેમજ તાકીદની/અગત્યની સૂચનાઓ જે ટેમ્પલ ટ્રસ્ટ અને સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવે છે તે સૂચનાઓની જાહેરાતમાં વિક્ષેપ પડતો હોઈ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)ના ખંડ (એન) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, આથી, બેચરાજી ટાઉનમાં તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ (બંને દિવસો સહિત) પરમીટ વગર કોઈપણ જાતના લાઉડ સ્પીકર અથવાં ઉંચા અવાજવાળા યંત્ર વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

સદરહું પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી.સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (એન) તથા કલમ-૩૩ (૧) (આર) (૩) મુજબ.

નંબર પીઓએલ/વશી/૮૧૦ થી ૮૧૭/૨૦૦૬.—આગામી તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે ચૈત્રી પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળા દરમ્યાન બહુચરાજી માતાજીના મંદિર પરિસરમાં તથા મંદિરના કોટના સંપૂર્ણ વિસ્તારમાં વાજીંત્ર વગાડવા, દાંડી પીટવા, લાઉડ સ્પીકર વગાડવા અથવા બીજમ જેવા ભુંગળા અથવા ઘોંઘાટ અથવા અવાજ કરે તેવા બીજા સાધનો બહારથી આવતી મંડળીઓ તથા સંઘો તેમજ અન્ય બીજા લોકો દ્વારા વગાડવામાં ઓ છે. પરિણામે ભાવિક ભક્તોના દર્શન તેમજ પુજન વિધિમાં ખલેલ પડે છે. આ ઉપરાંત અવાજનું પ્રદૂષણ પણ મોટા પાયા પર ફેલાય છે. તેને રોકવું આવશ્યક જણાય છે. જેથી આવા તમામ સાધનો તેમજ લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવો મને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (એન) તેમજ કલમ-૩૩ (૧) (આર)(૩) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉપર મુજબના કૃત્યો નહીં કરવા માટે હુકમ કરૂં છું.

આ હુકમનો અમલ તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ (શૂન્ય) કલાકથી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી શ્રી બહુચરાજી માતાજી પરિસર તેમજ મંદિરના કોટના સંપૂર્ણ વિસ્તારમાં કરવાનો રહેશે.

અપવાદ : શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટને આ જાહેરનામાની કોઈપણ જોગવાઈ લાગુ પાડવા માટે મુક્તિ આપવામાં આવે છે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી.સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૪૩ (૧) મુજબ.

નંબર પીઓએલ/વશી/૮૧૮ થી ૮૨૫/૨૦૦૬.—મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન ચૈત્રી પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં બહુચરાજી મુકામે મોટી સંખ્યામાં લોકો એકઠાં થનાર છે. અને જો તાકીદના પગલાં લેવામાં ના આવે તો રોગચાળો ફેલાવવાનો સંભવ રહે છે. જેથી, રોગચાળો અટકાવવા માટે તથા ખાસ કરીને પાણી, તેમજ બીજી જાહેર જનતાની તંદુરસ્તીને અસરકર્તા હોય તેવી બાબતો માટે યોગ્ય પગલાં લેવાની જરૂરિયાત હોવાથી અને તેમ કરવું જાહેર હિતાર્થે ખૂબ જ આવશ્યક હોઈ, આથી, હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ બેચરાજી, તા. બેચરાજી મુકામે રહેતા તેમજ મેળામાં એકત્રિત થતા માણસો માટે તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સહિત) નીચેના નિયમો પાળવા આથી હુકમ કરૂં છું.

(૧) કોઈપણ વ્યક્તિએ મેળા દરમ્યાન કોઈપણ જાતની બ્રાન્ડ સિવાયના પીવાના પાણીના પાઉચ કે જેના ઉપર ઉત્પાદકના નામ, સરનામા, વજન, કિંમતની કોઈ દર્શાવેલ ના હોય તેવા પાઉચનું વેચાણ કરવું નહીં.

(૨) મેળા દરમ્યાન સ્થાનિક વેપારીઓ, મેળામાં ખોલવામાં આવેલ દુકાનોના માલિકો, લારી ગલ્લાવાળાઓ તથા સેવા કેન્દ્રોના સંચાલકશ્રીઓએ પ્લાસ્ટીકની કોથળીઓ, કાગળ, વિગેરે રસ્તા ઉપર ફેંકવા નહીં. પરંતુ એક જ જગ્યાએ તેમના સ્થળની

INDEX

નજીક એકત્રિત કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરવાની રહેશે.

સબબ જો કોઈપણ વ્યક્તિ કે ઈસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૯ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંને સજાને પાત્ર ઠરશે.

આ હુકમનો અમલ તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૪૩ (૧) મુજબનો.

નંબર પીઓએલ/વશી/૮૨૬ થી ૮૩૩/૨૦૦૬.—મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન ચૈત્રી પૂનમનો મેળો ભરાનાર છે. મેળામાં બહુચરાજી મુકામે મોટી સંખ્યામાં લોકો એકઠાં થનાર છે. અને તાકીદના પગલાં લેવામાં ના આવે તો રોગચાળો ફેલાવવાનો સંભવ રહે છે. જેથી, રોગચાળો અટકાવવા માટે તથા ખાસ કરીને પાણી, ખોરાક તેમજ બીજી જાહેર જનતાની તંદુરસ્તીને અસરકર્તા હોય તેવી બાબતો માટે યોગ્ય પગલાં લેવાની જરૂરિયાત હોવાથી અને તેમ કરવું જાહેર હિતાર્થે ખૂબ જ આવશ્યક હોઈ, આથી, હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧) હેઠળ મને મળેલા અધિકારોની રૂએ બેચરાજી, તા. બેચરાજી મુકામે રહેતા તેમજ મેળામાં એકત્રિત થતા માણસો માટે નીચેના નિયમો પાળવા આથી હુકમ કરૂં છું.

(૧) કોઈપણ વ્યક્તિએ બહુચરાજી માતા મંદિર પાસે આવેલા વાવના પાણીનો ઉપયોગ પીવા માટે કરવો નહીં,

(૨) જે સ્થળે મેળો ભરાનાર હોઈ તે સ્થળે નિયત કરેલા જગ્યા સિવાયની જગ્યાએ ઝાડા, પેશાબ કરવો નહીં.

(૩) દુર્ગંધવાળા વાસી, ઉતરી ગયેલા અગર માણસ માટે ઉપયોગમાં લઈ ન શકાય તેવા ફળ, ફળાદી, ચા-પાણી કે તેવા કોઈ પણ પદાર્થ કોઈએ વેચવા નહીં. જો વેચાણ કરવામાં આવશે તો ફરજ ઉપર રહેલ અધિકૃત પોલીસ અધિકારી અથવા સેનેટરી ઈન્સ્પેક્ટર અથવા અન્ય કોઈ સક્ષમ અધિકારી તે જપ્ત કરી શકશે.

(૪) ખાનપાનની દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ, ફળ ફળાદીની દુકાનો તથા મનોરંજનના સ્થળો ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેક્ટર તપાસી શકશે. આવી દુકાનોના મેનેજર/માલિક અથવા નોકરને ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેક્ટર સ્વચ્છતા તથા જાહેર તંદુરસ્તી અને સ્વાસ્થ્ય તથા સુખાકારી જળવાઈ રહે તે માટે સૂચનાઓ આપે તેનો અમલ કરવાનો રહેશે.

(૫) ફરજ ઉપરના કોઈપણ મેડીકલ ઓફીસર તથા સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રી અથવા તેઓ પૈકી કોઈપણ અધિકારીને જ્યારે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ મેળામાં આવેલ કોઈપણ ઈસમ જે પ્લેગ, શીતળા, કોલેરા અથવા બીજા કોઈપણ ચેપી રોગના દર્દી હોવાનું જણાશે તો આ ઈસમને ઈલાયદા રાખવામાં આવશે.

સબબ જો કોઈપણ વ્યક્તિ કે ઈસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૯ અનુસાર ત્રણ માસની કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંને સજાને પાત્ર ઠરશે.

આ હુકમનો અમલ તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી.સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ખંડ (કે) મુજબ.

નંબર પીઓએલ/વશી/૮૩૪ થી ૮૪૧/૨૦૦૬.—મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે આવેલ પવિત્ર યાત્રાધામ ''બહુચરાજી માતા''ના મંદિરે દર્શનાર્થે યાત્રાળુઓ મોટી સંખ્યામાં આવે છે. ભાવિક ભક્તો શ્રધ્ધાથી દર્શનાર્થે આવતા હોઈ ધાર્મિક લાગણી ન દુભાય અને કોઈ વૈમનસ્ય ઉભું ન થાય તે માટે સમગ્ર બેચરાજી ટાઉનના વિસ્તારમાં મચ્છી, માંસ, મટનની દુકાનો, ઈંડાની લારીઓ ઉભી ન રાખવી જરૂરી હોઈ બેચરાજી માતાના દર્શનાર્થે આવતા યાત્રાળુઓ તેમજ જાહેર જનતાની લાગણીઓ ન દુભાય તે અર્થે પવિત્ર યાત્રાધામ બેચરાજી ટાઉન વિસ્તારમાં જાનવરોને કતલ કરવાની, જાનવરના મુડદા તથા ચામડા સાફ કરવાની, ઉપદ્રવકારક અથવા દુર્ગંધ મારતી વસ્તુ મુકવાની, મચ્છી, માંસ, મટનની દુકાનો તેમજ ઇંડાની લારીઓ ઉભી રાખવા પર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) ના (ખંડ) (કે) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા આથી પ્રતિબંધ ફરમાવું છું.

INDEX

સદર પ્રતિબંધનો ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી.સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૮૪૨ થી ૮૫૦/૨૦૦૬.—આગામી તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના બેચરાજી મુકામે ચૈત્રી પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં ટ્રાફિક વ્યવસ્થાની તેમજ કાયદો વ્યવસ્થાની જાળવણી સારૂં મેળામાં આવતાં ખાનગી વાહનો મેળાની અંદર પ્રવેશ ન કરે તે સારૂં જરૂરી પગલાં લેવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે, હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (સી) થી મને મળેલ સત્તાની રૂએ, બેચરાજી ગામમાં ચૈત્રી પૂનમના મેળા દરમિયાન એટલે કે તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ સુધી નીચે જણાવેલ જગ્યાઓએ જ વાહન પાર્ક કરવા નીચે મુજબ હુકમ ફરમાવું છું.

(૧) મહેસાણા-ચાણસ્માં તરફથી આવતાં વાહનો કે જે રીલાયન્સ પેટ્રોલ પંપથી કાલરી જતા રોડની બાજુના ખેતરોમાં પાર્ક કરવા.

(૨) વિરમગામ તરફથી આવતાં વાહનો બેચરાજી વિરમગામ હાઈવે ચોકીથી વિરમગામ જતા રોડ ઉપર પેટ્રોલ પંપની બાજુમાં ખુલ્લી જગ્યામાં પાર્ક કરવા.

(૩) શંખલપુર તરફથી આવતાં વાહનો શંખલપુર ફાટકથી શંખલપુર તરફ જવાના રોડની બાજુમાં ખેતરમાં વાહનો પાર્ક કરવા.

આ પ્રતિબંધિત હુકમનો કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી.સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 67

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, APRIL 4, 2006/ CAITRA 14, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/ એમએજી/જાહેરનામું/વશી- કલમ-૩૭ (૧)/૩૧૨૩ થી ૩૨૪૩/૨૦૦૬.--મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જી. આર. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, આગામી તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૬ના રોજ રામનવમી તથા તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ઈદે મીલાદ તથા મહાવીર જયંતીનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ આ તહેવાર દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ અર્થે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સાકરવા નહીં અથવા તૈયાર કરવા નહિં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ, બતાવવી નહિ, તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઇ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

INDEX

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જી. આર. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી-જાહેરનામું ૩૧૨૩ થી૩૨૪૩/૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જી.આર. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, આગામી તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૬ના રોજ કતલની રાત તથા તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ રામનવમી તથા તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ઈદે મીલાદ થતા મહાવીર જયંતીનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ આ તહેવાર ઉજવવામાં આવનાર હોઈ તેમજ હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યક્તિઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ ૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત વિસ્તાતરોમાં તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન–

(૧) ચાર કરતાં વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.
(૨) કોઈ લગ્નના વરઘોડાને.
(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.
(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. આર. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 68

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, APRIL 7, 2006 / CAITRA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૨૨ની પેટા કલમ-૩૩ (૧) બી હેઠળ.

ક્રમાંક ટફક/ઉગપક/તા.વિ./જાહેરનામા/૫૮૪/૨૦૦૬.—વડોદરા શહેરમાં તારીખ ૭, ૮મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ "ભારત સુરક્ષા યાત્રા" પ્રસંગે જાહેર જનતાની સલામતી તેમજ શહેર વિસ્તારમાં ટ્રાફિક નિયમનની સરળતા જળવાઈ રહે અને આમ જનતાને અગવડ ન પડે તે હેતુસર આ જાહેરનામું તાત્કાલીક અસરથી પ્રસિદ્ધ કરવાની જરૂરીયાત હોવાથી હું દિપક સ્વરૂપ, (આઈપીએસ) પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માંની અધિનિયમની કલમ-૩૩(૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬ ના રોજ બપોરે કલાક ૧૬-૦૦ થી કલાક ૨૧-૦૦ અને તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ કલાક ૦૮-૩૦ થી બપોરના કલાક ૧૩-૦૦ સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરૂં છું.

જાહેરનામાની વિગત

(૧) તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬ના કલાક ૧૬-૦૦ થી કલાક ૨૧-૦૦ વાગ્યા સુધી ભારત યાત્રાના રૂટ છાણી ગામ, રામાકાકાની ડેરી, નિઝામપુરા, ફતેગંજ ચાર રસ્તા, નરહરી દવાખાના, કમાટીબાગ રોડ, કાલાઘોડા, ફુલબારી નાકા, કોઠી ચાર રસ્તા, રાવપુરા રોડ, ટાવર ચાર રસ્તા, અમદાવાદી પોળ, જ્યુબેલી બાગ, ફરતે વિસ્તાર અને પાવાગઢ બસ સ્ટેન્ડ, કારેલીબાગ, પો. સ્ટે., બાલ રીમાન્ડ હોમ, પુરૂષ અધ્યાપન મંદિર, મેઘદુત સોસા., સરદાર વિનય હાઈસ્કુલ, આર્યકન્યા, જીવન ભારતી સ્કુલ, ન્યુ મેન્ટલ હોસ્પીટલ રોડ, મુકતાનંદ ત્રણ રસ્તા, વુડા સર્કલ, ફતેગંજ ચાર રસ્તા, શાસ્ત્રીબ્રીજ, વડીવાડી ફાયર સ્ટેશન, રેસકોર્ષ સર્કલ, આર.સી. દત્ત રોડ, સર્કીટ હાઉસ સુધીના અપ-ડાઉન રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવામાં આવે છે.

(૨) તેમજ જાહેર સભાવાળા સ્થળે જ્યુબેલીબાગ, ખત્રીપોળના નાકા ફરતે વિસ્તાર એટલે કે, તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ કલાક ૧૮-૦૦ થી કલાક ૨૧-૦૦ દરમ્યાન ટાવર ચાર રસ્તાથી જ્યુબેલીબાગ તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક, કારેલીબાગ ત્રણ રસ્તાથી સરદાર ભવન ખાંચા થઈ જ્યુબેલીબાગ તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક, કારેલીબાગ ત્રણ રસ્તાથી જુના પાવાગઢ બસ સ્ટેન્ડ થઈ ખત્રી પોળના નાકા તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક, કાલુપુરા મચ્છીપીઠ અને નવાબજાર તરફથી જ્યુબેલીબાગ તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક અને પદમાવતી શોપીંગ સેન્ટર થઈ જ્યુબેલીબાગ તરફ આવતા તમામ પ્રકારનો ટ્રાફિક ઉપરોકત સમય દરમ્યાન "પ્રવેશબંધી"

INDEX

જાહેર કરવામાં આવે છે.

(૩) તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ''ભારત સુરક્ષા યાત્રા'' વડોદરા સર્કીટ હાઉસથી નીકળી આર.સી. દત્ત રોડ, રેસકોર્ષ સર્કલ, સીટી બસ ડેપો કચેરી સામે આવેલ શ્રી સાવરકરની પ્રતિમાને ફુલહાર વિધિ કરી સારાભાઈ સર્કલ, શાસ્ત્રીબ્રીજ, ફતેગંજ ચાર રસ્તા, વુડા સર્કલ, વી.આઇ.પી. રોડ, માણેકપાર્ક ચાર રસ્તા, સંગમ ચાર રસ્તા, વારસીયા રીંગ રોડ, ગધેડા માર્કેટ ચાર રસ્તા, મહાવીર હોલ ચાર રસ્તા, ઉમા ચાર રસ્તા, વૃંદાવન ચાર રસ્તા થઇ વાઘોડીયા ચોકડી થઇ, ડભોઇ ચોકડી થઇ, ડભોઇ જનાર હોય. ઉપરોક્ત જણાવેલ રૂટ સવારના કલાક ૮-૩૦ થી બપોરના કલાક ૧૩-૦૦ સુધીના અપ-ડાઉન રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે **''નો પાર્કીંગ ઝોન''** જાહેર કરવામાં આવે છે. આ રૂટ ઉપર સવારના કલાક ૮-૩૦ થી ભારત સુરક્ષા યાત્રા નીકળતી વેળાએ યોજવામાં આવનાર કાર્યક્રમો ધ્યાને લઇ જરૂરી ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જેથી કરી જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે કે ટ્રાફિક નિયમન અંગે પ્રસિદ્ધ કરેલ જાહેરનામા મુજબ ''નોપાર્કીંગ ઝોન'' તેમજ ''પ્રવેશબંધી''નું અમલીકરણ કરી ટ્રાફિક ડાયવર્ઝન માટે આપેલ રૂટનો ઉપયોગ કરવો જે અંગે જાહેર જનતાએ નોંધ લેવી.

મેં આજરોજ તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

દિપક સ્વરૂપ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 69

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, APRIL 7, 2006 / CHITRA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(૨૨મો)ની કલમ-૩૩(૧) (સી) મુજબ

નંબર પીઓએલ/વશી/૬૯૪/૨૦૦૬.- મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(૨૨મો)ની કલમ-૩૩(૧) (સી) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાનો ખરડો ઉક્ત અધિનિયમની ઉક્ત કલમ-૩૩ની પેટા કલમ (૬) મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આથી નોટીસ આપવામાં આવે છે કે, સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧(એક) માસ પુરો થયા બાદ જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા ઉક્ત ખરડો વિચારણામાં લેશે.

સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સંબંધમાં કોઈપણ વ્યક્તિ તરફથી લેખિત વાંધા યા સુચનો જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને મળશે તો તે વિચારણામાં લેવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો ખરડો :-

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨મો) ની કલમ-૩૩ (૧) (સી) થી મને મળેલ સત્તાની રૂએ હું મનીષ ભારદ્વાજ, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા જાહેર જનતાની સગવડ તેમજ ટ્રાફીકના સુચારૂ સંચાલન સારૂ મહેસાણા નગરપાલિકા વિસ્તારમાં નીચેના મુખ્ય રોડને ''નોન હોકર્સ ઝોન'' જાહેર કરવા આદેશ કરું છું.

(૧)	રાજમહેલ રોડ	રેલ્વે સ્ટેશનથી ડી.એસ.પી. ઓફીસના ગેટ સુધી
(૨)	સ્ટેશન રોડ	રેલ્વે સ્ટેશનથી સાંકાભાઈ શેઠ કોમ્પ્લેક્ષ સુધી
(૩)	એસ.ટી. વર્કશોપ રોડ	ભમરીયા નાળાથી મોઢેરા ચાર રસ્તા સુધી
(૪)	હૈદરી ચોક	મહેસાણા ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંકથી હૈદરી ચોક સુધી
(૫)	મહાત્મા ગાંધી બાગ પાસેનો રોડ	મહાત્મા ગાંધી બાગ કોર્નરથી જી. ઈ. બી. સુધી.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)-એમ મુજબ

નંબર પીઓએલ/વશી/૮૭૫ થી ૮૮૩/૨૦૦૬.-રાજ્ય સરકારે સરદાર સરોવર નર્મદા નિગમ મારફત સરદાર સરોવર બંધ બાંધી કેનાલ મારફતે નાગરિકોને પીવાનું પાણી, ખેડુતોને સિંચાઈ માટે પાણી તથા ઔદ્યોગિક એકમોને ઔદ્યોગિક હેતુ માટે પાણી પુરું પાડવાનું આયોજન કરેલ છે.

જાહેર જનતાના ઉપયોગમાં લેવાનું આ પાણી શુદ્ધ તથા પ્રદુષણ મુક્ત રહે તે હેતુથી મહેસાણા જિલ્લામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેર, બ્રાન્ચ કેનાલ, ડીસ્ટ્રીબ્યુટરીના પાણીનો નીચે પ્રમાણેના ઉપયોગ પર જાહેર આરોગ્યની સલામતીના કારણોસર પ્રતિબંધ આવશ્યક જણાય છે. આથી હું મનીષ ભારદ્વાજ, જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ,

(૧) જિલ્લામાંથી પસાર થતી નર્મદા નહેર, બ્રાન્ચ કેનાલ, ડીસ્ટ્રીબ્યુટરીના પાણીમાં કોઈએ નહાવું નહી. કપડા/વાસણ ધોવા નહી કે વાહનોની સફાઈ કરવી નહી.

(૨) આ પાણીમાં પૂજાના ફૂલો કે મૃતક વ્યક્તિના અસ્થિનું વિસર્જન કરવું નહી.

(૩) આ પાણીમાં ભોજન બાદ એંઠી પેપરડીસ, વધેલું ભોજન, પ્લાસ્ટીકના પેકીંગ, પ્લાસ્ટીકની કેરીબેગ કે અન્ય કોઈપણ પ્રકારનો કચરો ફેંકવો નહીં કે અન્ય કોઈ ક્રિયાથી કેનાલના પાણીમાં ગંદકી કરી શકશે નહી.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ઈસમ પ્રત્યે દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આ હુકમ મહેસાણા જિલ્લાના મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

આજ તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 70

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, APRIL 7, 2006 / CAITRA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧માંની ૨૨ કલમ-૩૭ (૧)મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામા/ક/૩૭(૧)/ વશી/ ૧૪૭૧ થી ૧૫૦૫/૨૦૦૬.--આગામી એપ્રિલ માસમાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૬ના રોજ રામનવમી તથા તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ઈદે-મિલાદ તથા મહાવીર જયંતિ, તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી તથા તારીખ ૩૦મી એપ્રિલ ૨૦૦૬ના રોજ ભગવાન પરશુરામ જન્મ જયંતીના તહેવાર ઉજવવામાં આવનાર છે, જે દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબ કૃત્યો કોઈપણ ઈસમને નહિ કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે એકઠા કરવા કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતીનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું, ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ/રાધનપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧માંની કલમ-૩૭ (૩)મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામુ/ ક-૩૭(૩) /વશી/૧૫૦૬ થી ૧૫૪૦/૨૦૦૬.–આગામી એપ્રિલ માસમાં તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૬ના રોજ રામનવમી તથા તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ઈદે-મિલાદ તથા મહાવીર જયંતિ, તારીખ ૧૪મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી તથા તારીખ ૩૦મી એપ્રિલ ૨૦૦૬ના રોજ ભગવાન પરશુરામ જન્મ જયંતીના તહેવાર ઉજવવામાં આવનાર છે, જે દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કોઈપણ મંડળી કે સરઘસમાં ચાર કરતાં વધારે વ્યકિતઓની મંડળી માટે મનાઈ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૬ના ૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંતની) મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇ સ્મશાનયાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭(૩) ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 71

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI I] FRIDAY, APRIL 7, 2006 / CHAITRA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયેનો.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૪)વશી-૨૦૦૬.–સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હિંમતનગર ખાતેના પોલીસ હેડક્વાર્ટર પોલીસ લાઈનની પાછળ નદીના તટ વિસ્તારમાં ફાયરીંગ બટ આવેલો છે. સદર બટ ઉપર ૩૪ - ગુજરાત બટાલીયન એન. સી. સી. હિંમતનગર દ્વારા એન. સી. સી. ના કેડેટસની (પોઈન્ટ ટુટુ) ૨૨ ફાયરીંગ પ્રેક્ટીસ કરવાની હોઈ ફાયરીંગ પ્રેક્ટીસનો કાર્યક્રમ તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૦૬ થઈ ૨૭મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન યોજાનાર હોઈ આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુના પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવા કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૩૪-ગુજરાત બટાલીયન, એન. સી. સી. હિંમતનગરના તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬ના પત્રથી જણાવેલ છે. ઉક્ત પત્રની વિગતે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયે પ્રતિબંધિત હુકમો કરવો જરૂરી છે.

આથી, હું, બી. એચ. ઘોડાસરા, જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૦ માં) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હિંમતનગર ખાતેના પોલીસ હેડ ક્વાર્ટર પોલીસ લાઈનની પાછળ નદીના તટ વિસ્તારમાં આવેલ ફાયરીંગ બટ ઉપર ૩૪-ગુજરાત બટાલીયન એન. સી. સી. હિંમતનગર દ્વારા એન. સી. સી. હિંમતનગર દ્વારા એન. સી. સી. ના કેડેટસની (પોઈન્ટ ટુટુ) ૨૨ શોર્ટ રેન્જ ફાયર પ્રેક્ટીસ કરવાની હોઈ ફાયરીંગ પ્રેક્ટીસનો કાર્યક્રમ તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૦૬ થી ૨૭મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૬-૦૦ કલાક સુધી ઉક્ત બટ વિસ્તારની જમીનની આજુબાજુની વ્યક્તિઓએ ઉપરોક્ત જમીનની આજુબાજુના ૧.૬ કી. મી. ની ત્રિજ્યાના વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં તથા ઉક્ત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાના પાત્ર થશે, અને બિન અધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 72

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI I] FRIDAY, APRIL 7, 2006 / CHAITRA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૨૨/૨૦૦૬.—તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૬ના રોજ રામનવમીની તહેવાર ઉજવવામાં આવનાર છે. આ ઉપરાંત તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ શ્રી એલ. કે. અડવાણી, લોકસભાના વિરોધ પક્ષના નેતાઓની ભારત સુરક્ષા યાત્રા અત્રેના જીલ્લામાં ઉમરેઠ ખાતેથી પ્રવેશ કરી ઓડ, સારસા, અને વાસદ થઈ વડોદરા જનાર છે. તેમજ તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મહાવીર જયંતી તથા ઈદેમિલાદ તહેવાર ઉજવવામાં આવનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી આણંદએ તા.૩/૦૪/૨૦૦૬ના રોજ ફેક્સ મેસેજથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું ડી. જી. ઝાલાવાડીયા, આઈ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આદેશ આપું છું કે સમગ્ર આણંદ જીલ્લામાં તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૬ થી ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુદ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહી. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટાગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫મા) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫માં) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યા.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
આણંદ.

Supple C. G I-Extra-72

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 73

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, APRIL 7, 2006 / CAITRA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)-એમ અન્વયે.

ક્રમાંક એમએજી./વશી/૭૭૭ થી ૭૮૭/૨૦૦૬.– રાજ્ય સરકારે સરદાર સરોવર નિગમ મારફત સરદાર સરોવર બંધ બાંધી કેનાલ મારફતે નાગરિકોનું પીવાનું પાણી, ખેડૂતોને સિંચાઈ માટે પાણી તથા ઔદ્યોગિક એકમોને ઔદ્યોગિક હેતુ માટે પાણી પુરૂ પાડવાનું આયોજન કરેલ છે.

જાહેર જનતાના ઉપયોગમાં લેવાનું આ પાણી શુદ્ધ તથા પ્રદુષણ મુક્ત રહે તે હેતુથી નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેર, બ્રાન્ચ કેનાલ, ડિસ્ટ્રીબ્યુટરીના પાણીનો નીચે પ્રમાણેના ઉપયોગ પર જાહેર આરોગ્યની સલામતીના કારણોસર પ્રતિબંધ આવશ્યક જણાય છે. આથી હું શ્રી કે. કે. બલાત (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ :-

(૧) જિલ્લામાંથી પસાર થતી નર્મદા નહેર, બ્રાન્ચ કેનાલ, ડીસ્ટ્રીબ્યુટરીના પાણીમાં કોઈએ નહાવું નહિ. કપડા/વાસણ ધોવાના નહિ કે વાહનોની સફાઈ કરવી નહિ.

(૨) આ પાણીમાં પૂજાના ફુલો કે મૃતક વ્યક્તિના અસ્થિનું વિસર્જન કરવું નહિ.

(૩) આ પાણીમાં ભોજન બાદ એઠી પેપર ડીસ, વધેલું ભોજન, પ્લાસ્ટિક પેકીંગ, પ્લાસ્ટિકની કેરીબેગ કે અન્ય કોઈપણ પ્રકારનો કચરો ફેંકવો નહિ કે અન્ય કોઈ ક્રિયાથી કેનાલના પાણીમાં ગંદકી કરી શકાશે નહિ.

આ હુકમનો ભંગ ઉલ્લંઘન કરનાર ઈસમ પ્રત્યે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આ હુકમ નર્મદા જિલ્લાના મહેસૂલી વિસ્તારમાં લાગુ પડશે.

આજ તારીખ ૨૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. કે. બલાત,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 74

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, APRIL 7, 2006 / CAITRA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૨૩/૨૦૦૬.--તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૦૬ના રોજ રામનવમીનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ ઉપરાંત તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ એલ. કે. અડવાણી લોકસભાના વિરોધ પક્ષના નેતાઓની ભારત સુરક્ષા યાત્રા અત્રેના જિલ્લામાં ઉમરેઠ ખાતેથી પ્રવેશ કરી ઓડ, સારસા, અને વાસદ થઈ વડોદરા જનાર છે. તેમજ તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મહાવીર જયંતી તથા ઈદેમિલાદ તહેવાર ઉજવવામાં આવનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા પાત્ર છે.

વાસ્તે હું, એન. સી. શાહ, (જી.એ.એસ.,) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઇએ આદેશ આપું છું કે સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :-સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ :-આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 75

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, APRIL 10, 2006 / CAITRA 20, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર જેલ/હોળી/વશી/૮૯૬ થી ૯૦૩/૨૦૦૬.-મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં ઠાકોર તથા પટેલ કોમના ઈસમો વચ્ચે થયેલ અથડામણ સંબંધમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાહેર હિતમાં જાળવણી અર્થે તકેદારીના યોગ્ય પગલાં લેવા આવશ્યક જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, વિસનગર શહેર તેમજ વિસનગર તાલુકા/ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૬ ના ૧૫-૦૦ કલાકથી તારીખ ૪થી મે, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક ચાર કે તેથી વધુ વ્યકિતઓએ એકઠા થવું નહી તેમજ કોઈપણ સભા સરઘસ કે મંડળીના સ્વરૂપે એકઠા થવું નહી તેમજ કોઈપણ પ્રકારના શસ્ત્રો, દારૂગોળો કે હથિયારો કે ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો પોતાની સાથે લઈ ફરવું નહી.

વધુમાં આદેશ કરૂં છું કે,

(૧) આ જાહેરનામું ફરજ પરના અધિકૃત અધિકારીશ્રીઓ તેમજ ફરજ પરના પોલીસ દળને લાગુ પડશે નહી.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા તેમજ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા મંજુરી આપવામાં આવે તેવા ઈસમોને તેમજ કોઈ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી. લગ્નના વરઘોડા કે સ્મશાન યાત્રા વખતે ઈજા પહોંચાડી શકે તેવા શસ્ત્રો, દારૂગોળો કે હથિયારો સાથે રાખી શકાશે નહી.

ઉકત જાહેરનામાનો ભંગ કરનાર કરાવનાર અગર તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ -૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામુ બહાર પાડયું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 76

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, APRIL 12, 2006 / CAITRA 22, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/જાહેરનામું/૪૯૫/૨૦૦૬.— હું દિપક સ્વરૂપ, આઈ. પી.એસ. પોલીસ કમિશનર વડોદરા શહેર ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૮ (૨) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છુ કે,

વડોદરા શહેર વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ નિવડે તેવી અસામાજીક પ્રવૃતિ આચરતા શ્રી અજય બાબુરાવ પવાર રહે. બેંક રોડ, અપના બજારની પાછળ, જુના સરકારવાડા, વડોદરાનાની અસામાજીક પ્રવૃતિ અટકાવવા માટે ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫(પાસા) ની કલમ ૩(૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૮-૫-૮૫ના જાહેરનામા ક્રમાંક જી/૧૫૫/એસબી/પીએએસ/૧૦૮૫/૧૧૯૪ થી મળેલ સત્તા અન્વયે ઉપરોક્ત ઈસમની નિવારક અટકાયત કરવા માટેના હુકમ ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/૪૫/૦૬ તા. ૨૮-૨-૦૬ થી જારી કરવામાં આવેલ છે. જે હુકમને સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ. ૩/પાસા/૩૩૦૬/૨૪૫ તા. ૨-૩-૨૦૦૬ થી મંજુર કરેલ છે. જે અટકાયત હુકમની બજાવણી માટે સતત પ્રયત્નો કરતા સરકારી અધિકારીશ્રીઓના અહેવાલ તેમજ અમારી જાત તપાસણી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે જે વ્યક્તિના સબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે ઉક્ત વ્યક્તિ ફરાર થઈ ગયેલ છે અને તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે, તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહુ અટકાયત હુકમની અમલ બજાવણી કરી શકાતી નથી જેથી ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૮(૨) થી અમોને મળેલ અધિકારની રૂએ ઉક્ત ફરારી વ્યક્તિએ આ હુકમની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં વડોદરા શહેર ખાતે અમારી સમક્ષ પોલીસ કમિશનર કચેરી, પહેલો માળ, પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા અથવા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી. એમ. વાઘેલા સીટી પો. સ્ટે. વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે. જો તેઓ આ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો સદરહુ કાયદાની કલમ ૮(૧) અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૬.

દિપક સ્વરૂપ,
પોલીસ કમિશનર,
વડોદરા.

INDEX

જાહેરનામું

ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/જાહેરનામું/૪૯૬/૨૦૦૬.– હું દિપક સ્વરૂપ, આઈ. પી.એસ. પોલીસ કમિશનર વડોદરા શહેર ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૮ (૨) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છુ કે,

વડોદરા શહેર વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ નિવડે તેવી અસામાજીક પ્રવૃતિ આચરતા શ્રી કમલેશ જગદીશભાઈ કહાર રહે. દાંડીયા બજાર, ખારીવાવરોડ, રામદેવ પ્લાઝાની સામે, વડોદરાનાની અસામાજીક પ્રવૃતિ અટકાવવા માટે ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫(પાસા) ની કલમ ૩(૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૮-૫-૮૫ ના જાહેરનામા ક્રમાંક જી/૧૫૫/એસબી/પીએએસ/૧૦૮૫/૧૧૯૪ થી મળેલ સત્તા અન્વયે ઉપરોક્ત ઈસમની નિવારક અટકાયત કરવા માટેના હુકમ ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/૪૪/૦૬ તા. ૨૮-૨-૦૬ થી જારી કરવામાં આવેલ છે. જે હુકમને સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ. ૩/પાસા/૩૩૦૬/૨૪૪ તા. ૨-૩-૨૦૦૬ થી મંજુર કરેલ છે. જે અટકાયત હુકમની બજાવણી માટે સતત પ્રયત્નો કરતા સરકારી અધિકારીશ્રીઓના અહેવાલ તેમજ અમારી જાત તપાસણી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે જે વ્યક્તિના સબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે ઉક્ત વ્યક્તિ ફરાર થઈ ગયેલ છે અને તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે, તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહુ અટકાયત હુકમની અમલ બજાવણી કરી શકાતી નથી જેથી ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૮(૨) થી અમોને મળેલ અધિકારની રૂએ ઉક્ત ફરારી વ્યક્તિએ આ હુકમની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં વડોદરા શહેર ખાતે અમારી સમક્ષ પોલીસ કમિશનર કચેરી, પહેલો માળ, પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા અથવા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી. એમ. વાઘેલા સીટી પો. સ્ટે. વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે. જો તેઓ આ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો સદરહુ કાયદાની કલમ ૮(૧) અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૬.

દિપક સ્વરૂપ,
પોલીસ કમિશનર,
વડોદરા.

જાહેરનામું

ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/જાહેરનામું/૪૯૭/૨૦૦૬.– હું દિપક સ્વરૂપ, આઈ. પી.એસ. પોલીસ કમિશનર વડોદરા શહેર ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૮ (૨) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છુ કે,

વડોદરા શહેર વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ નિવડે તેવી અસામાજીક પ્રવૃતિ આચરતા શ્રી મુકેશ મોહનભાઈ કહાર રહે. નવાપુરા, કેવડાબાગ, વિઠ્ઠલેશ એપાર્ટમેન્ટની સામે, વડોદરાનાની અસામાજીક પ્રવૃતિ અટકાવવા માટે ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫(પાસા) ની કલમ ૩(૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૮-૫-૮૫ ના જાહેરનામા ક્રમાંક જી/૧૫૫/એસબી/પીએએસ/૧૦૮૫/૧૧૯૪ થી મળેલ સત્તા અન્વયે ઉપરોક્ત ઈસમની નિવારક અટકાયત કરવા માટેના હુકમ ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/૪૩/૦૬ તા. ૨૮-૨-૦૬ થી જારી કરવામાં આવેલ છે. જે હુકમને સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ. ૩/પાસા/૩૩૦૬/૨૪૩ તા. ૨-૩-૨૦૦૬ થી મંજુર કરેલ છે. જે અટકાયત હુકમની બજાવણી માટે સતત પ્રયત્નો કરતા સરકારી અધિકારીશ્રીઓના અહેવાલ તેમજ અમારી જાત તપાસણી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે. કે જે વ્યક્તિના સબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે ઉક્ત વ્યક્તિ ફરાર થઈ ગયેલ છે અને તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે, તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહુ અટકાયત હુકમની અમલ બજાવણી કરી શકાતી નથી જેથી ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૮(૨) થી અમોને મળેલ અધિકારની રૂએ ઉક્ત ફરારી વ્યક્તિએ આ હુકમની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં વડોદરા શહેર ખાતે અમારી સમક્ષ પોલીસ કમિશનર કચેરી, પહેલો માળ, પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા અથવા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી. એમ. વાઘેલા સીટી પો. સ્ટે. વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે. જો તેઓ આ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો સદરહુ કાયદાની કલમ ૮(૧) અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૬.

દિપક સ્વરૂપ,
પોલીસ કમિશનર,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 77

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, APRIL 13, 2006/ CAITRA 23, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY THE DISTRICT MAGISTRATE

Order u/s 8 of the Gujarat Prevention of Anti Social Activities Act, 1985 requiring detenu to present himself under detention Order No. PASA/4/2006.

Whereas Detention Order No. PASA/4/2006-has been issued by me on 10th February, 2006 in respect of Shri Parmodbhai Krishna Arode, age appromimately 25 years, presently risiding at Macchivad, Nani Daman.

Whereas it is reported that the said Shri Promodbhai Krishna Arode is absconding or is concealing himself to avoid the service of the above detention order.

Now, therefore under the powers vested in me u/s. 8 of the Gujarat Prevention of Anti Social Activities Act; 1985. I, Vatsala Vasudeva (I.A.S.) District Magistrate, Surat hereby order the said Shri Pramodbhai Krishna Arode, to present himself at Police Station, Daman or Police Station, Palsana (District : Surat) within 30 days from the date of publication of this order in the official Gazette.

Given under my hand and seal this 5th April, 2006.

VATSALA VASUDEVA,
District Magistrate,
Surat.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા-૧૯૮૫ ના કલમ-૮ હેઠળ અટકાતીને હાજર થવાનો હુકમ નં. પાસા/૪/૨૦૦૬.

અત્રેના હુકમ નંબર-પાસા/૪/૨૦૦૬. તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ અન્વયે શ્રી પ્રમોદભાઈ ક્રિષ્ના આરોડે, ઉ. આ. વ. ૨૫, રહેવાસી માછીવાડ, નાની દમણનો અટકાયતી હુકમ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હુકમનાં અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે, શ્રી પ્રમોદભાઈ ક્રિષ્ના આરોડે ભાગી ગયા છે અથવા તેમના ઉપર ઉપરોક્ત હુકમનો અમલ ન થઈ શકે તે માટે નાસતા સંતાતા ફરે છે.

જેથી હું વત્સલા વાસુદેવા (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારો- ૧૯૮૫ ની કલમ-૮ અન્વયે મને મળેલા અધિકારીની રૂએ ફરમાવું છું કે શ્રી પ્રમોદભાઈ ક્રિષ્ના આરોડેએ દમણ પોલીસ સ્ટેશનમાં અથવા સુરત જિલ્લાના પલસાણા પોલીસ સ્ટેશનમાં આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં હાજર રહેવું.

મારી સહી અને સિક્કો તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ કરી આપ્યો.

વત્સલા વાસુદેવા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 78

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, APRIL 13, 2006/ CAITRA 23, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY THE DISTRICT MAGISTRATE

Order u/s 8 of the Gujarat Prevention of Anti Social Activities Act, 1985 requiring detenu to present himself under detention Order No. PASA/5/2006.

Whereas Detention Order No. PASA/5/2006-has been issued by me on 10th February, 2006 in respect of Shri Rohit Ramarav Dhonde, age appromimately 25 years, presently risiding at Macchivad, Nani Daman.

Whereas it is reported that the said Shri Rohit Ramarav Dhonde is absconding or is concealing himself to avoid the service of the above detention order.

Now, therefore under the powers vested in me u/s. 8 of the Gujarat Prevention of Anti Social Activities Act, 1985. I, Vatsala Vasudeva (I.A.S.) District Magistrate, Surat hereby order the said Shri Rohit Ramarav Dhonde, to present himself at Police Station, Daman or Police Station, Palsana (District : Surat) within 30 days from the date of publication of this order in the official Gazette.

Given under my hand and seal this 5th April, 2006.

VATSALA VASUDEVA,
District Magistrate,
Surat.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારા-૧૯૮૫ ના કલમ-૮ હેઠળ અટકાતીને હાજર થવાનો હુકમ નં. પાસા/૫/૨૦૦૬.

અત્રેના હુકમ નંબર-પાસા/૫/૨૦૦૬. તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૬ અન્વયે શ્રી રોહિત રમરાવ ધોંડે, ઉ. આ. વ. ૨૫, રહેવાસી માછીવાડ, નાની દમણનો અટકાયતી હુકમ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હુકમનાં અનુસંધાનમાં એવો રીપોર્ટ મળ્યો છે કે, શ્રી રોહિત રમરાવ ધોંડે ભાગી ગયા છે અથવા તેમના ઉપર ઉપરોક્ત હુકમનો અમલ ન થઈ શકે તે માટે નાસતા સંતાતા ફરે છે.

જેથી હું વત્સલા વાસુદેવા (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત, ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ પ્રતિબંધક ધારો- ૧૯૮૫ ની કલમ-૮ અન્વયે મને મળેલા અધિકારીની રૂએ ફરમાવું છું કે શ્રી રોહિત રમરાવ ધોંડેએ દમણ પોલીસ સ્ટેશનમાં અથવા સુરત જિલ્લાના પલસાણા પોલીસ સ્ટેશનમાં આ હુકમ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦માં હાજર રહેવું.

મારી સહી અને સિક્કો તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૬ ના રોજ કરી આપ્યો.

વત્સલા વાસુદેવા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 79

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, APRIL 13, 2006 / CHITRA 13, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૧૫૪૯/૨૦૦૬.—તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૬ના રોજ સવારે ૮-૦૦ કલાક થી તા. ૫મી એપ્રિલ ૨૦૦૬ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી નડિઆદ-ગોઠાજ રેલ્વે માર્ગ પર કમળા ગામની ચોકડીથી ડભાણ ચોકડી વચ્ચે આવેલ રેલ્વે ફાટક નં. ૨૭૬માં સુધારા-વધારા અને સમારકામ થવાનું હોઈ, સદરહુ રસ્તા પરથી પસાર થતો તમામ ટ્રાફીક સમારકામ ચાલે તેટલો સમય પુરતો બંધ રાખવા મુખ્ય રેલ પથ નિરીક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે, મહેમદાવાદ તરફથી તા. ૩૧મી માર્ચ ૨૦૦૬ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તા. ૪થી એપ્રિલ ૨૦૦૬ના રોજ સવારે ૮-૦૦ કલાક થી તા. ૫મી એપ્રિલ ૨૦૦૬ના રોજ ૧૮-૦૦ કલાક સુધી કમળા ગામની ચોકડીથી ડભાણ ચોકડીવાળા રસ્તાનો ઉપયોગ કરવા સબંધી પ્રતિબંધ ફરમાવું છું તેમજ રસ્તાના ઉપયોગ સબંધે નીચે મુજબ વૈકલ્પિક વ્યવસ્થા ફરમાવું છું.

* અમદાવાદ નેશનલ હાઈવે નં. ૮ પરથી ડભાણ થઈ કમળા ગામ તરફ પસાર થતો તમામ વાહનવ્યવહાર નેશનલ હાઈવે નં. ૮ પરથી નડિયાદ શહેરમાંથી પસાર થઈ નડિયાદ, મહેમદાવાદ તથા કપડવંજ રોડ તરફ પસાર થશે.

* અમદાવાદ-મહેમદાવાદ રોડ પરથી આવતો અને કમળા ગામની ચોકડીથી ડભાણ ચોકડી થઈ નેશનલ હાઈવે નં. ૮ તરફ પસાર થતો તમામ વાહનવ્યવહાર નડિયાદ શહેરમાં થઈ નડિયાદ-ડભાણ રોડ પરથી નેશનલ હાઈવે નં. ૮ તરફ પસાર થશે.

* કઠલાલ-કપડવંજ રોડ પરથી આવતો અને કમળા ગામની ચોકડીથી ડભાણ ચોકડી થઈ નેશનલ હાઈવે નં. ૮ તરફ પસાર થશે.

શિક્ષા :- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ઉક્ત અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રસ્તા પરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે, જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ મુખ્ય રેલપથ નિરીક્ષક, પશ્ચિમ રેલ્વે, મહેમદાવાદ તરફથી મુકવાના રહેશે તથા તે અંગે જરૂરી સાથ સહકાર પોલીસ ખાતાને આપવાનો રહેશે.

આજ તા. ૩જી એપ્રિલ ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૧૬૪૧/૨૦૦૬.—તા. ૧૧મી એપ્રિલ ૨૦૦૬ના રોજ ઈદ-એ-મિલાદ તથા મહાવીર જયંતિનો તહેવાર યોજાનાર છે અને તે તહેવારો નિમિત્તે જીલ્લામાં જુદા જુદા સ્થળોએ ધાર્મીક શોભાયાત્રા / જુલુસ યોજાનાર છે. કોમી એકતાના મુદાને સંવેદનશીલ બનાવી ચોક્કસ તત્વો આ તહેવારોની ઉજવણીને નિમિત્ત બનાવી જાહેર સુલેહ અને શાંતિને ભડકાવી વાતાવરણ તંગ બનાવી ઘર્ષણ પેદા કરવાની શક્યતા નકારી શકાય નહી. જેથી ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે ઈ. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડાએ તા. ૫મી એપ્રિલ ૨૦૦૬ના પત્ર ક્રમાંક એલઆઈબી/એમ.એ/જાહેરનામું/૯૫૦/૨૦૦૬થી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં ઈ. નાયબ પોલીસ અધિક્ષકશ્રીની સદરહુ દરખાસ્ત ઉચિત અને આવશ્યક હોવાનું જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ થી સમગ્ર ખેડા જિલ્લાની હદવિસ્તારમાં, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ. ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુદ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું,ચાળા પાડવાનું, નકલ કરવાનું;

વિસ્તાર :- સમગ્ર ખેડા જિલ્લાનો વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલિસ અધિકારીએ શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 80

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, APRIL 15, 2006 / CAITRA 25, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અંધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર પલસ/મજસ/વશી/૧૨૭૩/૨૦૦૬.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાઓ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ નારોજ સેન્ટ અર્નોલ્ડ સ્કુલ, અમદાવાદ હાઇવે રોડ, ગોધરા કેન્દ્ર ઉપર લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરિક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષાના સ્થળને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગોધરા દ્વારા રજુઆત કરેલ છે.

સદર પરીક્ષા વિદ્યાર્થીઓ નિર્ભયપણે આપી શકે, પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, પરીક્ષામાં ગેરરીતી થતી અટકાવવા, કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તથા પરીક્ષા ખંડમાં શાંતિપુર્ણ પરીક્ષા આપતાં પરીક્ષાર્થીઓને, કોઈ વ્યકિત ત્રાસ અથવા ખલેલ અથવા ભય પહોંચાડે નહિ તે માટે પ્રતિબંધક હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

આથી હું, સંજય પંટણી, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ, ગોધરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ સવારના કલાક ૮-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ કલાક સુધીના સમયગાળા માટે સેંટ અર્નોલ્ડ- સ્કુલ, અમદાવાદ હાઈવે રોડ, ગોધરા કેન્દ્રમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર :-

સેંટ અર્નોલ્ડ- સ્કુલ, અમદાવાદ હાઈવે રોડ, ગોધરા પરીક્ષા કેન્દ્રની ચતુર્દિશાની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :-

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધીત વિસ્તારમાં દાખલ થવું નહી તેમજ કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ ઈસમે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરિક્ષા વિષયક ચોરી કરવા/

કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવી નહી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહી.

(૨) વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી નોકરોએ પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, અથવા ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર વિગેરે પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો પરીક્ષા સ્થળમાં લઈ જવા નહિ કે તેનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગારી કરવી નહી. તેમજ તેવી કોઈપણ વસ્તુ રાખી પરીક્ષા સ્થળમાં પ્રવેશવું નહી.

(૩) પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યક્તિ અથવા પરીક્ષાર્થીએ જાતે પરીક્ષામાં ચોરી કરીને, કરાવીને કે ચોરી કરવામાં મદદગારી કરીને, અથવા ચોરી ગણાય તેવા કોઈ સાહિત્યની આપલે કરીને, કરાવીને, ત્રાસ અથવા ખલેલ અથવા ભય પહોંચે તેવું કોઈ કૃત્ય કરવું નહિ.

(૪) પરીક્ષામાં ગેરરીતી થતી અટકાવવાના હેતુથી પરીક્ષા કેન્દ્ર સ્થળોના ૩ (ત્રણ) કી. મી. ના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ મશીન સંચાલકોએ અથવા કોપીઅર મશીન સંચાલકોએ ઝેરોક્ષ મશીન અથવા કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષા દિવસો દરમ્યાન સવારના કલાક ૮-૦૦ થી કલાક ૧૮-૦૦ સુધી સદંતર બંધ કરવો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ નીચે મુજબ શિક્ષાને પાત્ર થશે.

જો તેવા અનાદર કાનૂની રીતે કામે રાખેલ વ્યકિતઓને અવરોધ, ત્રાસ કે હાનિ પહોંચાડે અથવા પહોંચાડે તેમ હોય અથવા અવરોધ, ત્રાસ કે હાનિનું જોખમ ઉત્પન્ન કરે તેમ હોય તો તેને એક માસ સુધીની સાદી કેદ અથવા બસો રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા થશે.

અને જો તેવો અનાદર માનવજીવન, સુખાકારી કે સલામતીને ભયમાં મુકે તેમ હોય અથવા તેથી હુલ્લડ કે બખેડો થાય અથવા થાય તેમ હોય તો તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા થશે.

આજ તારીખ ૧૦થી માર્ચ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સંજય પટણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ, ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 81

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, APRIL 15, 2006 / CAITRA 25, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ બહાર પાડેલ.

નંબર જાહેરનામા/એસ.આર./૨૪/૨૦૦૬.–તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી દ્વારા ગુજકેટની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે તથા પરીક્ષાના મુક્ત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં થતી ગેરરીતીઓ અટકાવવા માટે પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડી. જી. ઝાલાવાડીયા, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું કે તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ પરીક્ષા ખંડની અંદર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ કોઈ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) આ સાથેની અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિતના પ્રવેશ માટે તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ સવારના ૯-૦૦ થી સાંજના ૧૭-૦૦ કલાક દરમ્યાન પ્રતિબંધ ફરમાવું છું.

સ્પષ્ટતા :

(૧) સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળા સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદ્દેદારો પણ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશી શકશે નહિ.

(૨) સેલ્યુલર, મોબાઈલ ફોન, પેજર, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન વગેરે લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક મુકેલા સલામતી કર્મચારીઓ તેમની કાયદેસરની ફરજો બજાવવા દરમ્યાન સેલ્યુલર ફોન, કોર્ડલેસફોન, હેન્ડસેટ, વોકીટોકી તથા વાયરલેસ વગેરેના ઉપયોગ કરી શકશે. આ જ પ્રમાણે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતાં અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ અનુસૂચિમાં જણાવેલ કેન્દ્રનાં વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગુજકેટની પરીક્ષા એપ્રિલ, ૨૦૦૬ કેન્દ્રો તથા ઉપયોગમાં લેવાનાર મકાનની યાદી

અનુ. નંબર	કેન્દ્રનુ નામ	ઉપયોગમાં લેવાનાર મકાનનું નામ
૧	આણંદ	ડી. ઝેડ. પટેલ, હાઈસ્કુલ.
૨	વિદ્યાનગર	આર.પી.ટી.પી. હાઈસ્કુલ યુનિટ-૧.
૩	-"-	આર.પી.ટી.પી. હાઈસ્કુલ, યુનિટ-૨
૪	-"-	બાવીસગામ વિદ્યાલય, યુનિટ-૧.
૫	-"-	બાવીસગામ વિદ્યાલય, યુનિટ-૨.
૬	-"-	એસ. ડી. દેસાઈ હાઈસ્કુલ.
૭	વિદ્યાનગર	એમ. યુ. ટેકનીકલ હાઈસ્કુલ.
૮	-"-	ગો. જો. શારદા મંદિર.
૯	-"-	ટી. વી. પટેલ હાઈસ્કુલ.
૧૦	આણંદ	જે. પી. ઠક્કર હાઈસ્કુલ, યુનિટ-૧.
૧૧	-"-	જે. પી. ઠક્કર હાઈસ્કુલ, યુનિટ-૨.
૧૨	-"-	વી. જે. પટેલ પ્રેક્ટીસીંગ હાઈસ્કુલ.

આજ તારીખ ૧૦મી એપ્રિલ ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 82

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, APRIL 17, 2006 / CADITRA 27, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. એમએજી/પી.એ.એલ./વશી/૧૬૫૪ થી ૧૬૬૩/ ૨૦૦૬.– પાટણ શહેરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા CAT ની પરીક્ષાઓ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ લેવાનાર છે. સદરહુ પરીક્ષાઓનું પાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતીથી એલખાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ, પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડમાં નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતી ઉભી થાય નહી તે સારું પાટણ શહેરના CAT ની પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુનાં ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં (ત્રિજયામાં) કોઈ અસામાજિક તત્વો કે અનાધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહી તે સારૂં ફોજદારી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે, તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૧૬-૩૦ સુધી પરીક્ષાના પ્રારંભ થતા અગાઉ એટલે કે ૯-૦૦ વાગ્યાથી અને સાંજના ૧૬-૩૦ સુધી પરીક્ષા માટેના નીચે દર્શાવેલ તમામ પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિતઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગારી ઉભી કરવી નહી.

(૧) આદર્શ વિદ્યાલય, પાટણ.
(૨) વી. કે. ભૂલા હાઈસ્કુલ, પાટણ.

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) CAT ની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.
(૨) સદર પરીક્ષાની કામગીરીમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.
(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરાયેલ આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.
(૪) જિલ્લા મેજીસ્ટ્રેટ પાટણ/સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, પાટણ દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ની શિક્ષાને પાત્ર થશે.

પાટણ, તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૦૬.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 83

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, APRIL 17, 2006 / CAITRA 27, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની પેટા કલમ-૩૩ની પેટા કલમ (૧) (સી) હેઠળ.

નંબર જેલ/વશી/૯૪૪ થી ૯૫૪/૨૦૦૬.—મહેસાણા શહેરના મોઢેરા જંકશન એસ. ટી. વર્કશોપથી પાલાવાસણા સર્કલ સુધી રસ્તાની બંને બાજુ સર્વિસ રોડ ૭.૦ મીટર પહોળાઈમાં ડામર સપાટીવાળો બનાવેલ છે. આ રોડ ઉપર વાહનોના આડેધડ પાર્કિંગના કારણે સર્વિસ રોડનો ઉપરયોગ જાહેર જનતા કરી શકતી નથી. આ અડચણના કારણે લોકલ ટ્રાફિક જે ખરેખર સર્વિસ રોડ પર ચાલવો જાઈએ તે મેઈન રોડ પર ચાલે છે. આ કારણે મેઈન રોડ પર પીક અવર્સમાં ટ્રાફિક જામ થાય છે. જેથી અત્રેથી તારીખ ૧૯મી ડીસેમ્બર, ૨૦૦૫ના જાહેરનામા નંબર જેલ/વશી/૩૫૯૮ થી ૩૬૦૭/૨૦૦૫ થી મહેસાણા શહેરના રામોસણા ફાટકથી મોઢેરા જંકશન સુધીના બંને તરફના સર્વિસ રોડ ઉપર ખાનગી વાહનો ઉભા નહી રાખવા કે પાર્ક નહી કરવા જે જાહેરનામું બહાર પાડેલ છે તેનો વિસ્તાર મોઢેરા જંકશન એસ. ટી. વર્કશોપથી પાલાવાસણા સર્કલ સુધી લંબાવવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમની ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) (સી) મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, રામોસણા ફાટકથી પાલાવાસણા સર્કલ સુધીના બંને તરફના સર્વિસ રોડ પર ખાનગી બસો, જીપો, મેટાડોર, ટ્રક, ટ્રેક્ટર વિગેરે ખાનગી વાંહનો ઉભા રાખવા કે પાર્ક કરવા નહી. આ સર્વિસ રોડ પરના વાણિજય મકાનોના માલિકોએ પોતાના અલાયદા પાર્કિંગ રાખવા આયોજન કરવું.

આ આદેશ એસ. ટી. વિભાગ તથા સરકારી વાહનોને લાગુ પડશે નહી.

આજ તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 84

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, APRIL 18, 2006 / CAITRA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART – I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :–

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩.

(૨) અત્રેની કચેરીના તા. ૬/૪/૨૦૦૫ના રોજ હુકમ નં. પરવ/કશન/ભાવ/વશી.

(૩) સેકશન અધિકારીશ્રી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગના તા. ૩૧/૩/૨૦૦૬ના પત્ર નં. કસન/૧૦/૨૦૦૬/૪૫૧/બ.

હુકમ

નંબર પરવ/કશન/ભાવ/વશી/૧૨૩૨-૬૫.–આમુખ-૨માં જણાવેલ હુકમથી પંચમહાલ જિલ્લાના તાલુકાઓ માટે કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી આવતાં કેરોસીનના જથ્થાબંધ તેમજ ઘરગથ્થું વપરાશ માટેના વાદળી કેરોસીનના છુટક વેચાણ ભાવો જાહેર કરવામાં આવ્યા હતાં.

આમુખ-૩માં જણાવેલ પત્રથી જણાવ્યા મુજબ રાજ્ય સરકાર દ્વારા તા. ૧-૪-૨૦૦૬થી જાહેર વિતરણ યોજના હેઠળના કેરોસીન ઉપર ૪ % વેટનો અમલવારી કરેલ હોઈ તે પ્રમાણે કેરોસીનના ભાવમાં ઘટાડો કરી નવેસરથી બાંધણી કરવા જણાવેલ છે.

આમ, ઉપર મુજબની વિગત ધ્યાનમાં લઈ સબબ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩ની કલમ-૨(ડી)(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું ડી. એચ. બ્રહ્મભટ્ટ, આઈ. એ. એસ., કલેકટર, પંચમહાલ આથી તા. ૧-૪-૨૦૦૬થી અમલમાં આવે તે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા માટે કોયલી રીફાઈનરીથી રસ્તા માર્ગે વહન થઈ જિલ્લાને અપાતાં કેરોસીનના જથ્થાબંધ અને છુટક ભાવો પરિશિષ્ટ નં.-૧ મુજબ નીચેની શરતોને આધીન રહી ઠરાવવા હુકમ કરૂં છું તથા સ્થાનિક માટે અને ત્યારબાદ અંતરના તબક્કાઓ માટે ૧ કી. લી. દીઠ ટ્રાન્સપોર્ટ ભાડું મજરે આપીને છુટક ભાવોની ગણતરી કરવામાં આવે છે.

	વિગત	મજરે આપેલ રકમ રૂા. માં
૧.	સ્થાનિક	રૂા. ૪૦-૦૦
૨.	સ્થાનિક સિવાય ૧૦ કિ.મી. સુધી	રૂા. ૪૫-૦૦
૩.	૧૦ કિ.મી. થી ૨૫ કિ.મી. સુધી	રૂા. ૫૦-૦૦
૪.	૨૬ કિ.મી. થી ૫૦ કિ.મી. સુધી	રૂા. ૫૫-૦૦
૫.	૫૦ કિ.મી. થી ઉપર	રૂા. ૬૦-૦૦

શરતો :–

(૧) જિલ્લામાં કેરોસીનનાં એજન્ટ દ્વારા કેરોસીનની આખી ટેન્કર કેરોસીનના જથ્થાબંધ પરવાનેદારોને વેચાણ કરવામાં આવે ત્યારે ટેન્કર દીઠ તેમના બીલમાં રૂા. ૨૦૦ મજરે આપવાના રહેશે.

(૨) સદર ભાવ તા. ૧-૪-૨૦૦૬થી અમલી બને છે. અને તે સાથે જુના ભાવ રદ ગણાશે. તેમજ નક્કી કરવામાં આવેલ ભાવોથી વધારે ભાવ કોઈપણ વિક્રેતા લઈ શકશે નહીં, અન્યથા આ. ચી. વ. અધિનિયમ હેઠળ તેમજ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩ હેઠળ સખ્ત પગલાં લેવામાં આવશે તેમજ ભાવનું બોર્ડ ધંધાના સ્થળે ગ્રાહકો સ્પષ્ટ જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૩) પરિશિષ્ટમાં જણાવેલ ૧૦૦૦ લીટરના ભાવ ટ્રાન્સપોર્ટ ભાડા સાથેના છે તેથી કોઈપણ વિક્રેતા બીજા વિક્રેતા પાસેથી ટ્રાન્સપોર્ટ ભાડુ અલગથી લઈ શકશે નહીં તથા જે જે સેન્ટરોના જથ્થાબંધ ભાવો નક્કી કરેલ છે, તે સિવાયના સેન્ટરો પર એજન્ટ છુટક વિક્રેતાને પોતાની ટેન્કરમાં જથ્થો મોકલાવે ત્યારે છુટક વિક્રેતા માટે સ્લેબવાર જે ટ્રાન્સપોર્ટ ભાડું નક્કી કરેલ છે. તે દરે ટ્રાન્સપોર્ટ ભાડું (સ્થાનિક સિવાય) જે તે નક્કી કરાયેલ નજીકના સેન્ટરના (તાલુકા મુખ્ય મથક) ભાવ ઉપરાંત લઈ શકશે.

(૪) આ ભાવો કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી રસ્તા માર્ગે વહન થતાં કેરોસીનના છે.

(૫) કેરોસીનનાં જથ્થાબંધ ભાવોમાં એજન્ટનું કમિશન ગણત્રીમાં લેવામાં આવેલ છે. જે એજન્ટ ફોર્મ ૧૩ ધરાવતાં નથી તેમની પાસેથી ઓઈલ કંપની રૂા. ૪૩-૦૦ કી. લી. દીઠ ઈલાયદી રીતે વસુલ કરશે.

(૬) કેરોસીનના એજન્ટને કેરોસીનનાં પરિવહન માટે પર્યાપ્ત ખર્ચ ચુકવવામાં આવતો હોવાથી છુટક વિક્રેતા કે ફેરીયાને જથ્થાની ડીલીવરી વખતે વજનમાં મંજૂર થવા પાત્ર સિવાય કોઈપણ પ્રકારની અસામાન્ય ઘટ પાડવાની રહેશે નહિ.

(૭) કેરોસીનના એજન્ટોએ કેરોસીનના છુટક વિક્રેતાના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવાની રહેશે.

INDEX

પરિશિષ્ટ

તા. ૧-૪-૨૦૦૬ થી અમલમાં આવતાં તાલુકા મુખ્ય મથકના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વેચાણ ભાવ અંગેનું પરિશિષ્ટ

અનુ. નંબર	તાલુકાનું નામ	એજન્ટે, જથ્થાબંધ / છુટક વિક્રેતાને વેચવાનો ભાવ		છુટક વિક્રેતા / હોકરોએ ગ્રાહકો પાસેથી ૧ લીટરનો લેવાનો ભાવ રૂા. માં				
		૧૦૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	૨૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	સ્થાનિક	સ્થાનીક સિવાય ૧૦ કિ.મિ. સુધી	૧૧ થી ૨૫ કિ. મિ. સુધી	૨૬ થી ૫૦ કિ. મિ. સુધી	૫૦ કિ.મિ. થી ઉપર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	ગોધરા	૯૦૬૩.૪૯	૧૮૧૨.૭૦	૯.૩૦	૯.૩૦	૯.૩૦	૯.૩૫	૯.૩૫
૨	કાલોલ	૮૯૭૩.૪૭	૧૭૯૪.૬૯	૯.૨૦	૯.૨૫	૯.૨૫	૯.૨૫	૯.૨૫
૩	હાલોલ	૮૯૨૮.૪૫	૧૭૮૫.૬૯	૯.૧૫	૯.૨૦	૯.૨૦	૯.૨૦	૯.૨૦
૪	જાંબુઘોડા	૯૦૪૨.૭૨	૧૮૦૮.૫૪	૯.૩૦	૯.૩૦	૯.૩૦	૯.૩૦	૯.૩૦
૫	શહેરા	૯૧૨૯.૨૮	૧૮૨૫.૮૬	૯.૪૦	૯.૪૦	૯.૪૦	૯.૪૦	૯.૪૦
૬	લુણાવાડા	૯૧૯૮.૫૪	૧૮૩૯.૭૧	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૪૫
૭	ઘોઘંબા	૯૦૧૧.૫૬	૧૮૦૨.૩૧	૯.૨૫	૯.૨૫	૯.૨૫	૯.૨૫	૯.૩૦
૮	સંતરામપુર	૯૩૦૫.૮૮	૧૮૬૧.૧૮	૯.૫૫	૯.૫૫	૯.૫૫	૯.૫૫	૯.૫૫
૯	મોરવા (હ)	૯૧૮૪.૬૮	૧૮૩૬.૯૪	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૪૫
૧૦	ખાનપુર	૯૨૮૫.૧૦	૧૮૫૭.૦૨	૯.૫૫	૯.૫૫	૯.૫૫	૯.૫૫	૯.૫૫
૧૧	કડાણાં	૯૩૭૧.૬૬	૧૮૭૪.૩૩	૯.૬૦	૯.૬૦	૯.૬૫	૯.૬૫	૯.૬૫

ગોધરા, તારીખ ૩જી એપ્રિલ, ૨૦૦૬.

ડી. એચ. બ્રહ્મભટ્ટ,
કલેકટર પંચમહાલ,
ગોધરા.

Extra No. 85

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

सत्यमेव जयते

©

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, APRIL 18, 2006 / CAITRA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART – I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :–

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩.

(૨) અત્રેની કચેરીના તા. ૩/૪/૨૦૦૬ના રોજ હુકમ નં. પરવ/કશન/ભાવ/વશી. ૧૨૩૨-૬૫.

(૩) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગના તા. ૩૧/૩/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક GTH-2006-8-KSN-12962473-B.

હુકમ

નંબર પરવ/કશન/ભાવ/વશી/૧૩૮૭-૧૪૧૭.—આમુખ-૨માં જણાવેલ હુકમથી પંચમહાલ જિલ્લાના તાલુકાઓ માટે કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી આવતાં કેરોસીનના જથ્થાબંધ તેમજ ઘરગથ્થું વપરાશ માટેના વાદળી કેરોસીનના છુટક વેચાણ ભાવો જાહેર કરવામાં આવ્યા હતાં.

આમુખ-૩માં જણાવ્યા મુજબ સરકારશ્રીના તા. ૩૧-૩-૨૦૦૬ના ઠરાવથી કેરોસીન એજન્ટ અને છુટક વિક્રેતાઓને રાજ્ય સરકાર દ્વારા ચુકવતાં કમિશનમાં અનુક્રમે રૂા. ૪૦ અને રૂા. ૨૦નો વધારો કરેલ છે. જેથી તે પ્રમાણે કેરોસીનના ભાવ નવેસરથી બાંધણી કરવા જણાવેલ છે.

આમ, ઉપર મુજબની વિગત ધ્યાનમાં લઈ સબબ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩ની કલમ-૨(ડી)(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું ડી. એચ. બ્રહ્મભટ્ટ, આઈ. એ. એસ., કલેકટર, પંચમહાલ આથી તા. ૭-૪-૨૦૦૬થી અમલમાં આવે તે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા માટે કોયલી રીફાઈનરીથી રસ્તા માર્ગે વહન થઈ જિલ્લાને અપાતાં કેરોસીનના જથ્થાબંધ અને છુટક ભાવો પરિશિષ્ટ નં.-૧ મુજબ નીચેની શરતોને આધીન રહી ઠરાવવા હુકમ કરૂં છું તથા સ્થાનિક માટે અને ત્યારબાદ અંતરના તબક્કાઓ માટે ૧ કી. લી. દીઠ ટ્રાન્સપોર્ટ ભાડું મજરે આપીને છુટક ભાવોની ગણતરી કરવામાં આવે છે.

	વિગત	મજરે આપેલ રકમ રૂા. માં
૧.	સ્થાનિક	રૂા. ૪૦-૦૦
૨.	સ્થાનિક સિવાય ૧૦ કિ.મી. સુધી	રૂા. ૪૫-૦૦
૩.	૧૦ કિ.મી. થી ૨૫ કિ.મી. સુધી	રૂા. ૫૦-૦૦
૪.	૨૬ કિ.મી. થી ૫૦ કિ.મી. સુધી	રૂા. ૫૫-૦૦
૫.	૫૦ કિ.મી. થી ઉપર	રૂા. ૬૦-૦૦

શરતો :–

(૧) જિલ્લામાં કેરોસીનનાં એજન્ટ દ્વારા કેરોસીનની આખી ટેન્કર કેરોસીનના જથ્થાબંધ પરવાનેદારોને વેચાણ કરવામાં આવે ત્યારે ટેન્કર દીઠ તેમના બીલમાં રૂા. ૨૦૦ મજરે આપવાના રહેશે.

(૨) સદર ભાવ તા. ૭-૪-૨૦૦૬થી અમલી બને છે. અને તે સાથે જુના ભાવ રદ ગણાશે. તેમજ નક્કી કરવામાં આવેલ ભાવોથી વધારે ભાવ કોઈપણ વિક્રેતા લઈ શકશે નહીં, અન્યથા આ. ચી. વ. અધિનિયમ હેઠળ તેમજ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩ હેઠળ સખ્ત પગલાં લેવામાં આવશે તેમજ ભાવનું બોર્ડ ધંધાના સ્થળે ગ્રાહકો સ્પષ્ટ જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

INDEX

(૩) પરિશિષ્ટમાં જણાવેલ ૧૦૦૦ લીટરના ભાવ ટ્રાન્સપોર્ટ ભાડા સાથેના છે તેથી કોઈપણ વિક્રેતા બીજા વિક્રેતા પાસેથી ટ્રાન્સપોર્ટ ભાડુ અલગથી લઈ શકશે નહીં તથા જે જે સેન્ટરોના જથ્થાબંધ ભાવો નક્કી કરેલ છે, તે સિવાયના સેન્ટરો પર એજન્ટ છુટક વિક્રેતાને પોતાની ટેન્કરમાં જથ્થો મોકલાવે ત્યારે છુટક વિક્રેતા માટે સ્લેબવાર જે ટ્રાન્સપોર્ટ ભાડું નક્કી કરેલ છે. તે દરે ટ્રાન્સપોર્ટ ભાડું (સ્થાનિક સિવાય) જે તે નક્કી કરાયેલ નજીકના સેન્ટરના (તાલુકા મુખ્ય મથક) ભાવ ઉપરાંત લઈ શકશે.

(૪) આ ભાવો કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી રસ્તા માર્ગે વહન થતાં કેરોસીનના છે.

(૫) કેરોસીનનાં જથ્થાબંધ ભાવોમાં એજન્ટનું કમિશન ગણત્રીમાં લેવામાં આવેલ છે. જે એજન્ટ ફોર્મ ૧૩ ધરાવતાં નથી તેમની પાસેથી ઓઈલ કંપની રૂા. ૪૩-૦૦ કી. લી. દીઠ ઈલાયદી રીતે વસુલ કરશે.

(૬) કેરોસીનના એજન્ટને કેરોસીનનાં પરિવહન માટે પર્યાપ્ત ખર્ચ ચુકવવામાં આવતો હોવાથી છુટક વિક્રેતા કે ફેરીયાને જથ્થાની ડીલીવરી વખતે વજનમાં મંજૂર થવા પાત્ર સિવાય કોઈપણ પ્રકારની અસામાન્ય ઘટ પાડવાની રહેશે નહિ.

(૭) કેરોસીનના એજન્ટોએ કેરોસીનના છુટક વિક્રેતાના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવાની રહેશે.

INDEX

પરિશિષ્ટ

તા. ૭-૪-૨૦૦૬ થી અમલમાં આવતાં તાલુકા મુખ્ય મથકના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વેચાણ ભાવ અંગેનું પરિશિષ્ટ

અનુ. નંબર	તાલુકાનું નામ	એજન્ટે, જથ્થાબંધ / છુટક વિક્રેતાને વેચવાનો ભાવ		છુટક વિક્રેતા / હોકરોએ ગ્રાહકો પાસેથી ૧ લીટરનો લેવાનો ભાવ રૂા. માં				
		૧૦૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	૨૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	સ્થાનિક	સ્થાનીક સિવાય ૧૦ કિ.મિ. સુધી	૧૧ થી ૨૫ કિ. મિ. સુધી	૨૬ થી ૫૦ કિ. મિ. સુધી	૫૦ કિ.મિ. થી ઉપર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	ગોધરા	૯૧૦૫.૦૯	૧૮૨૧.૦૨	૯.૩૫	૯.૪૦	૯.૪૦	૯.૪૦	૯.૪૦
૨	કાલોલ	૯૦૧૫.૦૭	૧૮૦૩.૦૧	૯.૩૦	૯.૩૦	૯.૩૦	૯.૩૦	૯.૩૦
૩	હાલોલ	૮૯૭૦.૦૫	૧૭૯૪.૦૧	૯.૨૫	૯.૨૫	૯.૨૫	૯.૨૫	૯.૨૫
૪	જાંબુઘોડા	૯૦૮૪.૩૨	૧૮૧૬.૮૬	૯.૩૫	૯.૩૫	૯.૩૫	૯.૩૫	૯.૩૫
૫	શહેરા	૯૧૭૦.૮૮	૧૮૩૪.૧૮	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૪૫
૬	લુણાવાડા	૯૨૪૦.૧૪	૧૮૪૮.૦૩	૯.૫૦	૯.૫૦	૯.૫૦	૯.૫૦	૯.૫૫
૭	ઘોઘંબા	૯૦૫૩.૧૬	૧૮૧૦.૬૩	૯.૩૦	૯.૩૫	૯.૩૫	૯.૩૫	૯.૩૫
૮	સંતરામપુર	૯૩૪૭.૪૮	૧૮૬૯.૫૦	૯.૬૦	૯.૬૦	૯.૬૦	૯.૬૫	૯.૬૫
૯	મોરવા (હ)	૯૨૨૬.૨૮	૧૮૪૫.૨૬	૯.૫૦	૯.૫૦	૯.૫૦	૯.૫૦	૯.૫૦
૧૦	ખાનપુર	૯૩૨૬.૭૦	૧૮૬૫.૩૪	૯.૬૦	૯.૬૦	૯.૬૦	૯.૬૦	૯.૬૦
૧૧	કડાણા	૯૪૧૩.૨૬	૧૮૮૨.૬૫	૯.૭૦	૯.૭૦	૯.૭૦	૯.૭૦	૯.૭૦

ગોધરા, તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬.

ડી. એચ. બ્રહ્મભટ્ટ,
કલેકટર પંચમહાલ,
ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 86

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, APRIL 18, 2006 / CAITRA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર પીઓએલ/ગુજકેટ પરીક્ષા-મોબા. પ્રતિબંધ/૩(૧)/૨૦૦૬.–અત્રેના જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ને શનિવારના રોજ ગુજકેટની પરીક્ષાઓ યોજાનાર છે. પરીક્ષાઓ દરમ્યાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ કાયદો-વ્યવસ્થા જાળવવા પરીક્ષાના સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની અંદર અથવા તેની ૧૫૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યક્તિને મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન જેવા સાધનો સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

વાસ્તે, હું બી. એચ. ઘોડાસરા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષા તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન યોજાનાર પરીક્ષાઓ અન્વયે પરીક્ષા સમય દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની ૧૫૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત પરીક્ષા સમય દરમ્યાન મોબાઈલ/સેલ્યુલર ફોન/પેજર/કોર્ડલેસ ફોન સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહિ.

અપવાદ :- આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લાના વડા અને પરીક્ષા સમિતિના વર્ગ-૧ના અધિકારીશ્રીઓ.

(૨) અધિક કલેકટરશ્રી, સાબરકાંઠા.

(૩) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી અને પ્રાન્ત અધિકારીશ્રી, હિંમતનગર, ઈડર, મોડાસા.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.

(૫) ઝોનલ અધિકારી (ગુજકેટ) હિંમતનગર.

સદરહુ આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસેથી મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન જેવા સાધનો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ આદેશનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર પીઓએલ/ગુજકેટ પરીક્ષા/જા. ના./ઝેરોક્ષ. પ્રતિબંધ/૪ (૨)/૨૦૦૬.–અત્રેના જિલ્લામાં તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાઓ યોજાનાર છે. પરીક્ષાઓ દરમ્યાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવા તેમજ પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે પરીક્ષાના સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો, પરીક્ષા સમય દરમ્યાન ખુલ્લા રાખવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે, હું બી. એચ. ઘોડાસરા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂં છું કે, સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ને શનિવારના રોજ યોજાનાર પરીક્ષાઓ અન્વયે પરીક્ષા સમય દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેની હિમત હાઇસ્કૂલ, મદ્રેસા હાઇસ્કુલ, માયઓન હાઇસ્કુલ તેમજ જૈનાચાર્ય આ. ધ. હાઇસ્કુલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો ખુલ્લા રાખી શકાશે નહિં કે તેનો ઉપયોગ કરી શકશે નહિ.

આ આદેશનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું

નંબર પીઓએલ/ગુજકેટ/જાનાં/૩(૩)/૨૦૦૬.–અત્રેના જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હિંમત હાઇસ્કૂલ, જૈનાચાર્ય આનંદ ધનસુરી હાઇસ્કૂલ, મદ્રેસા હાઇસ્કૂલ તથા માયઓન હાઇસ્કૂલમાં ગુજકેટની પરીક્ષાઓ આગામી તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ને શનિવારના રોજ લેવાનાર છે. જેથી આ તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા સમય દરમિયાન મોટા પ્રમાણમાં માણસો એકઠા થાય તેવી શક્યતા રહેલી છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તથા પરીક્ષાર્થીઓ શાંત અને મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તથા ગેરરીતીઓ અટકી શકે તે હેતુથી સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૪૪ અન્વયેનો પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, મને સંતોષ થયેલ છે અને તેમ કરવું જરૂરી છે. જેથી હું બી. એચ. ઘોડાસરા, (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર ઉપરોક્ત અધિનિયમ હેઠળ મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેના હિંમત હાઇસ્કૂલ, જૈનાચાર્ય આનંદ ધનસુરી હાઇસ્કૂલ, મદ્રેસા હાઇસ્કૂલ તથા માયઓન હાઇસ્કૂલ ઉપર ગુજકેટ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૫૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ને શનિવારના રોજ પરીક્ષા સમય દરમિયાન ૪(ચાર) કે તેથી વધારે માણસોએ એકત્ર થવા અથવા ભેગાં થવું નહીં કે સભાઓ ભરવી નહીં કે સુત્રો પોકારવા નહીં કે સરઘસ અથવા રેલી કાઢવી નહીં, પથ્થર કે બીજા કોઇ પદાર્થ લઇ જવા નહીં.

અપવાદ :-

આ હુકમ પરીક્ષા કાર્યવાહીમાં રોકાયેલ કર્મચારી/અધિકારીઓ તથા પોલીસ ખાતાના અધિકારી/કર્મચારી તથા પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 87

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, APRIL 18, 2006 / CAITRA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમએજી./જાહેરનામું/વશી/૮૫૪/૨૦૦૬.– ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના એકશન પ્લાન ૨૦૦૬ અન્વયે ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ ના રોજ સરકારી માધ્યમિક શાળા રાજપીપળા ખાતે સવારના ૯-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાઓ શાંત અને સૌર્હાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા-રાજપીપલાએ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૬ના પત્ર ક્રમાંક /જા.નં. પ.વિ./ગુજકેટ/૪૫૨૬/૦૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

આથી હું કે.કે. બલાત, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રટ, નર્મદા પાજપીપલા, ફોજદારી કાર્યરીરીત અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સરકારી માધ્યમિક શાળા રાજપીપલા ખાતેના પરીક્ષા કેન્દ્રમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

પ્રતિબંધીત વિસ્તાર :

સુચીત પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચો તરફ ૧૫૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો જગ્યા સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધીત કૃત્યો :

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધીત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇ બીન અધિકૃત માણસોએ ઉપરોક્ત વિસ્તારમાં દાખલ થવું નહીં તેમજ કોઇપણ ઇસમે કોઇ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખન કાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાન ભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહીં. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ વસ્તુ ઇલેક્ટ્રોનીક આઇટમ પુસ્તક કાપલીઓ ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

સમય ગાળો :

તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ ના રોજ સવારના ૯-૦૦ કલાક થી સાંજના ૧૬-૦૦ કલાક સુધીના સમયગાળા માટે.

આજ તારીખ ૧૦મી માર્ચ, ૨૦૦૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. બલાત,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા રાજપીપલા.

Extra No. 88

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, APRIL 18, 2006 / CAITRA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩-૧ (ખ) અન્વયેનો

નંબર ડીસીબી/એમએજી/વા.વ્ય/પ્રતિબંધ/રજી./૭/૨૦૦૬.– પોલીસ અધિક્ષકશ્રી, નવસારીએ તેમના તારીખ ૧૦મી એપ્રિલ ૨૦૦૬ના પત્ર નંબર એલ. આઈ.બી. જાહેરનામું/૧૦૧૪/૨૦૦૬ થી જણાવેલ છે કે, તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬નાં રોજ સવારના ૯-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક દરમ્યાન નવસારી ખાતે મોટા બજાર હનુમાનજી મંદિરમાં શ્રી રામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ચાલનાર હોવાથી નવસારી ટાઉન પોલીસ સ્ટેશનથી ૫૦ મીટર દુર હનુમાનજી મંદિર સુધી ફોર વ્હીલ વાહનો પસાર કરવા ઉપર પ્રતિબંધ મુકવા તથા આ વાહનો પટવા શેરી, બસેડીયાવાડ વિસ્તાર મારફત વાહનો પસાર કરવા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આથી આ મહોત્સવને લઈને વાહન વ્યયવહાર સંબંધેની કોઈ અનિયમિતતા ઉભી ન થાય તે માટે જાહેર જનતાના હિતમાં સલામતીનાં પગલા લેવા મને જરૂરી જણાયું છે.

સબબ મુંબઈ પેલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૩ની પેટા કલમ (૧)ના કલોઝ (ખ) થી મને મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. બી. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી નીચે જણાવ્યા મુજબ વાહનોની અવર જવર માટે મનાઈ ફરમાવું છું.

(૧) તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ દરમ્યાન સવારના ૯-૦૦ કલાક થી ૧૮-૦૦ કલાક દરમ્યાન નવસારી ટાઉન પોલીસ સ્ટેશનથી ૫૦ મીટર દૂર હનુમાનજી મંદિર સુધી ફોર વ્હીલર વાહનોનાં વાહન વ્યવહાર માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ વાહનો પટવા શેરી, બસેડીયાવાડ થઈને પસાર થઈ શકશે.

ઉપરોકત હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની (સને ૧૯૫૧નો ૨૨મો) કલમ-૧૩૧માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

નવસારી, તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૬.

જે. બી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 89

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, APRIL 19, 2006 / CAITRA 29, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર પીઓએલ (૧)/૧૭૦૯/૨૦૦૬.—ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ,- ૨૦૦૬ પરીક્ષા તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬નાં રોજ જિલ્લાના નડિયાદ કેન્દ્ર ઉપર લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરિક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે આ પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લો, મુ. નડિયાદએ, તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૬ના પત્ર જા. નં. એસ.એસ.સી./ એચ. એસ. સી./વિજ્ઞાન-પ્રવાહ-ગુજકેટ-૨૦૦૬-૨૩૭૬થી અત્રે દરખાસ્ત કરેલ છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું, આર. આર. વરસાણી, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રોમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર :-

(૧) સંત અન્ના હાઈસ્કુલ, કપડવંજ રોડ, નડિયાદ, (૨) સેન્ટ મેરીસ હાઈસ્કુલ, વૈશાલી રોડ, નડિયાદ એમ બંન્ને પરીક્ષા કેન્દ્રના કમ્પાઉન્ડ વોલની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :-

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહી તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીદી કે આડકતરી મદદગારી કરવી નહી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી તેમજ આ રીતના કોઈપણ દુષ્પ્રેરણ કે પ્રયાસમાં ફરજો પરના સુપરવાઈઝરી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ ન થવું તેમજ પ્રમાણિકપણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા ન સેવવી. પરીક્ષા સબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈપણ વસ્તુ, ઈલેકટ્રોનીક આઈટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું કોઈએ વહન કરવું નહી

INDEX

કે તે કરાવવામાં ફરજો પરના સંબંધિત તમામ માણસોએ મદદગારી કે દુષ્પ્રેરણ કરવા નહી.

સમયગાળો :-

તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ સવારના ૯-૩૦ કલાકથી બપોરના ૧૬-૦૦ કલાક સુધીના સમયગાળા માટે.

આજ તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 90

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, APRIL 19, 2006 / CAITRA 29, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section
in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર ડી/એમએજી/૧/પરીક્ષા/જાહેરનામું/૪/૨૦૦૬.–ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજકેટ પરીક્ષા તા. ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ ના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૬--૦૦ કલાક દરમ્યાન જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, પરીક્ષાઓ શાંત અને સ્વચ્છ વાતાવરણમાં યોજાય તેમજ વિશ્વનીયતાનું વાતાવરણ સર્જાય, અસામાજિક તત્વોનો ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વિના પરીક્ષા આપે તે માટે બનાસકાંઠા જિલ્લાના આ સાથેની અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની હદ મર્યાદાથી બહારના ૧૦૦ મીટરની વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવાનુ પ્રવર્તમાન સંજોગોમાં જાહેર સલામતી માટે વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. સી. પટણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આ સાથે બીડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર તા. ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ ના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૬-૦૦ કલાક (સુધી પરીક્ષા પુર્ણ થાય ત્યાં સુધી) જે તે સમયે પરીક્ષા કેન્દ્રોના સ્થળે પરીક્ષા સમય દરમ્યાન જે તે પરીક્ષા કેન્દ્રના સ્થળના હદ મર્યાદાથી બહાર ૧૦૦ મીટરના વિસ્તારમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન- અધિકૃત માણસોએ પરીક્ષા કેન્દ્રની અંદર તથા પરીક્ષા કેન્દ્રોની હદ મર્યાદાથી બહારના ૧૦૦ મીટરના વિસ્તારમાં દાખલ થવુ નહી.

(૨) કોઈપણ ઈસમે તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/ કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહી.

(૩) પરીક્ષા સંબંધી ચોરી કરાવી શકાય તેવી કોઈ વસ્તુ/ ઈલેક્ટ્રોનિક આઈટેમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલનું વહન કરવુ નહી કે કરાવવામાં મદદગારી કરવી નહી.

(૪) કોઈપણ વ્યક્તિ પેજર, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકી ટોકી સેટ, સાથે લઈ જઈ શકશે નહી. અથવા તેનો ઉપયોગ કરી શકશે નહી.

(૫) પરીક્ષાર્થીઓને શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ/ કરાવવુ નહી.

સદરહુ આદેશ કાયદો વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ/ સુરક્ષા કર્મચારીઓ, શિક્ષણ વિભાગે નિમેલા નિરીક્ષકો, સ્કોર્ડ અધિકારીઓ અને પરીક્ષા સંચાલનના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી. આ આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

અનુસૂચિ

ગુજકેટ ના પરીક્ષાના સ્થળોની વિગત, એપ્રિલ-૨૦૦૬.

ક્રમ	તાલુકાનુ નામ	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળનું નામ (શાળાનું નામ)
(૧)	પાલનપુર	પાલનપુર	૧) વિવિધલક્ષી વિદ્યામંદીર, પાલનપુર. ૨) વી. આર. વિદ્યાલય, પાલનપુર. ૩) એમ. બી. કર્ણાવત હાઈસ્કુલ, પાલનપુર. ૪) વિશ્વકર્મા સેકન્ડરીસ્કુલ, પાલનપુર.

આજ રોજ તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

બી. સી. પટણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા પાલનપુર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 91

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, APRIL 24, 2006 / VAISAKHA 4, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે.

નંબર પીઓએલ/વશી/૧૦૫૪/૨૦૦૬.—આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, તલોદ ખાતે ફાયરીંગ રેન્જ ઉપર ૨૨ ફાયરીંગ એન.સી.સી. કેડેટસ, તલોદ કોલેજ/સ્કુલ દહેગામ કોલેજ, હરસોલ સ્કુલ તથા આર્ટસ એન્ડ કોમર્સ/સાયન્સ કોલેજ મોડાસાનાઓને તારીખ ૨૮મી એપ્રિલ ૨૦૦૬ થી ૩૦મી એપ્રિલ ૨૦૦૬ સુધી દરરોજ સવારના કલાક ૮-૦૦ થી ૧૪-૦૦ વાગ્યા સુધી ફાયરીંગ કરવા કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૩૪-ગુજરાત બટાલીયન એન. સી.સી. હિંમતનગરના પત્ર તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૬થી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયંમની કલમ-૩૭ (૪) અન્વયે આ બટની આજુબાજુ પ્રજાની સલામતી જળવાઈ રહે તે માટેનું જરૂરી જાહેરનામું બહાર પાડવા માગણી કરેલ છે. જેથી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, તલોદ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુના પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

આથી હું બી. એચ. ઘોડાસરા, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૦મા) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સાબરકાંઠા જિલ્લાના તલોદ તા. તલોદ ખાતે આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ૨૨ ફાયરીંગ રેન્જની પ્રેકટીસ એન. સી. સી. કેડેટસને કરાવવાની હોવાથી તલોદ તા. તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વિસ્તારની જમીનની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુના ૧.૬ કી. મી. ની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૬ સુધી દરરોજ સવારના ૮-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહીં. તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અને બિનઅધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ તારીખ ૧૮મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 92

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, APRIL 25, 2006 / VAISAKHA 6, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (બ) હેઠળનો નિયમ.

ક્રમાંક : ટફક/પ્રતિબંધ/જાહેરનામું/૬૬૨/૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માની) કલમ ૩૩ની પેટા કલમ (૧) (બ) હેઠળ મળેલ સત્તાની રૂએ વડોદરા મહાનગર પાલીકાની હદ વિસ્તારમાં આવેલ મ્યુઝીક કોલેજ સામેની સુરસાગર તળાવની પાળ ગત વર્ષે ભારે વરસાદના કારણે તુટી ગયેલ હતી. સદરહુ સુરસાગરની તુટી ગયેલ પાળ માનવજાનહાનિ ન થાય તે દ્રષ્ટિએ વડોદરા મહાનગરપાલીકા રોડ પ્રોજેક્ટ શાખાના કાર્યપાલક ઈજનેરશ્રી, તરફથી જણાવવામાં આવેલ છે કે, તા. ૨૬/૪/૨૦૦૬ના રોજથી સુરસાગર તળાવની પાળનું રીપેરીંગ કામ ચાલુ કરનાર હોય, જે આગામી ચોમાસા પહેલા રીપેરીંગ કામ પુર્ણ ન થાય ત્યાં સુધી આમ જનતાને અગવડ ન પડે અને ટ્રાફીક નિયમન સરળતાથી જળવાઈ રહે તે હેતુસર ઉપરોક્ત રોડ એટલે કે, ન્યાયમંદિર પાસેના પેટ્રોલપંપથી પરફોર્મીંગ આર્ટસ કોલેજ સુધીનો અપ અને ડાઉન રોડ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર જવર માટે " પ્રવેશબંધી " (નો એન્ટ્રી) અંગેનું નીચે મુજબ જાહેરનામુ તાત્કાલીક અસરથી પ્રસિદ્ધ કરવુ જરૂરી છે.

હુ, સિદ્ધાર્થ ખત્રી, ઈન્ચાર્જ અધિક પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માંની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ ન્યાયમંદિર પાસેના પેટ્રોલપંપથી સ્ત્રી અધ્યાપન મંદિર થઈ, પરફોર્મીંગ આર્ટસ કોલેજ સુધીના અપ-ડાઉન રોડ ઉપર સંપૂર્ણપણે તમામ પ્રકારના વાહનોને અવર જવર કરવા માટે " પ્રવેશબંધી " (નો એન્ટ્રી) જાહેર કરવામાં આવે છે. સદરહુ રોડ ઉપર ફક્ત રીપેરીંગ કામકાજ કરનાર ઈજારેદારના ડંમ્પરો/ટ્રેક/ટ્રેકટર તથા મલ્ટીએકશન મશીનરી અને માલસામાન/માણસો લાવવા લઈ જવા માટે વપરાનાર વાહનો માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

વૈકલ્પીકરૂપે લાલકોર્ટ પેટ્રોલપંપથી દાંડીયાબજાર તરફ જતા વાહન ચાલકો પદમાવતી શોપીંગ સેન્ટર થઈ રાવપુરા રોડ અથવા વિરભગતસિંહ પ્રતિમાથી રાજમહેલ રોડ માર્કેટ ચાર રસ્તા થઈ જે તે તરફ અવર જવર કરી શકશે. તેવી જ રીતે નર્સિંગ હોમથી દાંડીયાબજાર

INDEX

થઈ સુરસાગર પાળ થઈ લાલકોર્ટ તરફ જતા તમામ પ્રકારના વાહન ચાલકો દાંડીયાબજારથી માર્કેટ ચાર રસ્તા થઈ રાજમહેલ રોડ ઉપર અવર જવર કરી શકશે. અથવા દાંડીયાબજાર થઈ ટાવર થઈ રાવપુરા રોડનો ઉપયોગ કરવા માટે નિયમ કરૂં છું.

મેં આજરોજ તા. ૨૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

સિદ્ધાર્થ ખત્રી,
ઈન્ચાર્જ અધિક પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 93

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, APRIL 26, 2006 / VAISAKHA 6, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section
in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ)મુજબનું.

નંબર પલસ/મજસ/વશી/૧૩૬૪/૨૦૦૬.—કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), ગોધરાનાઓએ તેઓના અ. સ. પત્ર જા. નં. પીબી/ગોધરા/૪૬૩/૦૬, તા. ૩૦-૩-૨૦૦૬ના પત્રથી તેઓની કચેરી હસ્તકના સંતરોડ-સંતરામપુર રસ્તાના કિ.મી. ૩૦/૪ થી ૩૦/૬ વચ્ચે આવેલ નાળાને પહોળું કરવા માટે મંજુરી મળેલ હોઈ આ કામ શરૂ કરવામાં આવેલ હોઈ અને સદર રસ્તો એક માર્ગીય હોઈ નાળાની કામગીરીને કારણે વાહન વ્યવહારની સલામતી જોખમાય તેમ હોવાથી આ લંબાઈમાં ૩ (ત્રણ) માસ સુધી રસ્તો બંધ કરવા જણાવેલ છે.

આથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું, સંજય પટણી, (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા આથી ફરમાવું છું કે,

(૧) સંતરોડ-સંતરામપુર રસ્તાના કિ.મી. ૨૯/૪ થી ૩૧/૦ વચ્ચે આવેલ રસ્તો જાહેરનામાની તારીખથી ૩ (ત્રણ) માસ સુધી હળવા તેમજ ભારે તમામ પ્રકારના વાહનોના અવર જવર કરવા ઉપર પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે.

(૨) સદર સમય દરમ્યાન આ રસ્તાના કિ.મી. ૨૯/૪ આગળ સંતરામપુર જતા ડાબી તરફ મોરા ગામ થઈ સુલીયાત ચોકડી પર (જે આ રસ્તાના કિ.મી. ૩૧/૦) થઈ સંતરામપુર જઈ શકશે તેમજ તે મુજબ સંતરામપુરથી આવતા વાહનો સુલીયાત ચોકડીથી મોરા ગામ થઈ આ રસ્તાના કિ.મી. ૨૯/૪ થઈ સંતરોડ આવી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

સંજય પટણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ-ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 94

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, APRIL 26, 2006 / VAISAKHA 6, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમ, ૧૯૬૬.

ક્રમાંક ઉમકવ/જીવી/ક્યુએલ/જાહેરનામું/૨૦૩૭.— આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમ, ૧૯૬૬ ના નિયમ અન્વયે નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ અગાઉ ક્વૉરી લીઝ મંજુર થયેલ પરંતુ નિયમ અનુસાર ક્વૉરી લીઝ કરારખત કરાવેલ ન હોઈ લીઝની મુદત પુરી થયેલ હોવાથી લીઝ રદ થયેલ હોવાથી.

ગુજરાત ગૌણ ખનિજ નિયમ, ૧૯૬૬ ના નિયમ-૧૮ (૧) (સી) મુજબ કલેક્ટરશ્રી ટોપનો સદર ધારા હેઠળ જાહેર થયેલ અત્રેની અધિકારી વડોદરા તરીકે મળેલ સત્તાની રૂએ પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર ફરીથી ક્વૉરી લીઝ માટે ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખ પછીના ૩૦ દિવસ બાદ જાહેર કરૂં છું. નિયત સમય પહેલાં આવેલ અરજીઓ અપરિપક્વ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

અનું. નંબર	નામ	ગામ અને તાલુકો	ખનિજ	સર્વે નંબર	વિસ્તાર હેક્ટર
(૧)	શ્રીમતી માલતીબેન મહેશભાઈ ઠક્કર	કોટાલી - સંખેડા	રેતી	૧૬૬/૧ને લાગુ ઓરસંગ નદી પટ્ટ પૈકી.	૦૩.૯૦.૦૦
(૨)	શ્રી જયદિપ દિનેશભાઈ પટેલ	કોટાલી - સંખેડા	રેતી	૧૬૭ ની સામે ઓરસંગ નદી પટ્ટ પૈકી.	૦૫.૪૦.૦૦
(૩)	શ્રી દિપકભાઈ મણીલાલ પટેલ	અકોટી - ડભોઈ	રેતી	૨૩૩,૨૩૫,૨૪૦ ની સામે ઓરસંગ નદી પટ્ટ પૈકી.	૩.૭૫.૦૦
(૪)	શ્રી નિમેશભાઈ વલ્લભભાઈ પટેલ	ચનવાડા	રેતી	૩૦૫,૩૦૬,૨૯૧ ની સામે ઓરસંગ નદી પટ્ટ પૈકી.	૦૪.૨૫.૦૦

વડોદરા, તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૦૬.

રાજીવ ટોપનો,
કલેક્ટર, વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 95

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, APRIL 25, 2006 / VAISAKHA 5, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર. ૨૫/૨૦૦૬.—સેકશન એન્જીનીયરીંગ શ્રી પશ્ચિમ રેલ્વે પેટલાદએ તેઓશ્રીના તારીખ ૮મી એપ્રિલ, ૨૦૦૬ના પત્રથી વાસદ રેલ્વે સ્ટેશન વચ્ચે આવેલ ફાટક નં. ૨ બી નું સમારકામ કરવાનું હોઈ આ ફાટક તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૦૬ના સવારના ૮-૦૦ કલાકથી તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૦૬ના સાંજના ૧૯-૦૦ કલાક સુધી એમ ૨ દિવસ માટે બંધ કરવા માંગણી કરેલ છે. આ કામે પોલીસ અધિક્ષકશ્રી, આણંદનો અભિપ્રાય માંગવામાં આવતાં પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૦૬ના પત્રથી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, (જી.એ.એસ.,) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમન, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૨૧મી એપ્રિલ, ૨૦૦૬ના સવારના ૮-૦૦ કલાકથી તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૦૬ના સાંજના ૧૯-૦૦ સુધીના સમય માટે નીચે મુજબના રસ્તાઓ ઉપરનો ટ્રાફિક ડાયવર્ઝન કરવા તથા ટ્રાફિક બીજા રસ્તા તરફ વાળવા માટે હુકમ કરું છું.

(૧) વાસદ તરફથી બોરસદ જતો વાહનવ્યવહાર વાસદ રેમન જીલેટીનથી ભેટાસી એપ્રોચ રોડ થઈ કંથારીયા ગામે થઈ અને આસોદર ચોકડી જવાનો રોડ એપ્રોચ તરફ જઈ શકે છે.

(૨) બોરસદ તરફથી વાસદ જતો વાહનવ્યવહાર કંથારીયાથી ભેટાસી થઈને વાસદ જઈ શકે છે.

શિક્ષા :-આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 96

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI] MONDAY, MAY 1, 2006 / VAISAKHA 11, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક એમએજી/વશી/૯૭૦ થી ૯૮૨/૨૦૦૬.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તથા સદરહુ સમય દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી સમગ્ર નર્મદા જિલ્લાના વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવાઈ કોઇ વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ-૩૭ (૩)થી મને મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૦૫ના રોજ સવારના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૦મી મે, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાક સુધીના (બન્ને દિવસો સહિત) સમય દરમ્યાન નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.
(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને.
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુક્તિ આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી આપતા પહેલા સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય લક્ષમાં લઇ આપી શકશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

જાહેરનામું

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે. તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય,વડોદરા.

INDEX

Extra No. 107

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, MAY 12, 2006 / VAISAKHA 22, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ ના નિયમ-૧૮ (૧) (ગ).

નંબર ઉમગક/કયુએલ/રેતી/ નોટીફીકેશન/૭૬૩/૨૦૦૬.–આ સાથે પરિશિષ્ટમાં જણાવેલ ખાણ પટ્ટાઓ લીઝ કરારખતની શરતોના ભંગ બદલ રદ કરવામાં આવેલ છે અથવા મુદત સમાપ્ત થયેલ છે કે મંજુરી હુકમ રિવોક થયેલ છે. ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ) અનુસાર આવા ખાણ પટ્ટાઓ ખોદકામ ફરીથી ખુલ્લા કરવા અમોને મળેલ સત્તાની રૂએ આથી ખુલ્લા જાહેર કરવામાં આવે છે.

સદર વિસ્તારો માટેની કવોરી લીઝ અરજીઓ આ જાહેરનામું બહાર પડયાના ૩૦ દિવસો બાદ અત્રેની કચેરી, કચેરી સમય દરમ્યાન સ્વિકાર્ય બનશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	પટ્ટેદારનું નામ	ગામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રી ખેમાભાઈ રૂખડભાઈ ભરવાડ	નભોઈ	ગાંધીનગર	૧૨૮ ને લાગુ નદી પટ્ટ	૪-૦૦-૦૦
૨	શ્રી બિપીનભાઈ સુરેશભાઈ પુરોહિત	દોલારાણા વાસણા	ગાંધીનગર	૨૪૮ ને લાગુ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૩	શ્રી જશાજી મંગાજી વણઝારા	દોલારાણા વાસણા	ગાંધીનગર	૪૫૦ થી ૨૭૦ને લાગુ નદી પટ્ટ	૨-૮૩-૫૬
૪	શ્રી બચુજી જેસીંગભાઈ બેલદાર	ભુંડીયા	ગાંધીનગર	૨૬૮ને લાગુ નદી પટ્ટ	૨-૫૦-૦૦

૧	૨	૩	૪	૫	૬
૫	શ્રી ગોપાજી વાધાજી વણઝારા	પાલજ	ગાંધીનગર	૧ ને લાગુ નદી પટ્ટ	૨-૦૦-૦૦
૬	શ્રી ભરવાડ ખેમાભાઈ રૂખડભાઈ	પેથાપુર	ગાંધીનગર	૩૦૩૬, ૩૦૪૩ સામેનો નદી પટ્ટ	૧-૮૭-૫૦
૭	શ્રી રમણજી બાબુજી વણઝારા	દોલારાણા વાસણા	ગાંધીનગર	૪૫૦ ને લાગુ નદી પટ્ટ	૩-૪૪-૦૦
૮	શ્રી મંગાજી ફુલાજી વણઝારા	રાયસણ	ગાંધીનગર	૩૬૭, ૩૬૫ને લાગુ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૯	શ્રી બી. કે. ચોહાણ	પેથાપુર	ગાંધીનગર	૩૦૫૩ ને લાગુ નદી પટ્ટ	૨-૦૦-૦૦
૧૦	શ્રી ભુરાભાઈ વાસીભાઈ દેસાઈ	કોબા	ગાંધીનગર	૨૬૯ ને લાગુ નદી પટ્ટ	૨-૦૦-૦૦
૧૧	શ્રી જયરામભાઈ વી. દેસાઈ	અનોડીયા	માણસા	૯૪૨ ને લાગુ નદી પટ્ટ	૧-૮૬-૦૦
૧૨	શ્રી કાન્તિજી ઝેણાજી ઠાકોર	શાહપુર	ગાંધીનગર	૫૦૨ ને લાગુ નદી પટ્ટ	૨-૦૦-૦૦
૧૩	શ્રી ગાભાજી સોમાજી ઠાકોર	શાહપુર	ગાંધીનગર	૫૦૪ ને લાગુ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૧૪	શ્રી લક્ષ્મણસિંહ રામસિંહ રાઠોડ	અનોડીયા	માણસા	૯૪૨ ને લાગુ નદી પટ્ટ	૨-૦૦-૦૦

ગાંધીનગર, તારીખ ૧૧મી મે, ૨૦૦૬.

સોનલ મિશ્રા,
કલેકટર, ગાંધીનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 108

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, MAY 18, 2006 / VAISAKHA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

નંબર પીઓએલ/ટ્રાફિક નિયમન/જાહેરનામું/વશી-૧૪૦૭/૨૦૦૬.—અત્રેના સાબરકાંઠા જિલ્લાના ભિલોડા-શામળાજી પ્રગતિપથ-૨ (રાધનપુર-શામળાજી રસ્તા પૈકી) ઇડર-ભિલોડા-શામળાજી રસ્તાના કી.મી. ૨૯/૦ થી ૩૨/૦ અને ૧૬૯/૪૭૦ થી ૧૨૫/૮૦૦ દરમ્યાનમાં માર્ગ અને મકાન વિભાગ, હિંમતનગર દ્વારા મે. જી. એચ. વિજાપુર એન્ડ કું. હિંમતનગર મારફતે કામગીરી ચાલી રહેલ છે. આ કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. આ કામગીરીમાં હયાત ડામર સપાટી ૭ મીટર પહોળાઈમાં છે તેને ૧૦ મીટર પહોળાઈમાં ડામર રોડ તેમજ બંને બાજુ ૧ મીટર પહોળાઈમાં માટીકામના પડખા કરવાની કામગીરીનો સમાવેશ થાય છે. આ રસ્તામાં ભેટાલી ત્રણ રસ્તાથી રીંટોડા ત્રણ રસ્તા વચ્ચે કિ. મી. ૧૩૫/૪૭૦ થી ૧૩૬/૪૭૦ વચ્ચે હાલ હયાત ૬ મીટર પહોળાઈનો રસ્તો આવેલ છે જે ૧૪ મીટર પહોળો કરવા માટે હીલ કટીંગ કરવું જરૂરી હોઈ તેમજ હીલ કટીંગ બ્લાસ્ટીંગથી કરવાનું હોઈ હયાત ટ્રાફીકને તેમજ માણસોની જાનહાની ન થાય તે માટે સદર રસ્તાને શામળાજી-ભિલોડા તરફ ભેટાલી ગામથી વણઝર મોટીબેબાર, જનાલી થઈ બામણા-વાંકાનેર રાજ્ય ધોરી માર્ગથી રીંટોડા ત્રણ રસ્તા સુધીનું ડાયવર્ઝન આપવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, હિંમતનગરે જરૂરી આધાર પુરાવા તેમજ નકશા સહિત દરખાસ્ત રજુ કરેલ છે. આ સુચિત ડાયવર્ઝનની લંબાઈ ૨૩ કીમી. થાય છે. આ રસ્તામાં ટ્રાફીકને અડચણરૂપ થાય તેવી કોઈ બાબત ન હોવાનું કા.ઈ.શ્રી, મા. અને મ. વિભાગ, હિંમતનગરે જણાવેલ છે અને અંદાજે બે માસના સમયગાળા માટે સુચિત ડાયવર્ઝન અંગેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

દરખાસ્તમાં સામેલ બિડાણોમાં મામ. શ્રી,ભિલોડા તથા પોલીસ સબ ઈન્સ્પે.શ્રી, ભિલોડાએ પણ આ ડાયવર્ઝન માટે સહમતી વ્યકત કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ કા.ઈ.શ્રી મા. અને મ. વિભાગ, હિંમતનગરની આ દરખાસ્ત મુજબ જાહેરનામું પ્રસિદ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

વાસ્તે હું, બી. એચ. ઘોડાસરા, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧)ના ખંડ (બી) અન્વયે મને મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે :-

(૧) શામળાજી-ભિલોડા પ્રગતિપથ-૨ રસ્તા પૈકી ભેટાલી ત્રણ રસ્તાથી રીંટોડા ત્રણ રસ્તા વચ્ચે કીમી. ૧૩૫/૪૭૦ થી ૧૩૬/૪૭૦ વચ્ચેના રસ્તાના કામે હીલ કટીંગની કામગીરી સારૂ આ રસ્તો બંધ કરી શામળાજી-ભિલોડા તરફ ભેટાલી ગામથી વણઝર,

INDEX

મોટીબેબાર, જનાલી થઇ બામણા-વાંકાનેર રાષ્ટ્રીય ધોરી માર્ગથી રીંટોડા ત્રણ રસ્તાસુધીના ૨૩ કીમી. સુધીના રસ્તાનુ ડાયવર્ઝન આપવામાં આવે છે. આમ કામગીરીવાળા રસ્તા ઉપરથી ઉપરોક્ત જણાવેલ વિગતે પસાર થતા વાહનોએ આ ડાયવર્ઝન અનુસાર વાહન વ્યવહાર અનુસરવાનો રહેશે.

ઉપરોક્ત જાહેરનામું પ્રસિદ્ધીની તારીખથી તા. ૧૧મી જુલાઇ, ૨૦૦૬ સુધી અલમમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર/ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૨મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 109

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, MAY 19, 2006 / VAISAKHA 29, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ નીચેનો પુરક શુદ્ધિ હુકમ.

નંબર પીઓએલ (૧)/૨૦૬૫/૨૦૦૬.—પર્યાવરણની સુરક્ષા અને સુધારણા સંબંધિત પુન:પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ બાબતના આ કચેરીના હુકમ / જાહેરનામા ક્રમાંક પીઓએલ/(૧)/વશી/૧૯૩૫, તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૩થી નક્કી કરી, પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. (જેની નકલ સામેલ છે) ઉક્ત હુકમ/જાહેરનામા અંગે વધુ સ્પષ્ટતા કરવાનું આવશ્યક જણાતાં, હું. આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ નીચે પ્રમાણે વિશેષ હુકમ કરૂં છું.

ઉકત હુકમ/જાહેરનામામાં હુકમના અમલવારી માટે સક્ષમ અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. તે ઉપરાંત હુકમના અમલવારી માટે "જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડિયાદ" અને "મદદનીશ નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન", ખેડા જિલ્લો નડિયાદનાઓને પણ સક્ષમ અધિકારી તરીકે આથી નિમણુંક કરવામાં આવે છે.

આજ તારીખ ૮મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા જિલ્લો, નડિયાદ.

જાહેરનામું

પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ નીચેનો આદેશ.

નંબર પીઓએલ (૧)/વશી/૧૯૩૫/૨૦૦૩.—પર્યાવરણની સુરક્ષા અને સુધારણા સંબંધિત પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૩(૨) અને ૨૫ નીચે "પુન: પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સંબંધી નિયમો, ૧૯૯૯" બનાવેલ છે. સદરહુ નિયમોના નિયમ-૪ મુજબ, પર્યાવરણના જતનના હેતુસર ખાદ્ય સામગ્રી સંઘરવા, વહન કરવા, ભરવા, વિતરણમાં મુકવા કોઇ વિક્રેતા પુન: પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકમાંથી ઉત્પાદિત થયેલ થેલી કે ભરવાના સાધનો (Container) નો ઉપયોગ કરી શકે નહીં. તે સિવાય કોઇ વ્યકિત પ્લાસ્ટીકની થેલીઓ (Carry Bag) અથવા કન્ટેઇનર

INDEX

ઉત્પાદિત કરવા માંગતી હોય તો ફક્ત કુદરતી રંગ આભા કે સફેદ રંગના, પુનઃ પ્રક્રિયા થયા સિવાયના, અસલ અને અણીશુદ્ધ પ્લાસ્ટીકમાંથી જ કોથળીઓ કે થેલીઓ બનાવી શકે, અન્યથા નહીં.

ઉપરોક્ત નિયમોના પાલન તથા પ્રકૃત્તિ અને પર્યાવરણના જતનના હેતુના ભાગરૂપે આથી અસલ અને અણિશુદ્ધ પ્લાસ્ટીકના ઉપયોગ તેમજ પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકની થેલીઓ અને કોથળીઓ સંદર્ભમાં પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ ને આધિન **ખેડા જિલ્લા માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

(૧) પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સંબંધી ૧૯૯૯ના નિયમોના નિયમ-૪ને આધિન, ખાદ્ય સામગ્રીના ઉત્પાદક, જથ્થાબંધ વિક્રેતા, છુટક વિક્રેતાં, ફેરીયા, વેચાણના દલાલ, એજન્ટએ ખાદ્ય સામગ્રીને પેક કરવા, વિતરણમાં મુકવા વહન કરી જવા કે સંઘરવા માટે પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીક (Recycled Plastic)માંથી બનાવેલ થેલી, કોથળી કે કન્ટેઈનરનો ઉપયોગ કદાપી કરવો નહીં.

(૨) જે વ્યકિત ખાદ્ય સામગ્રીના પેકેજીંગ મટીરીયલના હેતુ સિવાય અન્ય હેતુસર પ્લાસ્ટીકની થેલી, કોથળી કે કન્ટેઇનર ઉત્પાદિત કરવા માગતી હશે તે નિયમ-૫(એ) ના અંતર્ગત કુદરતી રંગ આભા અથવા સફેદ રંગવાળા પુનઃ પ્રક્રિયા થયા સિવાયના અણિશુદ્ધ પ્લાસ્ટીકમાંથી જ તેવી કોથળીઓ, થેલીઓ કે કન્ટેઇનર બનાવી શકશે, અન્યથા નહીં. તદુપરાંત આ રીતના અણિશુદ્ધ અને પુનઃ પ્રક્રિયા સિવાયના પ્લાસ્ટીકમાંથી બનાવેલ કોથળી, થેલી કે કન્ટેઇનરની જાડાઇ ૨૦ માઇક્રોનથી ઓછી હોવી જોઇશે નહીં. **૨૦ માઇક્રોનથી ઓછી જાડાઈવાળી અસલ પ્લાસ્ટીકની કોથળી, થેલી કે કન્ટેઈનર વાપરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.**

હુકમના ઉલ્લંઘન બદલ શિક્ષા :-

આ હુકમનો સીધો કે આડકતરો ભંગ કરવા અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર કસુરવાર સામે પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૧૫ નીચે ૫ વર્ષ સુધીની કેદ અથવા તો ૧ (એક) લાખ રૂપિયા સુધીના દંડ અથવા શિક્ષા બંને શિક્ષાને પાત્ર થશે તેમજ ઉલ્લંઘન કરવાનું ચાલુ રહેશે તો પ્રતિદિન રૂપિયા ૫ હજાર લેખે દંડને પાત્ર થશે. તદુપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ નીચે પણ શિક્ષાને પાત્ર થશે.

હુકમના અમલીકરણ માટે સક્ષમ અધિકારીઓ :-

આ હુકમના અમલીકરણ માટે ખેડા જિલ્લામાં નીચે મુજબના અધિકારીઓ રહેશે.

૧. સંબંધિત તાલુકા વિસ્તાર માટે જે તે તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ.

૨. સમગ્ર ખેડા જિલ્લા માટે મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર નડિયાદ.

આજ તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 110

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, MAY 23, 2006 / JYAISTHA 2, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section
in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૪૮૭૬/૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૬મી મે, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૧મી મે, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.

(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;

(૨) કોઈ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લાં મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 111

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, MAY 25, 2006 / JYAISTHA 4, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) (ગ).

નંબર ઉ-મકમ/એન/કયુએલ/કેસ૫/જાહેરનામું/૧૮૯૨/૨૦૦૬.–બનાસકાંઠા જિલ્લાના મોજે વાઘોર, તાલુકા દાંતીવાડાના સ. નં. ૧૭૬ પૈકીમાં ૦-૫૦-૦૦ હેકટર વિસ્તારમાં બીલ્ડીંગસ્ટોન ખનીજ માટે ૧૦ વર્ષ માટે અત્રેના હુકમ નં એજીપી/કયુએલ/૧૯૪૯/૧૮૩૦, તારીખ ૬ઠી ઓકટોબર, ૨૦૦૫થી લીઝ મંજૂર કરવામાં આવેલ જે મંજૂરી હુકમની શરતો મુજબ માગણીદાર લીઝ કરારખત સમય મર્યાદામાં કરાવી શકેલ નથી. અને તેઓશ્રીને લીઝ મેળવવામાં રસ નથી જેથી સદર હુકમની શરત મુજબ ૯૦ દિવસમાં કરારખત કરાવેલ ના હોઈ અત્રેના હુકમ નંબર એજીપી/કયુએલ/૧૯૪૯/૧૮૩૦, તા. ૬-૧૦-૨૦૦૫થી સદર મંજુરી હુકમ રીવોક કરવામાં આવેલ છે.

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) (ગ) હેઠળ ફેર ઉપલબ્ધી માટે આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ જાહેર જનતા માટે ફરીથી (રી-ગ્રાન્ટ) માગણી માટે ઉપલબ્ધ થઈ શકશે. એમ કલેકટર બનાસકાંઠા જાહેર કરે છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	લીઝ માટે ફરી ઉપલબ્ધ થતો વિસ્તાર	ખનીજ
૧	૨	૩	૪	૫	૬
બનાસકાંઠા	દાંતીવાડા	વાઘોર	૧૭૬ પૈકી	૦-૫૦-૦૦	બીલ્ડીંગ સ્ટોન

ઉપરોકત પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ ફેર ઉપલબ્ધી માટે જાહેર થયેલ હોઈ તે સમયમાં આવેલ અરજીઓ અપરીપકવ ગણી ના-મંજુર કરવામાં આવશે.

પાલનપુર, તારીખ ૧લી મે, ૨૦૦૬.

આર. આર. ચૌહાણ,
કલેકટર, બનાસકાંઠા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 112

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, MAY 25, 2006 / JYAISTHA 4, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ).

નંબર ઉ-મકમ/એન/કયુએલ/કિસ૫/જાહેરનામું/૧૮૯૨/૨૦૦૬.–બનાસકાંઠા જિલ્લાના મોજે ભાંખરી, તાલુકા વડગામના સ. નં. ૨૮ પૈકીમાં ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાં બીલ્ડીંગસ્ટોન ખનીજ માટે ૦૫ વર્ષ તા. ૩૦-૧૦-૧૯૯૦ની અસરથી કરવામાં આવેલ જેનું કરારખત તારીખ ૩-૭-૧૯૯૨ના રોજ તારીખ ૩૦-૧૦-૧૯૯૦ની અસરથી પાંચ વર્ષ માટે કરવામાં આવેલ. લીઝી તરફથી નિયમિત બાકી લેણા રકમો તથા માસિકપત્રકો ન આપતાં અને ખાણ કામ છ માસ કરતાં વધુ સમય બંધ રાખેલ હોઈ, કરારખત શરતોના ભંગ બદલ હુકમ નંબર અત્રેના હુકમ નંબર જીપી/કયુએલ/ સ્ટેટી/ગ્રેનાઈટ/૧/૧૭/૨૩૦૫, તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૦૫થી લીઝ રદ કરવામાં આવેલ. ત્યારબાદ આ હુકમ સામે લીઝીએ અધિક નિયામકશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ, ગાંધીનગરને અપીલ કરતાં અપીલ અરજી અધિક નિયામકશ્રીએ હુકમ નંબર કયુએલ/૨૭૫/૯૫/૩૨૭૫, તારીખ ૨૩-૭-૧૯૯૬થી વિવાદ અરજી નામંજુર કરી અત્રેનો હુકમ કાયમ રાખવામાં આવેલ. આમ આ લીઝ રદ થયેલ હોઈ -

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ) હેઠળ ફેર ઉપલબ્ધી માટે આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ જાહેર જનતા માટે ફરીથી (રી-ગ્રાન્ટ) માગણી માટે ઉપલબ્ધ થઈ શકશે. એમ કલેકટર, બનાસકાંઠા જાહેર કરે છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	લીઝ માટે ફરી ઉપલબ્ધ થતો વિસ્તાર	ખનીજ
૧	૨	૩	૪	૫	૬
બનાસકાંઠા	વડગામ	ભાંખરી	૨૮ પૈકી	૧-૦૦-૦૦	ગ્રેનાઈટ (બીલ્ડીંગ સ્ટોન)

ઉપરોક્ત પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ ફેર ઉપલબ્ધી માટે જાહેર થયેલ હોઈ તે સમયમાં આવેલ અરજીઓ અપરીપકવ ગણી ના-મંજુર કરવામાં આવશે.

પાલનપુર, તારીખ ૧૬મી મે, ૨૦૦૬.

આર. આર. ચૌહાણ,
કલેક્ટર, બનાસકાંઠા.

Extra No. 113

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, MAY 25, 2006 / JYAISTHA 4, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ).

નંબર ઉ-મકમ/એન/કયુએલ/કિસપ/જાહેરનામું/૧૮૯૨/૨૦૦૬.—બનાસકાંઠા જિલ્લાના મોજે પાંસવાળ, તાલુકા ધાનેરાના સ. નં. ૭૭ પૈકીમાં ૧-૪૦-૦૦ હેકટર વિસ્તારમાં લાઈમ સ્ટોન ખનીજ માટે ૫ વર્ષ માટે અત્રેના હુકમ નં એજીપી/કયુએલ/૮૨૨/૮૮/૨૩૪૪, તારીખ ૩૦મી જુન, ૧૯૮૮થી શ્રી અગ્રવાલ કવોરી વર્કસ રહે. ડીસાને લીઝ મંજૂર કરવામાં આવેલ. જેનું કરારખત તારીખ ૨૧-૮-૧૯૯૮ થી ૫ વર્ષ માટે કરવામાં આવેલ જે લીઝ અત્રેના હુકમ નંબર. એજીપી/કયુએલ/૧૯૧૧/૧૬૯, તા. ૨૩-૫-૨૦૦૫થી લીઝ સરંડર કરવામાં આવેલ છે.

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ) હેઠળ ફેર ઉપલબ્ધી માટે આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ જાહેર જનતા ફરીથી (રી-ગ્રાન્ટ) માગણી માટે ઉપલબ્ધ થઈ શકશે, એમ કલેકટર બનાસકાંઠા જાહેર કરે છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	લીઝ માટે ફરી ઉપલબ્ધ થતો વિસ્તાર	ખનીજ
૧	૨	૩	૪	૫	૬
બનાસકાંઠા	ધાનેરા	પાંસવાળ	૭૭ પૈકી	૧-૪૦-૦૦	લાઈમ સ્ટોન

ઉપરોકત પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ ફેર ઉપલબ્ધી માટે જાહેર થયેલ હોઈ તે સમયમાં આવેલ અરજીઓ અપરીપકવ ગણી ના-મંજુર કરવામાં આવશે.

પાલનપુર, તારીખ ૧૬મી મે, ૨૦૦૬.

આર. આર. ચૌહાણ,
કલેકટર, બનાસકાંઠા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 114

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, MAY 26, 2006 / JYAISTHA 5, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના એકટ નં. ૨૨) માંની કલમ-૩૩ની પેટા-કલમ-૧ના ખંડ-બી અન્વયેનું.

નંબર પીઓએલ/નો પાર્કીંગ/તલોદ માર્કેટ યાર્ડ/વશી-૪૦૧૬/૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં)ની કલમ-૩૩ની પેટા-કલમ-૬થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાની હોય તેવી સઘળી વ્યકિતઓના જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી એક માસ પછી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા, હિંમતનગર સદરહુ મુસદો વિચારણામાં લેશે.

સદરહું મુસદાના સંબંધમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠાને ઉપરોકત મુદત પુરી થતાં પહેલાં જે કોઈ વાંધો કે સુચનો મળશે તેને વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદો

સાબરકાંઠા જિલ્લાના તલોદ શહેરમાં તલોદ એસ.ટી. ડેપોના હદ વિસ્તારમાં તલોદ માર્કેટ યાર્ડના મેઇન ગેટની નજીક ટાવરનું એસ.ટી. સ્ટેન્ડ આવેલ છે. આ માર્કેટ યાર્ડમાં દરરોજ આજુબાજુના ગામડાઓમાંથી ખેડૂતો તેનો ઉપજનો માલ, વિવિધ સાધનો જેવા કે ટ્રેકટર, ટેમ્પો, બળદગાડુ, ઉંટગાડીઓ, ટ્રકો વિગેરમાં ભરી વેચાણ અર્થે આવે છે. તેમજ માર્કેટયાર્ડમાંથી વેપારીઓ ટ્રકોમાં ભરી માલ બહાર મોકલેલ છે. જેથી આ સ્થળે વાહનોની અવરજવર તેમજ માણસોની ભીડ સવિશેષ રહે છે, આ કારણે આ એસ.ટી. સ્ટોપેજની આજુબાજુ ખાનગી વાહન ચાલકો તેમના વાહનો પાર્ક કરે છે. તેમજ મુસાફરોની હેરાફેરી કરે છે. જેથી આ જગ્યાએ અકસ્માત થવાનો સંભવ રહે છે અને ટ્રાફિકની સમસ્યા રહે છે. જેથી આ વિસ્તારને "નો પાર્કીંગ ઝોન" તરીકે જાહેર કરવામાં આવે તો સમસ્યાનું નિવારણ થઇ શકે તે સંદર્ભે વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. હિંમતનગરે દરખાસ્ત કરેલ છે. જેને પોલીસ અધિક્ષકશ્રીએ સમર્થન આપેલ છે;

જેથી તલોદ માર્કેટ યાર્ડ ટાવર સ્ટેન્ડ, એસ.ટી. સ્ટોપેજની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારમાં જીપો તથા ટેક્ષીઓને ઉભા રાખવા પર પ્રતિબંધ જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ-૧ની બાબત-બી અન્વયે મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેના તલોદ માર્કેટ યાર્ડ ટાવર સ્ટેન્ડ એસ.ટી. પોઇન્ટની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારમાં જીપો, ટેક્ષીઓ તથા પ્રાઇવેટ લકઝરી બસો ઉભી રાખવા પર પ્રતિબંધ ફરમાવતું પ્રાથમિક જાહેરનામું આથી જાહેર કરૂં છું.

આ હુકમ ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૦મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 115

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, MAY 26, 2006 / JYAISTHA 5, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/વશી-૧૫૧૧/૨૦૦૬.– હાલમાં જિલ્લામાં તાલુકા/ગ્રામ્ય વિસ્તારમાં કૃષિરથ પરિભ્રમણ કરી રહેલ હોઇ તેમજ હિંમતનગર શહેરમાં ગેરકાયદેસરના દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલુમાં હોઇ ઉપરોકત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૨૨મી મે, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૨૩મી મે, ૨૦૦૬ થી તારીખ ૬ઠી જુન, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૩મી મે, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠી જુન, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૩મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/વશી-૧૫૧૧/૨૦૦૬.– હાલમાં જિલ્લામાં તાલુકા/ગ્રામ્ય વિસ્તારમાં કૃષિરથ પરિભ્રમણ કરી રહેલ હોઇ તેમજ હિંમતનગર શહેરમાં ગેરકાયદેસરના દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલુમાં હોઇ ઉપરોકત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૨૨મી મે, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૨૩મી મે, ૨૦૦૬ થી તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રુએ તારીખ ૨૩મી મે, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૩મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 116

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, MAY 29, 2006 / JYAISTHA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ (૨) / દારૂખાના / વશી / ૧૩૩૩ થી ૧૩૫૦/૨૦૦૬.—જાહેર રસ્તાઓ ઉપર/શેરીઓમાં/ગલીઓના વિસ્તારોમાં લગ્ન પ્રસંગે જાનના સરઘસના માણસો તરફથી તથા અન્ય કોઈ કારણોસર રસ્તા ઉપર ફટાકડા ફોડવામાં આવે છે. જેના કારણે રસ્તા ઉપરથી પસાર થતા ઈસમો અકસ્માતે દાઝી જવાના તથા ગંભીર ઈજાઓ થવાના પ્રસંગો બનતા હોય છે. તેમજ જાહેર ટ્રાફીકને અડચણ ઉભી થાય છે. જે જોતાં જાહેર જનતાના જાન-માલની તેમજ મિલકતોની સલામતી માટે જાહેર રસ્તાઓ ઉપર/શેરીઓમાં/ ગલીઓના વિસ્તારોમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે. આ અંગે સરકારશ્રીના ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક ઈએઆર/૧૦૦૪/૧૮૭૭ (૨૦૦૬) વિ. ૨ તારીખ ૩૧મી માર્ચ ૨૦૦૬ થી પણ સૂચના આપવામાં આવેલ છે.

વાસ્તે હું, આર. આર. વરસાણી, જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ખેડા જિલ્લાના જાહેર રસ્તાઓ ઉપર/ શેરીઓમાં/ગલીઓમાં ફટાકડા ફોડવાથી જાહેર સલામતી તથા ટ્રાફીકને અવરોધરૂપ થતા હોવાથી સમગ્ર વિસ્તારમાં કોઈપણ ઈસમ લગ્ન પ્રસંગે, વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક, સામાજીક કે રાજકીય મેળાવડામાં કોઈપણ જાતનું દારૂખાનું (આતશબાજી), બોમ્બ, તેમજ દુર ફેંકી શકાય તેવા બલૂનના રોકેટ, હવાઈ અથવા કોઈપણ નામે ઓળખાતા તમામ પ્રકારના ફટાકડા (આતશબાજી) ફોડી શકાશે નહી. તેમજ ફેંકી શકાશે નહી, તેમજ કોઈપણ ઈસમ કોઈપણ વ્યકિત ઉપર કે પશુ-પંખી ઉપર તથા રસ્તા ઉપર કે મકાન ઉપર દારૂખાનું પડે તેવી રીતે ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

શિક્ષા : આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા આઈ. પી. સી.-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 117

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, MAY 31, 2006 / JYAISTHA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (ફ) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર.-૨૯/૨૦૦૬.– કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૧૩-ગુજરાત બટાલિયન એન. સી. સી. વલ્લભ વિદ્યાનગર તા. આનંદનાઓએ મોજે બાકરોલ (રામપુરા) તા. આણંદ ખાતે તારીખ ૨૯મી મે, ૨૦૦૬ થી તારીખ ૨૬મી જુન, ૨૦૦૬ સુધી સવારના ૦૭-૦૦ થી ૧૩-૦૦ કલાક દરમ્યાન એન. સી. સી. ગ્રુપ દ્વારા ફાયરીંગની પ્રેક્ટીસ કરવાના હોઈ જે અંગેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે. આ કામે પોલીસ અધિક્ષકશ્રી, આણંદનો અભિપ્રાય માંગવામાં આવતાં પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૨૫મી મે, ૨૦૦૬ના પત્રથી અભિપ્રાય આપેલ છે.

સબબ હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ના (૧) (ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ મોજે બાકરોલ (રામપુરા), તા. જિ. આણંદ ખાતે ફાયરીંગ બટના (એક કિલોમિટર) વિસ્તારમાં તારીખ ૨૯મી મે, ૨૦૦૬ થી ૨૬મી જુન, ૨૦૦૬ (બન્ને દિવસો સુધ્ધાંત) દરમ્યાન પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સંમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાનો ભંગ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 118

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] SATURDAY, JUNE 3, 2006 / JYAISTHA 13, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/બ્લેકટ્રેપ/૨૭૪૧/૨૦૦૬.–શ્રી રાજકુમાર લક્ષ્મણભાઈ કનારાને મોજે બોરડી, તા. બાયડના સર્વે નં. ૭૫ પૈકી ૪-૯૦-૦૦ હેકટર વિસ્તારની કવોરી લીઝ આપેલ જે અત્રેની કચેરીના હુકમ તારીખ ૨૬મી એપ્રિલ ૨૦૦૪ થી રદ કરવામાં આવેલ છે જેની હકીકત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	બાયડ	બોરડી	૭૫ પૈકી	૪-૯૦-૦૦ હેકટર

ઉપરોકત હકીકતે બાકી લેણાંના કારણે રદ કરેલ હોવાથી ફરી ખાણકામ માટે જાહેર કરવાનો હોઈ આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી મે, ૨૦૦૬.

(સહી) અવાચ્ય,
કલેકટર, સાબરકાંઠા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 119

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JUNE 3, 2006 / JYAISTHA 13, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક એમએજી/વશી/૧૨૩૩ થી ૧૨૫૫/૨૦૦૬.—નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા સદરહુ સમય દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી સમગ્ર નર્મદા જિલ્લાના વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવા કોઈ વ્યક્તિઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા ઉપરોક્ત વિસ્તારમાં તારીખ ૨૯મી મે, ૨૦૦૬ના રોજ રાત્રિના ૨૦-૦૦ કલાકથી તારીખ ૧૨મી જુન, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાક સુધીના (બન્ને દિવસો સહિત) સમય દરમ્યાન નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યક્તિઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને;
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને;
(૩) કોઈ લગ્નના વરઘોડાને;
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને;
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને;

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુક્તિ આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી આપતા પહેલા સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય લક્ષમાં લઈ આપી શકશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી મે ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૧૨૬૦ થી ૧૨૮૦/૨૦૦૬.– નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા જાહેર શાંતિ અને સલામતી સારું ફરમાવું છું કે કોઇએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી મે, ૨૦૦૬ થી તારીખ ૧૨મી જુન, ૨૦૦૬ સુધી ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહિત) કોઈએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ;

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, અથવા તૈયાર કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો, અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ;

(છ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ અથવા તેવા ચિત્રો, પત્રિકા પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ. બતાવવી નહિ, તેનો ફેલાવો કરવો નહિ,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા પોલીસ અધિક્ષકશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને;

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૯મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 120

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, JUNE 5, 2006 / JYAISTHA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૪૦૯૩ થી ૪૧૪૩/૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, જી. આર. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યક્તિઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત વિસ્તારોમાં તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન–

(૧) ચાર કરતાં વધુ વ્યક્તિઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યક્તિઓને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ-રક્ષકદળની વ્યક્તિઓને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મૂક્તિ આપી શકશે, એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. આર. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 121

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, JUNE 5, 2006/ JYAISTHA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/ એમએજી/જાહેરનામું/વશી- કલમ-૩૭ (૧)/૫૦૪૦થી ૫૧૪૫/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨ માં)ની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, જી. આર. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ અર્થે તારીખ ૧લી જુન, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સાકરવા નહીં અથવા તૈયાર કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૩૧મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જી. આર. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૫૦૪૦ થી ૫૧૪૫/૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું જી.આર. ચૌધરી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રુઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧લી જુન, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫મી જુન, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન-

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં;

(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં. વધુમાં હું એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;

(૨) કોઇ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી મે, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

જી. આર. ચૌધરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 122

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLV II] WEDNESDAY, JUNE 7, 2006 / JYAISTHA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART – I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :–

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈસ) ઓર્ડર ૧૯૯૩.

(૨) અત્રેની કચેરીના તા. ૭/૪/૨૦૦૬ના રોજ હુકમ નં. પરવ/કશન/ભાવ/વશી.

(૩) પંચમહાલ જિલ્લા કેરોસીન ક્રુડ એસોસીએશનની પરિવહન દરમાં વધારો કરવા બાબતની તારીખ વગરની અરજી.

(૪) કેરોસીન પરિવહન દર નક્કી કરવા માટેની જિલ્લા કક્ષાની સમિતિની તા. ૧૨-૫-૨૦૦૬ની બેઠકની કાર્યવાહી નોંધ.

હુકમ

નંબર પરવ/કશન/ભાવ/વશી/૨૦૦૬.–આમુખ-૨માં જણાવેલ હુકમથી પંચમહાલ જિલ્લાના તાલુકાઓ માટે કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી આવતાં કેરોસીનના જથ્થાબંધ તેમજ ઘરગથ્થું વપરાશ માટેના વાદળી કેરોસીનના છુટક વેચાણ ભાવો જાહેર કરવામાં આવ્યા હતાં.

આમુખ-૩માં જણાવેલ ધી પંચમહાલ જિલ્લા કેરોસીન ક્રુડ ઓઇલ એજન્ટ એસોસીએશન ગોધરાએ તેઓની અરજીથી અવારનવાર ડીઝલના ભાવમાં વધારો થવાથી તથા આનુષાંગિક ખર્ચાઓ જેવા કે ટાયર-ટ્યુબ, ડ્રાઈવર-કલીનરના પગાર, મોટર વિમો, બેંક કમિશનમાં તથા આર.ટી.ઓ. ટેક્ષમાં વધારો થવાથી ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ૫૦% વધારો કરી આપવા માંગણી કરેલ છે.

આમુખ-૪માં કેરોસીન પરિવહન દર નક્કી કરવા માટેની જિલ્લા કક્ષાની સમિતિની તા. ૧૨-૫-૨૦૦૬ની મિટિંગમાં એસોસીએશનની પરિવહન દરમાં માંગણી સામે તમામ બાબતોને લક્ષમાં લઇ પ્રવર્તમાન પરિવહન દરમાં ૨૫%નો વધારો કરવાનું સમિતિએ સર્વાનુમતે નક્કી કર્યું છે.

આમ, ઉપર મુજબની વિગત ધ્યાનમાં લઈ સબબ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીક્સેશન ઓફ સેલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩ની કલમ-૨(ડી)(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું ડી. એચ. બ્રહ્મભટ્ટ, આઈ. એ. એસ., કલેક્ટર, પંચમહાલ આથી તા. ૧-૬-૨૦૦૬થી અમલમાં આવે તે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા માટે કોયલી રીફાઈનરીથી રસ્તા માર્ગે વહન થઈ જિલ્લાને અપાતાં કેરોસીનના જથ્થાબંધ અને છુટક ભાવો પરિશિષ્ટ નં.-૧ મુજબ નીચેની શરતોને આધીન રહી ઠરાવવા હુકમ કરૂં છું તથા સ્થાનિક માટે અને ત્યારબાદના અંતરના તબક્કાઓ માટે ૧ કી. લી. દીઠ ટ્રાન્સપોર્ટ ભાડું મજરે આપીને છુટક ભાવોની ગણતરી કરવામાં આવે છે.

	વિગત	મજરે આપેલ રકમ રૂા. માં
૧.	સ્થાનિક	રૂા. ૪૦-૦૦
૨.	સ્થાનિક સિવાય ૧૦ કિ.મી. સુધી	રૂા. ૪૫-૦૦
૩.	૧૦ કિ.મી. થી ૨૫ કિ.મી. સુધી	રૂા. ૫૦-૦૦
૪.	૨૬ કિ.મી. થી ૫૦ કિ.મી. સુધી	રૂા. ૫૫-૦૦
૫.	૫૦ કિ.મી. થી ઉપર	રૂા. ૬૦-૦૦

શરતો :–

(૧) જિલ્લામાં કેરોસીનનાં એજન્ટ દ્વારા કેરોસીનની આખી ટેન્કર કેરોસીનના જથ્થાબંધ પરવાનેદારોને વેચાણ કરવામાં આવે ત્યારે ટેન્કર દીઠ તેમના બીલમાં રૂા. ૨૦૦ મજરે આપવાના રહેશે.

(૨) સદર ભાવ તા. ૧-૬-૨૦૦૬થી અમલી બને છે. અને તે સાથે જુના ભાવ રદ ગણાશે. તેમજ નક્કી કરવામાં આવેલ ભાવોથી વધારે ભાવ કોઈપણ વિક્રેતા લઈ શકશે નહીં, અન્યથા આ.ચી.વ. અધિનિયમ હેઠળ તેમજ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩ હેઠળ સખ્ત પગલાં લેવામાં આવશે તેમજ ભાવનું બોર્ડ ધંધાના સ્થળે ગ્રાહકો સ્પષ્ટ જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૩) પરિશિષ્ટમાં જણાવેલ ૧૦૦૦ લીટરના ભાવ ટ્રાન્સપોર્ટ ભાડા સાથેના છે તેથી કોઈપણ વિક્રેતા બીજા વિક્રેતા પાસેથી ટ્રાન્સપોર્ટ ભાડું અલગથી લઈ શકશે નહીં તથા જે જે સેન્ટરોના જથ્થાબંધ ભાવો નક્કી કરેલ છે, તે સિવાયના સેન્ટરો પર એજન્ટ છુટક વિક્રેતાને પોતાની ટેન્કરમાં જથ્થો મોકલાવે ત્યારે છુટક વિક્રેતા માટે સ્લેબવાર જે ટ્રાન્સપોર્ટ ભાડું નક્કી કરેલ છે. તે દરે ટ્રાન્સપોર્ટ ભાડું (સ્થાનિક સિવાય) જે તે નક્કી કરાયેલ નજીકના સેન્ટરના (તાલુકા મુખ્ય મથક) ભાવ ઉપરાંત લઈ શકશે.

(૪) આ ભાવો કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી રસ્તા માર્ગે વહન થતાં કેરોસીનના છે.

(૫) કેરોસીનનાં જથ્થાબંધ ભાવોમાં એજન્ટનું કમિશન ગણત્રીમાં લેવામાં આવેલ છે. જે એજન્ટ ફોર્મ ૧૩ ધરાવતાં નથી તેમની પાસેથી ઓઈલ કંપની રૂા. ૪૩-૦૦ કી. લી. દીઠ ઈલાયદી રીતે વસુલ કરશે.

(૬) કેરોસીનના એજન્ટને કેરોસીનનાં પરિવહન માટે પર્યાપ્ત ખર્ચ ચુકવવામાં આવતો હોવાથી છુટક વિક્રેતા કે ફેરીયાને જથ્થાની ડીલીવરી વખતે વજનમાં મંજૂર થવા પાત્ર સિવાય કોઈપણ પ્રકારની અસામાન્ય ઘટ પાડવાની રહેશે નહિ.

(૭) કેરોસીનના એજન્ટોએ કેરોસીનના છુટક વિક્રેતાના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવાની રહેશે.

INDEX

પરિશિષ્ટ

તા. ૧-૬-૨૦૦૬ થી અમલમાં આવતા તાલુકા મુખ્ય મથકના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વેચાણ ભાવ અંગેનું પરિશિષ્ટ

અનુ. નંબર	તાલુકાનું નામ	એજન્ટે, જથ્થાબંધ / છુટક વિક્રેતાને વેચવાનો ભાવ		છુટક વિક્રેતા / હોકરોએ ગ્રાહકો પાસેથી ૧ લીટરનો લેવાનો ભાવ રૂા. માં				
		૧૦૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	૨૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	સ્થાનિક	સ્થાનીક સિવાય ૧૦ કિ.મિ. સુધી	૧૧ થી ૨૫ કિ. મિ. સુધી	૨૬ થી ૫૦ કિ. મિ. સુધી	૫૦ કિ.મિ. થી ઉપર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	ગોધરા	૯૧૯૩.૪૦	૧૮૩૮.૬૮	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૫૦	૯.૫૦
૨	કાલોલ	૯૦૮૦.૮૬	૧૮૧૬.૧૭	૯.૩૫	૯.૩૫	૯.૩૫	૯.૩૫	૯.૩૫
૩	હાલોલ	૯૦૨૪.૫૯	૧૮૦૪.૯૨	૯.૩૦	૯.૩૦	૯.૩૦	૯.૩૦	૯.૩૦
૪	જાંબુઘોડા	૯૧૬૭.૪૩	૧૮૩૩.૪૯	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૪૫	૯.૪૫
૫	શહેરા	૯૨૭૫.૬૩	૧૮૫૫.૧૩	૯.૫૫	૯.૫૫	૯.૫૫	૯.૫૫	૯.૫૫
૬	લુણાવાડા	૯૩૬૨.૨૦	૧૮૭૨.૪૪	૯.૬૫	૯.૬૫	૯.૬૫	૯.૬૫	૯.૬૫
૭	ઘોઘંબા	૯૧૨૮.૪૭	૧૮૨૫.૬૯	૯.૪૦	૯.૪૦	૯.૪૦	૯.૪૦	૯.૪૦
૮	સંતરામપુર	૯૪૯૬.૩૭	૧૮૯૯.૨૭	૯.૭૫	૯.૭૫	૯.૭૫	૯.૮૦	૯.૮૦
૯	મોરવા (હ)	૯૩૪૪.૮૯	૧૮૬૮.૯૮	૯.૬૦	૯.૬૦	૯.૬૦	૯.૬૫	૯.૬૫
૧૦	ખાનપુર	૯૪૭૦.૪૧	૧૮૯૪.૦૮	૯.૭૫	૯.૭૫	૯.૭૫	૯.૭૫	૯.૭૫
૧૧	કડાણા	૯૫૭૮.૬૧	૧૯૧૫.૭૨	૯.૮૫	૯.૮૫	૯.૮૫	૯.૮૫	૯.૮૫

ગોધરા, તારીખ ૩૦મી મે, ૨૦૦૬.

ડી. એચ. બ્રહ્મભટ્ટ,
કલેક્ટર પંચમહાલ,
ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 123

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI I] MONDAY, JUNE 12, 2006 / JYAISTHA 22, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૨૩૫૭/૨૦૦૬.—મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂઈએ હું કે. કે. વાગડીયા, જી.એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડિયાદ આગામી ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીઓ પુર્વેની પરિસ્થિતિને લક્ષમાં લેતાં, મને જિલ્લામાં (૧) નડિયાદ તાલુકાના યોગીનગર ગામ, કમળા ગામ, (૨) મહેમદાવાદ તાલુકાના દાજીપુરા ગામ, મોદજ ગામ, નવાગામ, ભુમાપુરા ગામ, ઘોડાસર ગામ અને સિહુંજ ગામ, (૩) બાલાસિનોર તાલુકાના લીંમડી ગામોના હદ વિસ્તારમાં જાહેર સુલેહ અને શાંતિ તથા સલામતી જાળવવા સારૂં માણસોના સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી સિવાય ખેડા જિલ્લામાં (૧) નડિયાદ તાલુકાના યોગીનગર ગામ, કમળા ગામ, (૨) મહેમદાવાદ તાલુકાના દાજીપુરા ગામ, મોદજ ગામ, નવાગામ, ભુમાપુરા ગામ, ઘોડાસર ગામ અને સિહુંજ ગામ, (૩) બાલાસિનોર તાલુકાના લીંમડી ગામોના હદ વિસ્તારમાં તારીખ ૧૦મી જુન, ૨૦૦૬ થી તારીખ ૧૪મી જુન, ૨૦૦૬ (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી અનઅધિકૃત રીતે ચાર કરતા વધુ. માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

અપવાદ :- આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાનયાત્રા. એસ. ટી. બસ અને રેલ્વેમાં મુસાફરી કરતા, ધાર્મિક સ્થળે પ્રાર્થના માટે જતા અગર સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫ (૩) અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ(૧)/૨૩૪૭/૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નો ૨૨મો) ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂઈએ હું કે. કે. વાગડીયા, જી.એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડિયાદ આગામી ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીઓ પુર્વેની પરિસ્થિતિને લક્ષમાં લેતાં, મને આ જિલ્લામાં નીચે જણાવેલા તાલુકાઓના ગામોમાં જાહેર સુલેહ અને શાંતિ તથા સલામતી જાળવવા સારૂં હથિયાર બંધી ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ (૧) નડિયાદ તાલુકાના યોગીનગર ગામ, કમળા ગામ, (૨) મહેમદાવાદ તાલુકાના દાજીપુરા ગામ, મોદજ ગામ, નવાગામ, ભુમાપુરા ગામ, ઘોડાસર ગામ અને સિહુંજ ગામ, (૩) બાલાસિનોર તાલુકાના લીંમડી ગામોના હદ વિસ્તારમાં તારીખ ૧૦મી જુન, ૨૦૦૬ થી તારીખ ૧૪મી જુન, ૨૦૦૬ (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

વિસ્તાર :- (૧) નડિયાદ તાલુકાના યોગીનગર ગામ, કમળા ગામ, (૨) મહેમદાવાદ તાલુકાના દાજીપુરા ગામ, મોદજ ગામ, નવાગામ, ભુમાપુરા ગામ, ઘોડાસર ગામ અને સિહુંજ ગામ, (૩) બાલાસિનોર તાલુકાના લીંમડી ગામોના હદ વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 124

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, JUNE 13, 2006 / JYAISTHA 23, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર પીઓએલ (૧)/૨૫૬૯/૨૦૦૬.--રાજય ચૂંટણી પંચના નિર્ધારીત કાર્યક્રમ અનુસાર ગ્રામ પંચાયતની પેટા-ચૂંટણીઓનું મતદાન ખેડા જિલ્લામાં તારીખ ૧૧મી જૂન, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. સદરહુ ચૂંટણી અને મતદાનની કાર્યવાહી તેમજ આચારસંહિતાની સુચનાઓ લક્ષમાં લઈ, જિલ્લામાં મતદાનના દિવસે, તમામ મતદાન મથકોના કેન્દ્રથી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મત ગણતરીના દિવસે તારીખ ૧૩મી જૂન, ૨૦૦૬ના રોજથી મત ગણતરી કેન્દ્રના વિસ્તાર અને તેની આસપાસના ૧૦૦ મીટર સુધી સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર તથા તેને આનુસંગિક ઈલેકટ્રીકલ ગેઝેટસ /એસેસરીઝ સાથે રાખવા તથા તેના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ અને આવશ્યક જણાય છે.

સબબ હું આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, ખેડા જિલ્લામાં મતદાન દિવસ તારીખ ૧૧મી જૂન, ૨૦૦૬ના રોજ મતદાન મથકના કેન્દ્રની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તેમજ મત ગણતરીના દિવસે તારીખ ૧૩મી જૂન, ૨૦૦૬ના રોજથી મત ગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મત ગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તાર અને તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર અને તેને આનુસંગિક ઈલેકટ્રીકલ ગેઝેટસ/એસેસરીઝ સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

શિક્ષા :- આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

૧. ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચૂંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યકિતઓ તથા ચૂંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીએ આ અર્થે અધિકૃત કરેલ તેવી બીજી વ્યકિતઓ.

૩. ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

આજ તારીખ ૭મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

INDEX

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર પીઓએલ(૧)/૨૫૮૧/૨૦૦૬.–રાજ્ય ચૂંટણીપંચના નિર્ધારીત કાર્યક્રમ અનુસાર ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીઓ પુર્વેની પરિસ્થિતિને લક્ષમાં લેતાં, તથા ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ આચાર સંહિતાના હાર્દના પરિપાલન, જાહેર સુલેહશાંતિ, જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની સુયોગ્ય જાળવણી તથા મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા માટે કેટલાંક ચોક્કસ કૃત્યો કરવાની મનાઈ ફરમાવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ખેડા જિલ્લાના (૧) નડીયાદ તાલુકાના યોગીનગર ગામ, કમળા ગામ, (૨) મહેમદાવાદ તાલુકાના દાજીપુરા ગામ, મોદજ ગામ, નવાગામ, ભુમાપુરા ગામ, ઘોડાસર ગામ અને સિહુંજ ગામ, (૩) બાલાસિનોર તાલુકાના લીમડી ગામોના મતદાન મથક વિસ્તારમાં તારીખ ૧૧મી જૂન, ૨૦૦૬ના રોજ નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યાવાળા વિસ્તારમાં ચૂંટણીનો પ્રચાર કરવો નહી કે પક્ષ/ઉમેદવારના ચૂંટણી ચિન્હો દર્શાવવા નહી.

(૨) નિર્ધારીત મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યાવાળા વિસ્તારની અંદર, ચૂંટણી પંચની સુચના અનુસાર છપાયેલ હોય તે સિવાયની ચોક્કસ ચૂંટણી ઉમેદવાર કે પક્ષની વિગતો દર્શાવતી બીનઅધિકૃત કાપલીઓનું મતદારોને વિતરણ કરવું નહિ.

(૩) હરિફ ઉમેદવાર, તેમના એજન્ટ અને કાર્યકરના ઉપયોગ સારૂં, મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યાવાળા વિસ્તારથી દુર એક ટેબલ અને બે ખુરશીઓથી વધારે ફર્નિચર ગોઠવવું નહી.

(૪) નિર્ધારીત મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યાવાળા વિસ્તારમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાયના વાહનોએ અવર-જવર કરવી નહિ.

અપવાદ :- ઉપરોક્ત અ. નં. ૪ વાળી બાબત ચુંટણી ફરજ પરના વાહન કે અધિકારીને લાગુ પડશે નહિ.

શિક્ષા :- આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર પીઓએલ(૧)/૨૫૯૩/૨૦૦૬.–રાજ્ય ચૂંટણીપંચ દ્વારા જાહેર કરવામાં આવેલ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીઓ પૂર્વેની પરિસ્થિતિને લક્ષમાં લેતાં, તથા ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ આચાર સંહિતાના હાર્દના પરિપાલન માટે તથા પરવાનેદાર હથિયાર ધારકો દ્વારા જાહેર જનતાને કોઈ ભય, ત્રાસ કે નુકસાન ન પહોંચે તેમજ જાહેર સલામતિ જળવાઈ રહે તથા સલામત, મુક્ત અને ન્યાયીક ચૂંટણી પ્રક્રિયા થઈ શકે તેવા હેતુસર કેટલાક ચોક્કસ કૃત્યો કરવાની મનાઈ ફરમાવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ખેડા જિલ્લાના (૧) નડીયાદ તાલુકાના યોગીનગર ગામ, કમળા ગામ, (૨) મહેમદાવાદ તાલુકાના દાજીપુરા ગામ, મોદજ ગામ, નવાગામ, ભુમાપુરા ગામ, ઘોડાસર ગામ અને સિહુંજ ગામ, (૩) બાલાસિનોર તાલુકાના લીમડી ગામોના હદ વિસ્તારમાં તારીખ ૧૦મી જૂન, ૨૦૦૬ થી તા. ૧૪મી જૂન, ૨૦૦૬ (બન્ને દિવસો સુદ્ધાંત) સુધી નામદાર ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાના અનુસંધાને નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારોએ જાહેર મિલ્કતો ઉપર ચૂંટણી જાહેરાત-પ્રચાર કરતા પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા, લખાણો વગેરે સંબંધિત સંસ્થા, કચેરી કે માલિકની સંમતિ/ધોરણસરની પરવાનગી સિવાય ચોંટાડવા નહિ કે લખવા નહિ કે લગાડવા નહિ. ચૂંટણી પ્રચાર અર્થે કોઈ કટઆઉટ, દરવાજા કે કમાનો ઉભા કરવા નહિ.

(૨) જાહેર સ્થળોએ સ્થાનિક સત્તાધિકારીની મંજૂરી પ્રમાણે નિયત રકમની ચુકવણીથી ચૂંટણી પ્રચાર માટેના હોર્ડિંગ્સ પ્રદર્શિત કરી શકાશે. પરંતુ, નામદાર ચૂંટણી પંચે હવે ચૂંટણીની જાહેરાત કરી દીધેલ હોઈ, આવી જગા કે હોર્ડિંગ્સની સાઈઝ હવે વિસ્તારી શકાશે નહિ કે ઘટાડી શકાશે નહિ.

(૩) કોઈપણ રાજકીય પક્ષે અને ઉમેદવારોએ કે તેમના ટેકેદારોએ અન્ય પક્ષોએ યોજેલ સભા અને સરઘસમાં અવરોધો ઉભા કરવાની કે તે સભા તોડવી નહિ. તેમજ એક રાજકીય પક્ષના કાર્યકરો કે સહાનુભૂતિ દર્શાવનારાઓએ બીજા રાજકીય પક્ષોએ યોજેલી જાહેરસભાઓમાં ઘર્ષણ સર્જાય તેવી રીતે મૌખિક કે લેખિત પ્રશ્નો પુછીને અથવા પોતાના પક્ષના ચોપાનીયાં વેચીને ખેલલ પહોંચાડવી નહિ તેમજ જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય, તેવા સ્થળોએ બીજા પક્ષોએ સરઘસ લઈ જવું નહિ તેમજ એક પક્ષે બહાર પાડેલ ભીંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દૂર કરવા નહિ.

(૪) હથિયાર ધારણ કરવા માટેનો પરવાનો ધરાવતી કોઈપણ વ્યકિત/પરવાનેદાર, પરવાના હેઠળનું હથિયાર પોતાની સાથે લઈને ચૂંટણી કાર્ય અને સભામાં ફરવું નહિ.

શિક્ષા :-

(૧) આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૨) ઉક્ત હુકમમાં જણાવેલ ખાનગી તેમજ જાહેર મિલ્કતના માલિકની લેખિતમાં પૂર્વ મંજૂરી વગર મિલ્કતનો બગાડ કે નુકસાન પહોંચાડશે, તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે તથા જાહેર કે ખાનગી મિલ્કતનો બગાડ અંગે તેઓ બગાડ કરનારના ખર્ચે સુધારવામાં આવશે અને તમામ ખર્ચ તેઓ પાસેથી વસુલ કરવામાં આવશે.

આજ તારીખ ૭મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 125

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, JUNE 14, 2006 / JYAISTHA 24, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૦/૨૦૦૬.– જિલ્લામાં તારીખ ૨૭મી જુન ૨૦૦૬ના રોજ આણંદ શહેર, બોરસદ, પેટલાદ, અડાસ અને ભાદરણ, ખંભાત શહેર, નાપાડ તળપદ તેમજ વિદ્યાનગર ખાતે રથયાત્રાના તહેવારની ઉજવણી કરવામાં આવનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૨જી જુન, ૨૦૦૬ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૫મી જુન, ૨૦૦૬ થી તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૭મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 126

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, JUNE 14, 2006 / JYAISTHA 24, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૧/૨૦૦૬.– આગામી તારીખ ૨૭મી જુન, ૨૦૦૬ના રોજ આણંદ શહેર, બોરસદ, પેટલાદ, અડાસ, ભાદરણ, ખંભાત શહેર, નાપાડ તળપદ તેમજ વિદ્યાનગર ખાતે રથયાત્રાના તહેવારની ઉજવણી કરવામાં આવનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૨જી જુન, ૨૦૦૬ના પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડિયા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ આપુ છું કે સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૫મી જુન, ૨૦૦૬ થી ૩૦મી જુન, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહિ. ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટાગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં..

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૭મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 127

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, JUNE 14, 2006 / JYAISTHA 24, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/વશી-૧૭૧૯/૨૦૦૬.– આગામી તારીખ ૧૧મી જુન, ૨૦૦૬ના રોજ ગ્રામ પંચાયતોના સરપંચો તથા વોર્ડ સભ્યોની પેટા ચૂંટણી યોજાનાર છે. તેમજ તારીખ ૧૩મી જુન, ૨૦૦૬ના રોજ માન. મહામહિમ રાજયપાલશ્રીનો ટીંટોઈ ગામે સંભવીત કાર્યક્રમ હોઈ ઉપરોકત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૮મી જુન, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૧૦મી જુન, ૨૦૦૬ થી ૨૪મી જુન, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૦મી જુન, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી જૂન, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૯મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/વશી-૧૭૧૯/૨૦૦૬.– આગામી તારીખ ૧૧મી જુન, ૨૦૦૬ના રોજ ગ્રામ પંચાયતોના સરપંચો તથા વોર્ડ સભ્યોની પેટા ચૂંટણી યોજાનાર છે. તેમજ તારીખ ૧૩મી જુન, ૨૦૦૬ના રોજ માન. મહામહિમ રાજયપાલશ્રીનો ટીંટોઈ ગામે સંભવીત કાર્યક્રમ હોઈ ઉપરોકત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૮મી જુન, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૧૦મી જુન, ૨૦૦૬ થી તારીખ ૨૪મી જુન, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૧૦મી જુન, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪મી જુન ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદૂક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૯મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 128

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JUNE 17, 2006 / JYAISTHA 27, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

નંબર એજીકે/ક્યુએલ/જાહેરનામું/૧૭૩૭/૨૦૦૬.–આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમ ધારો, ૧૯૬૬ના નિયમો અન્વયે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર ક્વોરીલીઝ હુકમ મુદત પુરી /રીવોક થયેલ વિસ્તાર જાહેર જનતા માટે ફરીથી ખુલ્લો મુકવા ગૌણ ખનિજ, ૧૯૬૬ના નિયમ-૧૮(૧) (સી) મુજબ ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું હોઇ, હું કલેક્ટર અને સક્ષમ અધિકારી ખેડાને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પરિશિષ્ટમાં ફરીથી ઉપલબ્ધ વિસ્તાર તરીકે જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખ પછીના ૩૦ દિવસ બાદ સરકારી કામકાજના દિવસની અસરથી જાહેર કરું છું. નિયત સમય પહેલા આવેલ અરજી અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

અ. નં.	નામ	ગામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર (હેક્ટરમાં)	ખનિજનું નામ
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	શ્રી બળદેવભાઈ મોતીભાઈ વણઝારા	કઠલાલ	કઠલાલ	વારાંશી નદી પટ	૨.૦૦.૦૦	રેતી
૨.	શ્રી ભરતકુમાર સોમનાથભાઈ રામી	ખેડા	ખેડા	વાત્રક નદી	૨.૦૦.૦૦	રેતી
૩.	શ્રી ગોપાજી કાનાજી વણઝારા	રસીકપુરા	માતર	વાત્રક નદી	૨.૦૦.૦૦	રેતી
૪.	શ્રી હરીશભાઈ કેશવલાલ પટેલ	પાલી	ઠાસરા	૧૨૨-અ પૈકી	૧.૦૦.૦૦	બ્લેકટ્રેપ

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
૫.	શ્રી મોહનભાઈ મોતીભાઈ વણઝારા	શાહપુર	કઠલાલ	વારાંશી નદીપટ	૧.૬૬.૪૦	રેતી
૬.	શ્રી. ડી. એસ. દલાલ	ઓથવાડ	બાલાશિનોર	૧૦૯૩ પૈકી	૧.૯૨.૦૦	બ્લેકટ્રેપ
૭.	શ્રી દશરથભાઈ ઇશ્વરભાઈ પટેલ	ઓથવાડ	બાલાશિનોર	૧૦૯૩ પૈકી	૧.૦૦.૦૦	બ્લેકટ્રેપ
૮.	શ્રી શકિત સ્ટોન કવોરી	ઓથવાડ	બાલાશિનોર	૧૦૯૩ પૈકી	૧.૦૦.૦૦	બ્લેકટ્રેપ
૯.	શ્રી સમીરભાઈ આર. પટેલ	ખેડા	ખેડા	વાત્રક નદી	૦.૬૪.૦૦	રેતી
૧૦.	શ્રી મહેશભાઈ રાવજીભાઇ પટેલ	જનોડ	બાલાશિનોર	મહી નદી	૨.૦૦.૦૦	ગ્રેવલ
૧૧.	શ્રી રાજેશકુમાર શાંતિભાઈ પટેલ	કાલસર	ઠાસરા	૬૨૨	૨.૦૦.૦૦	મુરમ
૧૨.	શ્રી ભારાજી દેવાજી વણઝારા	આમસરણ	કપડવંજ	મેશ્વો નદી	૨.૦૦.૦૦	રેતી
૧૩.	શ્રી શંકરભાઇ બબાભાઈ વણઝારા	આંબલીયારા	કપડવંજ	વારાંશી નદી	૨.૦૦.૦૦	રેતી
૧૪.	શ્રી બળદેવભાઈ મોતીભાઈ વણઝારા	સરખેજ	કઠલાલ	વાત્રક નદી	૩.૦૦.૦૦	રેતી
૧૫.	શ્રી ધેમલસિંહ મેલાભાઈ સોઢા પરમાર	ચેલાવત	કઠલાલ	વાત્રક નદી	૧.૬૦.૦૦	રેતી
૧૬.	શ્રી જસુભાઇ કાભઇભાઈ તળપદા	ખેડા	ખેડા	વાત્રક નદી	૧.૦૦.૦૦	રેતી
૧૭.	શ્રી હસમુખ કાળીદાસ વણઝારા	વાસણા	માતર	વાત્રક નદી	૦.૬૦.૦૦	રેતી
૧૮.	શ્રી જસુભાઈ કાભઇભાઈ તળપદા	હરીયાળા	ખેડા	વાત્રક નદી	૨.૦૦.૦૦	રેતી
૧૯.	શ્રી જીગરભાઈ કીરીટકુમાર શાહ	ઓથવાડ	બાલાશિનોર	૧૦૯૩ પૈકી	૨.૦૦.૦૦	બ્લેકટ્રેપ
૨૦.	શ્રી અબ્દુલહમીદ આસીનમીયા મલેક	ઓથવાડ	બાલાશિનોર	૧૦૯૩ પૈકી	૧.૩૬.૭૩	બ્લેકટ્રેપ
૨૧.	શ્રી કિરણકુમાર મનહરભાઈ પરીખ	પાલી	ઠાસરા	૧૨૨/અ	૩.૦૦.૦૦	બ્લેકટ્રેપ
૨૨.	શ્રી હીરેનભાઈ જયપ્રકાશ પંડયા	ઓથવાડ	બાલાસિનોર	૧૦૯૩ પૈકી	૩.૦૦.૦૦	બ્લેકટ્રેપ
૨૩.	પટેલ નયનાબેન રમાકાન્તભાઈ	ઓથવાડ	બાલાસિનોર	૧૦૯૩ પૈકી	૧.૦૦.૦૦	બ્લેકટ્રેપ

નડીયાદ, તારીખ ૨૩મી માર્ચ, ૨૦૦૬.

આર. આર. વરસાણી,
(આઇ.એ.એસ.)
કલેકટર, ખેડા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 129

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JUNE 17, 2006 / JYAISTHA 27, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૭૩૯/૨૦૦૬.–આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, તલોદ ખાતે ફાયરીંગ રેન્જ ઉપર ૨૨ ફાયરીંગ એન.સી.સી. કેડેટસ, તલોદ કોલેજઓને તારીખ ૧૪મી જુન ૨૦૦૬ થી ૨૩મી જુન ૨૦૦૬ સુધી દરરોજ સવારના કલાક ૮-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી ફાયરીંગ કરવા કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૩૪-ગુજરાત બટાલીયન એન. સી.સી. હિંમતનગરના પત્ર તારીખ ૬ઠ્ઠી જુન, ૨૦૦૬થી સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે આ બટની આજુબાજુ પ્રજાની સલામતી જળવાઈ રહે તે માટેનું જરૂરી જાહેરનામું બહાર પાડવા માગણી કરેલ છે. જેથી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, તલોદ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુના પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

આથી હું બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૦મા) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સાબરકાંઠા જિલ્લાના તલોદ તા. તલોદ ખાતે આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ૨૨ ફાયરીંગ રેન્જની પ્રેક્ટીસ એન. સી. સી. કેડેટસને કરાવવાની હોવાથી તલોદ તા. તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વિસ્તારની જમીનની આજુબાજુની વ્યક્તિઓએ ઉપરોક્ત જમીનની આજુબાજુના ૧.૬ કી. મી. ની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૧૪મી જુન, ૨૦૦૬ થી તારીખ ૨૩મી જુન, ૨૦૦૬ સુધી દરરોજ સવારના ૮-૦૦ કલાકથી બપોરના ૧૭-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહીં. તથા ઉક્ત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અને બિનઅધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ તારીખ ૧૪મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 130

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JUNE 17, 2006 / JYAISTHA 27, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો એક્ટ નં. ૨૨ માંની કલમ-૩૩ની પેટા કલમ (૧)ના ખંડ (બી) (સી) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/બી. પી. એક્ટ/મોડાસા/વશી-૧૨૪૪/૨૦૦૬.— મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ખંડ "(બી), (સી) અન્વયે જાહેરનામાનો મુસદ્દો સદરહું કલમ-૩૩ની પેટા કલમ-(૬)થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાની હોય તેવી સઘળી વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિના પછી જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા સદરહું મુસદ્દો વિચારણામાં લેશે.

સદરહું મુસદ્દાના સબંધમાં જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠાને ઉપરોક્ત મુદત પુરી થતાં પહેલાં કોઈ વાંધો કે સુચનો મળશે તેને વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

સાબરકાંઠા જિલ્લાના મોડાસા શહેરમાં શામળાજીથી ધનસુરા જતા હાઈવે રોડ પર દિન પ્રતિદિન ટ્રાફીક વધતો જતો હોવાથી તેમજ ભારે વાહનોના ઘસારાના કારણે અવારનવાર અકસ્માતો થતા રહે છે. તેમજ વારંવાર ટ્રાફીક જામ થઈ જાય છે. આ હાઈવેની નજીકના સ્થાનિક રહેવાસીઓ પણ આ રોડ ઉપર ભારે વાહનોના ટ્રાફીકના કારણે અકસ્માતો થવાની સંભાવના પરત્વે ઘણા જ ચિંતિત રહે છે. ટ્રાફીક નિયમન માટે પોલીસ તંત્ર દ્વારા આયોજન થાય છે. પરંતુ ભારે વાહનોના વ્યાપક ઘસારાના કારણે મુશ્કેલી રહે છે. જેથી ટ્રાફીક નિયમન અને જાહેર સલામતીને લક્ષમાં લઈ મોડાસા શહેરમાં નીચે મુજબના રસ્તાઓ પરથી સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, મેટાડોર, વિગેરેના પ્રવેશ પર તથા ઉભા રાખવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે. સદરહું જાહેરનામા માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાની દરખાસ્તને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મોડાસાએ સમર્થન કરેલ છે.

વાસ્તે હું, બી. એચ. ઘોડાસરા, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ની બાબત (બી) અને (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ મોડાસા શહેરના નીચે જણાવેલ રસ્તાઓ પર દરરોજ સવારના ૮-૦૦ કલાકથી રાત્રીના ૨૦-૦૦ કલાક દરમ્યાન ભારે જેવા કે, ટ્રક ટેમ્પો, મેટાડોર વિગેરે વાહનોને પ્રવેશ કરવા કે ઉભા રાખવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ સરકારી વાહનોને લાગુ પડશે નહીં.

પ્રવેશ માટે પ્રતિબંધ :-

મોડાસા શહેરમાં શામળાજી-ધનસુરા હાઈવે પરથી પસાર થતા ભારે વાહનોને મોડાસા શહેરમાંથી પસાર થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ડાયવર્ઝન :-

(૧) શામળાજી થી ધનસુરા જતા ભારે વાહનો બાયપાસ કર્ણ પેટ્રોલપંપ થી મેઘરજ રોડ થઈ માલપુર રોડથી રાણા સૈયદ ગામે નીકળશે.

(૨) ધનસુરા તરફથી શામળાજી જતા વાહનો રાણા સૈયદ ગામે થઈ બાયપાસ રોડ માલપુર રોડ થઈ મેઘરજ રોડ થઈ કર્ણ પેટ્રોલપંપ (બાયપાસ) નીકળશે.

(૩) માલપુર તરફથી આવતા ભારે વાહનો બારોબાર બાયપાસ રોડે બંને બાજુ નીકળશે. જયારે માલપુર તરફ જતા બંને બાજુના વાહનો બાયપાસ રોડે માલપુર તરફ જશે.

આ હુકમ ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

આજ તારીખ ૧૪મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 131

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JUNE 17, 2006 / JYAISTHA 27, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૫૪૦૧ થી ૫૪૦૫/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૬મી જુન, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 132

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, JUNE 20, 2006 / JYAISTHA 30, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

જાહેરનામા ક્રમાંક નં. ઉમક/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ-૧૪/૩૬૪૯/૨૦૦૬.— જે અર્થે કલેક્ટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ/૧૦૮૭/લે/૪-૯-૯૩, જે અન્વયે મે. પુંજ ઈન્ટરનેશનલ પ્રા. લી.ને મોજે તરસંગ, તાલુકો શહેરાના સર્વે નંબર ૩૭૫ પૈકી ૦૦-૫૦-૦૦ હેક્ટર વિસ્તારમાંથી ગ્રેનાઈટ ખનીજ કાઢવા ૧૦ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૪-૯-૯૩થી મંજુર કરી આપવામાં આવેલ હતું. ''મંજુરી હુકમ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૩થી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી''.

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપક્વ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેક્ટરમાં)
૧	૨	૩	૪	૫
તરસંગ	શહેરા	પંચમહાલ	૩૭૫ પૈકી	૦-૫૦-૦૦

ગોધરા, તારીખ ૧૩મી જૂન, ૨૦૦૬.

એ. એસ. સુતરીયા, (I.A.S.)
કલેક્ટર, પંચમહાલ,
ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 133

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, JUNE 22, 2006 / ASADHA 1, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨મો) ની કલમ-૩૩ (૧) (સી) મુજબ.

નંબર જેલ/પોલ/વશી/૧૪૨૪ થી ૩૦/ ૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨મો) ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (સી) થી જાહેર જનતાની સગવડ તેમજ ટ્રાફિકના સુચારૂ સંચાલન સારૂ મહેસાણા નગરપાલિકા વિસ્તારમાં નીચેના મુખ્ય રોડને ''નોન હોકર્સ ઝોન'' જાહેર કરવા જાહેરનામાનો પ્રાથમિક ખરડો તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો.

(૧)	રાજમહેલ રોડ	રેલ્વે સ્ટેશનથી ડી. એસ. પી. ઓફિસના ગેટ સુધી.
(૨)	સ્ટેશન રોડ	રેલ્વે સ્ટેશનથી સાંકાભાઈ શેઠ કોમ્પલેક્ષ સુધી.
(૩)	એસ. ટી. વર્કશોપ રોડ	ભમરીયા નાળાથી મોઢેરા ચાર રસ્તા સુધી.
(૪)	હૈદરી ચોક	મહેસાણા ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંકથી હૈદરી ચોક સુધી.
(૫)	મહાત્મા ગાંધી બાગ પાસેનો રોડ	મહાત્મા ગાંધી બાગ કોર્નરથી જી. ઈ. બી. સુધી.

સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના પ્રાથમિક ખરડા સંબંધમાં વાંધા અરજીઓ આવેલ હતી. સદરહું વાંધા અરજીઓ લગત સ્થળ સ્થિતિ અને રજુઆતનો પ્રાથમિક અહેવાલ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા મારફત મોકલી આપવા ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા મહેસાણાને જણાવેલ. જે લગત સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણાએ ઉપરોકત દર્શાવેલ જગ્યાએ/ વિસ્તારમાં નાસ્તાની તેમજ શાકભાજીની તેમજ અન્ય છુટક ધંધા માટે લારીઓ ઉભી રહે છે તેમજ પાથરણા મુકી નાના છુટક ધંધા કરવામાં આવતા હોઈ ઉપરોકત વિસ્તારમાં લોકો દ્વારા ખરીદી કરવા ભીડ થતી હોઈ તેમજ લીલી શાકભાજીઓ તેમજ ફળોનો વેપાર થતો હોઈ સ્થળે રખડતા ઢોર ઢાંખરને લીધે સુચારૂ રીતે ટ્રાફિકનું સંચાલન કરવાનું અવરોધરૂપ થાય છે તેવો અભિપ્રાય આપેલ છે. રજુ થયેલ વાંધા અરજીઓ જાહેર વ્યવસ્થા અને ટ્રાફિકના સંચાલનની બાબત જોતાં સ્વીકારવા પાત્ર જણાયેલ નથી. જેથી વાંધાઓ અમાન્ય ગણી હવે આ બાબતે આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું થાય છે.

વાસ્તે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨મો)ની કલમ-૩૩ની પેટાકલમ-(૧) (સી) થી મને મળેલ સત્તાની રૂએ હું, મનીષ ભારદ્વાજ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ઉકત વિસ્તારોને ટ્રાફિકની સમસ્યા ધ્યાને લઈ તેના નિરાકરણ અર્થે સદર સ્થળોને ''નોન હોકર્સ ઝોન'' જાહેર કરવા આદેશ કરૂ છું.

આજ તારીખ ૧૬મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 134

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, JUNE 22, 2006 / ASADHA 1, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨માં)ની કલમ-૩૩ (૧) (સી) મુજબ.

નંબર જેલ/પોલ/વશી/૧૪૧૦ થી ૧૬/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (સી) મુજબ બહાર પાડવા વિચારેલ જાહેરનામાનો ખરડો ઉકત અધિનિયમની ઉકત કલમ-૩૩ની પેટા કલમ-૬ મુજબ તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે, આથી નોટીસ આપવામાં આવે છે કે, સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧ (એક) માસ પુરો થયા બાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ઉકત ખરડો વિચારણામાં લેશે.

જાહેરનામાનો ખરડો

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧) (સી) થી મને મળેલ સત્તાની રૂએ હું જી. સી. બ્રહ્મભટ્ટ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, કડી શહેરમાં કડી નગરપાલિકા દ્વારા રેલ્વે સ્ટેશનેથી અમદાવાદી દરવાજા (ટાવરસુધી)ના રોડને ગૌરવ પથ તરીકે વિકસાવેલ છે. જે રોડ ઉપર પાથરણા, લારીઓ, ફેરિયાઓ વિગેરે બિનઅધિકૃત રીતે ઉભા ન રહે તે માટે કડી રેલ્વે સ્ટેશનથી અમદાવાદી દરવાજા (ટાવરસુધી) ના વિસ્તારને ટ્રાફિકની સમસ્યા ઉભી ન થાય તે માટે ''નો હોકર્સ ઝોન'' જાહેર કરવા આદેશ કરૂ છું.

આજ તારીખ ૧૬મી માહે જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨માં) ની કલમ-૩૩ (૧) (સી) મુજબ.

નંબર જેલ/પોલ/વશી/૧૪૧૭ થી ૨૩/૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માં)ની કલમ-૩૩ (૧) (સી) થી જાહેર

INDEX

જનતાની સગવડ તેમજ ટ્રાફિકના સુચારૂ સંચાલન સારૂ મહેસાણા નગરપાલિકા વિસ્તારમાં નીચેના મુખ્ય રોડને "નો પાર્કિંગ ઝોન" જાહેર કરવા જાહેરનામાનો પ્રાથમિક ખરડો તેનાથી અસર પહોંચવાનો સંભવ હોય તેવા તમામની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો.

(૧) ટી. જે, હાઈસ્કુલથી નવા ફુવારા સુધી.

(૨) એસ. ટી. બસ સ્ટેન્ડથી ફુવારા સુધી.

(૩) તોરણવાળી માતાનો ચોક વિસ્તાર.

(૪) નગરપાલિકા બજાર ઢાળ વિસ્તાર.

(૫) અરવિંદબાગ આગળનો વિસ્તાર.

(૬) એમ. જી. માર્કેટની પાછળ આવેલ દુકાનોની આગળનો રસ્તો.

સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના પ્રાથમિક ખરડા સંબંધમાં વાંધા અરજીઓ આવેલ હતી. સદરહું વાંધા અરજીઓ લગત સ્થળ સ્થિતિ અને રજુઆતનો પ્રાથમિક અહેવાલ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા મારફત મોકલી આપવા ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા મહેસાણાને જણાવેલ. જે લગત સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણાએ ઉપરોકત દર્શાવેલ જગ્યાએ/ વિસ્તારમાં નાસ્તાની તેમજ શાકભાજીની તેમજ અન્ય છુટક ધંધા માટે લારીઓ ઉભી રહે છે તેમજ પાથરણા મુકી નાના છુટક ધંધા કરવામાં આવતા હોઈ ઉપરોકત વિસ્તારમાં લોકો દ્વારા ખરીદી કરવા ભીડ થતી હોઈ તેમજ લીલી શાકભાજીઓ તેમજ ફળોનો વેપાર થતો હોઈ સ્થળે રખડતા ઢોર ઢાંખરને લીધે સુચારૂ રીતે ટ્રાફિકનું સંચાલન કરવાનું અવરોધરૂપ થાય છે તેવો અભિપ્રાય આપેલ છે. રજુ થયેલ વાંધા અરજીઓ જાહેર વ્યવસ્થા અને ટ્રાફિકના સંચાલનની બાબત જોતાં સ્વીકારવા પાત્ર જણાયેલ નથી. જેથી વાંધાઓ અમાન્ય ગણી હવે આ બાબતે આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું થાય છે.

વાસ્તે, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (સી) થી મને મળેલ સત્તાની રૂએ હું, જી. સી. બ્રહ્મભટ્ટ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ઉકત વિસ્તારોને ટ્રાફિકની સમસ્યા ધ્યાને લઈ તેના નિરાકરણ અર્થે સદર સ્થળોને પાર્કિંગના હેતુ સારૂ પ્રતિબંધિત જાહેર કરવા આદેશ કરૂ છું.

આજ તારીખ ૧૬મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 135

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, JUNE 22, 2006 / ASADHA 1, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨માં) ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર પીઓએલ/વશી/૧૪૩૪ થી ૬૩/૨૦૦૬.-આગામી દિવસોમાં આષાઢી બીજની "રથયાત્રા" તથા રક્ષાબંધન, સ્વાતંત્ર્યદિન, જન્માષ્ટમી જેવા તહેવાર હોઈ તેમજ વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે મહેસાણા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવાઈ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે. જેથી આગામી તહેવારો તેમજ વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને આ જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રુઈએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૦મી જૂન, ૨૦૦૬ના કલાક ૦૮-૦૦ કલાકથી તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે, એકઠા કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે, ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે, જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારી કે અશ્લિલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

INDEX

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા-વિસનગર/એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ, તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

(૩) ઉપરોક્ત-(૨) સિવાય અન્ય કિસ્સાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી વ્યકિતઓને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ. પી. સી. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 136

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, JUNE 23, 2006 / ASADHA 2, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ) અન્વયે.

નંબર એ.જી./બી.એચ./૩૧૮૫/૨૦૦૬.–આથી ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૧ અન્વયે નીચેની અનુસૂચિમાં જણાવેલ વિગત બ્લેકટ્રેપ/રેતી/માટી/ખનીજના કવોરીલીઝ રીવોક/રીન્યુઅલ/નામંજુરી મુદત પુરી થતાં સદરહુ વિસ્તાર જાહેરનામાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ અમલમાં આવે તે રીતે ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ) મુજબ ફરીથી કવોરીલીઝ માટે ફેર ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

અનુસૂચિ

અનુ. નંબર	અરજદારનું નામ	ખનીજ	ગામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર હે.આર.ચો.મી.	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	દિલીપસિંહ પ્રવિણસિંહ રાજ	સા. રેતી	શુકલતીર્થ	ભરૂચ	૧૭૧ ની લાગું નર્મદા નદી	૪-૯૦-૦૦	મુદત પુર્ણ થવાથી

ભરૂચ, તારીખ ૫મી જૂન, ૨૦૦૬.

ડૉ. એસ. મુરલી ક્રીષ્ના, I.A.S.
કલેકટર, ભરૂચ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 137

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI I] WEDNESDAY, JUNE 28, 2006 / ASADHA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧માંની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેર.ના.ક.૩૭(૩)/વશી/૨૫૯૨ થી ૨૬૨૭/૨૦૦૬.—ચાલુ માસમાં તારીખ ૨૭મી જુન, ૨૦૦૬ના રોજ રથયાત્રાનો તહેવાર આવે છે. જે તહેવાર નિમિત્તે પાટણ તથા સિધ્ધપુર શહેરમાં રથયાત્રા નીકળનાર છે. આથી, આ તહેવાર દરમિયાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી પાટણે મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧માંની કલમ-૩૭ (૩) અન્વયે કોઇપણ મંડળી કે સરઘસમાં ચાર કરતાં વધારે વ્યકિતઓની મંડળી માટે મનાઇ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૩મી જુન, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇ સ્મશાન યાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨)ની કલમ- ૩૭ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧માંની કલમ-૩૭ (૧)મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામાં ક. ૩૭(૧)/વશી/૨૬૨૮ થી ૨૬૫૮/૨૦૦૬.–ચાલુ માસમાં તારીખ ૨૭મી જુન, ૨૦૦૬ના રોજ રથયાત્રાનો તહેવાર આવે છે. જે તહેવાર નિમિત્તે પાટણ તથા સિધ્ધપુર શહેરમાં રથયાત્રા નીકળનાર છે. આથી, આ તહેવાર દરમિયાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧માંની કલમ-૩૭ (૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨૩મી જુન, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહિ કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે, એકઠા કરવાની કે, સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતીનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની, તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ/ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાટણ/રાધનપુર/ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાટણ/વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ,/ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને:

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 138

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, JUNE 28, 2006 / ASADHA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ-૧૮૪ હેઠળ.

નંબર પીઓએલ/એમ. વી. એક્ટ/જા. નામું / વશી-૧૭૫૪/૨૦૦૬ —સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતા રાજય ધોરી માર્ગો અને રાષ્ટ્રીય ધોરી માર્ગો ઉપર અકસ્માતોના વધી રહેલ પ્રમાણ તેમજ વાહન ચાલકો અને પ્રજાના જાનમાલની સુરક્ષાને ધ્યાને રાખી આવા અકસ્માતોનું પ્રમાણ ઘટે તેમજ પ્રજાના જાનમાલની સલામતી જળવાય તે માટે આવા માર્ગો પર ચાલતા યાંત્રીક વાહનોની ઝડપ પર નિયંત્રણ માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ જિલ્લામાં પસાર થતા માર્ગો ઉપર સ્થળવાઈઝ અકસ્માતના પ્રમાણ દર્શાવી તારીખ ૮મી જુન, ૨૦૦૬ના પત્ર નં. ટ્રાફીક જા.નામું/૯૩૦૧/૦૬ અન્વયે ગતિ મર્યાદાનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા હિંમતનગર, મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ની કલમ-૧૧૨. તથા ગુજરાત મોટર વ્હીકલ એક્ટ રૂલ્સ-૧૮૪ થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે અત્રેના જિલ્લાના નીચેના કોષ્ટકવાર સ્ટેટ હાઈવે/નેશનલ હાઈવે પરથી પસાર થતા વાહનો દ્વારા અકસ્માત ન સર્જાય અને વાહન ચાલકો તેમજ પ્રજાની સલામતી જળવાય તે માટે કોષ્ટકના કોલમ-૫ માં જણાવ્યા મુજબ વાહનોની ગતિ જણાવેલ સ્થળો-વિસ્તારમાં રાખવા અથવા તે મુજબ ગતિમર્યાદા અનુસરવાની રહેશે.

અનું. નંબર	રોડનો પ્રકાર	કયા પો. સ્ટેશનનો વિસ્તાર છે.	કયાંથી કયાં સુધી	પ્રતિ કલાકે વાહનોની ગતિ મર્યાદાની વિગત
૧	૨	૩	૪	૫
૧	નેશનલ હાઈવે	પ્રાંતિજ	મજરાથી દલપુર	૪૦ કી. મી.
૨	નેશનલ હાઈવે	હિંમતનગર ટાઉન	સાબરડેરીથી સહકારી જીન ચાર રસ્તા.	૪૦ કી. મી.
૩	નેશનલ હાઈવે	ગાંભોઈ	આગીયોલથી રાયગઢ	૪૦ થી ૫૦ કી. મી.

INDEX

અનું. નંબર	રોડનો પ્રકાર	કયા પો. સ્ટેશનનો વિસ્તાર છે.	કયાંથી કયાં સુધી	પ્રતિ કલાકે વાહનોની ગતિ મર્યાદાની વિગત
૧	૨	૩	૪	૫
૪	નેશનલ હાઈવે	મોડાસા રૂરલ	રાજેન્દ્રનગર ચોકડી દાવલી	૪૦ થી ૫૦ કી. મી.
૫	નેશનલ હાઈવે	શામળાજી	સુનોખથી નાંદીસણ પાટીયા	૪૦ થી ૫૦ કી. મી.
૬	નેશનલ હાઈવે	શામળાજી	સર્વોદય ચાર રસ્તાથી જુના સેલટેક્ષ ઓફિસ	૪૦ કી. મી.
૭	સ્ટેટ હાઈવે	હિંમતનગર ટાઉન	મહેતાપુરાથી સ્પીનીંગ મીલ	૪૦ કી. મી.
૮	સ્ટેટ હાઈવે	જાદર	હિંગરાજથી દરામલી ગામના સ્ટેન્ડ	૪૦ કી. મી.
૯	સ્ટેટ હાઈવે	ઈડર	નેત્રામલીથી ગંભીરપુરા	૪૦ કી. મી.
૧૦	સ્ટેટ હાઈવે	વડાલી	વડાલી ટાઉન રોડ	૩૦ કી. મી.
૧૧	સ્ટેટ હાઈવે	ખેડબ્રહ્મા	જુની રઘુછાયા હોટલથી હોટલ સાંઈનાથ	૩૦ કી. મી.
૧૨	સ્ટેટ હાઈવે	ખેડબ્રહ્મા	હીંગટીયા વળાંકની બંને બાજુ બે બે કિ.મી. ના અંતરે	૪૦ કી. મી.
૧૩	સ્ટેટ હાઈવે	મોડાસા રૂરલ	મોટી ઈસરોલથી ગાજણ પાટીયા	૪૦ કી. મી.
૧૪	સ્ટેટ હાઈવે	મોડાસા ટાઉન	જીઆઈડીસી મોડાસાથી કોલીખડ પાટીયા	૩૦ કી. મી.
૧૫	સ્ટેટ હાઈવે	ધનસુરા	ધનસુરા ટાઉન રોડ	૩૦ કી. મી.
૧૬	સ્ટેટ હાઈવે	બાયડ	બાયડ ટાઉન રોડ	૩૦ કી. મી.
૧૭	સ્ટેટ હાઈવે	ભિલોડા	રીંટોડા પાટીયાથી ખલવાડ	૪૦ કી. મી.
૧૮	સ્ટેટ હાઈવે	ધનસુરા તથા તલોદ	વડાગામથી હરસોલ ત્રણ રસ્તા	૪૦ કી. મી.
૧૯	સ્ટેટ હાઈવે	મેઘરજ	કુંભારીયા પાટીયાથી મેઘરજ ગેબી માતાજી મંદિર	૪૦ કી. મી.
૨૦	સ્ટેટ હાઈવે	મેઘરજ	મોઘરજ ત્રણ રસ્તાથી સીસોદરા પાટીયા	૪૦ કી. મી.

આ આદેશ સરકારી વાહનોને લાગુ પડશે નહિ.

આજ તારીખ ૨૨મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 139

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, JUNE 29, 2006/ASADHA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/વશી-૧૮૭૮/૨૦૦૬.- આગામી તારીખ ૨૭મી જુન, ૨૦૦૬ના રોજ રથયાત્રાનો તહેવાર ઉજવવામાં આવનાર છે તેમજ તારીખ ૨૭મી જુન ૨૦૦૬ના રોજ હિંમતનગર નાગરિક સહકારી બેંક લી. ના ચેરમેનશ્રી ચૂંટણી યોજનાર છે અને મતગણતરી તે જ દિવસે થનાર છે. જેથી ઉપરોક્ત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૨૩મી જુન, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૨૫મી જુન, ૨૦૦૬ થી ૮મી જુલાઈ, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૬મી જુન, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ,૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૩મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/વશી-૧૮૭૮/૨૦૦૬.– આગામી તારીખ ૨૭મી જુન, ૨૦૦૬ના રોજ રથયાત્રાનો તહેવાર ઉજવવામાં આવનાર છે. તેમજ તારીખ ૨૭મી જૂન, ૨૦૦૬ના રોજ હિંમતનગર નાગરિક સહકારી બેંક લી. ના ચેરમેનશ્રી ચૂંટણી યોજનાર છે અને મતગણતરી તે જ દિવસે થનાર છે. જેથી ઉપરોકત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૨૩મી જુન, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૨૫મી જુન, ૨૦૦૬ થી ૮મી જુલાઈ, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૬મી જુન, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૮મી જુલાઈ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૩મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 140

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, JUNE 29, 2006/ASADHA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૨૮૨૪/૨૦૦૬.–તારીખ ૧૮મી જુન ૨૦૦૬ના રોજ સવારે ૦૭-૦૦ કલાક થી તારીખ ૨૦મી જુન, ૨૦૦૬ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી ડાકોર-ઠાસરા રેલ્વે માર્ગ પર આવેલ કી. મી. ૩૦/૧-૨ રેલ્વે ફાટક નં. ૩૩/બી માં સુધારા-વધારા અને સમારકામ થવાનું હોઈ, સદરહુ રસ્તા પરથી પસાર થતો તમામ ટ્રાફિક સમારકામ ચાલે તેટલો સમય પુરતો બંધ રાખવા સીનીયર સેકશન એન્જીનીયર (રેલ પથ), પ્રથમ, પશ્ચિમ રેલ્વે, આણંદ તરફથી તારીખ ૧૨મી જુન, ૨૦૦૬ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૮મી જુન, ૨૦૦૬ના રોજ સવારે ૦૭-૦૦ કલાકથી તારીખ ૨૦મી જુન, ૨૦૦૬ના રોજ રાત્રીના ૨૪-૦૦ કલાક સુધી ડાકોર-ઠાસરા રેલ્વે માર્ગ પર આવેલ કી. મી. ૩૦/૧-૨ રેલ્વે ફાટક નં. ૩૩/બી વાળા રસ્તાનો ઉપયોગ કરવા સબંધી પ્રતિબંધ ફરમાવું છું તેમજ રસ્તાના ઉપયોગ સબંધે નીચે મુજબ વૈકલ્પિક વ્યવસ્થા ફરમાવું છું.

ડાકોર-ઠાસરા રેલ્વે સ્ટેશન વચ્ચે આવેલ કી. મી. ૩૦/૧-૨ રેલ્વે ફાટક નં. ૩૩/બી પરથી પસાર થતો તમામ વાહનવ્યવહાર રેલ્વે ફાટક નં. ૩૫, ૩૬ અને ૩૭, ડાકોર-ઠાસરા સ્ટેશન વચ્ચે કી. મી. ૩૧/૨-૩, ૩૧/૧૨-૧૩ અને ૩૨/૨-૩ ઉપરથી પસાર થશે.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ઉકત અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રસ્તા પરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ સીનીયર સેકશન એન્જીનીયર (રેલ પથ), પ્રથમ, પશ્ચિમ રેલ્વે, આણંદ તરફથી મુકવાના રહેશે તથા તે અંગે જરૂરી સાથ સહકાર પોલીસ ખાતાને આપવાનો રહેશે.

આજ તારીખ ૧૭મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 141

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JULY 1, 2006 / ASADHA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ત) મુજબનું.

નંબર ડીસી/એમએજી/જાહેરનામું/એસ.આર.-૨૦/૨૦૦૬.– માછલીઓમાં મોટાભાગની માછલીઓનું પ્રજનન વર્ષમાં એકવાર થાય છે અને તે ચોમાસા સાથે સંકળાયેલું હોય છે. આથી ચોમાસાની ઋતુમાં ઇંડા આપનાર આવી માછલીઓ અને તેઓના બચ્ચાની સુરક્ષા કરવી જરૂરી છે. મત્સ્ય સંવર્ધન દરમ્યાન માછીમારી ન થાય તે ઘણું જ જરૂરી છે. મત્સ્ય સંવર્ધન ઋતુ દરમ્યાન માછીમારી ઉપર પ્રતિબંધ મુકવાથી માછલીની સંખ્યામાં વધારો થાય છે. અને નાના બચ્ચાનો ઉછેર સારી રીતે થઇ શકે છે. આથી હું શ્રી એમ. ડી. મોડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨ મો અધિનિયમ)ની કલમ-૩૩ની પેટા કલમ (૧) (ત) થી મળેલ અધિકારીની રૂએ અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં આવેલ પાણીના કોઇપણ સ્થળો સાધનો કે જગ્યા (નદી, તળાવો, દરીયો વગેરે)માંથી માછલાં મારવા કે પકડવા પર તા. ૨૭મી જૂન, ૨૦૦૬ થી તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૦૬ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી અધિનિયમ, (સને ૧૮૬૦નો અધિનિયમ ક્રમાંક ૪૫)ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬ માહે જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરેલ છે.

એમ. ડી. મોડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 142

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JULY 1, 2006 / ASADHA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ધી મોટર વેહીકલ્સ એકટ-૧૯૮૮ની કલમ-૧૧૨ (૨) તથા ગુજરાત મોટર વેહીકલ્સ રૂલ્સ-૧૯૮૯ના રૂલ ૧૮૪ અન્વયેનો.

નંબર પીઓએલ/(૧)/૩૦૦૫/૨૦૦૬ –ખેડા જિલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે, અને એકસપ્રેસ-વે ઉપરથી પસાર થતા વાહનો દ્વારા અકસ્માતો ન સર્જાય અને વાહન ચાલકો તેમજ પ્રજાના જાનમાલને હાની ન પહોંચે તે આશયથી ખેડા જિલ્લાના સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે, અને એકસપ્રેસ-વે ઉપર ચાલતા યાંત્રિક વાહનોની ઝડપ ઉપર નિયંત્રણ રાખવાની જરૂર હોઈ, પોલીસ અધિશ્રકશ્રી,ખેડા-નડિયાદે તેઓના પત્ર નં. ગનહ /આરબી/૧૪૦૯૨/૨૦૦૬, તારીખ ૧૭મી જૂન ૨૦૦૬ થી વાહનોની ગતિ મર્યાદા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદની સદરહુ દરખાસ્ત ઉચિત અને આવશ્યક હોવાનું જણાય છે.

વાસ્તે, હું આર. આર. વરસાણી, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ધી મોટર વેહીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ-૧૧૨ (૨) તથા ગુજરાત મોટર વેહીકલ્સ રૂલ્સ-૧૯૮૯ ના રૂલ-૧૮૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાની હદવિસ્તારમાંથી પસાર થતા નીચેની અનુસૂચિ-૧ અને ૩માં જણાવેલ સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે, અને એકસપ્રેસ-વે ઉપર વાહનોના ચાલકોને અનુસૂચિ-૨ અને ૪માં જણાવેલ ગતિ મર્યાદા અનુસરવા ફરમાવું છું.

અનુસૂચિ-૧

ખેડા જિલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવે

અ. નં.	રસ્તાનું નામ	લંબાઈ (કી. મી.)
૧	અમદાવાદ-કુહા-કઠલાલ-બાલાસિનોર-દેવ-લુણાવાડા-સંતરામપુર-ઝાલોદ રાજ્ય હદ સુધી (એસ. એચ. નંબર-૨) બાલાસિનોર-દેવ-નામનાર રોડ કી. મી. ૮૪/૫ થી ૯૯/૪	૧૪.૮૦
૨	અમદાવાદ-મહેમદાવાદ-નડીયાદ રોડ કી. મી. ૧૬/૪ થી ૪૫/૮ (એસ. એચ. નં. -૩)	૨૯.૬૬
૩	નડીયાદ-લીંગડા-ઉમરેઠ-ડાકોર-ઠસરા-ગોધરા-કઠવાડા-જાંબવા રોડ કી. મી. ૫૭/૬ થી ૯૧/૦ (ડાકોર સુધી કી. મી. ૮૬.૦ થી ૧૧૨/૦૫ (એસ. એચ. નં. ૧૨)	૪૦.૬૫

INDEX

અ. નં.	રસ્તાનું નામ	લંબાઈ (કી. મી.)
૪	બગોદરા-રસીકપુરા-ધોળકા-ખેડા-ખંભાત રોડ કી. મી. ૩૬/૬ થી ૮૪/૦ (એસ. એચ. નં. ૧૬)	૪૫.૪૦
૫	નડિયાદ-મહુધા-કઠલાલ-કપડવંજ-મોડાસા ટુ રાયગઢ રોડ (એસ. એચ. નં. ૫૯) કી. મી. ૦/૦ થી ૬૨/૪૬૨.૪૦	
૬	ખેડા-મહેમદાવાદ-મહુધા-ડાકોર-ઉમરેઠ-ભાલેજ-આણંદ-વડતાલ રોડ કી. મી. ૦/૦ થી ૩૦/૧૫૦ અને કી. મી. ૩૦/૧૫૦ થી ૫૭/૩૫ (એસ. એચ. નં. ૬૦)	૫૭.૩૫
૭	મહેમદાવાદ લીંક રોડ કી. મી. ૦/૦ થી ૨/૦	૨.૦૦
૮	નડિયાદ-ભુમેલ-રોડ કી. મી. ૫૧/૬ થી ૬૫/૮૭ (એસ. એચ. નં. ૬૧)	૧૪.૨૭
૯	ઉમરેઠ-ઓડ-સારસા-આણંદ-કરમસદ-સોજીત્રા-તારાપુર-કાનાવાડા રોડ કી. મી. ૪૭/૪ થી ૬૫/૨૫ અને કી. મી. ૧/૦ થી ૭/૦ (એસ. એચ. નં. ૮૩) તારાપુરથી કાનાવાડા	૬.૦૦
૧૦	નડિયાદ-પેટલાદ-ખંભાત રોડ કી. મી. ૦/૦ થી ૯/૦ (એસ. એચ. નં. ૮૯)	૯.૦૦
૧૧	દેવ-વિરપુર-ગંધારી રોડ કી. મી. ૦/૦ થી ૯/૦ (એસ. એચ. નં. ૬૩) અંબાવ-ગળતેશ્વર રોડ કી. મી. ૦/૦ થી ૪/૬	૪૩.૦૦
૧૨	આણંદ-વલ્લભવિદ્યાનગર-બાકરોલ-વડતાલ-રામોલ-વસો-સંધાણા રોડ (એસ. એચ. નં. ૧૩૯) રામોલ-વસો-સંધાણા રોડ કી. મી. ૧૦/૮	૧૦.૮૦
૧૩	બારેજા-નવાગામ-વાસણાબુજર્ગ-માતર-લીબાસી-સોજીત્રા-પીપળાવ-પેટલાદ-બોરસદ (એસ. એચ. નં. ૧૪૦) બારેજા થી ખેડા રોડ કી. મી. ૨૪/૦ થી ૩૭/૮૦ લીબાસી થી સોજીત્રા કી. મી. ૭/૬૦	૨૧.૧૦
૧૪	બાલાસિનોર-સોરણા-કપડવંજ-આંતરસુંબા-ઉત્કંઠેશ્વર-દહેગામ-અંગાડી રોડ (એસ. એચ. નં. ૧૪૧) બાલાસિનોર-સોરણા-કપડવંજ રોડ કી. મી. ૨/૦ થી ૨૯/૦ કપડવંજ ઉત્કંઠેશ્વર રોડ, કી. મી. ૦/૦ થી ૧૯/૦૪	૪૬.૪૦
૧૫	બારેજા-બારેજડી રોડ કી. મી. ૧૬/૮ થી ૨૪/૦ (એસ. એચ. નં. ૧૪૪)	૭.૨૦
૧૬	ધોળકા-સિહુંજ-વૌઠા-પાલ્લા-ત્રાજ-પીજ-નડિયાદ રોડ (એસ. એચ. નં. ૧૪૯) પાલ્લા-વારૂકાંસ રોડ કી. મી. ૦/૦ થી ૧૦/૭ મહેલજ-ત્રાજ-અલીન્દ્રા-વસો રોડ કી. મી. ૪/૦ થી ૧૬/૦ વસો-પીજ-નડિયાદ રોડ કી. મી. ૧૬/૦ થી ૨૨/૦ પીજ-નડિયાદ રોડ કી. મી. ૨૨/૦ થી ૨૬/૨	૩૨.૯૦
૧૭	ઉત્તરસંડા-ચકલાસી-ભાલેજ રોડ કી. મી. ૦/૦ થી ૭/૪ (એસ. એચ. નં. ૧૫૦)	૭.૪૦
૧૮	ડાકોર-લાડવેલ-કપડવંજ રોડ કી. મી. ૩/૦ થી ૩૨/૦ (એસ. એચ. નં. ૧૫૧)	૨૯.૦૦
૧૯	પણસોરા-અલીણા-લાડવેલ-લાડવેલ બ્રાન્ચ રોડ કી. મી. ૦/૦ થી ૩૮/૩ (એસ. એચ. નં. ૧૮૮)	૩૮.૩૦
૨૦	નડીયાદ શહેર બહાર એન. એચ. નં. ૮ ને જોડતા-નડિયાદ-મહેમદાવાદ-નડિયાદ-કપડવંજ રોડ કી. મી. ૦/૦ થી ૫/૮૬ (એસ. એચ. નં. ૨૧૦)	૫.૮૬
૨૧	ખેડા જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નં. ૮ કી. મી. ૧૯/૮ થી ૬૬/૦	૪૬.૨

જિલ્લામાંથી પસાર થતા ઉપરની અનુસૂચિ-૧માં જણાવ્યા મુજબના સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવે ઉપરથી પસાર થતા વાહનોના ચાલકોએ રાખવાની થતી મહત્તમ ગતિ મર્યાદાની અનુસૂચિ-૨

અ. નં.	વાહનનો વર્ગ	મહત્તમ ગતિ મર્યાદા
૧	જો વાહનના તમામ ચારે ચાર પૈડાં ન્યુમેટિક ટાયર-હવાથી ભરેલાં હોય અને વાહનને ટ્રેઇલર લગાડેલું ન હોય	
	(એ) ટ્રાન્સપોર્ટ વાહન ન હોય ને લાઇટ મોટર વાહન હોય તો	૮૦
	(બી) જો વાહન લાઇટ મોટર વેહીકલ હોય અને એ ટ્રાન્સપોર્ટ વાહન હોય તો	૬૫
	(સી) જો વાહન મોટર સાયકલ હોય તો	૫૦
	(ડી) જો વાહન મીડીયમ પ્રકારનું કે ભારે મુસાફરો માટેનું મોટર વાહન હોય તો	૬૫
	(ઈ) જો વાહન મીડીયમ કે ભારે વજન લઈ જનારૂં વાહન હોય તો	૬૫

INDEX

અ. નં.		વાહનનો વર્ગ	મહત્તમ ગતિ મર્યાદા
૨		જો વાહન ''સાંધાવાળુ વાહન'' હોય જેના તમામ પૈડાં ન્યુમેટીક ટાયરોથી ફીકસ થયા હોય, જે ભારે વજનવાળું વાહન હોય, અગર પેસેન્જરવાળું ભારે વાહન હોય	૫૦
૩		જો વાહન એક કરતાં વધુ ટ્રેઈલર ખેંચી જતું ન હોય, અગર લશ્કરી સરંજામ (તોપ વિગેરે)ના કિસ્સામાં બે થી વધારે ટ્રેઈલરો ન હોય તે વાહન અને ટ્રેઈલરના પૈડાં હવા ભરેલાં ટાયરોવાળાં હોય તો	
	(એ)	જો વાહન લાઈટ મોટર વેહીકલ હોય અને ટ્રેઈલર બે પૈડાંવાળું હોય અને વાહનનું કુલ વજન ૮૦૦ કિ.ગ્રા. કરતાં વધુ ન હોય તો	૬૦
	(બી)	જો વાહન લાઈટ મોટર વેહીકલ હોય અને ટ્રેઈલર બે કરતાં વધુ પૈડાં હોય અગર વાહનનું કુલ વજન ૮૦૦ કિ.ગ્રા. કરતા વધુ ન હોય તો	૫૦
	(સી)	જો વાહન મીડીયમ ભારવાહક વાહન હોય, અગર મીડીયમ મુસાફરો માટેનું મોટર વાહન હોય તો	૫૦
	(ડી)	જો વાહન ભારે વજન લઈ જનાર વાહન હોય, અગર મીડીયમ મુસાફરો માટેનું મોટર વાહન હોય તો	૪૦
	(ઈ)	જો વાહન ભારે વજન લઈ જનાર ભારવાહક વાહન હોય, અથવા મુસાફરો માટેનું ભારે મોટર વાહન હોય જે ફાયરબ્રિગેડ વપરાશમાં લેતું હોય તો	૫૦
૪		ઉપરોકત અ.નં. ૧, ૨ અને ૩માં જેનો સમાવેશ ન થયો હોય તેવા કોઈપણ બીજા પ્રકારના વાહનો હોય તો	૩૦

ખેડા જિલ્લામાંથી પસાર થતો અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે

અનુસૂચિ-૩

અ. નં.	રસ્તાનું નામ	લંબાઈ (કી. મી.)
૧	ખેડા જિલ્લામાંથી પસાર થતો અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે કી.મી. ૧૬.૯ થી ૫૨.૯	૩૬.૦

જિલ્લામાંથી પસાર થતા ઉપરની અનુસૂચિ-૩માં જણાવ્યા મુજબના અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપરથી પસાર થતા વાહનોના ચાલકોએ રાખવાની થતી મહત્તમ ગતિ મર્યાદાની અનુસૂચિ-૪

અ. નં.	વાહનનો વર્ગ	મહત્તમ ગતિ મર્યાદા
૧	ટ્રાન્સપોર્ટ વાહન ન હોય ને લાઈટ મોટર વાહન હોય તો (કાર)	૧૦૦
૨	જો ભારે વજન લઈ જનાર ભારવાહક વાહન હોય અથવા મુસાફરો માટેનું ભારે મોટર વાહન હોય (લકઝરી બસ, એસ.ટી. બસ અને ટ્રક)	૮૦

વિસ્તાર :- સમગ્ર ખેડા જિલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે અને એકસપ્રેસ-વેનો વિસ્તાર

અપવાદ :- ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ-૧૧૨(૩)માં જણાવાયા મુજબ મેનોવર્સ, ફિલ્ડ ફાયરીંગ એન્ડ આર્ટીલરી પ્રેકટીસ એકટ, ૧૯૩૮ની કલમ-૨ની પેટા કલમ-(૧) હેઠળની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેના વિસ્તારમાં અને તેવા સમય દરમ્યાન લશ્કરી હિલચાલના કામકાજ માટે વપરાતાં અને કલમ-૬૦ હેઠળ નોંધાયેલ કોઈપણ વાહનોને આ જાહેરનામું લાગુ પડશે નહિ.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ તેમજ ધી મોટર વેહીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ-૧૮૩ અને ૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેના બોર્ડ બનાવીને સ્ટેટ હાઈવે ઉપર કાર્યપાલક ઈજનેરશ્રી મા અને મ વિભાગ, નડિયાદ તથા નેશનલ હાઈવે અને એક્સપ્રેસ-વે ઉપર પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, અમદાવાદ એ લગાવવાના રહેશે અને ટ્રાફિકની બાબતે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે.

આજ તારીખ ૨૭મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 143

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JULY 1, 2006 / ASADHA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૨૯૧૧/૨૦૦૬.–તારીખ ૨૭મી જૂન, ૨૦૦૬ના રોજ રથયાત્રાનો તહેવાર ઉજવવામાં આવશે. જિલ્લામાં કપડવંજ કઠલાલ, ત્રાજ, મહુધા, બાલાસિનોર, નડિયાદ શહેર અને ડાકોર મુકામે રથયાત્રા નિકળનાર છે. આ તહેવારની ઉજવણી દરમ્યાન જાહેર સુલેહ અને શાંતિને ભડકાવી વાતાવરણ તંગ બનાવી ઘર્ષણ પેદા કરવાની ચોક્કસ મલીન તત્વો પ્રયત્ન કરે, તેવી શક્યતાને નકારી શકાય નહીં. આ તહેવારના સંદર્ભમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઇ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે ઈ.ચા. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડાએ તારીખ ૧૨મી જૂન, ૨૦૦૬ના પત્ર ક્રમાંક એલઆઇબી/ રથયાત્રા/૧૫૦૬/૨૦૦૬ થી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત અમોને આવશ્યક અને ઉચિત જણાયેલ છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએથી સમગ્ર ખેડા જિલ્લાની હદ વિસ્તારમાં તારીખ ૨૭મી જૂન, ૨૦૦૬ થી તારીખ ૨૮મી જૂન, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે કાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય,વડોદરા.

INDEX

Extra No. 144

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JULY 1, 2006 / ASADHA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ધી મોટર વેહીકલ્સ એકટ-૧૯૮૮ની કલમ-૧૧૨ (૨) તથા ગુજરાત મોટર વેહીકલ્સ રૂલ્સ-૧૯૮૯ના રૂલ-૧૮૪ અન્વયેનો.

નંબર પીઓએલ/૨/જાહેરનામું/એસઆર/૩૨/૨૦૦૬ —આણંદ જિલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે અને એકસપ્રેસ-વે ઉપરથી પસાર થતા વાહનો દ્વારા અકસ્માત ન સર્જાય અને વાહન ચાલકો તેમજ પ્રજાના જાનમાલને હાની ન પહોંચે તે આશયથી આણંદ જિલ્લાના સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે, અને એકસપ્રેસ-વે ઉપર ચાલતા યાંત્રિક વાહનોની ઝડપ ઉપર નિયંત્રણ રાખવાની જરૂર હોઈ, પોલીસ અધિક્ષકશ્રી આણંદ તેઓના પત્ર નં. સીબી/૫/સ્પીડલીમીટી/૦૬, તારીખ ૨૮મી જૂન ૨૦૦૬ થી વાહનોની ગતિ મર્યાદા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રી, આણંદની સદરહુ દરખાસ્ત ઉચિત અને આવશ્યક હોવાનું જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડીયા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ધી મોટર વેહીકલ્સ એકટ, ૧૯૮૮ ની કલમ-૧૧૨ (૨) તથા ગુજરાત મોટર વેહીકલ્સ રૂલ્સ-૧૯૮૯ ના રૂલ-૧૮૪ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લાની હદ વિસ્તારમાંથી પસાર થતા નીચેની અનુસૂચિ-૧ અને ૩માં જણાવેલ સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે, અને એકસપ્રેસ-વે ઉપર વાહનોના ચાલકોને અનુસૂચિ-૨ અને ૪માં જણાવેલ ગતિ મર્યાદા અનુસરવા ફરમાવું છું.

અનુસૂચિ-૧

આણંદ જિલ્લામાંથી પસાર થતા રાજય ધોરીમાર્ગોની વિગત

ક્રમ	રસ્તાનું નામ	લંબાઈ (કી. મી.)
૧	૨	૩
૧	ગલીયાણા, ગોલાણા રોડ કી. મી. ૦/૦ થી ૫/૦	૫.૦૦
૨	ગોલાણા, ખંભાત રોડ કી. મી. ૦/૦ થી ૨૫/૬૦	૨૫.૫૦
૩	ખંભાત સીટી રોડ કી. મી. ૦૦/૦૦ થી ૬/૦૦	૬.૦૦

INDEX

ક્રમ	રસ્તાનું નામ	લંબાઈ (કી. મી.)
૧	૨	૩
૪	ખંભાત, ડાલી, ધુવારણ રોડ કી. મી. ૧/૮ થી૧૬ /૬	૧૪.૮૦
૫	ડાલી, બોરસદ રોડ કી. મી. ૧૬/૦૦ થી ૩૬/૨	૨૦.૨૦
૬	બોરસદ, ભાદરણ, કીખલોડ, ગંભીરા રોડ કી. મી. ૩૬/૦૨ થી ૫૬/૦૭	૧૯.૮૭
૭	બોરસદ થી ડાલી કી. મી. ૦/૦ થી ૧/૬	૧.૬૦
૮	ડાલી, ખંભાત, રોડ કી. મી. ૦/૦ થી ૧/૮	૧.૮૦
૯	બગોદરા, વટામણ, તારાપુર, વાસદ રોડ કી. મી. ૩૦/૫ થી ૧૦૧/૭૬૦	૭૧.૨૬
૧૦	નડીયાદ ડાકોર, પાલી રોડ કી. મી. ૭૧/૦ થી ૮૬/૦	૧૫.૦૦
૧૧	તારાપુર, ખંભાત રોડ કી. મી. ૮૪/૦ થી ૧૦૮/૨	૨૪.૨૦
૧૨	લીગડા ભાલેજ રોડ કી. મી. ૩/૦ થી ૧૯/૫	૧૯.૪૪
૧૩	વલેટવા, જોળ, બાકરોલ રોડ કી. મી. ૦/૦ થી ૯/૬	૯.૬૦
૧૪	લીંક રોડ, જોઈનીંગ વિદ્યાનગર થી બોરસદ, આણંદ કી. મી. ૦/૦ થી ૨/૨૦	૨.૨૦
૧૫	બોરીયાવી, આણંદ, બોરસદ રોડ કી. મી. ૦/૦ થી ૨૭/૮૫૦	૨૬.૮૫
૧૬	લીંક રોડ, બોરસદ ટાઉન, વાસદ, બોરસદ રોડ કી. મી. ૦૦/૦૦ થી ૧/૦	૧.૦૦
૧૭	ઉમરેઠ/ઓડ, સારસા, આણંદ, કરમસદ, સોજીત્રા રોડ કી. મી. ૦૦ થી ૬૩/૦૦	૬૩.૪૦
૧૮	તારાપુર, કાનાવાડા રોડ કી. મી. ૦૦ થી ૧૩/૧૦૦	૧૩.૧૦
૧૯	નડીયાદ/પેટલાદ, ખંભાત રોડ કી. મી. ૯/૦ થી ૫૩/૪	૪૪.૪૦
૨૦	બોરસદ, અલારસા, કોસીન્દ્રા, આંકલાવ રોડ કી. મી. ૦૦/૦૦ થી ૧૧/૧૦	૧૧.૧૦
૨૧	વલેટવા, રામોલ રોડ કી. મી. ૦૦/૦૦ થી ૫/૫	૫.૫૦
૨૨	લીંબાસી, સોજીત્રા રોડ કી. મી. ૦૦/૦૦ થી ૬/૦	૬.૦૦
૨૩	પેટલાદ, પાલેજ, પીપળાવ રોડ કી. મી. ૦/૦ થી ૬/૪	૬.૪૦
૨૪	પેટલાદ, બોરસદ રોડ કી. મી. ૦/૦ થી ૧૧/૨	૧૧.૨૫
૨૫	નડીઆદ, પોઈચા, ભાલેજ રોડ કી. મી. ૦/૦ થી ૧૪/૭	૧૪.૭૦
૨૬	ઉત્તરસંડા, ચકલાસી, ભાલેજ રોડ કી. મી. ૭/૬ થી ૧૪/૦૦	૬.૪૦
૨૭	ભેટાસી, વાસદ રોડ કી. મી. ૦/૦ થી ૬/૫	૬.૫૦
૨૮	વાસદ, સારસા રોડ કી. મી. ૦/૦ થી ૮/૦૫	૮.૯૫
૨૯	સારસા, ભાલેજ રોડ કી. મી. ૫/૬ થી ૧૫/૬	૧૦.૦૦
૩૦	ભાલેજથી પણસોરા રોડ કી. મી. ૦/૦ થી ૫/૬	૬.૦૦
૩૧	પણસોરા થી શેઢીબ્રીજ રોડ	૪.૦૦
૩૨	પેટલાદ થી સીટી રોડ	૩.૦૦
૩૩	રોડ જોઈનીંગ, આણંદ, કરમસદ, સોજીત્રા થી ન્યુ ડેરી	૧.૩૦
૩૪	રોડ જોઈનીંગ, આણંદ, કરમસદ, થી ત્રીભોવનદાસ ફાઉન્ડેશન	૩.૨૦
૩૫	આણંદ, નાવલી, ઉમેટા રોડ કી. મી. ૨૨/૦૦ થી ૨૪/૦૦	૨.૦૦
૩૬	આણંદ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નં. ૮, કી. મી. ૬૬.૦૦ થી ૯૧/૬	૨૫.૬૦

INDEX

આણંદ જિલ્લામાંથી પસાર થતા અનુસૂચિ-૧માં જણાવ્યા મુજબના સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવે ઉપરથી પસાર થતા વાહનોના ચાલકોએ રાખવાની થતી મહત્તમ ગતિ મર્યાદાની

અનુસૂચિ-૨

અ. ન.		વાહનનો પ્રકાર	કી. મી. વધુમાં વધુ ઝડપ સ્ટેટ હાઈવે
૧		૨	૩ (૧)
૧		જો વાહનમાં તમામ ચારેચાર પૈડા ઝયુમીટીક ટાયર હવાથી ભરેલા હોય અને વાહનને ટ્રેઈલર લગાવેલુ ન હોય	-
	(એ)	ટ્રાન્સપોર્ટ વાહન ન હોય ને લાઈટ મોટર વાહન હોય તો	૬૫
	(બી)	જો વાહન લાઈટ મોટર વ્હીકલ હોય અને ટ્રાન્સપોર્ટ વાહન હોય તો	૩૫
	(સી)	જો વાહન મીડીયમ ભારવાહક વાહન હોય અગર મીડીયમ મુસાફરો માટેનું મોટર વાહન હોય	૫૦
	(ડી)	જો વાહન ભારે વજન લઈ જનાર વાહન હોય અગર મીડીયમ મુસાફરો માટેનું મોટર વાહન હોય	૬૫
	(ઈ)	જો વાહન ભારે વજન લઈ જનાર ભારવાહક વાહન હોય અથવા મુસાફરો માટેનું ભારે મોટરવાહન હોય જે ફાયર બ્રિગેડ વપરાશમાં લેતું હોય	૬૫
૨.		જો વાહન "સાંધાવાળા વાહન" હોય જેના તમામ પૈડા ન્યુમેટીક ટાયરોમાં ફીક્સ થયા હોય જે ભારેવાહન હોય.	૫૦
૩.		જો વાહન એક કરતાં વધુ ટ્રેઈલર ખેંચી જતુ હોય અગર લશ્કરી સરંજામ (તોપ વિગેરે) ના કિસ્સામાં બે થી વધારે ટ્રેઈલરો ન હોય તે વાહન અને ટ્રેઈલરના પૈડા હવા ભરેલા ટાયરવાળા હોય તો.	-
	(એ)	જો વાહન લાઈટ મોટર વ્હીકલ હોય અને ટ્રેઈલર બે પૈડાવાળું હોય અને વાહનનું કુલ વજન ૮૦૦ કિ. ગ્રા. કરતાં વધુ ન હોય.	૬૦
	(બી)	જો વાહન મીડીયમ ભારવાહક વાહન હોય અને ટ્રેઈલરને બે કરતાં વધુ પૈડા હોય અગર વાહનનું કુલ વજન ૮૦૦ કિ. ગ્રા. કરતાં વધુ હોય.	૫૦
	(સી)	જો વાહન મીડીયમ ભારવાહક વાહન હોય અગર મીડીયમ મુસાફરો માટેનું મોટર વાહન હોય.	૫૦
	(ડી)	જો વાહન ભારે વજન લઈ જનાર વાહન હોય અગર મીડીયમ મુસાફરો માટેનું મોટર વાહન હોય.	૪૦
૪.		**નોંધ** (૧), (૨) અગર (૩)માં જેનો સમાવેશ ન થયો હોય તેવા કોઈપણ બીજા કીસ્સામાં	૩૦

આણંદ જિલ્લામાંથી પસાર થતો અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે

અનુસુચિ-૩

ક્રમ	રસ્તાનું નામ	લંબાઈ (કી.મી.)
૧	૨	૩
૧	આણંદ જિલ્લામાંથી પસાર થતો અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ૫૨.૯ થી ૭૫.૫	૨૨.૬ કિ.મી.

INDEX

જિલ્લામાંથી પસાર થતા ઉપરની અનુસૂચિ-૩માં જણાવ્યા મુજબના અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપરથી પસાર થતા વાહનોના ચાલકોએ રાખવાની થતી મહત્તમ ગતિ મર્યાદાની

અનુસૂચિ-૪

ક્રમ	વાહનનો વર્ગ	મહત્તમ ગતિ મર્યાદા
૧	૨	૩
૧	ટ્રાન્સપોર્ટ વાહન ન હોય ને લાઈટ મોટર વાહન હોય તો (કાર)	૧૦૦
૨	જો ભારે વજન લઈ જનાર ભારવાહક વાહન હોય અથવા મુસાફરો માટેનું ભારે મોટર વાહન હોય (લકઝરી, એસ.ટી. બસ અને ટ્રક)	૮૦

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે, નેશનલ હાઈવે અને એકસપ્રેસ-વેનો વિસ્તાર

અપવાદ :- ધી મોટર વ્હીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ-૧૧૨(૩)માં જણાવ્યા મુજબ મેનોવર્સ, ફિલ્ડ ફાયરીંગ એન્ડ આર્ટીલરી પ્રેક્ટીસ એકટ, ૧૯૩૮ની કલમ-૨ની પેટા કલમ-(૧) હેઠળની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેના વિસ્તારમાં અને તેવા સમય દરમ્યાન લશ્કરી હિલચાલના કામકાજ માટે વપરાતા અને કલમ-૬૦ હેઠળ નોંધાયેલ કોઈપણ વાહનોને આ જાહેરનામું લાગુ પડશે નહિ.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ તેમજ ધી મોટર વેહીકલ્સ એકટ, ૧૯૮૮ની કલમ-૧૮૩ અને ૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 145

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JULY 1, 2006 / ASADHA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધુ :-

(૧) અત્રેના જાહેરનામા નંબર :- જેલ/પોલ/ વશી/૧૪૨૪ થી ૩૦/૦૬ તા. ૧૬મી જુન ૨૦૦૬, મહેસાણા નગરપાલિકા વિસ્તાર.

સુધારા જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨મો)ની કલમ-૩૩ (૧) (સી) મુજબ.

નંબર જેલ/પોલ/વશી/૧૪૯૬ થી ૧૫૦૨/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૩ (૧) (સી) થી જાહેર જનતાની સગવડ તેમજ ટ્રાફિકના સુચારૂ સંચાલન સારૂ મહેસાણા નગરપાલિકા વિસ્તાર માટે આમુખ-(૧) થી "નોન હોકર્સ ઝોન" અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. સદરહુ જાહેરનામામાં જણાવેલ વિસ્તારમાંથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨માં) ની કલમ-૩૩ની પેટા-કલમ-(૧) (સી) થી મને મળેલ સત્તાની રૂએ હું, મનીષ ભારદ્વાજ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, વાહન વ્યવહારને અડચણરૂપ લારીઓ/વાહનોને ખેંચી લઈ જવા માટે (ટોઈંગ કરવા) આદેશ કરું છું.

આજ તારીખ ૨૬મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 146

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JULY 1, 2006 / ASADHA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨મો)ની કલમ-૩૩ (૧) (સી) મુજબ.

વંચાણમાં લીધુ :-

(૧) અત્રેના જાહેરનામા નંબર :- જેલ/પોલ/ વશી/૧૪૧૭ થી ૨૩/૦૬ તા. ૧૬મી જુન ૨૦૦૬, મહેસાણા નગરપાલિકા વિસ્તાર.

સુધારા જાહેરનામું

નંબર જેલ/પોલ/વશી/૧૫૦૩ થી ૧૫૦૯/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨મો) ની કલમ-૩૩ (૧) (સી) થી જાહેર જનતાની સગવડ તેમજ ટ્રાફિકના સુચારૂ સંચાલન સારૂ આમુખ-(૧) થી "નો પાર્કિંગ ઝોન" અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. સદરહુ જાહેરનામામાં જણાવેલ વિસ્તારમાંથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (૨૨મો) ની કલમ-૩૩ની પેટા-કલમ-(૧) (સી) થી મને મળેલ સત્તાની રૂએ હું જી. સી. બ્રહ્મભટ્ટ, જી. એ..એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, વાહન વ્યવહારને અડચણરૂપ વાહનને ખેંચી લઈ જવા માટે (ટોઈંગ કરવા) આદેશ કરું છું.

આજ તારીખ ૨૬મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 147

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, JULY 3, 2006 / ASADHA 12, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ધી મોટર વ્હીકલ્સ એકટ-૧૯૮૮ની કલમ-૧૧૨ (૨) ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ-૧૯૮૯ના રૂલ્સ ૧૮૪.

ક્રમાંક ડીસીબી/એમએજી/એમવીએ/રજી. ૧/૨૦૦૬.-સ્પે. સી.એ. નંબર ૧૩૩૦૮/૨૦૦૪ સુઓમોટો વિરૂધ્ધ ગુજરાત સરકારના સંદર્ભમાં નામદાર ગુજરાત હાઇકોર્ટએ સુઓમોટો સ્પે. એપ્લીકેશન નં. ૧૩૩૦૮/૨૦૦૪ના તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૬ના ચુકાદામાં ટ્રાફિકને લગતા નેશનલ હાઇવે/સ્ટેટ હાઇવે/એકસપ્રેસ હાઇવે ઉપર ટ્રાફિક સંચાલન સુનિયંત્રિત કરવા માર્ગો ઉપર અવર જવર કરતા વાહનોની ઝડપ ઉપર નિયંત્રણ મૂકવા ભલામણ કરી તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ સુધીમાં જાહેરનામું બહાર પાડવા સુચના આપેલ છે.

આથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડએ તેમના તારીખ ૨૮મી જુન, ૨૦૦૬ના પત્ર નં. આર.બી./૧૪૦/૬૧૧૦/૨૦૦૬ થી નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે, શહેરી માર્ગ અને ગ્રામ્ય માર્ગ ઉપરથી પસાર થતા ભારે વાહનો અને હલકા ટ્રાન્સપોર્ટ તથા નોન ટ્રાન્સપોર્ટ વાહનોની તેમજ ઓટોરીક્ષા તથા દ્વિચક્રિ વાહનોની ઝડપ ઉપર અંકુશ મુકવા ગતિ મર્યાદા ઉપર નિયંત્રણ (સ્પીડ લીમીટ) લાદવા જાહેરનામું પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત અત્રેની કચેરીને મોકલેલ છે.

સબબ, વલસાડ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે, શહેરી માર્ગ અને ગ્રામ્ય માર્ગ ઉપરથી પસાર થતા ભારે અને હલકા પ્રકારના ટ્રાન્સપોર્ટ / નોન ટ્રાન્સપોર્ટ અને ઓટો રીક્ષા તથા દ્વિચક્રિ વાહનો દ્વારા અકસ્માત ન સર્જાય અને વાહન ચાલકોના તથા પ્રજાના જાન માલને હાનિ નહિ પહોંચે માટે તેમજ જાહેર પ્રજાની સલામતી કે સગવડના હિતમાં ઉપરાંત રોજબરોજ બનતા વાહન અકસ્માતના બનાવોને ધ્યાનમાં લેતાં વલસાડ જિલ્લાના નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે, શહેરી માર્ગ અને ગ્રામ્ય માર્ગ ઉપર ચાલતાં યાંત્રિક વાહનોની ગતિ ઉપર નિયંત્રણ મુકવાનું આવશ્યક અને જરૂરી જણાયેલ છે.

વાસ્તે, હું દિલીપ રાવલ, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વલસાડ જિલ્લો વલસાડ, ધી મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ ની કલમ ૧૧૨ ની પેટા કલમ(૨) તેમજ ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ ૧૯૮૯ ના રૂલ્સ ૧૮૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર વલસાડ જિલ્લાના હદ વિસ્તારમાંથી પસાર થતા નીચેની અનુસૂચિ-૧ના કોલમ (૨) માંના નિર્દિષ્ટ માર્ગો ઉપર દર્શાવેલ વાહનોના પ્રકાર હેઠળની નિયત કરેલ ગતિ મર્યાદા અનુસરવા ફરમાવું છું.

INDEX

અનુસૂચિ-૧

વલસાડ જિલ્લામાં આવેલ વિવિધ પ્રકારના માર્ગો ઉપર વિવિધ પ્રકારના વાહનો માટેની નિયત કરેલ ગતિ મર્યાદા.

અનુ. નંબર	માર્ગો	વાહનોના પ્રકાર				
		ભારે વાહનો	હલકા પ્રકારના વાહનો ટ્રાન્સપોર્ટ	હલકા પ્રકારના વાહનો નોન ટ્રાન્સપોર્ટ	ઓટો રીક્ષા	દ્વિચક્રિ વાહનો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	નેશનલ હાઈવે	ભારત સરકારના જાહેરનામા મુજબ.				
૨	રાજ્ય માર્ગ	૪૦ કી.મી.	૫૦ કી.મી.	૫૦ કી.મી.	૩૦ કી.મી.	૪૦ કી.મી.
૩	શહેરી માર્ગ	૩૦ કી.મી.	૩૦ કી.મી.	૪૦ કી.મી.	૨૫ કી.મી.	૩૦ કી.મી.
૪	ગ્રામ્ય માર્ગ	૩૦ કી.મી.	૩૦ કી.મી.	૪૦ કી.મી.	૨૫ કી.મી.	૩૦ કી.મી.

અપવાદ :- ધી મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૧૨(૩)માં જણાવ્યા મુજબ મેનીવર્સ, ફિલ્ડ ફાયરીંગ એન્ડ આર્ટીલરી પ્રેક્ટીસ એક્ટ, ૧૯૩૯ની કલમ-૨ની પેટા-કલમ-(૧) હેઠળની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેના વિસ્તારમાં અને તેવા સમય દરમ્યાન લશ્કરી હિલચાલના કામકાજ માટે વપરાતા તેમજ કલમ-૬૦ હેઠળ નોંધાયેલા કોઈપણ વાહનોને આ જાહેરનામું અસરકર્તા રહેશે નહીં.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ તથા ધી મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જુન, ૨૦૦૬ના દિવસે મારી સહી તથા કચેરીની મુદ્રા કરી આપેલ છે.

દિલીપ રાવલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 148

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, JULY 3, 2006 / ASADHA 12, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ધી મોટર વ્હીકલ એકટ-૧૯૮૮ની કલમ-૧૧૨ (૨) ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯ના રૂલ્સ ૧૮૪.

ક્રમાંક ડીસીબી/એમએજી/એમવીએ/રજી. ૧/૨૦૦૬.-સ્પે. સી.એપ્લી. નંબર ૧૩૩૦૮/૨૦૦૪ સુઓમોટો વિરૂધ્ધ ગુજરાત સરકારના સંદર્ભમાં નામદાર ગુજરાત હાઈકોર્ટએ સુઓમોટો સ્પે. સી. એપ્લીકેશન નં. ૧૩૩૦૮/૨૦૦૪ના તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૦૬ના ચુકાદામાં ટ્રાફિકને લગતા નેશનલ હાઈવે/સ્ટેટ હાઈવે/એકસપ્રેસ હાઈવે ઉપર ટ્રાફિક સંચાલન સુનિયંત્રિત કરવા માર્ગો ઉપર અવર જવર કરતા વાહનોની ઝડપ ઉપર નિયંત્રણ મૂકવા ભલામણ કરી તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ સુધીમાં જાહેરનામું બહાર પાડવા સુચના આપેલ છે.

આથી પોલીસ અધિક્ષકશ્રી, નવસારી, જિલ્લા નવસારીએ તારીખ ૨૮મી જુન, ૨૦૦૬ના પત્ર નંબર વહટ/સીબી/૪/૬૫૬૦/૨૦૦૬ થી નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, શહેરી માર્ગ અને ગ્રામ્ય માર્ગ ઉપરથી પસાર થતા ભારે અને હલકા ટ્રાન્સપોર્ટ તથા નોન ટ્રાન્સપોર્ટ વાહનોની તેમજ ઓટોરીક્ષા તથા દ્વિચક્રિ વાહનોની ઝડપ ઉપર અંકુશ મુકવા ગતિ મર્યાદા ઉપર નિયંત્રણ (સ્પીડ લીમીટ) લાદવા જાહેરનામું પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત અત્રેની કચેરીને મોકલેલ છે.

સબબ, નવસારી જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, શહેરી માર્ગ અને ગ્રામ્ય માર્ગ ઉપરથી પસાર થતા ભારે અને હલકા ટ્રાન્સપોર્ટ / નોન ટ્રાન્સપોર્ટ અને ઓટો રીક્ષા તથા દ્વિચક્રિ વાહનો દ્વારા અકસ્માત ન સર્જાય અને વાહન ચાલકોના તથા પ્રજાના જાન માલને હાનિ નહિ પહોંચે માટે તેમજ જાહેર પ્રજાની સલામતી કે સગવડના હિતમાં ઉપરાંત રોજબરોજ બનતા વાહન અકસ્માતના બનાવોને ધ્યાનમાં લેતાં નવસારી જિલ્લાના નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, શહેરી માર્ગ અને ગ્રામ્ય માર્ગ ઉપર ચાલતાં યાંત્રિક વાહનોની ગતિ ઉપર નિયંત્રણ મુકવાનું આવશ્યક અને જરૂરી જણાયેલ છે.

વાસ્તે, હું આર. સી. મીના, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નવસારી જિલ્લો નવસારી, ધી મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ ની કલમ ૧૧૨ ની પેટા-કલમ(૨) તેમજ ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ ૧૯૮૯ ના રૂલ્સ ૧૮૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર નવસારી જિલ્લાના હદ વિસ્તારમાંથી પસાર થતા નીચેની અનુસૂચિ-૧ના કોલમ (૨) માંના નિર્દિષ્ટ માર્ગો ઉપર દર્શાવેલ વાહનોના પ્રકાર હેઠળની નિયત કરેલ ગતિ મર્યાદા અનુસરવા ફરમાવું છું.

INDEX

અનુસૂચિ-૧

નવસારી જિલ્લામાં આવેલ વિવિધ પ્રકારના માર્ગો ઉપર વિવિધ પ્રકારના વાહનો માટેની નિયત કરેલ ગતિ મર્યાદા.

અનુ. નંબર	માર્ગો	વાહનોના પ્રકાર				
		ભારે વાહનો	હલકા પ્રકારના વાહનો ટ્રાન્સપોર્ટ	હલકા પ્રકારના વાહનો નોન ટ્રાન્સપોર્ટ	ઓટો રીક્ષા	દ્વિચક્રિ વાહનો
૧	૨	૩	૪	૫	૬	૭
૧	નેશનલ હાઈવે	ભારત સરકારના જાહેરનામા મુજબ.				
૨	રાજ્ય માર્ગ	૪૦ કી.મી.	૫૦ કી.મી.	૫૦ કી.મી.	૩૦ કી.મી.	૪૦ કી.મી.
૩	શહેરી માર્ગ	૩૦ કી.મી.	૩૦ કી.મી.	૪૦ કી.મી.	૨૫ કી.મી.	૩૦ કી.મી.
૪	ગ્રામ્ય માર્ગ	૩૦ કી.મી.	૩૦ કી.મી.	૪૦ કી.મી.	૨૫ કી.મી.	૩૦ કી.મી.

અપવાદ :- ધી મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૧૨(૩)માં જણાવ્યા મુજબ મેનોવર્સ, ફિલ્ડ ફાયરીંગ એન્ડ આર્ટીલરી પ્રેક્ટીસ એક્ટ, ૧૯૩૮ની કલમ-૨ની પેટા-કલમ-(૧) હેઠળની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેના વિસ્તારમાં અને તેવા સમય દરમ્યાન લશ્કરી હિલચાલના કામકાજ માટે વપરાતા તેમજ કલમ-૬૦ હેઠળ નોંધાયેલા કોઈપણ વાહનોને આ જાહેરનામું અસરકર્તા રહેશે નહીં.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ તથા ધી મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જુન, ૨૦૦૬ના દિવસે મારી સહી તથા કચેરીની મુદ્રા કરી આપેલ છે.

આર. સી. મીના,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 149

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, JULY 4, 2006/ASADHA 13, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ-૧૮૪ હેઠળ.

નંબર એમ.એ.જી./ગતિમર્યાદા/વશી/૨૭૪૯ થી ૨૭૮૦/૨૦૦૬.– પાટણ જિલ્લામાંથી પસાર થતા રાજ્ય ધોરી માર્ગો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર અકસ્માતોના વધી રહેલ પ્રમાણ તેમજ વાહન ચાલકો અને પ્રજાના જાનમાલની સુરક્ષાને ધ્યાને રાખી આવા અકસ્માતોનું પ્રમાણ ઘટે તેમજ પ્રજાના જાનમાલની સલામતી જળવાય તે માટે આવા માર્ગો ઉપર ચાલતાં યાંત્રિક વાહનોની ઝડપ ઉપર નિયંત્રણ મુકવાના હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ તારીખ ૧૭મી જૂન, ૨૦૦૬ તથા તારીખ ૨૯મી જૂન, ૨૦૦૬ના પત્ર નં. ૧૦૦/સીબી-૩/વશી/૨૩૩૦, ૨૪૫૭/૦૬ થી અત્રે દરખાસ્ત મોકલી ગતિમર્યાદાને અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા જણાવેલ છે.

વાસ્તે હું જે. ડી. ભાડ, (આઈ. એ. એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ એક્ટ, રૂલ્સ ૧૮૪થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અત્રેના જિલ્લાના નીચેના કોષ્ટકવાર સ્ટેટ હાઈવે/નેશનલ હાઈવે તથા ગ્રામ રસ્તાઓ ઉપરથી પસાર થતા વાહનો દ્વારા અકસ્માત ન સર્જાય અને વાહનચાલકો તેમજ પ્રજાની સલામતી જળવાય તે માટે વાહનોની ગતિ કોલમ-૩માં દર્શાવ્યા પ્રમાણેની નક્કી કરવામાં આવે છે. તથા તમામની જાણ સારૂ પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવે છે અને પ્રસિદ્ધિની તારીખથી આ જાહેરનામું અમલમાં આવે છે. તથા નોટીસ આપવામાં આવે છે કે, સરકારી રાજયપત્રમાં પ્રસિદ્ધિ થયાની તારીખથી એક માસ સુધીમાં આ જાહેરનામાના ખરડા સંબંધમાં કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા તરફથી લેખિત વાંધા સૂચનો જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણને મળશે તો તે વિચારણામાં લેવામાં આવશે.

અનુસુચિ-૧

અનું. નંબર	રસ્તાનું નામ /સ્થળ	મહત્તમ ગતિમર્યાદા પ્રતિ કિ.મી.	
		LMV માટે	HMV માટે
૧	નેશનલ હાઈવે જંકશન-માળીયાથી હળવદ-ધ્રાંગધ્રા-ચાણસ્મા-વિરમગામ-પાટણ - ડીસા - પાંઠાવાડા- મંડાર (ગુજરાત રાજયની હદ સુધી) સ્ટેટ હાઈવે નં. ૭ સેકશન : પાટણ જિલ્લાની હદથી ચાણસ્મા (કિ. મી. ૧૪) સુધી સેકશન : ચાણસ્માથી પાટણ જિલ્લાની હદ (કિ. મી. ૪૮.૨૦ સુધી)	65	45

INDEX

અનું. નંબર	રસ્તાનું નામ /સ્થળ	મહત્તમ ગતિમર્યાદા પ્રતિ કિ.મી. LMV માટે	મહત્તમ ગતિમર્યાદા પ્રતિ કિ.મી. HMV માટે
૨	હારીજ-પાટણ-સિદ્ધપુર-ખેરાળુ-સિપોર-વલાસણા-ઈડર-વિજયનગર થી રાની રાજસ્થાન બોર્ડર સ્ટેટ હાઈવે નં. ૧૦ સેકશન : હારીજ થી પાટણ (કિ. મી. ૨૮.૫૦) સેકશન : પાટણથી સિદ્ધપુર (કિ.મી. ૨૪.૨૦) સેકશન : સિદ્ધપુરથી ખેરાળુ (કિ. મી. ૪.૪૦)	65	45
૩	વિરમગામ- માંડલ - દશાડા- પંચાસર-સમી-રાધનપુર રોડ સ્ટેટ હાઈવે નં. ૧૮ સેકશન : પાટણ જિલ્લાની હદથી સમી સેકશન સુધી (કિ. મી. ૩૪.૮૦)	65	45
૪	અમદાવાદ-સાબરમતી-કલોલ-મહેસાણા-ઉનાવા-ઉંઝા-સિદ્ધપુર-કાણોદર-પાલનપુર-ઈકબાલગઢ થી આબુ રોડ રાજ્યની હદ સુધી. સ્ટેટ હાઈવે નં. - ૪૧. સેકશન : કિ. મી. ૧૦.૮૦	80	65
૫	રાધનપુર-હારીજ-ચાણસ્મા-મહેસાણા-વિજાપુર-હિંમતનગર રોડ સ્ટેટ હાઈવે નં. ૫૫ સેકશન : રાધનપુર થી પાટણ જિલ્લાની હદ (કિ. મી. ૮૩.૨૦)	65	45
૬	સૂઈ ગામ-સિધાડા રોડ સ્ટેટ હાઈવે નં. ૧૨૭ (કિ. મી. ૧૯)	65	45
૭	શિહોરી-પાટણ-ઉંઝા-વિસનગર-વિજાપુર-પીલવઈ-માણસા રોડ સ્ટેટ હાઈવે નં.૧૩૦ સેકશન : પાટણ જિલ્લા હદથી પાટણ (કિ. મી. ૨૪.૫૪) સેકશન : પાટણ થી પાટણ જિલ્લા હદ (કિ. મી. ૧૮.૪૦)	65	45
૮	રાધનપુર-મસાલી-મધાપુરા-દુનાવાડા-પાટણ રોડ સ્ટેટ હાઈવે નં. ૧૩૮ (કિ. મી. ૧૭.૮૪)	65	45
૯	કંબોઈ-દેલમાલ રોડ સ્ટેટ હાઈવે નં. ૨૧૪ (કિ. મી. ૬.૫૦)	65	45
૧૦	હારીજ-ટોટાણા-થરા-દિયોદર થી પાટણ જિલ્લા હદ સ્ટેટ હાઈવે નં. ૮૬૪ (કિ. મી. ૧૮.૨૦)	65	45
૧૧	કંડલા-સાંતલપુર-રાધનપુર-પાટણ રોડ સ્ટેટ હાઈવે નં. ૨૨૦ સેકશન : પાટણ થી રોડા (કિ. મી. ૨૩.૩૫)	65	45
૧૨	શંખેશ્વર-બેચરાજી રોડ સ્ટેટ હાઈવે નં. ૨૨૧ (કિ. મી. ૧૭)	65	45
૧૩	હારીજ-લોટેશ્વર રોડ સ્ટેટ હાઈવે નં. ૨૨૨ (કિ. મી. ૧૭.૭૫)	65	45
૧૪	રાધનપુર-લોદરા-મોરવાડા-સૂઈ ગામ રોડ સ્ટેટ હાઈવે નં. ૮૬૧ (કિ. મી. ૨૫)	65	45
૧૫	પઠાણકોટ-કંડલારોડ (નેશનલ હાઈવે નં.૧૫) ચાર માર્ગી	80	65
	સેકશન : કંડલા-સામખીયાળી-રાધનપુર-ભાભર-થરાદ રોડ થી રાજસ્થાન હદ સુધી (પાટણ જિલ્લામાં કિ.મી. ૮૧.૩૫) દ્વિ માર્ગી	65	45
૧૬	બ્યાવર-પાલી-આબુરોડ-પાલનપુર-રાધનપુર નેશનલ હાઈવે નં. ૧૪ ચાર માર્ગી	80	65
	સેકશન : ગુજરાત રાજ્યની હદ થી પાલનપુર-રાધનપુર (પાટણ જિલ્લામાં કિ. મી. ૧૧) દ્વિ માર્ગી	65	45
૧૭	અન્ય		
	(એ) શહેરી વિસ્તારમાંથી પસાર થતા નેશનલ/સ્ટેટ હાઈવે માર્ગ પર	45	30
	(બી) શૈક્ષણિક સંસ્થાઓ અને શારીરિક રીતે અશકતતા ધરાવતા જનોની સંસ્થા પાસેથી પસાર થતા હાઈવે માર્ગ પર	40	25
	(સી) ટ્રાફિક સર્કલ અને રોડ જંકશન		
	(ડી) શહેરી વિસ્તારના આંતરિક રસ્તાઓ	30	20
	(ઈ) ક્રોસ રોડ અને ટ્રાફિક પોઈન્ટ	30	20
	(એફ) વર્ક ઈન પ્રોગ્રેસ તથા ડાઈવર્ઝન	ડેડ સ્લો	
	(જી) શૈક્ષણિક સંસ્થાઓના વાહનો હાઈવે પર	ડેડ સ્લો	
	(એચ) મુખ્ય જિલ્લા માર્ગ તમામ	50	40
	(આઈ) અન્ય પેવર્ડ પાકી સડકો તમામ	50	40
		50	40

ઉપરોક્ત વિગતે સ્ટેટ તેમજ નેશનલ હાઈવેની ગતિમર્યાદા નક્કી કરવામાં આવે છે તેમજ નીચે દર્શાવેલ અનુસુચિ-૨ના કોલમ-૨માં દર્શાવેલ સ્થળોએ સ્પીડ લીમીટ અંગેના સાઈન બોર્ડ મૂકવાનું ઠરાવવામાં આવે છે.

અનુસૂચિ -૨

અનુ. નંબર	સાઈન બોર્ડ મૂકવાના સ્થળોની યાદી
૧	પાટણ-હારીજ રોડ/બોરતવાડા ગામ નજીકના વળાંક ઉપર
૨	પાટણ-હારીજ રોડ/જુના માંકાના રસ્તે વોટર વર્કસ પાસે વળાંક નજીક
૩	પાટણ-હારીજ રોડ/કલાણા ગામ નજીકના વળાંક ઉપર
૪	પાટણ-હારીજ રોડ/ચંદુમાણાના પાટીયા નજીક
૫	સરવાલ પાટીયા નજીક
૬	સોઢવ પાટીયા આગળ
૭	જસોમાવ પાટીયા નજીક

INDEX

અનુ. નંબર	સાઈન બોર્ડ મૂકવાની સ્થળોની યાદી
૮	પાટણ-સિદ્ધપુર રોડ / કમલીવાડા બસ સ્ટેન્ડ પાસે
૯	પાટણ - ઉંઝા રોડ / બાલીસણા ગામે બસ સ્ટેન્ડ પાસે
૧૦	પાટણ-ચાણસ્મા રોડ / સંખારી બસ સ્ટેન્ડ પાસે
૧૧	પાટણ-હારીજ રોડ /કુણઘેર બસ સ્ટેન્ડ પાસે
૧૨	ખિમીયાણા-મીઠીવાવડી વચ્ચે નાળાની ઉપર
૧૩	પાટણ-ડીસા રોડ / વાગડોદ ગામ નજીક વળાંક ઉપર
૧૪	પાટણ-ડીસા રોડ / જંગરાલ ગામ નજીક વળાંક ઉપર
૧૫	પાટણ શીહોરી રોડ/ મેલુસણ ગામે પુલ પાસે વળાંક ઉપર/ રખાવ પુલના છેડે
૧૬	પાટણ ડીસા રોડ-વાયડ ગામે પેટ્રોલ પંપ પાસે વળાંક ઉપર
૧૭	કઠીવાડા-ઝીલવાણા હાઈવે ઉપર વળાંક ઉપર (સમી તાલુકો)
૧૮	બાસ્પા ગામે બસ સ્ટેન્ડ ઉપર (સમી તાલુકો)
૧૯	હારીજ ત્રણ રસ્તા ટર્નીંગ ઉપર
૨૦	પાટણ-ચાણસ્મા રોડ / નવીન શાક માર્કેટ આગળ
૨૧	પાટણ - ચાણસ્મા રોડ / પદમનાથ ચાર રસ્તા આગળ
૨૨	પાટણ-ચાણસ્મા રોડ/જી. ઈ. બી. ચાર રસ્તા ગરનાળાં આગળ
૨૩	પાટણ -ચાણસ્મા રોડ/ રેલ્વે ફાટક આગળ
૨૪	સારથીનગર સોસાયટી આગળ ટર્નીંગ ઉપર (પાટણ શહેર હાઈવે વિસ્તાર)
૨૫	શ્રમજીવી સર્કલ આગળ (પાટણ શહેર હાઈવે વિસ્તાર)
૨૬	પાટણ- ડીસા રોડ/રીલાયન્સ પેટ્રોલ પંપ આગળ
૨૭	પાટણ - ડીસા રોડ /ટી. બી. ત્રણ રસ્તા આગળ
૨૮	પાટણ - ડીસા રોડ /માતરવાડી ગામે સરસ્વતી પુલ નજીક
૨૯	પાટણ શહેરના આંતરિક રસ્તાઓ.
૩૦	ચાણસ્મા-મહેસાણા રોડ/ધરમોડા વળાંક પાસે
૩૧	ચાણસ્મા ટેલીફોન એક્ષ્ચેન્જના વળાંક ઉપર
૩૨	સરદારપુરાના વળાંકમાં
૩૩	સાંઈબાબાના મંદિર પાસે
૩૪	હાઈવે ટ્રાફિક - મહેસાણા-રાધનપુર રોડ
૩૫	સિદ્ધપુર ખળી ચાર રસ્તા પાસે
૩૬	દેથળી ચાર રસ્તા
૩૭	સિદ્ધપુર કાકોશી ચાર રસ્તા
૩૮	સિદ્ધપુર-પાલનપુર હાઈવે/આઈ. ઓ. સી. વિસ્તાર આગળ
૩૯	સિદ્ધપુર શહેરના આંતરીક માર્ગો
૪૦	રાધનપુર ધરવડી પાટીયા પાસે

અનુ. નંબર	સાઈન બોર્ડ મૂકવાના સ્થળોની યાદી
૪૧	સાંતલપુર પો. સ્ટે. ની હદ પુરી થાય તે સ્થળે
૪૨	સિદ્ધપુર પ્રીત હોટલ નજીક
૪૩	ધારેવાડા ચેક પોસ્ટ
૪૪	સમી વઢિયાર નિકેતન સંસ્થા આગળ
૪૫	હાઈવે પર આવેલ શૈ. સંસ્થા/સ્વૈ. સંસ્થા આગળ

ઉપરોક્ત કોલમ-૨માં દર્શાવેલ સ્થળોએ સ્પીડ લીમીટ અંગેના સાઈન બોર્ડ સહેલાઈથી દેખી શકાય તે રીતે મુકવા માટે નીચે જણાવેલ અધિકારીશ્રીઓની જવાબદારી નક્કી કરવામાં આવે છે.

અનુ. નંબર	રસ્તાનું નામ / સ્થળ	જવાબદાર અધિકારીશ્રી
૧	નેશનલ હાઈવે ઉપરના સાઈન બોર્ડ માટે.	નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા
૨	સ્ટેટ હાઈવે માટે	કા. પા. ઈ. શ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) પાટણ.
૩	જિ. પં. હસ્તકના ગ્રામ્ય રસ્તાઓ માટે	કા. પા. ઈ. શ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) પાટણ.
૪	શહેરી વિસ્તારના આંતરીક રસ્તાઓ માટે	ચીફ ઓફિસરશ્રી, સંબંધિત નગરપાલીકા
૫	અન્ય રસ્તાઓ માટે	સ્થાનિક સત્તા મંડળ
૬	હાઈવે પર આવેલ શૈક્ષણિક/ સ્વૈ. સંસ્થા આગળ	સંબંધિત શૈ. સંસ્થા/સ્વૈ. સંસ્થા

ટ્રાફિક બાબતેની જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે.

અપવાદ:- આ જાહેરનામું સરકારી વાહનો તથા લશ્કરી વાહનોને લાગુ પડશે નહીં.

શિક્ષા :- આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ તેમજ ધી મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૮૩ અને ૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૩૦મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 150

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, JULY 4, 2006 / ASADHA 13, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

વંચાણમાં લીધા :-

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ) ઓર્ડર ૧૯૯૩.

(૨) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક કશન/૧૦/૨૦૦૨/૨૧૩૪/બ, તા. ૧૫-૭-૨૦૦૨.

(૩) આ કચેરીના હુકમ નં. પરવ/કસન/એસએ/ભાવ/વશી-૩૨૯૭, તા. ૨-૧૨-૨૦૦૪.

(૪) દાહોદ જીલ્લા પેટ્રોલીયમ પ્રોડકટસ ડીલર્સ એસોસીએશનના તા. ૩૧-૩-૨૦૦૬નો પત્ર.

(૫) કેરોસીન પરિવહન દર નક્કી કરવા માટેની જીલ્લા કક્ષાની સમિતીની તા. ૨૯-૬-૨૦૦૬ની બેઠકની કાર્યવાહી નોંધ.

હુકમ

નં. પરવ/કશન/એસ.એ. ભાવ/વશી/૭૨૮/૨૦૦૬.-આમુખ નં. ૨ના વંચાણે લીધેલ સરકારશ્રીની સૂચના અન્વયે કેરોસીનના ભાવમાં વધારો થતાં આમુખ-૩થી દાહોદ જીલ્લાના તાલુકાઓ માટે કોયલી (વડોદરા) રીફાઈનરી તેમજ નિરમા અલીન્દ્રાથી આવતા કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વિક્રેતાઓના ઘરગથ્થું વપરાશ માટેના વાદળી કેરોસીનના વેચાણ ભાવો નક્કી કરવામાં આવ્યા હતા.

આમુખ નં. ૪ માં જણાવેલ દાહોદ જીલ્લા પેટ્રોલીયમ પ્રોડક્ટસ ડિલર્સ એસોસીએશન દાહોદ એ તેઓની અરજીથી અવારનવાર ડિઝલના ભાવોમાં વધારો થવાથી તથા આનુસાંગિક ખર્ચાઓ જેવા કે ટાયર ટ્યુબ, ડ્રાઈવર-ક્લીનરના પગાર, મોટર વીમો, બેન્ક કમિશનમાં વધારો થવાથી નવેસરથી કેરોસીન પરિવહનના ભાવો નક્કી કરી ૫૦% વધારો આપવાની રજુઆત કરેલ છે.

આમુખ-૫માં જણાવેલ કેરોસીન પરિવહન દર નક્કી કરવા માટે જીલ્લા કક્ષાની સમિતીની તા. ૨૯-૬-૨૦૦૬ની મિટીગમાં એસોસીએશનની પરિવહન દરમાં વધારો કરી આપવાની માંગણી અંગે તમામ બાબતો લક્ષમાં લઈ પ્રવર્તમાન પરિવહન દરમાં ૨૫% નો વધારો કરવાનો સમિતીએ સર્વાનુમતે નક્કી કર્યું છે. તેથી જીલ્લાના તમામ વિસ્તારમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ થતાં વાદળી રંગના કેરોસીનના ભાવો નવેસરથી નક્કી કરવાના થાય છે.

આમ, ઉપર મુજબની વિગત ધ્યાનમાં લઈ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેસન ઓફ સીલીંગ પ્રાઈસ ઓર્ડર) ૧૯૯૩ની કલમ-૨ (ડી.) (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ

INDEX

હું મમતા વર્મા (આઈ.એ.એસ.), કલેક્ટર દાહોદ આથી તા. ૧-૭-૨૦૦૬ના રોજથી અમલમાં આવે તે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ દુમાડ, નંદેસરી અને કોયલી રીફાઈનરી વડોદરા માર્ગે વહન થઈ જીલ્લાને અપાતા જથ્થાબંધ અને છુટક ભાવો પરિશિષ્ટ-૧ મુજબ નીચે જણાવેલ શરતોને આધીન રહી ઠરાવવા હુકમ કરું છું.

શરતો :-

(૧) સદર ભાવ તા. ૧-૭-૨૦૦૬થી અમલી બને છે. અને તે સાથે જુના ભાવ રદ ગણાશે. તેમજ નક્કી કરવામાં આવેલ ભાવોથી વધારે ભાવ કોઈપણ વિક્રેતા લઈ શકાશે નહીં. અન્યથા આ.ચી.વ. અધિનિયમ હેઠળ તેમજ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ) ઓર્ડર-૧૯૯૩ હેઠળ સખ્ત પગલાં લેવામાં આવશે તેમજ ભાવનું બોર્ડ ધંધાના સ્થળે ગ્રાહકો સ્પષ્ટ જોઈ શકે તે રીતે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૨) પરિશિષ્ટમાં જણાવેલ ૧૦૦૦ લીટરના ભાવ ટ્રાન્સપોર્ટ ભાડાં સાથેના છે તેથી કોઈપણ વિક્રેતા બીજા વિક્રેતા પાસેથી ટ્રાન્સપોર્ટ ભાડું અલગથી લઈ શકશે નહી તથા જે જે સેન્ટરોના જથ્થાબંધ ભાવો નક્કી કરેલ છે તે સિવાયના સેન્ટરો પર એજન્ટ છુટક વિક્રેતાને પોતાની ટેન્કરમાં જથ્થો મોકલાવે ત્યારે છુટક વિક્રેતા માટે સ્લેબવાર જે ટ્રાન્સપોર્ટ ભાડું નક્કી કરેલ છે. તે દરે ટ્રાન્સપોર્ટ ભાડું (સ્થાનિક સિવાય) જે તે નક્કી કરાયેલ નજીકના સેન્ટરના (તાલુકા મુખ્ય મથક) ભાવ ઉપરાંત લઈ શકશે.

(૩) આ ભાવો દુમાડ, નંદેસરી અને કોયલી રીફાઈનરી વડોદરા માર્ગે વહન થતા કેરોસીનના છે.

(૪) કેરોસીનના એજન્ટને કેરોસીનના પરિવહન માટે પર્યાપ્ત ખર્ચ ચુકવવામાં આવતો હોય છે. તેથી છુટક વિક્રેતા કે ફેરીયાને જથ્થાની ડીલીવરી વખતે વજનમાં મંજૂર થવાપાત્ર સિવાય કોઈપણ પ્રકારના અસામાન્ય ઘટ પાડવાની રહેશે નહીં.

(૫) કેરોસીન એજન્ટોએ કેરોસીનના છુટક વિક્રેતાના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવાની રહેશે.

કેરોસીન જાહેર વિતરણ યોજના હેઠળ ભાવ ગણતરીનું પત્રક

વડોદરા કોયલી (રીફાઈનરી) આઈ.ઓ.ટી.એલ. ધુમાડ, નંદસરી, જિલ્લા :- દાહોદ.

અ.નં.	વિગત	ઝાલોદ	દાંહોદ	લીમખેડા	દે. બારીયા	ધાનપુર	ગરબાડા	ફતેપુરા
૧	એક્ષ રીફાઈનરીનો ભા તા. ૧-૭-૨૦૦૬	૮૧૩૧-૦૦	૮૧૩૧-૦૦	૮૧૩૧-૦૦	૮૧૩૧-૦૦	૮૧૩૧-૦૦	૮૧૩૧-૦૦	૮૧૩૧-૦૦
૨	૪% વેટ એક્ષ રીફાઈનરીના ભાવમાં તા.૧-૪-૦૬	૩૨૫-૨૪	૩૨૫-૨૪	૩૨૫-૨૪	૩૨૫-૨૪	૩૨૫-૨૪	૩૨૫-૨૪	૩૨૫-૨૪
	કુલ (૧)	૮૪૫૬-૨૪	૮૪૫૬-૨૪	૮૪૫૬-૨૪	૮૪૫૬-૨૪	૮૪૫૬-૨૪	૮૪૫૬-૨૪	૮૪૫૬-૨૪
૩	ટ્રાન્સપોર્ટ ચાર્જીસ રૂા. ૨-૦૯.	૭૬૦-૭૬	૭૧૮-૯૬	૫૪૭-૫૮	૫૪૩-૪૦	૭૦૬-૪૩	૭૯૮-૩૮	૭૯૪-૨૦
૪	કેન્દ્ર સરકારશ્રી એનાંયત કરેલ એજન્ટ માટેનું કમીશન	૨૦૪-૦૦	૨૦૪-૦૦	૨૦૪-૦૦	૨૦૪-૦૦	૨૦૪-૦૦	૨૦૪-૦૦	૨૦૪-૦૦
૫	રાજ્ય સરકારશ્રીનું એજન્ટ માટેનું કમિશન	૮૦-૩૦	૮૦-૩૦	૮૦-૩૦	૮૦-૩૦	૮૦-૩૦	૮૦-૩૦	૮૦-૩૦
	કુલ ટ્રાન્સપોર્ટેશન અને કમિશન (૨)	૧૦૪૫-૦૬	૧૦૦૩-૨૬	૮૩૧-૮૮	૮૨૭-૭૦	૯૯૦-૭૨	૧૦૮૨-૬૮	૧૦૭૮-૫૦
૬	ટ્રાન્સપોર્ટેશન અને કમિશનના ૪% વેટ (૩)	૪૧-૮૦	૪૦-૧૩	૩૩-૨૭	૩૩-૧૦	૩૯-૬૨	૪૩-૩૦	૪૩-૧૪
૭	૧૦૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ (૧,૨,૩)	૯૫૪૩-૧૦	૯૪૯૯-૬૩	૯૩૨૧-૩૯	૯૩૧૭-૦૪	૯૪૮૬-૫૮	૯૫૮૨-૨૨	૯૫૭૭-૮૮
૮	છુટક વિક્રેતાનું સ્થાનિક ટ્રાન્સપોર્ટ ચાર્જીસ	૪૦-૦૦	૪૦-૦૦	૪૦-૦૦	૪૦-૦૦	૪૦-૦૦	૪૦-૦૦	૪૦-૦૦
૯	કેન્દ્ર સરકારશ્રીનું છુટક વિક્રેતા માટેનું નિયત કમિશન	૧૬૩-૦૦	૧૬૩-૦૦	૧૬૩-૦૦	૧૬૩-૦૦	૧૬૩-૦૦	૧૬૩-૦૦	૧૬૩-૦૦
૧૦	રાજ્ય સરકારશ્રીનું છુટક વિક્રેતાનું કમિશન	૫૪-૦૦	૫૪-૦૦	૫૪-૦૦	૫૪-૦૦	૫૪-૦૦	૫૪-૦૦	૫૪-૦૦
	કુલ	૨૫૭-૦૦	૨૫૭-૦૦	૨૫૭-૦૦	૨૫૭-૦૦	૨૫૭-૦૦	૨૫૭-૦૦	૨૫૭-૦૦
૧૧	છુટક વિક્રેતાનું ટ્રાન્સપોર્ટ અને કેન્દ્ર સરકારનું કમિશન અને રાજ્ય સરકારનું કમિશનના ૪% વેટ	૧૦-૨૮	૧૦-૨૮	૧૦-૨૮	૧૦-૨૮	૧૦-૨૮	૧૦-૨૮	૧૦-૨૮
૧૨	કુલ (૪)	૨૬૭-૨૮	૨૬૭-૨૮	૨૬૭-૨૮	૨૬૭-૨૮	૨૬૭-૨૮	૨૬૭-૨૮	૨૬૭-૨૮
૧૩	૧૦૦૦ લીટરનો છુટક વેચાણ ભાવ (૭ અને ૧૨)	૯૮૧૦-૩૮	૯૭૬૬-૯૧	૯૫૮૮-૬૭	૯૫૮૪-૩૨	૯૭૫૩-૮૬	૯૮૪૯-૫૦	૯૮૪૫-૧૬
૧૪	૧ લીટરનો રાઉન્ડીંગ ભાવ	૯-૮૧	૯-૭૬	૯-૫૯	૯-૫૮	૯-૭૫	૯-૮૫	૯-૮૫

પરિશિષ્ટ-૧

કેરોસીનના જથ્થાબંધ વેચાણભાવ અંગેનું પરિશિષ્ટ તા. ૧-૭-૨૦૦૬થી

અ. નં.	તાલુકાનું નામ	વડોદરા કોયલી ડેપોથી આવતા જથ્થા માટે	
		એજન્ટે જથ્થાબંધ વેચવાનો ભાવ ૧૦૦૦ લીટરના	છુટક વિક્રેતાને ૨૦૦ લીટરના
૧	૨	૩ અ	૩ બ
૧	દાહોદ	૯૪૯૯.૬૩	૧૮૯૯.૯૨
૨	ઝાલોદ	૯૫૪૩.૧૦	૧૯૦૮.૬૨
૩	લીમખેડા	૯૩૨૧.૩૯	૧૮૬૪.૨૭
૪	દે. બારીઆ	૯૩૧૭.૦૪	૧૮૬૩.૪૦
૫	ધાનપુર	૯૪૮૬.૫૮	૧૮૯૭.૩૧
૬	ગરબાડા	૯૫૮૨.૨૨	૧૯૧૬.૪૪
૭	ફતેપુર	૯૫૭૭.૮૮	૧૯૧૫.૫૮

પરિશિષ્ટ-૨

તાલુકાવાર છુટક વિક્રેતાઓ અંતર મુજબ લેવાના કેરોસીનના છુટક વેચાણ ભાવ અંગેનું પરિશિષ્ટ
છુટક વિક્રેતાઓ/હોકરોએ ગ્રાહકો પાસેથી ૧ લીટરનો લેવાનો ભાવ

અ. નં.	તાલુકાનું નામ	સ્થાનિક	૧૦ કિ.મી. સુધી ૪૫	૧૦ થી ૨૫કિ.મી. ૫૦	૨૬ થી ૫૦કિ.મી. ૫૫	૫૦કિ.મી. ઉપર ૬૦	રીમાર્ક
૧	ઝાલોદ	૯.૮૧	૯.૮૧	૯.૮૧	૯.૮૧	૯.૮૧	
૨	દાહોદ	૯.૭૬	૯.૭૬	૯.૭૬	૯.૭૬	૯.૭૬	
૩	લીમખેડા	૯.૫૯	૯.૫૯	૯.૫૯	૯.૫૯	૯.૫૯	
૪	બારીયા	૯.૫૮	૯.૫૮	૯.૫૮	૯.૫૮	૯.૫૮	
૫	ધાનપુર	૯.૭૫	૯.૭૫	૯.૭૫	૯.૭૫	૯.૭૫	
૬	ગરબાડા	૯.૮૫	૯.૮૫	૯.૮૫	૯.૮૫	૯.૮૫	
૭	ફતેપુરા	૯.૮૫	૯.૮૫	૯.૮૫	૯.૮૫	૯.૮૫	

દાહોદ, તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૬.

મમતા વર્મા,
કલેક્ટર, દાહોદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 151

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, JULY 6, 2006 / ASADHA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર ડીસી/એમએજી/જા.ના./એસ.આર.-૨૧/૨૦૦૬.- અમદાવાદ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને એક્ષપ્રેસ વે ઉપરથી, અવરજવર કરતાં યાંત્રિક વાહનો દ્વારા અકસ્માત ના સર્જાય અને વાહનચાલકો તેમજ પ્રજાના જાનમાલને હાનિ ના પહોંચે તે આશયથી આવા યાંત્રિક વાહનોની ઝડપ ઉપર નિયંત્રણ રાખવાની આવશ્યકતા જણાતી હોઈ હું ડી. તારા, કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ધી મોટર વેહીકલ્સ એક્ટ-૧૯૮૮ ની કલમ ૧૧૨ (૨) તથા ગુજરાત મોટર વેહીકલ્સ રૂલ્સ ૧૯૮૯ ના નિયમ-૧૮૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર અમદાવાદ જિલ્લાની હદમાંથી પસાર થતા નીચેની અનુસૂચિ-૧ અને ૨માં જણાવેલ નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને એક્ષપ્રેસ વે પરથી અવરજવર કરતાં વાહનોની તેમાં જણાવેલ અંતર માટે અનુસૂચિ-૩ અને ૪માં જણાવેલ ગતિ મર્યાદા રાખવા ફરમાવું છું.

અનુસૂચિ-૧

અમદાવાદ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે

અનુ. નંબર	રસ્તાનું નામ	કેટલાથી કેટલા કિ.મી સુધી (અંતર)	ગતિ મર્યાદા કિ.મી./કલાક
૧	૨	૩	૪
૧	રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮, નારોલ-અસલાલી-બારેજા-ખેડા-વડોદરા	૬/૪ થી ૧૯/૮	૮૦
૨	રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ સી, ચિલોડા-ગાંધીનગર-સરખેજ રોડ ૦/૦ થી ૪૪/૪૨૦	૨૯/૫૦૦ થી ૩૩/૦ ૩૩/૦ થી ૩૬/૧૫૦ ૩૬/૧૫૦ થી ૪૧/૮૦૦	૫૦
૩	રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૯, અમદાવાદ-કુહા-કઠલાલ-ગોધરા-ઈન્દોર રોડ કિ.મી. ૪/૨ થી ૫૫/૦	૭/૦ થી ૨૧/૦ ૨૧/૦ થી ૫૦/૦	૨૦ ૪૦

અનુસૂચિ-૨
અમદાવાદ જિલ્લામાંથી પસાર થતો સ્ટેટ હાઈવે

અનુ. નંબર	રસ્તાનું નામ	કેટલાથી કેટલા કિ.મી સુધી (અંતર)	ગતિ મર્યાદા કિ.મી./કલાક
૧	૨	૩	૪
૧	રાજ્ય ધોરીમાર્ગ નં. ૧૭, સરખેજ-સાણંદ-વિરમગામ-વઢવાણ-સુરેન્દ્રનગર રોડ ૧૦/૮ થી ૫૮/૮ ૫૮/૮ થી ૭૧/૬	૧૦/૮ થી ૧૧/૦ ૧૭/૨ થી ૧૭/૮ ૨૨/૪ થી ૨૩/૬ ૩૩/૦ થી ૩૩/૪ ૪૭/૦ થી ૪૭/૮	૪૦ ૪૦ ૪૦ ૪૦ ૪૦
૨	રાજ્ય ધોરીમાર્ગ નં. ૧૬, સરખેજ-ધોળકા-વટામણ રોડ ૧૧/૦ થી ૩૯/૬	૧૧/૦ થી ૧૨/૦	૪૦
૩	સાણંદ-ચેખલા-કડી રોડ ૦/૦ થી ૧૧/૬	૦/૬ થી ૧/૦	૪૦
૪	રાજ્ય ધોરીમાર્ગ નં. ૪, નવાપુરા-સરોડા-ધોળકા રોડ ૯/૦ થી ૩૯/૦	૩૮/૦ થી ૩૯/૦	૪૦
૫	રાજ્ય ધોરીમાર્ગ નં. ૧૪૪, બાવળા-સાણંદ રોડ ૦/૦ થી ૧૭/૬	૧૭/૦ થી ૧૭/૬	૪૦
૬	આંબલી-બોપલ-ધુમા રોડ ૧૦/૦ થી ૨૫/૧૫૦	૧૫/૦ થી ૧૬/૦	૪૦
૭	ગોતા-ઓગંણજ-લપકામણ રોડ ૧/૫ થી ૮/૬૫૦	૧/૫ થી ૧/૭	૪૦
૮	રાજ્ય ધોરીમાર્ગ નં. ૧૮, વિરમગામ-માંડલ-દસાડા-શંખેશ્વર રોડ ૬૧/૮ થી ૧૦૬/૪	૮૪/૨ થી ૮૪/૪	૩૦
૯	રાજ્ય ધોરીમાર્ગ ૧, બગોદરા-ધંધુકા રોડ ૬૧/૪ થી ૧૦૫/૦	૭૦/૮ થી ૭૧/૪ ૯૭/૮ થી ૯૯/૨ ૧૦૧/૮ થી ૧૦૪/૨	૬૦ ૬૦ ૬૦
૧૦	રાજ્ય ધોરીમાર્ગ-૩૬, ધંધુકા-બરવાળા રોડ ૧૦૫/૦ થી ૧૩૭/૮	૧૦૭/૮ થી ૧૦૮/૨ ૧૧૧/૮ થી ૧૧૩/૨ ૧૧૪/૮ થી ૧૧૫/૨ ૧૩૦/૦ થી ૧૩૧/૨	૬૦ ૬૦ ૬૦ ૬૦
૧૧	રાજ્ય ધોરીમાર્ગ ૧, ધંધુકા-રાણપુર રોડ ૧૦૫/૦ થી ૧૪૪/૦	૧૨૦/૦ થી ૧૨૧/૦	૫૦
૧૨	બગોદરા-રાયપુર-ગલીયાણા રોડ ૦/૦ થી ૩૦/૫	૧૪/૮ થી ૧૫/૪ ૨૨/૬ થી ૨૩/૦	૪૦ ૪૦

અનુસૂચિ-૩
અમદાવાદ જિલ્લામાંથી પસાર થતો અમદાવાદ-વડોદરા એક્ષપ્રેસ હાઈવે

અનુ. નંબર	રસ્તાનું નામ	કેટલાથી કેટલા કિ.મી સુધી (અંતર)	ગતિ મર્યાદા કિ.મી./કલાક
૧	૨	૩	૪
૧	અમદાવાદ જિલ્લામાંથી પસાર થતો અમદાવાદ-વડોદરા એક્ષપ્રેસ વે ૦/૦૦ થી ૧૬/૯	૦/૦૦ થી ૧૬/૯	૧૦૦

કેન્દ્ર સરકારે તા. ૯-૬-૧૯૮૯ એસ.ઓ. નં. ૪૨૫(ઈ) થી બહાર પાડેલ ગતિ મર્યાદાના જાહેરનામા અન્વયે અમદાવાદ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને એક્ષપ્રેસ વે ઉપર વાહનચાલકોએ રાખવાની થતી મહત્તમ ગતિ મર્યાદાની.

INDEX

અનુસૂચિ-૪

અનુ. નંબર ૧	વાહનનો વર્ગ ૨	મહત્તમ ગતિ મર્યાદા ૩
૧	જો વાહનના તમામ ચારે ચાર પૈડા ન્યુમેટિક ટાયર હવાથી ભરેલા હોય અને વાહનને ટ્રેઈલર લગાડેલુ ન હોય	
	(એ) ટ્રાન્સપોર્ટ વાહન ન હોય ને લાઈટ મોટર વેહીકલ વાહન હોય તો	કોઈ મર્યાદા નથી
	(બી) જો વાહન લાઈટ મોટર વેહીકલ હોય અને એ ટ્રાન્સપોર્ટ વાહન હોય તો	૬૫
	(સી) જો વાહન મોટરસાયકલ હોય તો	૫૦
	(ડી) જો વાહન મીડીયમ પ્રકારનું કે ભારે મુસાફરો માટેનું મોટર વાહન હોય તો	૬૫
	(ઈ) જો વાહન મીડીયમ કે ભારે વજન લઈ જનારું વાહન હોય તો	૬૫
૨	જો વાહન સાંધાવાળું વાહન હોય જેના તમામ પૈડા ન્યુમેટિક ટાયરોથી ફીક્સ થતાં હોય, જે ભારે વજનવાળું વાહન હોય, અગર પેસેન્જરવાળું ભારે વાહન હોય	૫૦
૩	જો વાહન એક કરતાં વધુ ટ્રેઈલર ખેંચી જતું ન હોય, અગર લશ્કરી સરંજામ (તોપ વિગેરે)ના કિસ્સામાં બે થી વધારે ટ્રેઈલરો ન હોય તે વાહન અને ટ્રેઈલરના પૈડા હવા ભરેલા ટાયરોવાળા હોય તો	
	(એ) જો વાહન લાઈટ મોટર વેહીકલ હોય અને ટ્રેઈલર બે પૈડાવાળું હોય અને વાહનનું કુલ વજન ૮૦૦ કિ.ગ્રા. કરતાં વધું ન હોય તો	૬૦
	(બી) જો વાહન લાઈટ મોટર વેહીકલ હોય અને ટ્રેઈલર ને બે કરતાં વધું પૈડાં હોય અગર વાહનનું કુલ વજન ૮૦૦ કિ.ગ્રા. કરતાં વધું હોય તો	૫૦
	(સી) જો વાહન મીડીયમ ભારવાહક વાહન હોય, અગર મીડીયમ મુસાફરો માટેનું મોટર વાહન હોય તો	૫૦
	(ડી) જો વાહન ભારે વજન લઈ જનાર વાહન હોય, અગર મીડીયમ મુસાફરો માટેનું મોટર વાહન હોય તો	૪૦
	(ઈ) જો વાહન ભારે વજન લઈ જનાર ભારવાહક વાહન હોય, અથવા મુસાફરો માટેનું ભારે મોટર વાહન હોય જે ફાયરબ્રિગેડ વપરાશમાં લેતું હોય તો	૫૦
૪	ઉપરોક્ત અ. નં. ૧, ૨ અને ૩માં જેનો સમાવેશં ન થયો હોય તેવા કોઈપણ બીજા પ્રકારના વાહનો હોય તો	૩૦

ઉપર જણાવેલ તમામ વર્ગના વાહનો અનુસુચિ ૧ થી ૩ માં જણાવેલ ગતિ મર્યાદાથી વધુ ગતિ થી ચલાવી શકાશે નહીં.

અપવાદ :- (૧) આ જાહેરનામું સરકારી વાહનોને લાગુ પડશે નહીં.

(૨) ધી મોટર વેહીકલ્સ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૧૨(૩)માં જણાવેલ કોઈપણ વાહનોને આ જાહેરનામું લાગુ પડશે નહીં.

શિક્ષા :- આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ તેમજ ધી મોટર વેહીકલ્સ એક્ટ-૧૯૮૮ની કલમ-૧૮૩ અને ૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ના રોજ સહી તથા સિક્કો કરી આપ્યા.

ડી. તારા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 152

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, JULY 6, 2006 / ASADHA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

વાંચ્યો :

(૧) મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ ૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૧૮૪.

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પે. સિવીલ એપ્લી. નં. ૧૩૩૦૮/૨૦૦૪, તા. ૧૯-૧-૨૦૦૬.

(૩) પોલીસ અધિક્ષકશ્રી ભરૂચના પત્ર ક્રમાંક ટ્રાફીક/ગતિ નિયંત્રણ/જાહેરનામું/૦૬, તા. ૨૯-૬-૨૦૦૬.

હુકમ

મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૧૮૪ અન્વયે સ્પીડ લીમીટ (ગતિ નિયંત્રણ) બાબત બહાર પાડેલ.

ક્રમાંક એમએજી/પીઓએલ/વશી/૩૦૮૭ થી ૩૧૦૬.–મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ ૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સના નિયમ, ૧૮૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હું, જે. બી. સોલંકી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ભરૂચ જિલ્લાની હદમાં આવેલ સ્ટેટ હાઈ વે ઉપર વાહનોની ગતિ મર્યાદા નક્કી કરવા સબબ નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉક્ત વંચાણ (૨)માં લીધેલ તારીખ ૧૯-૧-૨૦૦૬ના ચુકાદાથી નિર્દેશ કર્યા અનુસાર ભરૂચ જિલ્લાની હદમાં આવેલ નીચે જણાવેલા રાજ્ય ધોરી માર્ગો ઉપર પરિશિષ્ટ 'અ' માં જણાવ્યા પ્રમાણે ગતિ નિયંત્રણ મુજબ અમલ કરવા ઠરાવું છું.

અનુ. નંબર	રાજ્ય ધોરી માર્ગની વિગત
૧	ભરૂચથી આમોદ રાજ્ય ધોરી માર્ગ નં. ૬૪
૨	આમોદથી જંબુસર માસર રોડ નં. ૬
૩	ભરૂચથી દહેજ રાજ્ય ધોરી માર્ગ નં. ૬
૪	અંકલેશ્વરથી ધારી ખેડા રાજ્ય ધોરી માર્ગ નં. ૬૪
૫	મુલેર ચોકડીથી ગોવાલી ગુમાનદેવ રાજ્ય ધોરી માર્ગ નં. ૧૬૫
૬	વાલીયા ચોકડીથી નેત્રંગ રાજ્ય ધોરી માર્ગ નં. ૧૩
૭	અંકલેશ્વર, હાંસોટ, સાહોલ, વડોલી સર્કલ રાજ્ય ધોરી માર્ગ નં. ૬
૮	ભરૂચથી શુંકલતીર્થ રાજ્ય ધોરી માર્ગ નં. ૧૬૪
૯	ભરૂચથી અંકલેશ્વર, ગોલ્ડનબ્રીજ રાજ્ય ધોરી માર્ગ નં. ૭૬
૧૦	રાજપારડીથી નેત્રંગ રાજ્ય ધોરી માર્ગ નં. ૧૬૩

INDEX

અનુ. નંબર	રાજ્ય ધોરી માર્ગની વિગત
૧૧	વાલીયાથી માંગરોલ રાજ્ય ધોરી માર્ગ નં. ૧૬૫
૧૨	વાલપોર, ગાલીબા, ફુલવાડી રોડ રાજ્ય ધોરી માર્ગ નં. ૧૭૫
૧૩	થવા થી કેવડી રોડ રાજ્ય ધોરી માર્ગ નં. ૨૦૫
૧૪	મોવીથી કવચ્યા નેત્રંગ પૂર્વી રાજ્ય ધોરી માર્ગ નં. ૬
૧૫	આમોદથી સરભાણ-માતર રાજ્ય ધોરી માર્ગ નં. ૧૬૧
૧૬	આમોદ, રોઝા ટંકારીયા, મુલેર, દહેજ રાજ્ય ધોરી માર્ગ નં. ૬
૧૭	દેરોલથી વાગરા રાજ્ય ધોરી માર્ગ નં. ૧૬૧
૧૮	વાગરાથી ગંધાર રાજ્ય ધોરી માર્ગ નં. ૨૦૩
૧૯	વાગરાથી કેરવાડા નાહીયેર રાજ્ય ધોરી માર્ગ નં. ૧૬૧
૨૦	ભુવા, ભાડભૂત રાજ્ય ધોરી માર્ગ નં. ૨૦૪
૨૧	કરેણાથી દાંદા, સમની, વાગરા, પખાજણ, જોલવા રાજ્ય ધોરી માર્ગ નં. ૬
૨૨	ઝઘડીયાથી ભાલીયા ધોરી માર્ગ નં. ૧૬૫.

પરિશિષ્ટ-અ

(ઉપરોક્ત રાજ્ય ધોરી માર્ગો પર વાહનોની ગતિ નિયંત્રણની વિગતો).

(એ)	ભારે માલવાહન હોય અથવા ભાર ઉતારૂ મોટરવાહન માટે	– ગતિ મર્યાદા ૪૦ કી. મી.
(બી)	લાઈટ મોટર વ્હીકલ (ચાર પૈડા ધારી)	– ગતિ મર્યાદા ૬૦ કી. મી.
(સી)	મોટર સાઈકલ તથા સ્કુટર માટે	– ગતિ મર્યાદા ૫૦ કી. મી.
(ડી)	ઉપર સિવાયના તમામ ચાર પૈડાધારી વાહન માટે	– ગતિ મર્યાદા ૫૦ કી. મી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧(૩) મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. સોલંકી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 153

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, JULY 7, 2006/ ASADHA 16, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/ એમએજી/જાહેરનામું/વશી/કલમ-૩૭ (૧)/૫૭૦૭ થી ૫૮૨૨/૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની રાજકીય પ્રવૃતિને અનુલક્ષીને તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ અર્થે તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૬નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઇપણ સાધન લઇ જવું નહીં ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો, સાકરવા નહીં અથવા તૈયાર કરવા નહિં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ, બતાવવી નહિ, તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જૂન, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 154

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, JULY 7, 2006 / ASADHA 16, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

(૧) મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ ૧૮૪.

(૨) નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૧૩૩૦૮/૨૦૦૪, તા. ૧૯-૧-૨૦૦૬.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા રાજપીપલાના પત્ર ક્રમાંક ગહન/આર.બી./૧૦૩૮/૨૦૦૬, તા. ૧૨-૬-૨૦૦૬.

હુકમ

મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૧૮૪ અન્વયે સ્પીડ લીમીટ (ગતિ નિયંત્રણ) બાબતે બહાર પાડેલ.

ક્રમાંક એમએજી/પી.ઓ.એલ./વશી/૧૫૨૧ થી ૧૫૪૦૬/૨૦૦૬.-મોટર વ્હીકલ એક્ટ,૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ ૧૮૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા નર્મદા જિલ્લાની હદમાં આવેલ સ્ટેટ હાઇવે ઉપર વાહનોની ગતિ મર્યાદા નક્કી કરવા સબબ નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉક્ત વંચાણ (૨)માં લીધેલ ૧૯-૧-૨૦૦૬ના હુકમમાં નિર્દેશ કર્યા અનુસાર નર્મદા જિલ્લાની હદમાં આવેલ નીચે જણાવેલ રાજ્ય ધોરી માર્ગો ઉપર અધિનિયમ મુજબ જણાવ્યા પ્રમાણે ગતિ નિયંત્રણ અમલ કરવા ઠરાવું છું.

નર્મદા જિલ્લામાં રાજ્ય ધોરી માર્ગની વિગત.

બુજેઠાથી દેવલીયા, ગરૂડેશ્વર, ભાણંદ્રા, વાવડી ચાર રસ્તા, રાજપીપલાથી પ્રતાપનગર સુધી સ્ટેટ હાઇવે પસાર થાય છે. અને નસવાડીથી દેવલીયા તથા નેત્રંગથી થવા થઇ દેડીયાપાડા તથા સાગબારા સેલંબા સુધી સ્ટેટ હાઇવે પસાર થાય છે.

INDEX

પરિશિષ્ટ અ

(ઉપરોક્ત રાજ્ય ધોરી માર્ગો પર વાહનોની ગતિ નિયંત્રણની વિગત)

(૧)	ભારે માલવાહન હોય અથવા ભારે ઉતારૂ મોટર વાહન માટે	ગતિ મર્યાદા ૪૦ કિ.મી.
(૨)	લાઈટ મોટર લોકલ (ચાર પૈડા ધારી)	ગતિ મર્યાદા ૬૦ કિ.મી.
(૩)	મોટર સાયકલ તથા સ્કુટર માટે	ગતિ મર્યાદા ૫૦ કિ.મી.
(૪)	ઉપર સિવાયના તમામ ચાર પૈડા ધારી વાહનો માટે	ગતિ મર્યાદા ૫૦ કિ.મી.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ રૂપિયા ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 155

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, JULY 10, 2006 / ASADHA 19, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૫૭૦૭ થી ૫૮૨૨/૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની રાજકીય પ્રવૃતિને ધ્યાને લઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં.

વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ-ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 156

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, JULY 15, 2006 / ASADHA 24, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ નીચેનો પુરક શુદ્ધિ હુકમ.

નંબર પીઓએલ (૧)/૩૨૧૫/૨૦૦૬.–પર્યાવરણની સુરક્ષા અને સુધારણા સંબંધિત પુનઃપ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ બાબતના આ કચેરીના હુકમ / જાહેરનામા ક્રમાંક પીઓએલ (૧)/વશી/૧૯૩૫, તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૩થી નક્કી કરી, પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે તેમજ જાહેરનામા ક્રમાંક પીઓએલ (૧)/૨૦૬૫/૨૦૦૬ તારીખ ૮મી મે, ૨૦૦૬ થી કેટલાક વધુ અધિકારીશ્રીઓને આ જાહેરનામાની અમલવારી માટે સમગ્ર ખેડા જિલ્લા માટે સક્ષમ જાહેર કરવામાં આવેલ છે.

ઉક્ત જાહેરનામામાં હુકમની અમલવારી માટે સક્ષમ અધિકારીશ્રીઓની નિમણુંક કરવામાં આવેલ છે. તે ઉપરાંત હુકમની અમલવારી માટે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ખેડા તથા નડિયાદ તેમજ ખેડા જિલ્લાની તમામ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓને પણ સક્ષમ અધિકારી તરીકે આથી નિમણુંક કરવામાં આવે છે.

આજ તારીખ ૭મી જુલાઈ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા જિલ્લો, નડિયાદ.

જાહેરનામું

પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ નીચેનો આદેશ.

નંબર પીઓએલ (૧)/વશી/૧૯૩૫/૨૦૦૩.–પર્યાવરણની સુરક્ષા અને સુધારણા સંબંધિત પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૩(૨) અને ૨૫ નીચે "પુનઃ પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સંબંધી નિયમો, ૧૯૯૯" બનાવેલ છે. સદરહુ નિયમોના નિયમ-૪ મુજબ, પર્યાવરણના જતનના હેતુસર ખાદ્ય સામગ્રી સંઘરવા, વહન કરવા, ભરવા, વિતરણમાં મુકવા કોઈ વિક્રેતા પુંનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકમાંથી ઉત્પાદિત થયેલ થેલી કે ભરવાના સાધનો (Container) નો ઉપયોગ કરી શકે નહીં. તે સિવાય કોઈ વ્યકિત પ્લાસ્ટીકની થેલીઓ (Carry Bag) અથવા કન્ટેઈનર

ઉત્પાદિત કરવા માંગતી હોય તો ફક્ત કુદરતી રંગ આભા કે સફેદ રંગના, પુનઃ પ્રક્રિયા થયા સિવાયના, અસલ અને અણીશુદ્ધ પ્લાસ્ટીકમાંથી જ કોથળીઓ કે થેલીઓ બનાવી શકે, અન્યથા નહીં.

ઉપરોક્ત નિયમોના પાલન તથા પ્રકૃત્તિ અને પર્યાવરણના જતનના હેતુના ભાગરૂપે આથી અસલ અને અણિશુદ્ધ પ્લાસ્ટીકના ઉપયોગ તેમજ પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકની થેલીઓ અને કોથળીઓ સંદર્ભમાં પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૫ ને આધિન **ખેડા જિલ્લા માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.**

(૧) પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સંબંધી ૧૯૯૯ના નિયમોના નિયમ-૪ને આધિન, ખાદ્ય સામગ્રીના ઉત્પાદક, જથ્થાબંધ વિક્રેતા, છુટક વિક્રેતા, ફેરીયા, વેચાણના દલાલ, એજન્ટ એ ખાદ્ય સામગ્રીને પેક કરવા, વિતરણમાં મુકવા, વહન કરી જવા કે સંઘરવા માટે પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીક (Recycled Plastic)માંથી બનાવેલ થેલી, કોથળી કે કન્ટેઈનરનો ઉપયોગ કદાપી કરવો નહીં.

(૨) જે વ્યક્તિ ખાદ્ય સામગ્રીના પેકેજીંગ મટીરીયલના હેતુ સિવાય અન્ય હેતુસર પ્લાસ્ટીકની થેલી, કોથળી કે કન્ટેઈનર ઉત્પાદિત કરવા માગતી હશે તે નિયમ-૫(એ) ના અંતર્ગત કુદરતી રંગ આભા અથવા સફેદ રંગવાળા પુનઃ પ્રક્રિયા થયા સિવાયના અણિશુદ્ધ પ્લાસ્ટીકમાંથી જ તેવી કોથળીઓ, થેલીઓ કે કન્ટેઈનર બનાવી શકશે, અન્યથા નહીં. તદુપરાંત આ રીતના અણિશુદ્ધ અને પુનઃ પ્રક્રિયા સિવાયના પ્લાસ્ટીકમાંથી બનાવેલ કોથળી, થેલી કે કન્ટેઈનરની જાડાઇ ૨૦ માઇક્રોનથી ઓછી હોવી જોઇશે નહીં. **૨૦ માઇક્રોનથી ઓછી જાડાઇવાળી અસલ પ્લાસ્ટીકની કોથળી, થેલી કે કન્ટેઈનર વાપરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.**

હુકમના ઉલ્લંઘન બદલ શિક્ષા :-

આ હુકમનો સીધો કે આડકતરો ભંગ કરવા અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર કસુરવાર સામે પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૧૫ નીચે ૫ વર્ષ સુધીની કેદ અથવા તો ૧ (એક) લાખ રૂપિયા સુધીના દંડ અથવા શિક્ષા બંને શિક્ષાને પાત્ર થશે તેમજ ઉલ્લંઘન કરવાનું ચાલુ રહેશે તો પ્રતિદિન રૂપિયા ૫ હજાર લેખે દંડને પાત્ર થશે. તદુપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ નીચે પણ શિક્ષાને પાત્ર થશે.

હુકમના અમલીકરણ માટે સક્ષમ અધિકારીઓ :-

આ હુકમના અમલીકરણ માટે ખેડા જિલ્લામાં નીચે મુજબના અધિકારીઓ રહેશે.

૧. સંબંધિત તાલુકા વિસ્તાર માટે જે તે તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ.

૨. સમગ્ર ખેડા જિલ્લા માટે મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ.

આજ તારીખ ૭મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જયંત પરિમલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 157

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, JULY 19, 2006 / ASADHA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

વાંચ્યો :-

(૧) મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ ૧૮૪.

(૨) નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૧૩૩૦૮/૨૦૦૪, તા. ૧૯-૧-૨૦૦૬.

(૩) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર ક્રમાંક ટ્રાફિક/ગતિ નિયંત્રણ/જાહેરનામું/૨૦૦૬, તા. ૨૯-૬-૨૦૦૬.

હુકમ

મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૧૮૪ અન્વયે સ્પીડ લીમીટ (ગતિ નિયંત્રણ) બાબતે બહાર પાડેલ.

ક્રમાંક એમએજી/પી.ઓ.એલ./વશી/-/૨૦૦૬.-મોટર વ્હીકલ એકટ,૧૯૮૮ની કલમ-૧૧૨ તથા ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ ૧૮૪ અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. બી. સોલંકી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ભરૂચ જિલ્લાની હદમાં આવેલ સ્ટેટ હાઇવે ઉપર વાહનોની ગતિ મર્યાદા નક્કી કરવા સબબ નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉકત વંચાણ (૨)માં લીધેલ તારીખ ૧૯-૧-૨૦૦૬ના ચુકાદાથી નિર્દેશ કર્યા અનુસાર ભરૂચ જિલ્લાની હદમાં આવેલ નીચે જણાવેલ નેશનલ હાઇવે ઉપર પરિશિષ્ટ-અ માં જણાવ્યા પ્રમાણે ગતિ નિયંત્રણ મુજબ અમલ કરવા ઠરાવું છું.

અનુ. નંબર	રાજ્ય ધોરીમાર્ગની વિગત
૧	પાલેજ થી નબીપુર, ભરૂચ બાયપાસ-અંકલેશ્વર-ખરોડ-ધામણોદ-હાઇવે સુધી

INDEX

પરિશિષ્ટ - અ

(ઉપરોક્ત રાજ્ય ધોરી માર્ગો પર વાહનોની ગતિ નિયંત્રણની વિગત)

(એ)	ભારે માલવાહન હોય અથવા ભારે ઉતારૂ મોટર વાહન માટે	**ગતિ મર્યાદા ૫૦ કિ.મી.**
(બી)	લાઇટ મોટર વ્હીકલ (ચાર પૈડા ધારી)	**ગતિ મર્યાદા ૮૦ કિ.મી.**
(સી)	મોટર સાયકલ તથા સ્કુટર માટે	**ગતિ મર્યાદા ૬૦ કિ.મી.**
(ડી)	ઉપર સિવાયના તમામ ચાર પૈડા ધારી વાહનો માટે	**ગતિ મર્યાદા ૬૦ કિ.મી.**

આ જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૩) મુજબ રૂપિયા ૨૦૦/- સુધીના દંડની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જુન, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. સોલંકી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 158

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, JULY 24, 2006 / SRAVANA 2, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૮૨ સાથે વાંચતા ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટીસોસીયલ એક્ટીવીટી એક્ટ, ૧૯૮૫ની કલમ-૮ મુજબ.

નંબર ડી/એમએજી/૧/પાસા/૪૭/૨૦૦૪/૨૦૦૬.–શ્રી મયુર ઉર્ફે વિક્રમ ઉર્ફે ગજુ ઉર્ફે ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ રાવ, રહે. ગાંધીધામ ભારતનગર, આશાપુરા મંદીર પાસે, તા. ગાંધીધામ, જિલ્લો કચ્છ-ભૂજ, પોલીસ સ્ટેશનની હદમાં, ગાંધીધામ વાળા ને તેમની ગેરકાયદેસરની જાહેર વ્યવસ્થાને પ્રતિકુળ અસર કે તેવી સતત વિદેશી દારૂ વેચવાની પ્રવૃત્તિઓ અટકાવવાના હેતુસર ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાયત ધારો, ૧૯૮૫ (ગુજરાત એક્ટ નં. ૧૬ સને ૧૯૮૫ની કલમ-૩ની પેટા કલમ-(૨) અન્વયે અટકાયત કરવા અત્રેની કચેરીના હુકમ નં. ડી/એમએજી/૧/પાસા/૨૫/૨૦૦૬.–તારીખ ૨જી ડીસેમ્બર ૨૦૦૫ થી હુકમ કરેલ છે અને તે ઉપરથી કાઢેલ વોરંટ ઉપર એવો શેરો થઈ આવેલ છે કે સદરહુ શ્રી મયુર ઉર્ફે વિક્રમ ઉર્ફે ગજુ ઉર્ફે ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ રાવ, રહે. ગાંધીધામ, વાળા જેઓ મળી આવતા નથી. તેની મને ખાત્રી કરાવવામાં આવેલ છે. સદરહુ ઈસમ પોતાના ઉપર વોરંટ બજે નહી એટલા માટે સંતાતો ફરે છે. અને ફરાર થયેલ છે.

આથી હું, હારીત શુકલ, (આઈ.એ.એસ.,) જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર આથી જાહેરનામું કાઢીને ફરમાવું છુ કે, સદરહુ શ્રી મયુર ઉર્ફે વિક્રમ ઉર્ફે ગજુ ઉર્ફે ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ રાવ, રહે. ગાંધીધામ, ભારતનગર આશાપુરા મંદિર પાસે તા. ગાંધીધામ જિલ્લો કચ્છ-ભૂજ, પોલીસ સ્ટેશનની હદમાં ગાંધીધામ વાળાને આ જાહેરનામા અનુસંધાણે સને ૨૦૦૬ના ઓગસ્ટ માસની ૦૫મી તારીખે સવારના ૧૧-૦૦ કલાકે અથવા તે પહેલાં મારી સમક્ષ હાજર થવું.

આજ રોજ તારીખ ૧૫મી જુલાઈ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હારીત શુકલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

જાહેરનામું

ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૮૨ સાથે વાંચતા ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટીસોસીયલ એક્ટીવીટી એક્ટ, ૧૯૮૫ની કલમ-૮ મુજબ.

નંબર ડી/એમએજી/૧/પાસા/૪/૨૦૦૬.–શ્રી હરીશ ઉર્ફે કાલેકુમાર સન ઑફ માંગીરામ શર્મા (બ્રાહ્મણ), રહે. બવાની, ખેડા તા. બવાની ખેડા, જિલ્લો : ભીવાની, પોલીસ સ્ટેશનની હદમાં, બવાની ખેડા વાળાને તેમની ગેરકાયદેસરની જાહેર વ્યવસ્થાને પ્રતિકુળ અસર કે તેવી સતત વિદેશી દારૂ વેચવાની પ્રવૃત્તિઓ અટકાવવાના હેતુસર ગુજરાત

INDEX

અસામાજીક પ્રવૃત્તિઓ અટકાયત ધારો, ૧૯૮૫ (ગુજરાત એકટ નં. ૧૬ સને ૧૯૮૫ની કલમ-૩ની પેટા કલમ-(૨) અન્વયે અટકાયત કરવા અત્રેની કચેરીના હુકમ નં. ડી/એમએજી/૧/પાસા/૩/૨૦૦૬.– તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી હુકમ કરેલ છે અને તે ઉપરથી કાઢેલ વોરંટ ઉપર એવો શેરો થઈ આવેલ છે કે સદરહુ શ્રી હરીશ ઉર્ફે કાલેકુમાર સન ઑફ માંગીરામ શર્મા (બ્રાહ્મણ) રહે. બવાની, ખેડા તા. બવાની ખેડા, વાળા જેઓ મળી આવતા નથી. તેની મને ખાત્રી કરાવવામાં આવેલ છે. સદરહુ ઈસમ પોતાના ઉપર વોરંટ બજે નહી એટલા માટે સંતાતો ફરે છે. અને ફરાર થયેલ છે.

આથી હું, હારીત શુકલ, (આઈ.એ.એસ.,) જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર આથી જાહેરનામું કાઢીને ફરમાવું છુ કે સદરહુ શ્રી હરીશ ઉર્ફે કાલેકુમાર સન ઑફ માંગીરામ શર્મા (બ્રાહ્મણ) રહે. બવાની, ખેડા તા. બવાની ખેડા, જિલ્લો : ભીવાની પોલીસ સ્ટેશનની હદમાં બવાની ખેડા વાળાને આ જાહેરનામા અનુસંધાણે સને ૨૦૦૬ના ઓગસ્ટ માસની-૮મી તારીખે સવારના ૧૧-૦૦ કલાકે અથવા તે પહેલાં મારી સમક્ષ હાજર થવું.

આજ રોજ તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હારીત શુકલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

જાહેરનામું

ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૮૨ સાથે વાંચતા ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટીસોસીયલ એકટીવીટી એકટ, ૧૯૮૫ની કલમ-૮ મુજબ.

નંબર ડી/એમએજી/૧/પાસા/૫/૨૦૦૬.–શ્રી રાજબીરસિંહ હરીભાવસિંહ તિહાડમલીક રહે. સોનીપત, તા. જી. સોનીપત, (હરીયાણા) પોલીસ સ્ટેશનની હદમાં, સોનીપત વાળાને તેમની ગેરકાયદેસરની જાહેર વ્યવસ્થાને પ્રતિકુળ અસર કે તેવી સતત વિદેશી દારૂ વેચવાની પ્રવૃત્તિઓ અટકાવવાના હેતુસર ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાયત ધારો, ૧૯૮૫ (ગુજરાત એકટ નં. ૧૬ સને ૧૯૮૫ની કલમ-૩ની પેટા કલમ-(૨) અન્વયે અટકાયત કરવા અત્રેની કચેરીના હુકમ નં. ડી/એમએજી/૧/પાસા/૪/૨૦૦૬ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૬ થી હુકમ કરેલ છે અને તે ઉપરથી કાઢેલ વોરંટ ઉપર એવો શેરો થઈ આવેલ છે કે સદરહુ શ્રી રાજબીરસિંહ હરીભાવસિંહ તિહાડમલીક રહે. સોનીપત, તા. જી. સોનીપત, (હરીયાણા) વાળા જેઓ મળી આવતા નથી. તેની મને ખાત્રી કરાવવામાં આવેલ છે. સદરહુ ઈસમ પોતાના ઉપર વોરંટ બજે નહી એટલા માટે સંતાતો ફરે છે. અને ફરાર થયેલ છે.

આથી હું, હારીત શુકલ, (આઈ.એ.એસ.,) જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા, પાલનપુર આથી જાહેરનામું કાઢીને ફરમાવું છુકે, સદરહુ શ્રી રાજબીરસિંહ હરીભાવસિંહ તિહાડમલીક રહે. સોનીપત, તા. જી. સોનીપત, (હરીયાણા) પોલીસ સ્ટેશનની હદમાં, સોનીપત વાળાને આ જાહેરનામા અનુસંધાણે સને ૨૦૦૬ના ઓગસ્ટ માસની-૮મી તારીખે સવારના ૧૧-૦૦ કલાકે અથવા તે પહેલાં મારી સમક્ષ હાજર થવું.

આજ રોજ તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હારીત શુકલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 159

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, AUGUST 3, 2006 / SRAVANA 12, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) એમ અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૩૩૬૬/૨૦૦૬.–ખેડા જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર મુકામે આવેલ ગોમતી તળાવનો પ્રવાસન વર્ષ-૨૦૦૬માં પ્રવાસન સ્થળ તરીકે સમાવેશ કરી, તેનું નવીનીકરણ કરવામાં આવેલ છે. જેથી ગોમતી તળાવની સ્વચ્છતા અને આ નવીનીકરણથી પ્રાપ્ત થયેલ સુંદરતાને ક્ષતિ ન પહોંચે અને આ તળાવનો નયનરમ્ય દેખાવ જળવાઈ રહે તે માટે ચીફ ઓફિસરશ્રી, ડાકોર નગરપાલિકાએ તેઓના પત્ર નં. ૪૫૨ તા. ૨૦-૭-૨૦૦૬થી ગોમતી તળાવ વિસ્તારમાં નીચે જણાવેલ વિગતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રે વિનંતી કરેલ છે. ચીફ ઓફિસરશ્રી, ડાકોર નગરપાલિકા ઉક્ત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(એમ) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ડાકોર નગરપાલિકા સ્થિત ગોમતી તળાવની ચર્તુદિશાની ચોતરફની ૨૦ મીટરની ત્રિજયામાં નીચેની વિગતોએ પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ડાકોર મુકામે આવેલ ગોમતી તળાવના પાણીમાં કોઈએ કપડાં/વાસણ ધોવા નહીં કે વાહનોની સફાઈ કરવી નહીં.

(૨) આ પાણીમાં પુજાના ફુલો કે મૃત વ્યક્તિના અસ્થિનું વિસર્જન કરવું નહીં.

(૩) આ પાણીમાં ભોજન બાદ એંઠી પેપરડીસ, વધેલું ભોજન, પ્લાસ્ટીકના પેકીંગ, પ્લાસ્ટીકની કેરી બેગ કે અન્ય કોઈપણ પ્રકારનો કચરો ફેંકવો નહિ કે અન્ય કોઈ ક્રિયાથી તળાવના પાણીમાં ગંદકી કરી શકશે નહીં.

(૪) ગોમતી ઘાટ ઉપર લારી-ગલ્લાવાળાં, પાથરણાંવાળાં, ફેરીયાઓ, ભિક્ષુકો તથા અન્ય ધંધાદારીઓએ પ્રવેશ કરવો નહિ.

(૫) કોઈપણ વ્યક્તિએ ગોમતીં તળાવ તથા ઘાટ ખાતે આવેલ જાહેર મિલ્કત સાથે ચેડાં કરવા કે કરાવવા નહીં.

આ હુકમ સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર મુકામે આવેલ ગોમતી તળાવ તથા ઘાટની ચર્તુદિશાની ચોતરફની ૨૦ મીટરની ત્રિજ્યામાં લાગુ પડશે.

આ હુકમનો ભંગ ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૨૫મી જુલાઈ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 160

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, AUGUST 4, 2006/ SRAVANA 13, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૬૩૩૮ થી ૬૪૮૮/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ચાલુ માસમાં રક્ષાબંધન, ૧૫મી ઓગસ્ટ, જન્માષ્ટમીનો તહેવાર આવતો હોય તેમજ શ્રાવણ માસ ચાલતો હોઈ જિલ્લામાં મંદિરોમાં પણ જનમેદની મોટી સંખ્યામાં ભેગી થતી હોઈ જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રુઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન-

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં;

(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં. વધુમાં હું એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;

(૨) કોઈ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકનાં વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/જાહેરનામું/વશી-કલમ-૩૭ (૧)/૬૩૩૮ થી ૬૪૮૮/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (મુંબઈ ૨૨ માં)ની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ચાલુ માસમાં રક્ષાબંધન, ૧૫મી ઓગસ્ટ, જન્માષ્ટમીનો તહેવારો આવતા હોઈ તેમજ શ્રાવણ માસ ચાલતો હોઈ જિલ્લામાં મંદિરોમાં પણ જનમેદની મોટી સંખ્યામાં ભેગી થતી હોઈ જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ અર્થે તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સંઘરવા નહીં અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં, તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 161

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, AUGUST 4, 2006 / SRAVANA 13, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧માંની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેર.ના.ક.૩૭(૩)/વશી/૩૨૫૬ થી ૩૨૯૦/૨૦૦૬.–આગામી ઓગસ્ટ માસમાં તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ રક્ષા બંધન તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ સ્વાતંત્ર્ય દિન તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ જન્માષ્ટમી તથા તારીખ ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ ગણેશ ચતુર્થીના તહેવારો ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમિયાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી પાટણે મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૩) અન્વયે કોઈપણ મંડળી માટે મનાઈ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત મુદત માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨)ની કલમ- ૩૭ (૩) તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાંટણ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧માંની કલમ-૩૭(૧)મુજબ

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામા ક. ૩૭(૧)/વશી/૩૨૨૦ થી ૩૨૫૫/૨૦૦૬.—આગામી ઓગસ્ટ માસમાં તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ રક્ષાબંધન તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ સ્વાતંત્ર્ય દિન, તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ જન્માષ્ટમી તથા તારીખ ૨૮મી ઓગસ્ટના રોજ ગણેશ ચતુર્થીના તહેવારો ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમિયાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઈ પોલીસ અધિનિયમ-૩૭-(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧લી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઇપણ ઇસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે, એકઠા કરવાની કે, સાથે રાખી ફરવાનું કે કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઇ જવાનું.

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું.

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે, તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની, તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ/સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાટણ/રાધનપુર/ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાટણ/વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ,/ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 162

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, AUGUST 8, 2006 / SRAVANA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/વશી-૨૨૨૬/૨૦૦૬.– તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૦૬ થી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયેલ હોઈ મેળાઓ તેમજ મંદિરોમાં પુજા, ભજન, સત્સંગના વિવિધ ધાર્મિક કાર્યક્રમો ચાલતા હોઈ તેમજ ચાલુ માસમાં નાગપંચમી, રાંધણછઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી જેવા તહેવારો આવતા હોઈ ઉપરોક્ત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૦૬ થી તારીખ ૧૭મી ઓગષ્ટ, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ઓગષ્ટ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/વશી-૨૨૨૬/૨૦૦૬.– તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૦૬ થી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયેલ હોઈ મેળાઓ તેમજ મંદિરોમાં પુજા, ભજન, સત્સંગના વિવિધ ધાર્મિક કાર્યક્રમો ચાલતા હોઈ તેમજ ચાલુ માસમાં નાગપંચમી, રાંધણછઠ, શીતળા સાતમ, જન્માષ્ટમી જેવા તહેવારો આવતા હોઈ ઉપરોકત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૨જી ઓગષ્ટ, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૦૬ થી તારીખ ૧૭મી ઓગષ્ટ, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૪થી ઓગષ્ટ, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ઓગષ્ટ, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યક્તિઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરના અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે. તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૩જી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 163

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, AUGUST 10, 2006 / SRAVANA 19, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૫/૨૦૦૬.– આણંદ જિલ્લામાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. જી. ઝાલાવાડીયા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ આપુ છું. સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૬ થી ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા-ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫, માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 164

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, AUGUST 10, 2006 / SRAVANA 19, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૬/૨૦૦૬.—આણંદ જિલ્લામાં તારીખ ૧૬મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૬ થી તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 165

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, AUGUST 10, 2006/SRAVANA 19, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાયમી.

નંબર પલસ/મજસ/ધાર્મિક સ્થાન/જાહેરનામું/૩૭(૧)/વશી/૨૮૫૫/૨૦૦૬.—પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના પાવાગઢ મુકામે આવેલ મહાકાળી મંદિર ખાતે શ્રધ્ધાળુઓનો વ્યાપક ઘસારો રહે છે. આ ધાર્મિક સ્થળના પરિસરમાં શ્રધ્ધાળુઓ/ભક્તો/દર્શનાર્થીઓ ધ્વારા પ્રસાદ શ્રીફળ, ચુંદડી વિગેરે લઇ જવામાં આવે છે. તેની સાથે મોબાઇલ, કેમેરા અને અંન્ય વસ્તુઓ પણ કેટલાક દર્શાનાર્થીઓ સાથે લઇ જાય છે. અસામાજિક તત્વો કે આતંકવાદી તત્વો ધ્વારા આવી વસ્તુઓ/પદાર્થોમાં ઘણીવાર શંકાશીલ વસ્તુઓ, સ્ફોટક પદાર્થો, શસ્ત્રો અને અન્ય વિનાશકારી પદાર્થો મંદિરના પરિસરમાં લઇ જઇ વિસ્ફોટ કરવાના પ્રયત્નો થાય તેવી શક્યતાઓ રહેલ છે. જેથી પ્રવર્તમાન પરિસ્થિતિમાં આવા મહત્વના ધાર્મિક સ્થળોની સુરક્ષા અને પુરાતન સ્થાપત્યની જાળવણી માટે સલામતિના વ્યાપક પગલાં લેવા આવશ્યક છે.

સરકારશ્રીના ગૃહ વિભાગ (વિશેષ) ના પત્ર નં. વિ. ૧/કઅવ/૧૦/૨૦૦૪/૧૮૯૯, તારીખ ૪થી માર્ચ, ૨૦૦૫ અન્વયે મહત્વના ધાર્મિક સ્થળોએ શ્રધ્ધાળુ ભક્તો ધ્વારા લઇ જવાતા પ્રસાદની વસ્તુઓ જેવી કે, શ્રીફળ વિગેરે વ્યુઅર મશીનથી ચેક કરવાની વ્યવસ્થા રાખવા તેમજ કેમેરા, મોબાઇલ ફોન વિગેરે મંદિરમાં લઇ જવાની મનાઇ ફરમાવતું બી. પી. એકટ કલમ-૩૭ હેઠળનું જાહેરનામું કાયમી ધોરણે પ્રસિધ્ધ કરવા અનુમતિ આપેલ છે. આ સંદર્ભમાં પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ, ગોધરાએ તેઓના પત્ર ક્રમાંક : એલઆઇબી/પાવાગઢ/મંદિર/સુરક્ષા/જાહેરનામું/૧૭૬૯/૦૬, તારીખ ૧લી ઓગષ્ટ, ૨૦૦૬ના પત્રથી જણાવ્યા અનુસાર પાવાગઢ મુકામે આવેલા મહાકાળી મંદિર પરિસરની સુરક્ષા માટે ભક્તો ધ્વારા લઇ જવાતા પ્રસાદની વસ્તુઓ જેવી કે શ્રીફળ, પ્રસાદ વિગેરે વ્યુઅર મશીનથી ચેક કરી લઇ જવાની વ્યવસ્થા ગોઠવવા અને આ ધાર્મિક પરિસરમાં કેમેરા, મોબાઇલ ફોન તેમજ શંકાશીલ વસ્તુ, પદાર્થો સહિત પ્રવેશ માટે મનાઇ ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

વાસ્તે હું બ્રહ્મભટ્ટ ડી. એચ. (આઇ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ જિલ્લો, ગોધરા આથી મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ આ જિલ્લાના હાલોલ તાલુકાના પાવાગઢ ખાતેના મહાકાળી મંદિરના પરિસરમાં નીચેના કૃત્યો માટે કાયમી મનાઇ ફરમાવુ છું.

(૧) મહાકાળી મંદિર, પાવાગઢ, તા. હાલોલના મંદિરના પરિસરમાં કે મંદિરમાં હથિયાર કે સ્ફોટક પદાર્થો લઇ જઇ શકાય તેવી વસ્તુઓ, મોબાઇલ, કેમેરા વિગેરે તેમજ તેવા પ્રકારની મંદિરની સુરક્ષાને અસરકર્તા થઇ શકે તેવી કોઇ પણ ચીજવસ્તુઓ સહિત પ્રવેશ કરવાનું.

INDEX

(૨) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો તેમજ શારીરિક ઇજા કરી શકાય તેવા પદાર્થો સાથે પ્રવેશ કરવાનું.

ઉપરાંત સરકારશ્રીના ગૃહ વિભાગ (વિશેષ) ના આગળ ઉલ્લેખેલ તારીખ ૪થી માર્ચ, ૨૦૦૫ના પત્રની સૂચના અન્વયે નીચે મુજબ ફરમાવું છું.

(૧) પ્રસાદીની વસ્તુઓ, શ્રીફળ, ચુંદડી, પાર્સલ અને અન્ય પદાર્થો પોલીસ ધ્વારા વ્યુઅર મશીનથી ચેક કરીને વાંધા રહિત જણાય તો જ મંદિર પરિસરમાં લઇ જવા દેવા તેમજ આવા પદાર્થો/વસ્તુઓ શંકાશીલ જણાય તો તે ક્યારેય ન લઇ જવા દેવા.

(૨) કોઇ પદાર્થ/વસ્તુ ખાતરીપૂર્વક શંકાશીલ જણાયેથી ફરજ ઉપરના પોલીસ કર્મીએ તાત્કાલીક સબંધિત પોલીસ સબ ઇન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીને મંદિરના જવાબદાર ટ્રસ્ટી/અધિકારી મારફતે જાણ કરવાની રહેશે.

(૩) પોલીસ તંત્ર ધ્વારા ઉપલબ્ધ કરવામાં આવનાર વ્યુઅર મશીનથી ચકાસણીની સુવિધા સંદર્ભે સબંધિત મંદિરના વહીવટી તંત્ર/ કર્મચારીઓ/ટ્રસ્ટએ જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(૪) વ્યુઅર મશીનથી ચકાસણી થયા બાદ મોબાઇલ, કેમેરા તથા પાર્સલ જેવી વસ્તુઓ વાંધા રહિત જણાય તેવા પ્રસંગે સાચવણી અને જાળવણીની વ્યવસ્થા સદરહુ મંદિરના અધિકૃત ટ્રસ્ટે સ્થાનિક પોલીસ તંત્રના સંકલનમાં રહી ગોઠવવાની રહેશે.

અપવાદ :-

આ જાહેરનામુ (૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, (૨) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, (૩) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, (૪) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, (૫) પોલીસ અધિક્ષકશ્રી, (૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (૭) પો. ઇ. શ્રી હાલોલ, (૮) પો. સ. ઇ. શ્રી પાવાગઢ, (૯) મંદિરના અધિકૃત ટ્રસ્ટીઓને લાગુ પડશે નહિં.

અન્ય સક્ષમ અધિકારીઓએ સદર જાહેરનામાથી મુક્તિ માટે સબંધિત મામલતદારશ્રી હાલોલની લેખિત પરવાનગી મેળવવાની રહેશે. મામલતદારશ્રી હાલોલએ સ્થાનિક પરિસ્થિતિ અનુરૂપ આ સબંધે આવી અનુમતિ આપવા માટે પો. સ. ઇ. શ્રી પાવાગઢને અધિકૃત કરી શકશે.

મહત્વના મહાનુભાવો, સરકારી અતિથિઓ, કેન્દ્ર/રાજય સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓ જ્યારે મંદિરની મુલાકાતે પધારે તેવા પ્રસંગે સ્વવિવેક અનુસાર પો. સ. ઇ. શ્રીએ જાત હાજર રહી જરૂરીયાત મુજબની છુટછાટ આપવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર / કરાવનાર ઉલ્લંઘન કરનાર/ કરાવનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ સજાને પાત્ર ઠરશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બ્રહ્મભટ્ટ ડી. એચ.
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 166

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, AUGUST 14, 2006 / SRAVANA 23, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૩૫૧૦/૨૦૦૬.—અત્રેના જિલ્લામાં તાજેતરમાં થયેલ ભારે વરસાદને કારણે જિલ્લામાંથી પસાર થતાં કપડવંજ ડાકોર ચોકડીથી વાયા લાડવેલ ચોકડી થઈ ડાકોર તરફના રસ્તા ઉપર આવેલ સાવલી ગરનાળું (પુલ) ધોવાઈ જતા, પુલ તુટી જવાની સંભાવના હોઈ આ રોડ ઉપર ટ્રાફિક નિયમન કરવું આવશ્યક જણાય છે. ઈ. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડા-નડીયાદએ તેઓના તારીખ ૭મી ઓગસ્ટ ૨૦૦૬ના પત્રથી વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવાં જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. સદરહું દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ જિલ્લામાંથી પસાર થતા ઉપરોકત રસ્તાનો ઉપયોગ કરવા સબંધી તમામ વાહનોની અવર-જવર પર તારીખ ૧૫મી ઓગસ્ટ ૨૦૦૬ સુધી નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(અ) વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો :

(૧) કપડવંજ, ડાકોર ચોકડી થી સોરણા પાટીયા થઈ લાડવેલ ચોકડી તરફ જતા તમામ વાહનો.

(૨) લાડવેલ ચોકડીથી કપડવંજ તરફ જતા તમામ વાહનો.

(બ) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકતા વૈકલ્પીક માર્ગ :

(૧) કપડવંજ ડાકોર ચોકડીથી લાડવેલ તરફ જતા વાહનોને સોરણા પાટીયા થઈ કાપડીવાવ થઈ લાડવેલ તરફ જશે.

(૨) લાડવેલ ચોકડી થી કપડવંજ તરફ જતા વાહનો લાડવેલ ચોકડી થી કાપડીવાવ, સોરણા પાટીયા થઈ કપડવંજ તરફ જશે.

(૩) લાડવેલ ચોકડી થી કપડવંજ તરફ જતા વાહનો લાડવેલ ચોકડી થી કઠલાલ થઈ આગળ જશે.

અપવાદ :

સરકારી વાહનો, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, મા અને મ વિભાગ, નડીયાદ દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે તેમજ તે મતલબના બોર્ડ જે તે સ્થળે મુકવાના રહેશે અને જાહેરનામાનાં અમલવારી સમય પહેલા જો પુલ શરૂ થઇ શકે તેમ હોય તો તે અંગેનું પ્રમાણપત્ર અત્રે તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીયાદની કચેરી રજુ કરી જાહેરનામું રદ કરવા દરખાસ્ત કરવાની રહેશે.

આજ તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 167

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, AUGUST 21, 2006/ SRAVANA 30, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૬૬૦૩ થી ૬૬૬૩/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી.બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ચાલુ માસમાં શ્રાવણ માસ ચાલતો હોઈ તથા ગણેશ ચતુર્થીનો તહેવાર આવતો હોઈ જિલ્લામાં મંદિરોમાં જનમેદની મોટી સંખ્યામાં ભેગી થતી હોઈ જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત વિસ્તારોમાં તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;

(૨) કોઇ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને;

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 168

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, AUGUST 21, 2006 / SRAVANA 30, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(એસ) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/જાહેરનામુ/વશી/૨૦૨૯ થી ૨૦૪૮/૨૦૦૬.– નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં કેળાં અને શેરડીનો પાક મોટા પ્રમાણમાં ઉગાડવામાં આવે છે જે તૈયાર થયા પછી વેચાણ માટે તેને મોટી ટ્રકો મારફત લઈ જવામાં આવે છે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પર આવી ૧૦ ટન કે તેથી વધુ વજનની ટ્રકો દ્વારા વહન કરવામાં આવે છે જેને લીધે ગ્રામ્ય માર્ગોને મોટું નુકશાન થાય છે જેથી ગ્રામ્ય રસ્તાઓ ઉપર ૧૦ ટન કે તેથી વધુ વજનના માલ વહન પર પ્રતિબંધ મુકવો ઈસ્ટ જણાય છે જેથી ઉપરોક્ત વાહનો પસાર ન થાય તે અંગે જાહેર જનતાના હિતમાં તથા તેમની સલામતી માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૩ની પેટા કલમ (૧) (એસ) અન્વયે જાહેરનામું બહાર પાડવાનું યોગ્ય અને વ્યાજબી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (એસ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા જાહેર જનતાના જાન માલની તથા વાહન વ્યવહારની અવર જવર તેમજ ગ્રામ્ય માર્ગને નુકશાન ન પહોંચે તથા જનતાને કોઈ અડચણ ન પડે તે હેતુસર આથી ફરમાવું છું કે કોઈએ સમગ્ર નાંદોદ તાલુકાનાં ગ્રામ્ય રસ્તાંઓ પર તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ ૧૮-૦૦ કલાકથી બીજો આદેશ ફરમાવવામાં ન આવે ત્યાં સુધી.

(ક) હેવી લોડેડ ટ્રેઈલર તેમજ હેવી લોડેડ ટ્રકો ૧૦ ટન કે તેથી વધુ વજનવાળી પસાર કરવી નહિ.

- : આ હુકમનો ખંડ (ક)નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈપણ વ્યક્તિઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવુ કૃત્ય કરવા ફરજ પાડી હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા પોલીસ અધિક્ષકશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી (માર્ગ અને મકાન) વિભાગ સ્ટેટ/રીજીયોનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરશ્રીએ સદર વાહન પસાર કરવા પરવાનગી આપી હોય.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી નાંદોદ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી વ્યક્તિઓ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૧૬મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 169

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] MONDAY, AUGUST 21, 2006 / SRAVANA 30, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

જાહેરનામા ક્રમાંક એજીજી/કયુએલ/રીગ્રાન્ટ/૪૩૮૩/૨૦૦૬.–જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર એજીજી/કયુએલ/૨૯૧, તારીખ ૭મી ડીસેમ્બર, ૧૯૯૮ જે અન્વયે શ્રી બારીયા વિનોદકુમાર ભારતસિંહને મોજે છાવડ, તા. ગોધરાને સર્વે નંબર ૨૨ને લાગુ પાનમ નદી પટ્ટ પૈકી ૧.૦૦.૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનિજ કાઢવા ૩ (ત્રણ) વર્ષની મુદત માટે કલોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ મુજબ તારીખ ૭મી ડીસેમ્બર, ૧૯૯૮ થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

અરજદારશ્રી મંજુરી હુકમની તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ ગયેલ હોવાથી મંજુરી હુકમ તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૧ થી રીવોક કરેલ હોય હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો ૧૯૬૬ હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર હે
છાવડ	ગોધરા	પંચમહાલ	૨૨ને લાગુ પાનમ નદી પટ્ટ	૧.૦૦.૦૦

નોંધ :- અધિક નિયામકશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું ગાંધીનગરના પત્ર નં. એજીજી/કયુએલ/૭૪/૦૫/૧૩૦૩ તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૬ થી અપીલ મંજુર થયેલ હોય ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) અ. ની જોગવાઈ મુજબ આ જાહેરનામાનો હેતુ અપરિપકવતા દૂર કરવાનો છે.

ગોધરા, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૬.

બ્રહ્મભટ્ટ ડી. એચ.,
(આઈ.એ.એસ.),
કલેકટર, પંચમહાલ, ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 170

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] WEDNESDAY, AUGUST 23, 2006 / BHADRA 1, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ) અન્વયે.

નંબર એજી/બીએચ/ક્યુએલ/૩૪૩૮/૪૨૯૬/૨૦૦૬.—આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ના નિયમ-૧૧ અન્વયે નીચેની અનુસૂચિમાં જણાવેલ વિગત મુજબ ક્વોરીલીઝ રીવોક થતાં સદરહુ વિસ્તાર જાહેરનામામાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ અમલમાં આવે તે રીતે ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (ગ) મુજબ ફરીથી ક્વોરીલીઝ માટે ફેર ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

અનુસૂચિ

અનુ. નંબર	અરજદારનું નામ	ખનિજ	ગામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર હે.આરે.ચો.મી.	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	શ્રી ભરતસિંહ ટી. પ્રાંકડા	બ્લેક ટ્રેપ	મોટા સોરવા	ઝગડીયા	૧૭૨ પૈકી	૨-૦૦-૦૦	રીવોક થવાથી

ભરૂચ, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૬.

ડો. એસ. મુરલી ક્રિષ્ના,
આઈ. એ. એસ.,
કલેકટર, ભરૂચ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Supple C. G. I-Extra-170

INDEX

Extra No. 171

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, AUGUST 24, 2006 / BHADRA 2, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨માં) ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર પીઓએલ/વશી/૧૮૫૯ થી ૧૮૮૮/૨૦૦૬.-આગામી દિવસોમાં સંવત્સરી, નવરાત્રી, દશેરા, દિવાળી, નૂતન વર્ષ, ભાઈબીજ, રમજાન ઈદ જેવા તહેવાર હોઈ તેમજ વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે મહેસાણા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવાઈ રહે તે સારૂ સાવચેતીનાં પગલાંની આવશ્યકતા રહે છે. જેથી આગામી તહેવારો તેમજ વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને આ જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રુઈએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૬ના સવારના ૦૮-૦૦ કલાકથી તારીખ ૨૫મી ઓકટોબર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે, એકઠા કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે, ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.

(૬) અપમાન કરવાનું કે, જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારી કે અશ્લિલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવાનું.

INDEX

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા/સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા-વિસનગર/એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ, તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

(૩) ઉપરોકત-(૨) સિવાય અન્ય કિસ્સાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી વ્યકિતઓને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ. પી. સી. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 172

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, AUGUST 24, 2006 / BHADRA 2, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું
મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/વશી-૨૪૨૦/૨૦૦૬.– તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૦૬ થી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયેલ હોઈ મેળાઓ તેમજ મંદિરોમાં પુજા, ભજન, સત્સંગના વિવિધ ધાર્મિક કાર્યક્રમો ચાલતા હોઈ તેમજ ચાલુ માસમાં મુધણેશ્વરનો મેળો, ગણપતિ સ્થાપન, ભવનાથનો મેળો તથા ભાદરવી પુનમ પદયાત્રી જેવા પ્રસંગો આવતા હોઈ ઉપરોક્ત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૬ થી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી.. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ,૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/વશી-૨૪૨૦/૨૦૦૬.– તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૦૬ થી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયેલ હોઈ મેળાઓ તેમજ મંદિરોમાં પુજા, ભજન, સત્સંગના વિવિધ ધાર્મિક કાર્યક્રમો ચાલતા હોઈ તેમજ ચાલુ માસમાં મુધણેશ્વરનો મેળો, ગણપતિ સ્થાપન, ભવનાથનો મેળો તથા ભાદરવી પુનમ પદયાત્રી જેવા પ્રસંગો આવતા હોઈ ઉપરોક્ત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૨૦મી ઓગષ્ટ, ૨૦૦૬ થી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રુએ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 173

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, AUGUST 24, 2006 / BHADRA 2, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક પીસીબી / પાસા / ડીટીએન/જાહેરનામું/૧૧૪૧/૨૦૦૬.– હું, દિપક સ્વરૂપ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા, સને ૧૯૮૫ની કલમ-૮(૨) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

વડોદરા શહેરના પોલીસ મથક વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ નિવડે તેવી અસામાજીક પ્રવૃત્તિ આચરતા શ્રી સન્ની રણછોડભાઈ રાઉલજી રહે. સી/૧૫૩, અણમોલ પાર્ક સોસાયટી, લક્ષ્મીપુરા ગામની બાજુમાં, ગોરવા, વડોદરા શહેરનાની અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા માટે ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા, સને ૧૯૮૫(પાસા) ની કલમ ૩(૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૮-૫-૮૫ના જાહેરનામા ક્રમાંક જી/૧૫૫/એસબી/પીએએસ/૧૦૮૫/૧૧૯૪ થી મળેલ સત્તા અન્વયે ઉપરોક્ત ઈસમની નિવારક અટકાયત કરવા માટેના હુકમ ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/૧૧૮/૦૬/ તા. ૧૫/૭/૦૬ થી જારી કરવામાં આવેલ છે. જે હુકમને સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ.૩/પાસા/૩૩૦૬/૮૧૧ તા. ૨૧/૭/૦૬ થી મંજુર કરેલ છે. જે અટકાયત હુકમની બજવણી માટે સતત પ્રયત્નો કરતા સરકારી અધિકારીશ્રીઓના અહેવાલ તેમજ અમારી જાત તપાસણી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે જે વ્યકિતના સંબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે ઉકત વ્યકિત ફરાર થઈ ગયેલ છે અને તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે, તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહુ અટકાયત હુકમની અમલ બજવણી કરી શકાતી નથી જેથી ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ની કલમ ૮(૨) થી અમોને મળેલ અધિકારની રૂઈએ ઉકત ફરારી વ્યકિતએ આ હુકમની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં વડોદરા શહેર ખાતે અમારી સમક્ષ પોલીસ કમિશનર કચેરી, પહેલો માળ, પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા અથવા પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે. બી. જાડેજા, ડી.સી.બી. પો. સ્ટે., વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે. જો તેઓ આ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો સદરહુ કાયદાની કલમ ૮(૧) અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૨૩મી ઓગસ્ટ, ૨૦૦૬.

દિપક સ્વરૂપ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 174

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, AUGUST 25, 2006 / BHADRA 3, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/રેતી/૪૧૨૩/૩૯૫૪/૨૦૦૬.—શ્રી મુકેશકુમાર હીરાભાઈ પટેલની તથા પરમાર રજુજી કાળાજી મોજે બ્લોચપુર, તા. હિંમતનગરની હાથમતી નદી પટ્ટની ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારની કવોરીલીઝ અત્રેની કચેરીના હુકમ તા. ૯-૬-૨૦૦૩થી મંજુર કરવામાં આવેલ જેનું કરારખત ન કરાવતાં તા. ૨-૪-૨૦૦૪ થી મંજુરી હુકમ રીવોક કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	હિંમતનગર	બ્લોચપુર	હાથમતી નદી પટ્ટ	૧-૦૦-૦૦ હેકટર

ઉપરોક્ત વિગતે કવોરીલીઝ મંજુરી હુકમ રીવોક કરેલ હોઈ ફરી ખાણ કામ માટે જાહેર કરવાનો હોઈ, આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેક્ટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેક્ટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 175

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, AUGUST 25, 2006 / BHADRA 3, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/રેતી/૪૧૧૩/૩૯૫૫/૨૦૦૬.—શ્રી જેતાવત પદમસિંહ દોલતસિંહની મોજે શેરપુર, તા. ઈડરની ઘઉઆવ નદી પટ્ટની ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારની કવોરી લીઝ તા. ૨૬-૬-૨૦૦૩થી ૩ વર્ષના પટ્ટે મંજુર કરવામાં આવેલ જેનું કરારખત ન કરાવતાં અત્રેનાં હુકમ તા. ૨૩-૨-૨૦૦૪ થી મંજુરી હુકમ રીવોક કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	ઈડર	શેરપુર	ઘઉઆવ નદી પટ્ટ	૧-૦૦-૦૦ હેકટર

ઉપરોકત વિગતે કવોરી લીઝ મંજુરી હુકમ રીવોક કરવામાં આવેલ હોવાથી ફરી ખાણ કામ માટે જાહેર કરવાનો હોઇ, આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

Extra No. 176

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, AUGUST 25, 2006 / BHADRA 3, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો-૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/રીતી કંકર/૬૪/૩૪૭/૩૯૫૬/૨૦૦૬.–શ્રી વણજારા છગનભાઈ મોતીજીની મોજે મોડાસા, તા. મોડાસાની માઝુમ નદી પટ્ટના ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારની તા. ૪-૭-૧૯૮૬થી મંજુર કરવામાં આવેલ જેની મુદ્દત પૂર્ણ થતાં રીન્યુઅલ અરજી કરેલ નથી. જેની વિગત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	મોડાસા	મોડાસા-પહાડપુર	માઝુમ નદી	૧-૦૦-૦૦ હેકટર

ઉપરોકત હકીકતે કવોરીલીઝની મુદત પૂરી થતાં ખાણ કામ માટે વિસ્તાર જાહેર કરવાનો હોઈ, આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 177

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, AUGUST 25, 2006 / BHADRA 3, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/કવાર્ટઝાઈટ/૧૨૫૭/૩૯૫૭/૨૦૦૬.–શ્રી પટેલ ગોવિંદભાઈ મુળજીભાઈની મોજે લીંભોઈ, તા. મોડાસાના સર્વે નંબર ૪૦૭ પૈકીની ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારની કવોરીલીઝ અત્રેની કચેરીના પત્ર તા. ૧૮-૯-૧૯૯૫ થી મંજુર કરવામાં આવેલ. જે અત્રેની કચેરીના પત્રનાં તારીખ ૧-૧-૨૦૦૨ થી રદ કરવામાં આવેલ છે. જેની હકીકત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	મોડાસા	લીંભોઈ	૪૦૭ પૈકી	૧-૦૦-૦૦ હેકટર

ઉપરોકત હકીકતે બાકી લેણાંના કારણે રદ કરેલ હોવાથી ફરી ખાણકામ માટે જાહેર કરવાનો હોઇ, આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 178

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

सत्यमेव जयते

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, AUGUST 25, 2006 / BHADRA 3, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/કવાર્ટઝાઈટ/૨૪૮/૩૯૫૮/૨૦૦૬.–શ્રી અબ્દુલ રહેમાન એન્ડ કંપનીની મોજે સરવણા, તા. હિંમતનગરના સર્વે નંબર ૧૧૫ પૈકીના ૬-૮૦-૦૦ હેકટર વિસ્તારની કવોરી લીઝ તા. ૧૬-૮-૧૯૭૭થી મંજુર કરવામાં આવેલ. જે અત્રેની કચેરીના હુકમનાં તારીખ ૧-૧-૨૦૦૨ થી રદ કરવામાં આવેલ છે. જેની હકીકત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	હિંમતનગર	સરવણા	૧૧૫ પૈકી	૬-૮૦-૦૦ હેકટર

ઉપરોકત હકીકતે બાકી લેણાંના કારણે રદ કરેલ હોવાથી ફરી ખાણ કામ માટે જાહેર કરવાનો હોઈ, આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 179

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, AUGUST 25, 2006 / BHADRA 3, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામુ

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/રેતી કંકર/૩૪૮/૩૯૫૯/૨૦૦૬.–શ્રી વણજારા મણીભાઈ જીવાજીની મોજે મોડાસા-પહાડપુર, તા. મોડાસાની માઝુમ નદી પટની ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારની તા. ૨૫-૮-૧૯૯૫થી કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ જેની મુદત પુરી થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	મોડાસા	મોડાસા-પહાડપુર	માઝુમ નદી	૧-૦૦-૦૦ હેકટર

ઉપરોકત હકીકતે કવોરીલીઝની મુદત પૂર્ણ થયેલ હોઈ ખાણકામ માટે વિસ્તાર જાહેર કરવાનો હોઈ આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 180

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] FRIDAY, AUGUST 25, 2006 / BHADRA 3, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/સેન્ડ સ્ટોન/૪૦૪૬/૩૯૬૧/૨૦૦૬.–શ્રી વણજારા વિજયસિંહ ફુલાજીની મોજે સવગઢ, તા. હિંમતનગરના સર્વે નંબર ૫૬૮ પૈકીની ૦-૭૦-૦૦ હેકટર વિસ્તારની કવોરીલીઝ તા. ૨૭-૩-૧૯૯૮થી મંજુર કરવામાં આવેલ. જે અત્રેની કચેરીની હુકમ તારીખથી બાકી લેણાંના કારણે તા. ૧૬-૪-૨૦૦૩ થી રદ કરવામાં આવેલ છે. જેની હકીકત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	હિંમતનગર	સવગઢ	૫૬૮ પૈકી	૦-૭૦-૦૦ હેકટર

ઉપરોક્ત હકીકતે બાકી લેણાંના કારણે કવોરીલીઝ રદ કરેલ હોવાથી ફરી ખાણ કામ માટે જાહેર કરવાનો હોઇ આથી ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી ઓગષ્ટ, ૨૦૦૬

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 181

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, AUGUST 29, 2006 / BHADRA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૮/૨૦૦૬.—આણંદ જિલ્લામાં તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૬ થી તારીખ ૬ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ગણેશ ઉત્સવ તહેવારની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ આપું છું. સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૬ થી ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહિ. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટાગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 182

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, AUGUST 29, 2006 / BHADRA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ
મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૭/૨૦૦૬.– આણંદ જિલ્લામાં તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૬ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ગણેશ મહોત્સવ તહેવારની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૨૨ના ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ ફેકસ મેસેજથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૬ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સં સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 183

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, AUGUST 29, 2006 / BHADRA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૩૬૬૯/૨૦૦૬.–તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજથી ગણેશ ચતુર્થીનો તહેવાર ઉજવવામાં આવનાર છે જિલ્લામાં તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ કપડવંજ ટાઉનમાં અને તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ જિલ્લાનાં અન્ય તાલુકાઓમાં પણ ગણેશ વિસર્જન રાખવામાં આવેલ છે. ગણેસ વિસર્જન શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થશે. આ તહેવારની ઉજવણી દરમ્યાન જાહેર સુલેહ અને શાંતિને ભડકાવી વાતાવરણ તંગ બનાવી ઘર્ષણ પેદા કરવાનો ચોક્કસ અસામાજીક, રાષ્ટ્રદ્રોહી અથવા તો મલીન તત્વો પ્રયત્ન કરે, તેવી હાલના સંજોગોમાં શક્યતા નકારી શકાય નહીં. આ તહેવારના સંદર્ભમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે ઈ.ચા. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડા-નડીયાદ એ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૦૬ના પત્ર ક્રમાંક એલઆઈબી/ એચએ/જાહેરનામું/૨૨૧૯/૦૬થી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીની દરખાસ્ત અમોને આવશ્યક અને ઉચિત જણાયેલ છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએથી સમગ્ર ખેડા જિલ્લાની હદ વિસ્તારમાં તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૬ થી તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું,

રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 184

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, SEPTEMBER 1, 2006 / BHADRA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી./જાહેરનામું/વશી/૨૧૩૨ થી ૨૧૫૧/૨૦૦૬.– નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૬ થી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી ૨૪-૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી ;

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ અથવા તૈયાર કરવા નહિ ;

(ઘ) મનુષ્યો અથવા શબો, અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહિ ;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવા નહિ અથવા ટોળામાં ફરવું નહિ ;

(છ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ, બતાવવી નહિ, તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ. :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ પણ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીને આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

INDEX

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા પોલીસ અધિક્ષકશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક એમએજી./જાહેરનામું/વશી/૨૧૫૨ થી ૨૧૭૧/૨૦૦૬.– નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા સદરહું સમય દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી સમગ્ર નર્મદા જિલ્લાના વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતીજા જાળવવા કોઈ વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા ઉપરોક્ત વિસ્તારમાં તારીખ ૨૯મી ઓગસ્ટ ૨૦૦૬ના રોજ રાત્રિના ૨૦-૦૦ કલાકથી તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહીત) સમય દરમ્યાન નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસ માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું એવો આદેશ કરૂ છુ કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને;

(૨) ફરજ ઉપર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૩) કોઈ લગ્નના વરઘોડાને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને;

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી આપતા પહેલા સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય લક્ષમાં લઈ આપી શકશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૩) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમની ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 185

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, SEPTEMBER 1, 2006/BHADRA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી હેઠળના નિયમોનુ.

ક્રમાંક /પીઓએલ/જાહેરનામું/વશી/૨૧૮૬ થી ૨૨૦૫/૨૦૦૬.– નર્મદા જિલ્લામાં રાજપીપલા શહેરમાં નીચે જણાવેલ વિસ્તારોમાં કેળાનાં વેપારીઓ તેમજ અન્ય દુકાનો રાજપીપલા શહેરના રાજ્ય ધોરીમાર્ગ પર આવેલી છે. જ્યાં કેળાં ભરવા માટે બહારથી આવતી ટ્રકો ઉભી રાખવામાં આવે છે. જેથી વારંવાર ટ્રાફિક જામ થઈ જવાના બનાવો બને છે. જેમાં નીચે મુજબના વિસ્તારોનો સમાવેશ થાય છે. (૧) પરીખ પેટ્રોલપંપ થી સંતોષ ચોકડી સુધી તથા (૨) પોલીસ સ્ટેશન થી ગાયત્રી શક્તિપીઠ મંદિર સુધીના વિસ્તારમાં રસ્તાની બંને બાજુએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી મુજબ હુકમ કરી ઉક્ત વિસ્તારને નોન પાર્કિંગ ઝોન જાહેર કરવા મને જરૂરી જણાય છે.

વાસ્તે હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નર્મદા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ (૧) બી થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું.

(૧) પરીખ પેટ્રોલપંપ થઈ સંતોષ ચોકડી સુધીનો સ્ટેટ હાઈવેના આજુબાજુનો ૦.૫ કિ. મી. ત્રિજ્યા નો વિસ્તાર.

(૨) ગાયત્રી શક્તિ પીઠથી પોલીસ સ્ટેશન સુધી જવાનાં રસ્તાની બંને સાઈડ પર.

ઉક્ત નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પરીખ પેટ્રોલપંપથી સંતોષ ચોકડી સુધીના સ્ટેટ હાઈવે તથા પોલીસ સ્ટેશન થી ગાયત્રી શક્તિ પીઠ સુધીના રસ્તાની બંને સાઈડ પર ટ્રકો, ટ્રેઈલર તથા અન્ય હેવી વાહન ઉભી નહિ રાખવા નો પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

સદર જાહેરનામામાં જણાવેલ વિસ્તારમાં ટ્રકો તથા ટ્રેઈલર કે ટેમ્પા હેવી વાહનો ઉભા રાખી શકશે નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૩૦મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 186

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, SEPTEMBER 5, 2006/ BHADRA 14, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા'-કલમ(૧) (બી) હેઠળ.

ક્રમાંક ૩૩૫/ટફક/ગણપતી વિસર્જન/જાહેરનામા/૧૩૧૧/૨૦૦૬.—વડોદરા શહેરમાં તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ગણેશ વિસર્જન અંગેનો ધાર્મિક તહેવાર હોય આ પ્રસંગે જાહેર જનતાની સલામતી તેમજ શહેર વિસ્તારમાં ટ્રાફિક નિયમનની સરળતા જળવાઈ રહે અને આમ જનતાને અગવડ ન પડે તે હેતુસર આ જાહેરનામુ તાત્કાલીક અસરથી પ્રસિદ્ધ કરવાની જરૂરીયાત હોવાથી હું દિપક સ્વરૂપ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓને મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માંની અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના સવારના કલાક ૦૯-૦૦ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ સવારના કલાક ૬-૦૦ સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરૂં છું.

જાહેરનામાની વિગત

(૧) તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ સવારના કલાક ૦૯-૦૦ વાગ્યાથી જ્યાં સુધી ગણેશ વિસર્જન પુરૂ ન થાય ત્યાં સુધી ન્યાયમંદિર, લાલકોર્ટ ફરતે ચારેય બાજુનો વિસ્તાર, ગાંધીનગરગૃહ ફરતે વિસ્તાર, પ્રતાપ ટોકીઝ રોડ, અને તેની સામે આવેલ સીટી પોઈન્ટ, પદમાવતી શોપીંગ સેન્ટર, લહેરીપુરા દરવાજા, સુરસાગર તળાવ ફરતે ચારેય બાજુનો વિસ્તાર અને માંડવી ચાર દરવાજા વચ્ચેના વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો માટે સંપુર્ણપણે ''નો પાર્કિંગ ઝોન'' તરીકે જાહેર કરવામાં આવે છે. અને આ વિસ્તારમાં ગણેશ વિસર્જન માટે ગણેશજીની મુર્તિઓ લઈ આવનાર વાહનો તથા પોલીસ વાહનો અને ગણેશ વિસર્જનની સેવામાં જોડાયેલા ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને મ્યુ. કોર્પો. અને અન્ય ખાતાના વાહનો સિવાય **બાકીના તમામ પ્રકારના વાહનો ઉપરોકત જણાવેલ વિસ્તારમાં પોતાના વાહનો પાર્ક કરી શકશે નહીં.**

(૨) તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬નાં રોજ સવારના કલાક ૦૯-૦૦ વાગ્યાથી (૧) આજવા રોડ, વાઘોડીયા રોડ, સુલેમાની ત્રણ રસ્તા થઈ, પાણીગેટ દરવાજા થઈ, માંડવી તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક, (૨) સંગમ ચાર રસ્તાથી રૂપમ સિનેમા, ફતેપુરા ચાર રસ્તા, ચાંપાનેર દરવાજા થઈ, માંડવી તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફીક, (૩) ડભોઈ રોડ, મકરપુરા, પ્રતાપનગર બ્રિજ થઈ, નાની શાક માર્કેટ, ચોખંડી ચાર રસ્તા થઈ, ગેંડીગેટ દરવાજા થઈ, માંડવી તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક, (૪) કોઠી ચાર રસ્તા થઈ, રાવપુરા રોડ થઈ લહેરીપુરા દરવાજા થઈ, માંડવી તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફીક, (૫) નાગરવાડા ચાર રસ્તા, ટાવર ચાર રસ્તા, કારેલીબાગ પોલીસ સ્ટેશન ત્રણ રસ્તા, દાંડીયા બજાર ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તા, જયરત્ન બિલ્ડીંગ ચાર રસ્તા, મદનઝાંપા રોડ, લહેરીપુરા ન્યુ રોડ તરફથી આવતો તમામ પ્રકારનો ટ્રાફીક ન્યાયમંદિર, લાલકોર્ટ ફરતે તેમજ સુરસાગર તળાવ ફરતે વિસ્તારમાં આવવા ઉપર **''પ્રવેશબંધી'' (નો એન્ટ્રી)** જાહેર કરવામાં આવે છે.

INDEX

(૩) તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ બપોરના કલાક ૧૨-૦૦ વાગ્યાથી બરોડા ઓટોમોબાઈલ્સથી આરાધના સિનેમા થઈ કોઠી ચાર રસ્તા થઈ, શહેર વિસ્તારમાં પ્રવેશ કરતા તમામ પ્રકારનો ફોર વ્હીલર વાહનો માટે પ્રવેશબંધી જાહેર કરવામાં આવે છે. તેવી જ રીતે નર્સિંગ હોમ ત્રણ રસ્તા, રાજમહેલ મેઈનગેટ ત્રણ રસ્તા, નહેરુભવન ત્રણ રસ્તા, મોતીબાગ તોપ ત્રણ રસ્તા, નાગરવાડા ચાર રસ્તા, કારેલીબાગ પોલીસ સ્ટેશન ત્રણ રસ્તા, સંગમ ચાર રસ્તા, પાણીગેટ પાણીની ટાંકી ત્રણ રસ્તા, પ્રતાપનગર ત્રણ રસ્તા જયરત્ન બિલ્ડીંગ ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તાથી શહેર વિસ્તારમાં તમામ પ્રકારના ફોર વ્હીલર વાહનો માટે "પ્રવેશબંધી" (નો એન્ટ્રી) જાહેર કરવામાં આવે છે.

વૈકલ્પીક રૂપે વાહન ચાલકો માટે નીચી જણાવેલ માર્ગો અવર જવર માટે ખુલ્લા રહેશે.

(૧) તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી શહેર તરફ આવતા ટુવ્હીલર વાહન ચાલકો બરોડા ઓટો મોબાઈલ્સથી જેલ રોડ, રાજમહેલ જતો રોડ દાંડીયા બજાર ચાર રસ્તા માર્કેટ ચાર રસ્તા, માર્કેટ ચાર રસ્તા તરફ જવાના રસ્તે તેમજ બરોડા ઓટોમોબાઈલ થઈ, આરાધના સિનેમા જવાના રોડ થઈ, સલાટવાડા, નાગરવાડા ચાર રસ્તા અને કોઠી ચાર રસ્તા સુધીના રોડ ઉપર ફકત ટુવ્હીલર વાહનો અવર જવર કરી શકશે.

(૨) વાઘોડીયા રોડ તરફથી આવતો તમામ પ્રકારનો ટ્રાફીક વૃંદાવન ચાર રસ્તા થઈ, મહેશ કોમ્પ્લેક્ષ થઈ, સોમા તળાવ થઈ, ડભોઈ રોડ થઈ, જે તે તરફ જઈ શકશે.

તેમજ આજવા રોડ તરફથી આવતો તમામ પ્રકારનો ટ્રાફીક મહાવીર હોલ ચાર રસ્તા થઈ, કિશનવાડી ગધેડા માર્કેટ ચાર રસ્તા થઈ સંગમ ચાર રસ્તા થઈ જે તે તરફ જઈ શકશે.

(૩) સંગમ ચાર રસ્તાથી વારસીયા થઈ, પાણીગેટ પાણીની ટાંકી ત્રણ રસ્તા તરફ જવાનો રસ્તો તમામ પ્રકારના વાહનો માટે ખુલ્લો રહેશે. તેવી જ રીતે સંગમ ચાર રસ્તા થઈ, કારેલીબાગ પાણીની ટાંકી થઈ, મુકતાનંદ ત્રણ રસ્તા થઈ, ઉત્કર્ષ સર્કલ થઈ, ફતેગંજ સર્કલ, શાસ્ત્રીબ્રીજ થઈ, અલકાપુરી તરફ તમામ પ્રકારનો ટ્રાફિક અવર જવર કરી શકશે. **ફકત સંગમ ચાર રસ્તાથી ફતેપુરા થઈ, માંડવી તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે "પ્રવેશબંધી" (નો એન્ટ્રી) જાહેર કરવામાં આવે છે.**

(૪) માણેક પાર્ક ચાર રસ્તાથી વી.આઈ.પી. રોડ થઈ, અલકાપુરી તરફ તમામ પ્રકારના ટ્રાફિક માટે અવર જવર માટે ખુલ્લો રહેશે. તેવી જ રીતે માણેકપાર્ક સર્કલથી ન્યુ વી.આઈ.પી. રોડ થઈ, સરદાર એસ્ટેટ, આજવા રોડ તરફ તમામ પ્રકારના ટ્રાફિક માટે અવર જવર માટે ખુલ્લો રહેશે.

(૫) ડભોઈ રોડથી આવતો તમામ પ્રકારનો ટ્રાફીક પ્રતાપનગર બ્રિજ થઈ, મકરપુરા ત્રણ રસ્તા થઈ, જે તે તરફ જઈ શકશે. તેવી જ રીતે તરસાલી મકરપુરા તરફથી આવતો ટ્રફિક પ્રતાપનગર બ્રિજ ઉપર ન ચડતા બ્રિજની સાઈડના રોડનો ઉપયોગ કરી, લાલબાગ થઈ જે તે તરફ જઈ શકશે. **મકરપુરા, ડભોઈ ત્રણ રસ્તાથી માંડવી જતા રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે "પ્રવેશ બંધી" (નો એન્ટ્રી) જાહેર કરવામાં આવે છે.**

(૬) ગ્રામ્ય/સીટી એસ.ટી. ડેપોની એસ.ટી બસોની વ્યવસ્થા સારૂ ડભોઈ તરફથી આવતી તમામ એસ.ટી. બસો પ્રતાપનગર બ્રીજ થઈ, મકરપુરા પોલીસ સ્ટેશન ત્રણ રસ્તા થઈ, લાલબાગ ફાટક થઈ, કિર્તીસ્થંભ અને સેન્ટ્રલ એસ.ટી. ડેપો તરફ અવર જવર કરી શકશે. **ડભોઈ ત્રણ રસ્તાથી માંડવી તરફ જતા રોડ ઉપર "પ્રવેશબંધી" (નો એન્ટ્રી) જાહેર કરવામાં આવે છે.**

(૭) વાઘોડીયા, આજવા તરફતી આવતી તમામ એસ.ટી. બસો/ હેવી વ્હીકલો શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહી. વૈકલ્પીક રૂપે વાઘોડીયા તરફથી આવતી એસ.ટી. બસો, હેવી ફોર વ્હીકલ વિગેરે વાહનો વૃંદાવન ચાર રસ્તા થઈ, મહેશ કોમ્પલેક્ષ થઈ, સોમા તલાવ થઈ, ડભોઈ રોડ થઈ જે તે તરફ જઈ શકશે. તેવી રીતે આજવા તરફથી આવતી એસ.ટી. બસો બોરસલ્લી ચાર રસ્તા થઈ, સરદાર એસ્ટેટ થઈ ન્યુ વી.આઈ.પી. રોડ થઈ માણેક પાર્ક થઈ વી.આઈ.પી. રોડ થઈ સેન્ટ્રલ એસ.ટી. ડેપો તરફ ઝઈ શકશે.

તેમજ વાઘોડીયા રોડ ઉપરથી આવતા ટુ વ્હીલર, થ્રી વ્હીલર, લાઈટ વ્હીકલો માટે વૈકલ્પીક રૂપે માર્ગ નં. (૧) વૃંદાવન ચાર રસ્તા થઈ, મહેશ કોમ્પલેક્ષ થઈ, સોમાતળાવ થઈ, ડભોઈ રોડ થઈ, શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે. (૨) આજવા રોડ ઉપરથી આવતા મહાવીર હોલ ચાર રસ્તા થઈ કિશનવાડી ગધેડા માર્કેટ થઈ સંગમ ચાર રસ્તા થઈ, શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે.

(૮) સીટી એસ.ટી. ડેપોમાંથી ઉપડતી એસ.ટી. બસો જેવી કે, સ્ટેશનથી વાયા ટાવર, રાવપુરા રોડ, દાંડીયા બજાર, લહેરીપુરા, ન્યાયમંદિર પાણીગેટ, વાઘોડીયા રોડ, આજવા રોડ, ફતેપુરા, સંગમ, હરણી, ચોખંડી, ગાજરાવાડી, પ્રતાપનગર, મકરપુરા તરફ જતી એસ.ટી. બસો તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ સવારના કલાક ૯-૦૦ વાગ્યાથી ગણપતી વિસર્જન પુરુ ન થાય ત્યાં સુધી ઉપરોકત રૂટ ઉપર **અવર જવર કરી શકશે નહી.**

વૈકલ્પીક રૂપે કાળાઘોડા સર્કલ થઈ, નરહરી સર્કલ, ઉત્કર્ષ સર્કલ થઈ, મુકતાનંદ થઈ સંગમ ચાર રસ્તા થઈ, કિશનવાડી થઈ, મહાવીર હોલ ચાર રસ્તા, ઉમા ચાર રસ્તા, મહેશ કોમ્પલેક્ષ, સોમા તળાવ, ડભોઈ રોડ તરફ આવી શકશે. અને તેજ રૂટ ઉપરથી પરત જઈ શકશે.

(૯) શહેર સીટી એસ.ટી. ડેપોમાંથી જે એસ.ટી. બસો મકરપુરા વાયા ટાવર, ન્યાયમંદિર, માંડવી, નાની શાકમાર્કેટ થઈ, પ્રતાપનગર બ્રીજ તરફ તે ઉપરોકત સમય દરમ્યાન **અવર જવર કરી શકશે નહી.**

વૈકલ્પીક રૂપે કાલાઘોડા સર્કલ થઈ, જેલરોડ થઈ, નર્સિંગ હોમ, રાજમહેલ મેઈનગેટ, લાલબાગ ફાટક થઈ, મકરપુરા તરફ જઈ શકશે. અને તે જ રૂટની બસો વાયા દાંડીયા બજાર, માર્કેટ ચાર રસ્તા, પ્રતાપનગર, લારીલપ્પા રોડ ઉપર **પ્રવેશ કરી શકશે નહી.**

મેં આજરોજ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

દિપક સ્વરૂપ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 187

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, SEPTEMBER 5, 2006 / BHADRA 14, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનો.

નંબર પીઓએલ/ર/જાહેરનામા/એસ.આર.-૩૯/૨૦૦૬.– તારીખ ૬ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ શહેરમાં ગણેશ વિસર્જન હોઈ તે સમયે શોભાયાત્રા નીકળનાર હોય જે શોભાયાત્રાનો રૂટ આઝાદ મેદાનથી અંબાજી મંદિર, માનીયાની ખાડ, ગોપી સિનેમા રોડ, લોટીયા ભાગોળ, કપાસીયા બજાર, ગામડીવડ, આણંદ નગરપાલીકા ગોપાલ ચાર રસ્તા, મ્યુનીસીપલ દવાખાના થઈ જુના એસ. ટી. ચાર રસ્તા, નવી પોસ્ટ ઓફીસ, લક્ષ્મી ચાર રસ્તા, જુના રસ્તા, ગામડીવડ, વેરાઈમાતા બહારની ખડકી થઈ ગોયા તળાવ ઉપર વિસર્જન થનાર હોઈ આ સમય દરમ્યાન વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) ની મળેલ સત્તાની રૂએ ૬ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ નીચે જણાવેલ માર્ગો ઉપરથી પસાર થતાં વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવું છું. તથા આ માર્ગો ઉપરથી પસાર થતાં વાહનોની નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ડ) કરવા હુકમ કરૂં છું.

પ્રતિબંધ મુકવાના માર્ગો :

(૧) ઠક્કરવાડી થી ગોપી સિનેમા, રાજશ્રી પેટ્રોલ પંપ, ભાથીજી મંદિર તરફ આવતા વાહનો બંધ કરાવવા.

(૨) નવા બસ સ્ટેન્ડ તરફથી, બેઠક મંદિર, ગામડીવડ, સ્ટેશન રોડ, મ્યુની. દવાખાના, એસ. ટી. ચાર રસ્તા, મીનરવા જુના રસ્તા, લક્ષ્મી ટોકીઝથી વેનડર ચાર રસ્તા સુધી.

(૩) ગામડીવડ થી કપાસીયા બજાર, ટાવર બજાર, ગામડી સર્કલ,

(૪) ગોપાલ ટોકીઝ ચાર રસ્તાથી મેફેર રોડ, લક્ષ્મી ચાર રસ્તા, પપ્પુ હોસ્પિટલ, વેન્ડોર ચાર રસ્તા.

(૫) લક્ષ્મી ટોકીઝથી મીનરવા એસ. ટી. ચાર રસ્તા, મ્યુની. દવાખાના, સ્ટેશન રોડ, ગામડીવડ, વહેરાઈમાતા, બેઠક મંદિર સુધી.

ઉપરોકત જણાવેલ માર્ગો ઉપરનો વાહન વ્યવહાર નીચે જણાવેલ માર્ગો ઉપર ડ્રાઈવરજન કરવા.

(૧) સામરખા ચોકડી તરફથી આવતાં વાહનો ડૉ. મહેન્દ્ર શાહ પલક હોસ્પિટલ થઈ મેલડીમાતાના મંદિર થઈ ગુજરાતી ચોક, જુના દાદાર, રેલ્વે સ્ટેશન રોડ, ગાંધીજી સ્ટેચ્યુ, અમુલ ડેરી રોડ, તુલસી સિનેમા ચાર રસ્તા, શાસ્ત્રીબાગ થઈ વ્યાયામશાળા થઈ બોરસદ ચોકડી તરફ જઈ શકશે.

(૨) લાંભવેલ રોડ તરફથી આવતા વાહનો ગ્રીડ ચોકડીથી સરદાર બાગ રોડ થઈ, ઓવરબ્રીજ થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે.

INDEX

(૩) વિદ્યાનગર તરફથી આવતા વાહનો ઈલેકટ્રીક ગ્રીડ ચોકડી થઈ નવા બસ સ્ટેન્ડ થઈ મહેન્દ્ર શાહ ચાર રસ્તા થઈ ઓવરબ્રીજ થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે.

(૪) બોરસદ ચોકડી તરફથી આવતા વાહનો ગણેશ સર્કલ થઈ અમુલ ડેરી થઈ જુના દાદર, ગુજરાતી ચોક થઈ મહેન્દ્ર શાહની હોસ્પિટલ તરફ જઈ શકશે.

(૫) ઈન્દીરા ગાંધી સ્ટેચ્યુ તરફથી આવતા વાહનો ઓવરબ્રીજ થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે.

(૬) નવા બસ સ્ટેન્ડ તરફથી આવતાં વાહનો પાયોનીયર ચોકડી થઈ સામરખા ચોકડી તરફ જઈ શકશે.

આણંદ જુના બસ સ્ટેન્ડ ઉપર એસ. ટી. બસોનું પીક અપ સ્ટેન્ડ રાખેલ છે. જે ગણેશ વિસર્જનના દિવસે અમુલ ડેરી રોડ ઉપર રાખવું.

અપવાદ :-

સરકારી વાહનો એમ્બ્યુલન્સ વાન તથા ફાયરબ્રીગેડના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમથી જે રસ્તાઓ બંધ કરવામાં આવેલા છે. તે સ્થળોએ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ જરૂરી પોલીસં ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 188

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, SEPTEMBER 6, 2006 / BHADRA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ
મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર એમએજી/પીઓએલ/જાહેર. ના. ક. ૩૭ (૧) વશી/૩૬૮૬ થી ૩૭૨૦/૨૦૦૬.—આગામી તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી અંબાજી ખાતે ભાદરવી પુનમનો મેળો ભરાનાર છે. તેમજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૬ સુધી નવરાત્રીનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઇ પોલીસ અધિનિયમ, ૩૭ (૧) અન્વયે હથીયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, એસ. કે. લાંગા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઇએ ફરમાવું છું કે, પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાક થી તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે, એકઠા કરવાની કે, સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળાં કાઢવાનું કે, ચાળા પાડવા કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચીત્રો તૈયાર કરવાનું પ્રદર્શીત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નીતિનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું ઉપયોગ કરવાનું.

અપવાદ :- આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ/રાધનપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. કે. લાંગા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨ માની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામુ/ ક-૩૭(૩)/વશી/૩૭૨૧ થી ૩૭૫૫/૨૦૦૬.—આગામી તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી અંબાજી ખાતે ભાદરવી પુનમનો મેળો ભરાનાર છે. તેમજ તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૬ સુધી નવરાત્રીનો તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે કોઈપણ મંડળી માટે મનાઈ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, એસ. કે. લાંગા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત)ની મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇ સ્મશાનયાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨)ની કલમ-૩૭(૩) ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એસ. કે. લાંગા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 189

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુએમકે/એસકે/જીએચ/કયુએલ/૩૦૨૨/૪૦૮૫/૨૦૦૬.—શ્રી વણજારા નરસિંહજી ઢગલાજીને આ કચેરીના હુકમ નં. જીએચ./કયુએલ/રે.કં/૩૦૨૨-A/૬૦૮૪ તારીખ ૩૧-૧૨-૧૯૯૭ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે રેતી ખનિજનું ૩ વર્ષ માટે કવોરીલીઝ મંજુર કરવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૩-૨-૯૮ ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	ઈડર	બુઢિયા તથા નારણપુરા	ઘઉંઆવ નદી પટ	૪-૦૦-૦૦ હેકટર

અને આ લીઝ આ કચેરીના હુકમ નં. જીએચ/કયુએલ/----/ તારીખ ૨૨-૨-૨૦૦૧ થી મુદત પુરી થયેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ-૧૮(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારી ઉપરોકત વિસ્તાર તારીખ------------------ ની અસરથી પ્રસિદ્ધ થયે દિન-૩૦ પછીથી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
I.A.S.
કલેકટર, સાબરકાંઠા. હિંમતનગર

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 190

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette
and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

નંબર જીએચ/કયુએલ/૩૩૭૭/૪૦૮૬/૨૦૦૬.–નં. ઉમક/-સાબરકાંઠા/એજીએચ/કયુએલ/૩૩૭૭/૨૧૭, તા. ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૯ થી શ્રી ઉમા માઈન્સ પ્રો. બાબુભાઈ લખાભાઈ પટેલની મોજે નવા રેવાસ, તા. ઈડરના સર્વેના બ્લોક નં. ૨૫૪ પૈકીમાં સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે કવાર્ટઝાઈટ ખનીજનું ૧૦ વર્ષના પટ્ટે મંજુર કરવામાં આવેલ જેનું કરારખત તા. ૮મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ કરવામાં આવેલ.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	ઈડર	નવારેવાસ	૨૫૪ બ્લોકનાં	૧-૦૦-૦૦ હેકટર

ઉપરોકત કવોરીલીઝ અત્રેની કચેરીના હુકમના તા. ૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૪થી નામંજુર કરવામાં આવેલ છે.

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા અને પ્રસિધ્ધ થયેથી દિન ૩૦ દિવસ પછીની અસરથી ફરીથી ખાણ કામ કરવા માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 191

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

નંબર યુ.એમ.કે. એસ. કે./જીએચ/કયુએલ/૨૯૧૮/૪૦૯૦/૨૦૦૬.–શ્રી પટેલ શીવાભાઈ શામળભાઈને આ કચેરીના હુકમ નં. જી.એચ./કયુએલ/૨૯૧૮/૧૬૫૦ તારીખ ૨૭-૩-૧૯૯૮ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે કવાર્ટઝાઈટ ખનિજનું ૧૦ વર્ષ માટે કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૦-૮-૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	મોડાસા	શીકા	૪૪૧ પૈકી	૧-૦૦-૦૦ હેકટર

અને આ લીઝ આ કચેરીના હુકમ નં. જીએચ/કયુએલ/૨૯૧૮/૬૬ તારીખ ૧-૧-૨૦૦૨ થી રદ બાતલ થયેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારા, ૧૯૬૬ના નિયમ-૧૮(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારી ઉપરોકત વિસ્તાર તારીખ------------------ ની અસરથી પ્રસિદ્ધ થયે દિન-૩૦ પછીથી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
I.A.S.
કલેકટર, સાબરકાંઠા. હિંમતનગર

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 192

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુ.અમ.કે. એસ. કે./જીએચ/કયુએલ/૧૭૭૯/૪૦૯૧/૨૦૦૬.–શ્રી સિસોદિયા જયેન્દ્રસિંહ રણજીતસિંહને આ કચેરીના હુકમ નં. જીએચ./કયુએલ//૧૭૭૯/૩૫૨૨ તારીખ ૨૧-૫-૯૨ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે કવાર્ટઝાઈટ ખનિજનું ૧૦ વર્ષ માટે કવોરી-લીઝ મંજુર કરવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૬-૮-૯૨ ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	ભિલોડા	જનાલી	૩૮૨ પૈકી	૨-૦૦-૦૦ હેકટર

અને આ લીઝ આ કચેરીના હુકમ નં. જીએચ/કયુએલ/૧૭૭૯/૯૮ તારીખ ૧-૧-૦૨ થી રદ બાતલ થયેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ-૧૮(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારી ઉપરોકત વિસ્તાર તારીખ------------------- ની અસરથી પ્રસિદ્ધ થયે દિન-૩૦ પછીથી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 193

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુ.એમ.કે. એસ. કે./જીએચ/કયુએલ/૪૭૨/૪૦૯૨/૨૦૦૬.–શ્રી ભટ્ટ મનુભાઈ કાળીદાસને આ કચેરીના હુકમ નં. જી.એચ./કયુએલ/૪૭૨/૨૫૪૩ તારીખ ૧૦-૭-૮૧ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે કવાર્ટઝાઈટ ખનિજનું ૧૦ વર્ષ માટે કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૭-૧૧-૮૧ ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	મોડાસા	શીકા	૪૪૧/ અ	૧-૦૦-૦૦ હેકટર

અને આ લીઝની તારીખ ૧૬-૧૧-૯૧ થી મુદત પુરી થયેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ-૧૮(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારી ઉપરોકત વિસ્તાર તારીખ------------------- ની અસરથી પ્રસિદ્ધ થયે દિન-૩૦ પછીથી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા-હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 194

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુ.એમ.કે. એસ. કે./જીએચ/કયુએલ/૧૮૦૯/૪૦૯૩/૨૦૦૬.–શ્રી પટેલ નટવરભાઈ ગોકળભાઈને આ કચેરીના હુકમ નં. જી.એચ./કયુએલ/૧૮૦૯/૧૯૬૧ તારીખ ૧૩-૫-૯૩ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે કવાર્ટઝાઈટ ખનિજનું બે વર્ષ માટે કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૨-૧-૯૬ ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	મોડાસા	શીકા	૪૪૧/ ૧ પૈકી	૧-૦૦-૦૦ હેકટર

અને આ લીઝ આ કચેરીના હુકમ નં. જીએચ/કયુએલ/૩૨૭૭/૪૧૯૬ તારીખ ૫-૮-૯૮ થી મંજુર કરવામાં આવેલ જેનું રીન્યુઅલ કરારખત કરાવેલ નથી.

ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ-૧૮(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેક્ટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારી ઉપરોક્ત વિસ્તાર તારીખ------------------- ની અસરથી પ્રસિદ્ધ થયે દિન-૩૦ પછીથી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેક્ટર, સાબરકાંઠા-હિંમતનગર.

Extra No. 195

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુ.એમ.કે. એસ. કે./જીએચ/કયુએલ/૩૮૮૦/૪૦૯૪/૨૦૦૬.–શ્રી સત્યમ શંકરનારાયણ જે.વી ને આ કચેરીના હુકમ નં. જી.એચ./કયુએલ/ગ્રેવલ/૪૯૦/૬૭૦ તારીખ ૨૦-૨-૯૭ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે ગ્રેવાલ ખનિજનું ૩ વર્ષ માટે કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૯-૫-૯૭ ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	ભિલોડા	ભિલોડા	હાથમતી નદી પટ્ટ પૈકી	૭-૭૦-૦૦ હેકટર

અને આ લીઝ આ કચેરીના હુકમ નં. જીએચ/કયુએલ/ગ્રેવલ/૩૮૮૦ તારીખ ૩-૯-૦૧ થી રીન્યુઅલ નામંજુર કરવામાં આવેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ-૧૮(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારી ઉપરોકત વિસ્તાર તારીખ------------------- ની અસરથી પ્રસિદ્ધ થયે દિન-૩૦ પછીથી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

Extra No. 196

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

सत्यमेव जयते

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

નંબર યુ.એમ.કે./ એસ. કે./જીએચ/કયુએલ/રેતી/૩૭૦૦/૪૦૯૫/૨૦૦૬.–શ્રી પ્રજાપતી પંકજકુમાર મોતીભાઈની મોજે લાલપુર તા. ઈડરની વેકરી નદીપટ્ટના ૧-૭૫-૦૦ હેકટર વિસ્તારની કવોરીલીઝ તારીખ ૨૨-૭-૦૨ થી મંજુર કરવામાં આવેલ જેની તારીખ ૧૦-૧૧-૦૫ ના રોજ મુદત પૂર્ણ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	ઈડર	લાલપુર	વેકરી નદીપટ્ટ	૧-૭૫-૦૦ હેકટર

ઉપરોક્ત હકીકતે કવોરીલીઝ રીન્યુઅલ કરવા અરજી આવેલ ન હોઈ ફરી ખાણકામ માટે વિસ્તાર જાહેર કરવાનો હોઈ આથી ગુજરાત ગૌણ ખનિજ ધારો ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) સી હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા. હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

Extra No. 197

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 7, 2006 / BHADRA 16, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬.

નંબર યુ.એમ.કે. એસ. કે./જીએચ/કયુએલ/૨૬૨૨/૪૧૫૬/૨૦૦૬.–શ્રી પટેલ નટુભાઈ જેસીંગભાઈને આ કચેરીના હુકમ નં. જી.એચ./કયુએલ/૯૭૯/૪૭૬૯ તારીખ ૧૭-૧૦-૮૪ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે કવાર્ટઝાઈટ ખનિજનું ૧૦ વર્ષ માટે કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૧-૧-૮૫ ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો ૧	તાલુકો ૨	ગામ ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
સાબરકાંઠા	મોડાસા	બોરડી	૨૭૭ પૈકી	૧-૦૦-૦૦ હેકટર

અને આ લીઝ આ કચેરીના હુકમ નં. જીએચ/કયુએલ/૯૭૯/૨૪૪૪ તારીખ ૭-૭-૯૭ થી સરન્ડર હુકમ કરવામાં આવેલ.

ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ-૧૮(૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર, સાબરકાંઠા અને સક્ષમ અધિકારી ઉપરોકત વિસ્તાર તારીખ ------------------ ની અસરથી પ્રસિદ્ધ થયે દિન-૩૦ પછીથી ખાણ કામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
(I.A.S.)
કલેકટર, સાબરકાંઠા. હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

Extra No. 198

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, SEPTEMBER 11, 2006 / BHADRA 20, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) એક્સ મુજબ

નંબર એમએજી/વશી/૩૧૬૪/૨૦૦૬.-આગામી નવરાત્રીની ઉજવણી તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬થી તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૬ સુધી થનાર છે. તથા તારીખ ૭મી ઓકટોબર, ૨૦૦૬એ આસો સુદ પુનમ સુધી ઉજવણી થશે. જેથી શક્તિની ઉપાસના લોકો નાત-જાતના તેમજ ગરીબ તવંગરના ભેદભાવ વગર કરી શકે તે બાબત અતિ આવશ્યક જણાય છે.

દેશના જુદા જુદા ભાગોમાં ''ગણેશ ઉત્સવ'' જાહેર રીતે પ્રવેશ ટિકીટના દર રાખ્યા સિવાય સર્વે માટે વિના મુલ્યે ધોરણે યોજવામાં આવે છે. જયારે મહેસાણા જિલ્લાના કેટલાક સ્થળોએ નાણાંના બદલામાં ટીકીટ, પાસ, આમંત્રણ કાર્ડ, વિગેરે ઈશ્યુ કરી, ''નવરાત્રી'' પ્રસંગના રાસ ગરબાના જાહેર પવિત્ર તહેવારની ઉજવણીને કલુષિત કરવામાં આવે છે. કેટલીક વખત પાસ અને આમંત્રણ કાર્ડના ઓઠા હેઠળ ટીકીટની માફક જ નાણાં ઉઘરાવવામાં આવે છે. આવી પ્રવૃત્તિ કેટલીક ધંધાધારી વ્યક્તિઓ, ધંધાધારી સંસ્થાઓ કરતી હોય છે. અને કેટલીક વખત પ્રતિષ્ઠિત કલબો કે અન્ય સંસ્થાઓના નેજા હેઠળ રાસ ગરબાના આવા કાર્યક્રમો યોજીને પોતાના માટે મોટી રકમ એકત્ર કરે છે. નવરાત્રીના આ પવિત્ર અને ભક્તિ સભર પર્વનું વ્યાપારીકરણ થતું રોકવું અને નવદુર્ગા અને મહાશક્તિની આરાધના અને ઉપાસનાનો લાભ દરેક નાગરીક નાત-જાતના ભેદભાવ વગર લઈ શકે તેવું પ્રયોજન કરવું એ વહીવટ તંત્રની ફરજાનો મુખ્ય ભાગ છે. રાસ ગરબાના કાર્યક્રમોમાં દાખલ થવા માટે નાણાંના બદલામાં પ્રવેશ ટીકીટ, પાસ, આમંત્રણ કાર્ડ ઈશ્યુ થાય છે. જેને કારણે નવરાત્રી પર્વના ગરબાનું વ્યાપારીકરણ થતું જોવા મળે છે. આ બદીને નાથવી ખુબ જ જરૂરી છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ (૧) એક્સ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, મહેસાણા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં તારીખ ૨૩મી સપ્ટેમ્બર,૨૦૦૬ થી તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૬ (નવરાત્રી આરંભથી આસો સુદ પુનમ સુધી)દરમ્યાન યોજાનાર નવરાત્રિ ઉત્સવ પ્રસંગે રાસ, ગરબા, ભક્તિ વંદનાના કાર્યક્રમો પારંપરીક ગુજરાતી નૃત્યો અગર નવરાત્રિને અનુરૂપ બીજા એવા કોઈપણ કાર્યક્રમોમાં નાણાંના બદલામાં અગર બીજો કોઈ અવેજ લઈને પ્રવેશ ટીકીટ, પાસ આમંત્રણ કાર્ડ વિગેરે ઈશ્યુ કરવાની મનાઈ ફરમાવું છું. વધુમાં આ આદેશોમાં નીચેની વિગતે સ્પષ્ટતા કરવામાં આવે છે.

INDEX

(૧) સોસાયટી વિસ્તારમાં થતાં નવરાત્રિ કાર્યક્રમો તેમજ સેરી ગરબામાં થતાં ખર્ચને પહોંચી વળવા સ્વૈચ્છિક રીતે કોઈ દાન કે ભેટ આપવા માગે તો તે મેળવી શકાશે. જાહેરાતો દ્વારા નાણાં એકત્ર કરી શકાશે. બેનર્સ કાર્યક્રમના સ્થળે લગાવી શકાશે. પરંતુ કોઈ નાણાંના બદલામાં પ્રવેશ ટીકીટ પાસ કે આમંત્રણ કાર્ડ ઈશ્યુ કરી શકશે નહી. એટલે કે આવા કાર્યક્રમમાં દરેક નાગરિક વિના મુલ્યે પ્રવેશ મેળવવાપાત્ર ગણાશે

(૨) સોસાયટી વિસ્તારમાંના ગરબાના તથા શેરી ગરબાના આયોજકો પોતાના વિસ્તારોમાં ચાલતા ગરબામાં ખલેલ ન પડે તે માટે લોકોને નિયત કરેલી જગ્યાએ ઉભા રહેવાનું કે બેસવાનું જણાવે તો તે યોગ્ય ગણાશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ જથી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 199

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLV II] SATURDAY, SEPTEMBER 16, 2006 / BHADRA 25, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section
in order that it may be filed as a separate compilation

PART – I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

વંચાણમાં લીધા :–

(૧) ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈસ) ઓર્ડર ૧૯૯૩.

(૨) અત્રેની કચેરીના તા. ૩૦-૫-૨૦૦૬ના રોજ હુકમ નં. પરવ/કશન/ભાવ/વશી.

(૩) સરકારશ્રીના તા. ૪-૯-૨૦૦૬ના પત્ર નં. કસન/૧૦-૨૦૦૬/૧૩૯૨/બ.

હુકમ

નંબર પરવ/કશન/ભાવ/વશી/૨૦૦૬.—આમુખ-૨માં જણાવેલ હુકમથી પંચમહાલ જિલ્લાના તાલુકાઓ માટે કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી આવતાં કેરોસીનના જથ્થાબંધ તેમજ ઘરગથ્થું વપરાશ માટેના વાદળી કેરોસીનના છુટક વેચાણ ભાવો જાહેર કરવામાં આવ્યા હતાં.

આમુખ-૩માં જણાવેલ સરકારશ્રીના પત્રમાં જણાવ્યાનુસાર નાણાં વિભાગ ગુજરાત રાજયના તા. ૨-૯-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક (જીએચએન)/૯૬/વીએટી/૨૦૦૬/એસ. ૫(૨)(૧૩)ટીએચથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વેચાણ થતાં કરોસીનને ગુજરાત વેલ્યુ એડેડ ટેક્ષ ૨૦૦૩ની કલમ-૫ની પેટા કલમ-૨(એ) હેઠળ વેલ્યુ એડેડ ટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી કરોસીનના વપરાશકારોને વેટ વસુલાતનો ભોગ બનવું ન પડે તે માટે આગળની કાર્યવાહી કરવા જણાવેલ છે.

આમ, ઉપર મુજબની વિગત ધ્યાનમાં લઈ સબબ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩ની કલમ-૨(ડી)(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું ડી. એચ. બ્રહ્મભટ્ટ, આઈ. એ. એસ., કલેકટર, પંચમહાલ આથી તા. ૧૪-૯-૨૦૦૬થી અમલમાં આવે તે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા માટે કોયલી રીફાઈનરીથી રસ્તા માર્ગે વહન થઈ જિલ્લાને અપાતાં કેરોસીનના જથ્થાબંધ અને છુટક ભાવો પરિશિષ્ટ નં.-૧ મુજબ નીચેની શરતોને આધીન રહી ઠરાવવા હુકમ કરૂં છું તથા સ્થાનિક માટે અને ત્યારબાદના અંતરના તબક્કાઓ માટે ૧ કી. લી. દીઠ ટ્રાન્સપોર્ટ ભાડું મજરે આપીને છુટક ભાવોની ગણતરી કરવામાં આવે છે.

	વિગત	મજરે આપેલ રકમ રૂા. માં
૧.	સ્થાનિક	રૂા. ૪૦-૦૦
૨.	સ્થાનિક સિવાય ૧૦ કિ.મી. સુધી	રૂા. ૪૫-૦૦
૩.	૧૦ કિ.મી. થી ૨૫ કિ.મી. સુધી	રૂા. ૫૦-૦૦
૪.	૨૬ કિ.મી. થી ૫૦ કિ.મી. સુધી	રૂા. ૫૫-૦૦
૫	૫૦ કિ.મી. થી ઉપર	રૂા. ૬૦-૦૦

શરતો :–

(૧) જિલ્લામાં કેરોસીનનાં એજન્ટ દ્વારા કેરોસીનની આખી ટેન્કર કેરોસીનના જથ્થાબંધ પરવાનેદારોને વેચાણ કરવામાં આવે ત્યારે ટેન્કર દીઠ તેમના બીલમાં રૂા. ૨૦૦ મજરે આપવાના રહેશે.

(૨) સદર ભાવ તા. ૧૪-૯-૨૦૦૬થી અમલી બને છે. અને તે સાથે જુના ભાવ રદ ગણાશે. તેમજ નક્કી કરવામાં આવેલ ભાવોથી વધારે ભાવ કોઈપણ વિક્રેતા લઈ શકશે નહીં, અન્યથા આ. ચી. વ. અધિનિયમ હેઠળ તેમજ ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સેલીંગ પ્રાઈસ) ઓર્ડર, ૧૯૯૩ હેઠળ સખ્ત પગલાં લેવામાં આવશે, તેમજ ભાવનું બોર્ડ ધંધાના સ્થળે ગ્રાહકો સ્પષ્ટ જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનું રહેશે.

(૩) પરિશિષ્ટમાં જણાવેલ ૧૦૦૦ લીટરના ભાવ ટ્રાન્સપોર્ટ ભાડા સાથેના છે તેથી કોઈપણ વિક્રેતા બીજા વિક્રેતા પાસેથી ટ્રાન્સપોર્ટ ભાડુ અલગથી લઈ શકશે નહીં તથા જે જે સેન્ટરોના જથ્થાબંધ ભાવો નક્કી કરેલ છે, તે સિવાયના સેન્ટરો પર એજન્ટ છુટક વિક્રેતાને પોતાની ટેન્કરમાં જથ્થો મોકલાવે ત્યારે છુટક વિક્રેતાં માટે સ્લેબવાર જે ટ્રાન્સપોર્ટ ભાડું નક્કી કરેલ છે. તે દરે ટ્રાન્સપોર્ટ ભાડું (સ્થાનિક સિવાય) જે તે નક્કી કરાયેલ નજીકના સેન્ટરના (તાલુકા મુખ્ય મથક) ભાવ ઉપરાંત લઈ શકશે.

(૪) આ ભાવો કોયલી ગુજરાત રીફાઈનરી વડોદરાથી રસ્તા માર્ગે વહન થતાં કેરોસીનના છે.

(૫) કેરોસીનનાં જથ્થાબંધ ભાવોમાં એજન્ટનું કમિશન ગણત્રીમાં લેવામાં આવેલ છે. જે એજન્ટ ફોર્મ ૧૩ ધરાવતાં નથી તેમની પાસેથી ઓઈલ કંપની રૂા. ૪૩-૦૦ કી. લી. દીઠ ઈલાયદી રીતે વસુલ કરશે.

(૬) કેરોસીનના એજન્ટને કેરોસીનનાં પરિવહન માટે પર્યાપ્ત ખર્ચ ચુકવવામાં આવતો હોવાથી છુટક વિક્રેતા કે ફેરીયાને જથ્થાની ડીલીવરી વખતે વજનમાં મંજુર થવા પાત્ર સિવાય કોઈપણ પ્રકારની અસામાન્ય ઘટ પાડવાની રહેશે નહિ.

(૭) કેરોસીનના એજન્ટોએ કેરોસીનના છુટક વિક્રેતાના ધંધાના સ્થળે કેરોસીનની ડીલીવરી આપવાની રહેશે.

INDEX

પરિશિષ્ટ

તા. ૧૪-૯-૨૦૦૬ થી અમલમાં આવતાં તાલુકા મુખ્ય મથકના કેરોસીનના જથ્થાબંધ તેમજ છુટક વેચાણ ભાવ અંગેનું પરિશિષ્ટ

અનુ. નંબર	તાલુકાનું નામ	એજન્ટે, જથ્થાબંધ / છુટક વિક્રેતાને વેચવાનો ભાવ		છુટક વિક્રેતા / હોકરોએ ગ્રાહકો પાસેથી ૧ લીટરનો લેવાનો ભાવ રૂા. માં				
		૧૦૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	૨૦૦ લીટરનો જથ્થાબંધ વેચાણ ભાવ	સ્થાનિક	સ્થાનીક સિવાય ૧૦ કિ.મિ. સુધી	૧૧ થી ૨૫ કિ. મિ. સુધી	૨૬ થી ૫૦ કિ. મિ. સુધી	૫૦ કિ.મિ. થી ઉપર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	ગોધરા	૮૮૩૯.૮૦	૧૭૬૭.૯૬	૯.૧૦	૯.૧૦	૯.૧૦	૯.૧૦	૯.૧૦
૨	કાલોલ	૮૭૩૧.૬૦	૧૭૪૬.૩૨	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦	૯.૦૦
૩	હાલોલ	૮૬૭૭.૪૯	૧૭૩૫.૫૦	૮.૯૫	૮.૯૫	૮.૯૫	૮.૯૫	૮.૯૫
૪	જાંબુઘોડા	૮૮૧૪.૮૩	૧૭૬૨.૯૭	૯.૧૦	૯.૧૦	૯.૧૦	૯.૧૦	૯.૧૦
૫	શહેરા	૮૯૧૮.૮૮	૧૭૮૩.૭૮	૯.૨૦	૯.૨૦	૯.૨૦	૯.૨૦	૯.૨૦
૬	લુણાવાડા	૯૦૦૨.૧૧	૧૮૦૦.૪૨	૯.૨૫	૯.૨૫	૯.૨૫	૯.૩૦	૯.૩૦
૭	ઘોઘંબા	૮૭૭૭.૩૮	૧૭૫૫.૪૮	૯.૦૫	૯.૦૫	૯.૦૫	૯.૦૫	૯.૦૫
૮	સંતરામપુર	૯૧૩૧.૧૩	૧૮૨૬.૨૩	૯.૪૦	૯.૪૦	૯.૪૦	૯.૪૦	૯.૪૦
૯	મોરવા (હ)	૮૯૮૫.૪૭	૧૭૯૭.૦૯	૯.૨૫	૯.૨૫	૯.૨૫	૯.૨૫	૯.૨૫
૧૦	ખાનપુર	૯૧૦૬.૧૬	૧૮૨૧.૨૩	૯.૩૫	૯.૩૫	૯.૩૫	૯.૪૦	૯.૪૦
૧૧	કડાણા	૯૨૧૦.૨૦	૧૮૪૨.૦૪	૯.૪૫	૯.૪૫	૯.૫૦	૯.૫૦	૯.૫૦

ગોધરા, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૦૬.

ડી. એચ. બ્રહ્મભટ્ટ,
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

INDEX

Extra No. 200

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, SEPTEMBER 18, 2006/ BHADRA 27, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી-જાહેરનામું ૭૦૪૩ થી ૭૧૯૩/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની રાજકીય પ્રવૃતિને અનુલક્ષીને તથા તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ગણેશ વિસર્જન તથા તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજથી નવરાત્રી ઉત્સવ શરૂ થનાર હોઈ જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોક્ત વિસ્તારોમાં તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;

(૨) કોઈ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને;

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-

INDEX

કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/ એમએજી/જાહેરનામું/વશી- કલમ-૩૭ (૧)/૭૦૪૩ થી ૭૧૯૩/૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨ માં) ની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની રાજકીય પ્રવુતિને અનુલક્ષીને તથા તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ગણેશ વિસર્જન તથા તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬થી નવરાત્રી ઉત્સવ શરૂ થનાર હોઈ જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ અર્થે તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૬નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સાકરવા નહીં અથવા તૈયાર કરવા નહિં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ, બતાવવી નહિ, તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેનાં ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 201

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 21, 2006 / BHADRA 30, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) (આર) (૩) અન્વયે.

નંબર પીઓએલ/લા.સ્પી./સા.કાં./૯(૧)/૨૦૦૫.--આગામી તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી ૧લી ઓકટોબર, ૨૦૦૬ સુધી નવરાત્રીનો તહેવાર જિલ્લામાં ઉજવનાર છે. નવરાત્રીના સમય દરમ્યાન જિલ્લાના અનેક ગામોમાં રાત્રીના મોડા સુધી રાસ-ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવે છે. જેમાં લાઉડસ્પીકર તથા આધુનિક મોટા અવાજવાળા વાજીંત્રોનો ઉપયોગ થાય છે. જેના લીધે ધ્વની પ્રદૂષણના કારણે આજુબાજુના રહેવાસીઓ અગવડ/ત્રાસ જોખમ ઉભું થાય છે. જે અટકાવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયેનો હુકમ કરવો જરૂરી જણાય છે.

આથી, હું, બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તા. ૧લી ઓકટોબર, ૨૦૦૬ દરમિયાન યોજાનાર નવરાત્રીના ઉત્સવ પ્રસંગે રાત્રીના ૧૦-૦૦ થી સવારના કલાક ૬-૦૦ સુધી લાઉડ સ્પીકર/વાજીંત્રો કે ઘોંઘાટ ઉત્પન્ન કરતાં અન્ય સાધનો વગાડવા ઉપર મનાઈ ફરમાવું છે.

નવરાત્રીના આ તહેવાર પ્રસંગે સવારના ૬-૦૦ થી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તેને માટે સક્ષમ અધિકારીશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવી લેવાની રહેશે. વધુમાં ઘોંઘાટ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ના નિયમ ૫ (૩) મુજબ આવા જે કિસ્સામાં ધાર્મિક કે તહેવારના પ્રસંગે રાત્રિના ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમિયાનની ઉકત નિયમની જોગવાઈને આધિન સક્ષમ અધિકારીશ્રીની લાઉડ સ્પીકર વગાડવાની પૂર્વ મંજૂરી મેળવેલ હોય તેવા કિસ્સામાં જ રાત્રીના ૧૨-૦૦ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડી શકાશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (એક્સ) અન્વયે.

નંબર પીઓએલ/સા.કાં./૯(૨)/૨૦૦૬.–આગામી નવરાત્રીની ઉજવણી તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી ૧લી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી થનાર છે.શક્તિની ઉપાસના લોકો નાત-જાતના તેમજ ગરીબ તવંગરના ભેદભાવ વગર કરી શકે તે બાબત અતિ આવશ્યક છે.

સાબરકાંઠા જિલ્લાના કેટલાક સ્થળોએ નાણાં બદલામાં ટિકીટ પાસ, આમંત્રણ કાર્ડ વગેરે ઇસ્યુ કરી નવરાત્રી પ્રસંગેના રાસ ગરબાના જાહેર પવિત્ર તહેવારની ઉજવણીને કલુષિત કરવામાં આવેલાનું જણાઇ આવેલ તેમજ કેટલી વખત પાસ અને આમંત્રણ કાર્ડના બહાના હેઠળ ટિકીટની માફક જ નાણાં ઉઘરાવવામાં આવતા હોવાનું પણ ધ્યાને આવેલ છે. આવી પ્રવૃત્તિ કેટલીક ધંધાદારી વ્યક્તિઓ, ધંધાદારી સંસ્થાઓ કરતી હોય છે. અને કેટલીક વખત પ્રતિષ્ઠિત કલબો કે અન્ય સંસ્થાના નેજા હેઠળ રાસ ગરબાના આવા કાર્યક્રમો યોજીને પોતાના માટે મોટી રકમ એકત્ર કરે છે. નવરાત્રીના આ પવિત્ર અને ભક્તિસભર પર્વનું વ્યાપારીકરણ થતું રોકવું અને દરેક નાગરીક નાતજાતના ભેદભાવ વગર ભાગ લઇ શકે તેવું પ્રયોજન કરવુ એ વહીવટી તંત્રની ફરજનો ભાગ છે. રાસ ગરબાના કાર્યક્રમોમાં દાખલ થવા માટે નાણાંના બદલામાં પ્રવેશ, ટીકીટ, પાસ, આમંત્રણ કાર્ડ ઇસ્યુ થાય છે. જેને કારણે નવરાત્રી પર્વના ગરબાનું વ્યાપારીકરણ થતુ જોવા મળે છે. આ બદીને નાથવી ખૂબ જરૂરી છે.

વાસ્તે હું બી. એચ. ઘોડાસરા, આઇ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૩ (૧) (એક્સ) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સાબરકાંઠાના જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તા. ૧લી ઓક્ટોબર, ૨૦૦૬ દરમ્યાન યોજાનાર નવરાત્રી ઉત્સવ પ્રસંગે રાસ-ગરબા, ભક્તિ વંદનાના કાર્યક્રમો, પારંપારિક ગુજરાત કે અન્ય લોકનૃત્યો અગર નવરાત્રિને અનુરૂપ બીજા એવા કોઇપણ કાર્યક્રમોમાં નાણાના બદલામાં પ્રવેશ ટીકીટ, પાસ, આમંત્રણ કાર્ડ વગેરે ઇસ્યુ કરવાની મનઇ ફરમાવું છું.

વધુમા આ આદેશોમાં નીચેની બાબતોની સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) સોસાયટી વિસ્તારોમાં થતા નવરાત્રીના કાર્યક્રમો તેમજ શેરી ગરબામાં થતા ખર્ચને પહોંચી વળવા સ્વૈચ્છિક રીતે કોઇ દાન કે ભેટ આપવા માગે તો તે મેળવી શકાશે. જાહેરાત દ્વારા નાણાં એકત્ર કરી શકાશે. બેનર્સ કાર્યક્રમના સ્થળે લગાવી શકાશે. પરંતુ કોઇ નાણાંના બદલામાં પ્રવેશ, ટીકીટ, પાસ કે આમંત્રણ કાર્ડ ઇસ્યુ કરી શકશે નહિં. એટલે કે આવા કાર્યક્રમોમાં દરેક નાગરીક વિના મુલ્યે પ્રવેશ મેળવવા પાત્ર ગણાશે.

(૨) સોસાયટી વિસ્તારોમાંના ગરબાના તથા શેરી ગરબાના આયોજકો પોતાના વિસ્તારોમાં ચાલતા ગરબામાં ખલેલ ન પડે તે માટે લોકોને નિયત કરેલી જગ્યાએ ઉભા રહેવાનું કે, બેસવાનું જણાવે તો તે યોગ્ય ગણાશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઇ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે,

આજ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 202

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 21, 2006 / BHADRA 30, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

અધિસુચના

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

નંબર પીઓએલ(૧)/ઉમક/ખ/૧૧/૩૯૫૬/૨૦૦૬.–સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧(ડબલ્યુ) (૧) થી મળેલ સત્તાની રૂએ અને સરકારશ્રીની પૂર્વ મંજુરી લઇને ખેડા જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, નડીયાદ, ખેડા જિલ્લા માટે આ નીચે જણાવેલ નિયમો ઘડવાનું નક્કી કર્યું છે. તેનો મુસદો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવા સઘળા શખ્સોની જાણ સારૂ, ઉકત અધિનિયમની કલમ-૩૩ ની પેટા-કલમ(૭) અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગુજરાત રાજ્યપત્રમાં તેની પ્રસિદ્ધ તારીખથી ૩૦ દિવસ પુરા થયા પછી મુસદો ઉપર વિચારણા કરવામાં આવશે.

ઉપરોક્ત મુદત પૂરી થયા પહેલાં, આ સંબંધમાં કોઇપણ શખ્સ તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ખેડા-નડિયાદને વાંધો અથવા સુચનો મળશે તો તેના પર તેઓ વિચારણા ચલાવશે.

અધિસુચનાનો મુસદ્દો

જાહેરનામું

ઇન્ફોર્મેશન ટેકનોલોજી એકટ, ૨૦૦૦ હેઠળ ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત ઇન્ફોર્મેશન ટેકનોલોજી રૂલ્સ, ૨૦૦૪ ઘડવામાં આવેલ છે.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૨ની પેટા કલમ-૩માં નિર્દિષ્ટ કર્યા મુજબ તથા ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના જાહેરનામા ક્રમાંક જીએસટી/૨૦૦૪/૦૧/સીવાયસી/૨૦૦૩/જીઓઆઈ/૩/ડીએસટી, તારીખ ૨૪-૬-૨૦૦૪ની કલમ-૪(એ) હેઠળ આપવામાં આવેલ સત્તાની રૂએ ખેડા જિલ્લામાં સાયબર કાફે ચલાવવા માટે પરવાના આપવા તેમજ સાયબર કાફેના નિયમન કરવા માટે નીચે દર્શાવેલ નિયમો ઘડવામાં આવે છે.

સાયબર કાફેની વ્યાખ્યા :-

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૨(૯) મુજબ જાહેર મનોરંજન માટેની જગ્યા ઠરાવવામાં આવેલ છે. આ સાયબર કાફેનું સ્થળ એટલે કે કોઇપણ નામે ચાલતું એવું સાહસ/સંસ્થા/કાફે કે જ્યાં જાહેર જનતા કોઇપણ સ્વરૂપે ઇન્ટરનેટનો ઉપયોગ જરૂરી નિયંત્રણો સાથે વિનામૂલ્યે કે તેના માટે જરૂરી ચુકવણી કરીને કોઇપણ રચનાત્મક કે આનંદ પ્રમોદ/મનોરંજન કરતા હોય.

સાયબર કાફે માટે માલિકની જવાબદારી

(૧) સાયબર કાફેના માલિકે સક્ષમ અધિકારી પાસેથી શીડયુલ-૧

INDEX

મુજબના નમુનામાં અરજી કરી, પરવાનો મેળવી લેવાનો રહેશે તેમજ તે સાથે તેણે જરૂરી તમામ દસ્તાવેજો/પુરાવાઓ રજુ કરવાના રહેશે અને જો તેમ કરવામાં નહિ આવે તો, સક્ષમ અધિકારી તેને પરવાનો આપશે નહિ.

(૨) કોઇપણ સાયબર કાફે માલિક કે તેનો અધિકૃત કર્મચારી તેને સંતોષ થાય તેટલા જરૂરી પુરાવા રજુ કર્યેથી લોગ રજીસ્ટર શિડયુલ-૩ (નમુના મુજબ)માં નોંધ કરીને સાયબર કાફેમાં બ્રાઉઝરને ઇન્ટરનેટનો ઉપયોગ કરવા દેશે.

(૩) શિડયુલ મુજબ લોગ રજીસ્ટર કાફે માલિકે નિભાવવાનું રહેશે અને લઘુત્તમ ત્રણ વર્ષ સુધી તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે.

(૪) સાયબર કાફેના દરેક કોમ્પ્યુટર સેફટી સોફટવેરથી સજ્જ રહેશે. જેથી કોઇ વ્યકિત અશ્લિલ વેબસાઇટો, આતંકવાદી પ્રવૃત્તિઓ કે બાધાજનક વેબસાઇટનો ઉપયોગ કરી શકે નહીં.

(૫) ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડરનું પ્રમાણપત્ર, ઇન્ટરનેટ પ્રોટોકોલ એડ્રેસ, ફુલ બેન્ડ વીથ, ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર દ્વારા અપાતી બીજી સેવાઓ જેવી કે, વિડીયો કોન્ફરન્સીંગ, ઇન્ટરનેટ પ્રોટોકોલ ટેલીફોનીકની વિગતો લાયસન્સીંગ અધિકારીને અરજી સાથે આપવાની રહેશે.

(૬) કોમ્પ્યુટરના સ્ટોરેજ મીડીયા/હાર્ડવેરની ઓળખને લગતી માહિતી લાયસન્સીંગ અધિકારીને આપવાની રહેશે. આ સાધનોમાં તબદીલી, રપીરીંગની જાણ લાયસન્સીંગ અધિકારીને કોડ, બનાવટ અને નંબર સાથે તુરત જ કરવાની રહેશે.

(૭) સાયબર કાફે માલિકે નીચે મુજબના બેક-અપની ૬ માસ સુધી સાચવણી-જાળવણી નીચે મુજબ કરવાની રહેશે.

(૧) ઇન્ટરનેટ બ્રાઉઝરની (૨) વેબ સાઇટનો ઇતિહાસ

(૩) ઇન્ટરનેટ કુકીઝ (૪) મોડર્ન લોગ્સ

(૫) ઇનેટરનેટ ડાઉન લોડ (૬) પ્રોકસી લોગ

(૭) નેટવર્ક સોફટવેરના ઉપયોગથી ઉદભવતા બીજા લોગઝ.

(૮) વ્યકિતગત ઓળખ :

(૧) સાયબર કાફેની મુલાકાત લેતા દરેક બ્રાઉઝરે ફોટા સાથેનું નીચે દર્શાવેલ પૈકી કોઇ એક ઓળખપત્ર રજુ કરવાનું રહેશે.

(અ) આઇ. કાર્ડ (સ્કુલ કે કોલેજનું ઓળખપત્ર)

(બ) પાસપોર્ટ (ક) મતદાર યાદી કાર્ડ

(ડ) પાન કાર્ડ (ઇ) ડ્રાઇવીંગ લાયસન્સ.

(૨) ફોટા ઓળખપત્ર વગરના બાળક સાથેની પુખ્ત ઉંમરની વ્યકિતએ ઉપર મુજબની પોતાની ઓળખ આપેથી સાયબર કાફેમાં પ્રવેશ અપાશે.

(૩) આ મુજબની ફોટા સાથેની કોઇપણ ઓળખ રજુ ન કરનાર બ્રાઉઝરને સાયબર કાફે મેનેજમેન્ટને સંતોષ થાય તો કોમ્પ્યુટર ઉપરના વેબ કેમેરાથી ફોટા પાડી હાર્ડ ડીસ્કમાં સ્ટોર કરી, આ ફોટા લાર્જ એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ ચકાસણી માટે માંગ્યેથી રજુ કરવાના રહેશે. જો બ્રાઉઝર તે માટે સહમત ન થાય તો તેને ઇન્ટરનેટનો ઉપયોગ સાયબર કાફે ખાતે કરવા દેવાશે નહિ.

(૯) કોઇપણ વ્યકિતગત જરૂરી ઓળખપત્ર કે ફોટા સાથેની વિગત રજુ ન કરનાર બ્રાઉઝરને સાયબર કાફે ખાતે ઇન્ટરનેટનો ઉપયોગ કરવા દેવાશે નહિ.

(૧૦) સાયબર કાફેની તથા સાયબર કાફેના તમામ કોમ્પ્યુટરની તમામ ઘડિયાળો ભારતીય સમય પ્રમાણે સેટ કરી, ચાલુ રાખવાની રહેશે.

(૧૧) શિડયુલ મુજબનું લોગ રજીસ્ટર લઘુત્તમ એક વર્ષ સુધી જાળવવાનું રહેશે.

(૧૨) (કાયદાની જાળવણી કરતી) અધિકૃત એજન્સીઓ દ્વારા આ સ્થળની તપાસણી દરમ્યાન નિયમોનું પાલન થાય છે કે કેમ ? તે ચકાસી શકશે અને જરૂરી ચકાસણી માટે સાયબર કાફે સંચાલકોએ સહકાર આપવાનો રહેશે.

(૧૩) ટેકનોલોજીમાં અવારનવાર આવતા આધુનિક પરિવર્તનના સમય-સંજોગોને અનુલક્ષીને લાયસન્સીંગ અધિકારીને આ નિયમોમાં ફેરફાર/સુધારા વધારા કરવાનો હક્ક અબાધિત રહેશે.

(૧૪) લાયસન્સીંગ અધિકારી જો સાયબર કાફેની જગ્યા અંગે તથા તેનાથી થતા જાહેર હિતના વિવાદ, અસુવિધા, અગવડ, જોખમ, ભય, નુકસાન કે અન્ય નાગરીકોને થતા નુકસાન કે ઉભા તથા ટ્રાફિક, અવરોધ કે રાષ્ટ્રીય હિતને નુકસાન કે કાયદાકીય જોગવાઇનો અમલ કરવામાં થતી અસુવિધાને ધ્યાને લઇને, ખાસ કિસ્સા તરીકે પગલાં લઇ, ખાસ શરતો અને નિયમો દાખલ કરાવનો હક્ક અબાધિત રહેશે અને રાષ્ટ્રીય હિત તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને પરવાનો આપવાની માંગણી નકારી શકાશે તેમજ વધારાની શરતો લાદી શકવાનો તેમનો હક્ક અબાધિત રહેશે.

(૧૫) સાયબર કાફેના માલિક, સંચાલક કે નોકર દ્વારા શરતોનો ભંગ કરવામાં આવશે તો, તેમ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ગણાશે. સાયબર કાફેના અધિકૃત વ્યકિત કે નોકરે કરેલ કૃત્ય કાફે સંચાલક/માલિકને બંધનકર્તા રહેશે.

(૧૬) દરેક ખુલ્લા કોમ્પ્યુટરોના સ્ક્રીન બહારની બાજુ એટલે કે કાફેમાં જ દેખાય તે રીતે રાખવાના રહેશે.

(૧૭) ખેડા જિલ્લા પુરતા સાયબર કાફે માટેના પરવાના સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૨-૦૦ કલાક સુધીના સમય માટેજ આપવાના રહેશે.

(૧૮) જો સાયબર કાફેમાં નાના પાર્ટીશન હોય તો, બાળકોને પાર્ટીશનવાળા ભાગમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવા મંજુરી આપવી નહીં અને પાર્ટીશનની ઉંચાઈ ૧૩૦ સે. મી. થી વધારે રાખી શકાશે નહીં.

(૧૯) (અ) લાયસન્સીંગ અધિકારીએ ૩૧ ડીસેમ્બર સુધીના પુરા થતા કેલેન્ડર વર્ષ માટે પરવાના આપવાના તથા રીન્યુ કરવાના રહેશે.

(બ) પરવાનાની તારીખ પુર્ણ થતાં પહેલાં રીન્યુ માટે અરજી ૧ માસ પહેલાં કરવાની રહેશે. ત્યારબાદ એટલે કે ૩૧ ડીસેમ્બરના સમય સુધી અરજી ન કરવાને કારણે પરવાનો અમલમાં રહેતો બંધ થશે અને તે રદબાતલ ગણાશે. નવી અરજી કર્યેથી નવો પરવાનો મેળવવા અંગેની કાર્યવાહી સાયબર કાફેના સંચાલકે નવેસરથી કરવાની રહેશે.

(ક) પરવાના માટે જરૂરી ફી નું ધોરણ ખેડા જિલ્લા પુરતું નીચે મુજબનું રહેશે.

નવો પરવાનો મેળવવા માટેની ફી રૂા. ૫૦૦/-

વાર્ષિક રીન્યુઅલ ફી રૂા. ૨૫૦/-

આ પરવાના માટે જરૂરી દસ્તાવેજો સંતોષકારક રીતે રજુ કરેલા જણાયેથી ૨ વર્ષ માટેની જરૂરી રાન્યુઅલ ફી તેમજ લેખિત બાંહેધરી લઈને રીન્યુ થઈ શકશે.

નિયમોમાં મુદત પછીની લેઈટ ફી ની કે લેઈટ રીન્યુઅલની કોઈ જોગવાઈ રાખવામાં આવતી નથી.

અરજદારની પરવાનો મળવાની નવી માંગણી નામંજુર કરવામાં આવેલ હોય કે પરવાનો રદ કરવામાં આવ્યો હોય તો તે માટેની અપીલ અરજી સરકારશ્રીના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગાંધીનગરને દિન-૩૦ (ત્રીસ) ની સમય મર્યાદામાં કરી શકાશે.

સાયબર કાફેમાં આહારગૃહ/ખાણીપીણીની ચીજો માટે અલગ આહારગૃહ નોંધણી પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય ફોજદારી ધારા, ૧૮૬૦ની કલમ-૧૮૮ તથા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો અમલ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી કરવાનો રહેશે.

આજ તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 203

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, SEPTEMBER 25, 2006/ASVINA 3, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેર ાામું/૭૫૯૯ થી ૭૬૫૯ ૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, ડી. બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની રાજકીય પરિસ્થિતિને અનુલક્ષીને તથા તારીખ ૨૩મી સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજથી નવરાત્રી ઉત્સવ શરૂ થનાર હોઈ જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન–

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ-રક્ષકદળની વ્યકિતઓને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે, એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 204

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, SEPTEMBER 26, 2006 / ASVINA 4, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૨૬૬૧-૮૦.--નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તથા સદરહુ સમય દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુંથી સમગ્ર નર્મદા જિલ્લાના વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવા કોઇ વ્યકિતઓની મંડળી સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇના ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ રાત્રિના ૨૦-૦૦ કલાકથી તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાક સુધીના (બન્ને દિવસો સહિત) સમય દરમ્યાન નર્મદા જિલ્લામાં ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઇ મંડળી સરઘસ માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને;
(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને;
(૩) કોઇ લગ્નના વરઘોડાને;
(૪) કોઇપણ સ્મશાનયાત્રાને;
(૫) કોઇપણ રાષ્ટ્રીય કાર્યક્રમને;

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી આપતા પહેલા સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય લક્ષમાં લઇ આપી શકશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ અને ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૨૬૪૧ થી ૨૬૬૦.–નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ ની પેટા કલમ(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા જાહેર શાંતિ અને સલામતી સારુ ફરમાવું છું કે કોઈને નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૬ સુધી ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહિત) કોઈએ,

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહિ;

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ, અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહિ, એકઠા કરવા નહિ, અથવા તૈયાર કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો, અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહિ;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહિ, અશ્લિલ ગીતો ગાવાં નહિ અથવા ટોળામાં ફરવું નહિ;

(છ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કરવા નહિ અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહિ. બતાવવી નહિ, તેનો ફેલાવો કરવો નહિ,

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા પોલીસ અધિક્ષકશ્રીએ તેને અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી શકાય તે વ્યકિતને;

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતઓને;

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષ સુધીની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 205

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, SEPTEMBER 27, 2006 / ASVINA 5, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૩(૧)(બી)/વશી-૨૫૦૩/૨૦૦૬.—અત્રેના જિલ્લાના ઈડર તાલુકાના જાદર ગામમાં મુધણેશ્વર મહાદેવનો મેળો દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી ૬ઠ્ઠી સેપ્ટમ્બર, ૨૦૦૬ દરમ્યાન ભરાનાર છે. આ મેળામાં એક લાખ જેટલા શ્રધ્ધાળુઓ દર્શનાર્થે તેમજ મેળામાં આવે છે. આ મેળા પ્રસંગે ભૂતકાળમાં ટ્રાફિકની સમસ્યાઓ ઉદ્દભવેલ છે જેથી ચાલુ સાલ આવી સમસ્યા ઉભી ન થાય તેમજ મેળામાં આવતા ભારે વાહનોથી લોકોને અડચણ ન થાય તે હેતુથી જાદર રેલ્વે સ્ટેશનથી જાદર ગામમાં આવતા ભારે વાહનો તથા ફોર વ્હીલર્સ સાધનો પ્રવેશવા દરામલી સ્ટેન્ડથી ચડાસણ થઇ સ્ટેશન સહકારી જીન સુધી આવે અને તે વાહનોને જાદર સહકારી જીનની ખુલ્લી જમીનમાં પાર્ક કરવામાં આવે અને જાદર મેળામાંથી પરત જવા માટે સહકારી જીનથી રેલ્વે સ્ટેશન થઇ રૂદરડીવાળાં રસ્તે થઇ નાનાકોટડા થઇ નેત્રામલી-ઈડર-હિંમતનગર હાઈવે ઉપર આવે તો મેળા દરમ્યાન ટ્રાફિક સમસ્યા ન સર્જાય અને લોકો સુખશાંતિ રૂપ મેળો માણી શકે તે હેતુથી ઉપરોકત હકીકતે પ્રતિબંધક જાહેરનામું પ્રસિદ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા. ૨૭ ઓગસ્ટ ૨૦૦૬ના પત્રથી થઇ આવેલ ભલામણ અને વિનંતી ધ્યાને લેતાં,

હું, બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે જાદર ખાતે મુધણેશ્વર મહાદેવના મેળા અન્વયે ટ્રાફિક અંગેની સમસ્યા હલ કરવા સ્ટેટ હાઈવે રોડ ઉપર વાયા દરામલીથી જાદર સુધીનો અને જાદર સ્ટેશનથી રૂદરડી-નેત્રામલી સુધીનો રોડ મેળાના સમય દરમયાન એટલે કે તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૧૨-૦૦ થી તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી વન વે તરીકે જાહેર કરવામાં આવે છે. તેમજ આ સમયગાળા દરમયાન જાદર મેળામાં બારે વાહનો તથા ફોર વ્હીલર્સ સાધનો પ્રવેશ તથા મેળામાંથી બહાર નીકળવા માટે નીચેની હકીકતે અમલાવી કરવા પણ ઠરાવવામાં આવે છે.

(૧)	ભારે વાહનો તથા ફોર વ્હીલર્સને જાદર મેળામાં જવા માટે :-	દરામલી સ્ટેન્ડથી ચડાસણા થઇ જાદર સ્ટેશન સહકારી જીન સુધી.
(૨)	જાદર મેળામાંથી પરત જવા માટે :-	સહકારી જીન થઇ રલ્વે સ્ટેશન થઈ રૂદરડીવાળા રસ્તે થઇ નાના કોટડા થઇ નેત્રામલી, ઈડર, હિંમતનગર હાઈવે.

આ હુકમ પોલીસ કે સુરક્ષા કર્મચારીઓ કે બીજા અધિકારીઓ, કર્મચારીઓ કે જેઓ બંદોબસ્ત તેમજ સરકારી ફરજોમાં રોકાયેલા છે તેઓના સરકારી વાહનોને લાગુ પડશે નહિં.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર/ઉલ્લંઘન કરનાર મુંબઇ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

આદેશ

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૪૩ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/જાહેરનામું/જાદર/૪૩(૧)/૨૦૦૬.—અત્રેના જિલ્લાના ઈડર તાલુકાના જાદર મુકામે તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી મુધણેશ્વર મહાદેવનો મેળો ભરાય છે. પરંપરાગત રીતે ભરાતા આ મેળામાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ/શ્રધ્ધાળુઓ આવવાની શકયતા હોઇ, પ્રજાજનોના આરોગ્ય અને સુખાકારી માટે સાવચેતીના પગલાં ભરવા જરૂરી છે. તેમજ સ્વચ્છ પાણી અને ખોરાકની સગવડ માટે તથા રોગચાળનો ફેલાવો અટકાવવાના પગલાં લેવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, બી. એચ. ઘોડાસરા (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ ઇડર તાલુકાના જાદર મુકામે ગામના રહીશો અને ઉક્ત પ્રસંગો દરમ્યાન ઉપસ્થિત થનાર વ્યકિતઓને તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ સુધી નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) મંદિરના કુવામાં તેમજ પાણી ભરવાના બીજા કુવામાં ગ્રામ પંચાયતે જરૂરી દવા નાખવી તથા કાદવ કીટડવાળી જગ્યાઓએ દવા છાંટવી.

(૨) મુધણેશ્વર મહાદેવના મંદિરે અને મેળો જે જગ્યાએ ભરવામાં આવે છે તે જગ્યામાં કે તેની નજીક કોઇ પણ વ્યકિત કુદરતી હાજતે જઇ શકશે નહીં. પરંતુ તે માટે નિયત કરેલ જગ્યાએ જવું.

(૩) સડી ગયેલ ફળો તેમજ મનુષ્યને ઉપયોગમાં લેવા માટે લાયક ન હોય તેવા ખોરાક તેમજ પીણાં વેચવાનું અને આ પ્રકારના સડી ગયેલા ફળો, ખોરાક તથા પીણાં હાજર રહેલા સેનેટરી ઈન્સ્પેકટર તેમજ ફરજ બજાવતા પોલીસો નાશ કરી શકશે.

(૪) હોટલ, લોજના માલીકો તથા બીજા દુકાનદારોને ચોખ્ખાઇ તંદુરસ્તીને લગતી બધી સુચનાઓ આપવા માટે ફરજ ઉપર હાજર રહેલા સેનેટરી ઈન્સ્પેકટરોને અધિકાર છે અને તેઓની સુચનાઓનો ઉપર દર્શાવેલ માલિકોએ તાત્કાલીક અમલ કરવો.

(૫) ફરજ ઉપર હાજર રહેલા સેનેટરી ઈન્સ્પેકટરો મેળામાં આવેલી બધી હોટેલો, લોજો તથા વીશીઓ તેમજ મીઠાઇઓની દુકાનો તપાસી શકશે.

(૬) મેળામાં આવનાર દરેક વ્યકિત શારીરિક તપાસને પાત્ર રહેશે અને કોઇ વ્યકિતને પ્લેગ, બળીયા, કોલેરા અગર બીજા કોઈ ચેપી રોગો થયેલા માલુમ પડશે તો તેને તુર્તજ ત્યાંથી જુદા રાખવામાં આવશે અથવા મેળાનું સ્થળ તાત્કાલીક છોડી દેવુ પડશે.

ઉપરોક્ત બતાવેલ નિયમોનો કોઈપણ વ્યકિત ભંગ કરશે તો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન કરવામાં મદદગારી કરનાર દોષિત ઠર્યેથી મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૯ મુજબ ત્રણ માસની કેદની અથવા રૂપીયા ૨૦૦/- (બસો પુરા) સુધીના દંડની અથવા બંને પ્રકારની શિક્ષાને પાત્ર થશે.

આ આદેશ તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

મેં આજ તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 206

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, SEPTEMBER 28, 2006 / ASVINA 6, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧)(બી) અન્વયે.

ક્રમાંક પીઓએલ/વશી/૨૭૦૬-૨૦/૨૦૦૬.-રાજપીપલા શહેરમાં આવેલ હરસિધ્ધ માતાના મંદિર ખાતે પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષે પણ પરમપરાગત મેળો તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી ૨જી ઓક્ટોબર, ૨૦૦૬ સુધીના સમય દરમ્યાન જાહેર મેળો ભરાનાર છે. તેમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય જાહેર જનતાની સલામતી માટે ઉપરોકત દિવસો દરમ્યાન વાહન વ્યવહાર પર અંશતઃ નિયંત્રણ મુકવાની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે રાજપીપલા શહેરના નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તા. ૨જી ઓકટોબર, ૨૦૦૬ સુધીના સમય દરમ્યાન સાંજના ૧૮-૦૦ કલાકથી રાત્રીના ૩-૦૦ કલાક સુધી તમામ વાહનવ્યવહાર બંધ રહેશે. ઉક્ત સમય દરમ્યાન વાહન વ્યવહાર હરસિધ્ધ માતાના મંદિરથી રેલ્વે સ્ટેશન થઈ કાળાઘોડાના રસ્તે ડાયર્વઝન આપવામાં આવે છે. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીશ્રીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહનો લઈ ફરતા હશે તેમને બંધનકર્તા રહેશે નહિ.

વિસ્તાર :

(૧) પરીખ પેટ્રોલ પંપથી હરસિધ્ધ માતાના મંદિર સુધી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહિ સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 207

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, SEPTEMBER 29, 2006 / ASVINA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૩૯૮૬/૨૦૦૬.—તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬થી તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૬ સુધી નવરાત્રી અને દશેરાના તહેવારો જિલ્લામાં ઉજવવામાં આવશે. ખેડા જિલ્લામાં જુદા જુદા સ્થળોએ આ ઉત્સવ નિમિત્તે રાસ-ગરબા ગાવા અને નિહાળવા માટે મોટી સંખ્યામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના માણસો સામેલ થશે.આ ઉત્સવની ઉજવણી દરમ્યાન જાહેર સુલેહ અને શાંતિને ભડકાવી, વાતાવરણ તંગ બનાવી, ઘર્ષણ પેદા કરવાનો ચોક્કસ અસામાજિક, રાષ્ટ્રદ્રોહી અથવા તો મલીન તત્વો પ્રયત્ન કરે, તેવી હાલના સંજોગોમાં શક્યતા નકારી શકાય નહીં. આ ઉત્સવના સંદર્ભમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે ઈ.ચા. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડા નડિયાદએ તેઓના તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના પત્ર ક્રમાંક એલઆઈબી/ નવરાત્રી/ જાહેરનામું/ ૨૦૦૬/૨૭૧૧થી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં ઈ. ચા. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડા-નડિયાદ ની દરખાસ્ત અમોને આવશ્યક અને ઉચિત જણાયેલ છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએથી સમગ્ર ખેડા જિલ્લાની હદ વિસ્તારમાં તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે કાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

INDEX

અપવાદ :- આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય,વડોદરા.

INDEX

Extra No. 208

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, SEPTEMBER 29, 2006 / ASVINA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/વશી-૨૭૬૫/૨૦૦૬.--તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬થી તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૬ સુધી નવરાત્રીના તહેવાર જિલ્લામાં ઉજવવામાં આવનાર છે અને તારીખ ૨જી ઓકટોબર ૨૦૦૬ના રોજ દશેરાનો તહેવાર આવતો હોઈ ઉપરોક્ત દિવસો દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાંબરકાંઠા, હિંમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીએએલ/જાહેરનામું/૩૭(૧)/વશી-૨૭૬૫/૨૦૦૬.– તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬થી તારીખ ૧લી ઓકટોબર, ૨૦૦૬ સુધી નવરાત્રીના તહેવાર જિલ્લામાં ઉજવવામાં આવનાર છે અને ૨જી ઓકટોબર, ૨૦૦૬ના રોજ દશેરાનો તહેવાર આવતો હોઈ ઉપરોકત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરના અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે. તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 209

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, SEPTEMBER 30, 2006 / ASVINA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર જેલ/વશી/૨૧૨૧ થી ૨૧૪૯/૨૦૦૬.–તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તા. ૧લી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી નવરાત્રી તથા તા. ૨જી ઓક્ટોબર, ૨૦૦૬ ના રોજ "દશેરા" નો જાહેર તહેવાર છે. આ તહેવારને અનુલક્ષી તથા હાલની આંતકવાદી પરિસ્થિતિ તેમજ સ્ત્રીઓ ઉપર થતા છેડતીના બનાવોને ધ્યાને લઈ વાહનો ઉપર ડાર્ક ફિલ્મ રાખવા અંગે મનાઈ ફરમાવવી યોગ્ય જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, આથી ફરમાવું છું કે, મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તા. ૨જી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ના સમય માટે વાહનો ઉપર ડાર્ક ફિલ્મ રાખવા અંગે મનાઈ ફરમાવવું છું તથા જો વાહનોમાં આવી ડાર્ક ફિલ્મ લગાવેલ હોય તો તે દુર કરવા ફરમાવું છું.

ઉપર મુજબના આદેશનો ચુસ્તપણે અમલ કરવો.

આ જાહેરનામાનો ભંગ કરનાર, કરાવનાર અગર તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે જાહેરનામું બહાર પાડ્યું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 210

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, SEPTEMBER 30, 2006 / ASVINA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પીઓએલ/વશી/૨૦૮૯ થી ૨૦૯૮/ ૨૦૦૬.- વિજાપુર તથા મહેસાણા નગરપાલિકાની અનુક્રમે વોર્ડ નં. ૩ અને ૨ ની પેટા ચૂંટણીઓ માહે ઓક્ટોબર, ૨૦૦૬ નું સરળ શાંતિપુર્ણ સંચાલન થઈ શકે તેમજ ચૂંટણી દરમ્યાન કોઈ ધાક/ધમકીનું વાતાવરણ ઉભું ન થાય અને જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે જળવાઈ રહે તે સારૂ તકેદારીના પગલાં રૂપે કોઈપણ પ્રકારના શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં સાથે રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું, **મનીષ ભારદ્વાજ**, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છુ કે, મહેસાણા જિલ્લાના વિજાપુર તથા મહેસાણા શહેરી વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ તા. ૪થી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૦૦-૦૦ કલાકથી તા. ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૨૪-૦૦ કલાક સુધી (બને દિવસો સુધ્ધાંત) કોઈપણ પ્રકારના શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં પોતાની સાથે રાખી બહાર લઈ જઈ શકશે નહી.

વધુમાં હું આદેશ કરું છું કે, સદરહુ હુકમ નીચેની વ્યક્તિને લાગુ પડશે નહી.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર સાથે રાખવા પડતાં હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા તરફથી પરવાના તળેનું હથિયાર સાથે રાખવા જો ખાસ કિસ્સામાં પરવાનગી અપાયેલ હોય તો તેવી વ્યક્તિઓને.

ઉપરના હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 211

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, SEPTEMBER 30, 2006 / ASVINA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

વંચાણમાં લીધું :-

(૧) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨ (૧) (ખ).

નંબર આર્મ્સ/હથિયાર/જમા/વશી/૨૩૮૧થી ૨૩૮૮/ ૨૦૦૬.- વિજાપુર તથા મહેસાણા નગરપાલિકાની અનુક્રમે વોર્ડ નં. ૩ અને ૨ ની પેટા ચૂંટણીઓ માહે ઓક્ટોબર, ૨૦૦૬ ના અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજર સમક્ષ લેતાં જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર મહેસાણા જિલ્લાના વિજાપુર તથા મહેસાણા શહેરી વિસ્તારના હથિયાર પરાવનેદારના હથિયાર પરવાના તળેના હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશનમાં સુરક્ષિત જમા કરાવવા આદેશ કરવો હિતાવહ જણાય છે.

વાસ્તે હું, **મનીષ ભારદ્વાજ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા,** શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨ (૧) (ખ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આમુખ-(૧) થી વંચાણે લીધેલ જોગવાઈ ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી મહેસાણા જિલ્લાના વિજાપુર તથા મહેસાણા શહેરી વિસ્તારવાળા પરવાનેદારના હથિયાર તા. ૩જી ઓક્ટોબર, ૨૦૦૬ થી તા. ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધીની મુદત માટે સંબંધીત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા આદેશ કરૂં છું.

ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે સંબંધિત પરાવનેદારશ્રી ચૂંટણી દરમ્યાન કોઈ ગુનામાં સંડોવાયેલ ન હોય તો હથિયાર પરત કરવાના રહેશે. આ હુકમનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જેમાં અપવાદ નીચે મુજબ છે.

(૧) રાષ્ટ્રિયકૃત બેન્કો, સહકારી બેન્કો, મુખ્ય ધાર્મિક સ્થળો, ઔદ્યોગિક એકમો, જાહેર સાહસોના ચોકીદારો હથિયાર ધારણ કરતાં હોય તો તે જમા કરાવવાના રહેશે નહી.

(૨) ફરજ પરના તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા પોલીસ કર્મચારીઓ કે જેઓને પોતાની ફરજ અંગે હથિયાર સાથે રાખવા પડતા હોય તો તે હથિયાર જમા કરાવવાના રહેશે નહી.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 212

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, SEPTEMBER 30, 2006 / ASVINA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૧૧૧ થી ૨૧૨૦/ ૨૦૦૬.- મહેસાણા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ વિજાપુર તથા મહેસાણા નગરપાલિકાની અનુક્રમે વાર્ડ નં. ૩.અને ૨ ની પેટા ચૂંટણીઓ માહે ઓક્ટોબર ૨૦૦૬ લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લામાં વિજાપુર તથા મહેસાણા શહેરી વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું, મનીષ ભારદ્વાજ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને : ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના વિજાપુર તથા મહેસાણા શહેરી વિસ્તારોમાં તા. ૪થી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૦૦-૦૦ કલાકથી તા. ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત (બન્ને દિવસ સહિત) માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યક્તિઓને.

(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

(૫) પોલીસ સ્ટાફ.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

Extra No. 213

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, SEPTEMBER 30, 2006 / ASVINA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૩ (૧) (એન) તથા કલમ-૩૩ (૧) (આર) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૦૮૧ થી ૨૦૮૮/ ૨૦૦૬.- વિજાપુર તથા મહેસાણા નગરપાલિકાની અનુક્રમે વોર્ડ નં. ૩, ૨ ની પેટા ચૂંટણીઓ માહે ઓક્ટોબર ૨૦૦૬ દરમ્યાન મહેસાણા જિલ્લામાં વિજાપુર તથા મહેસાણા શહેરની ચૂંટણીઓ દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યામાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, **મનીષ ભારદ્વાજ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા,** મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને : ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ-૩૩ (૧) (એન) તથા કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના વિજાપુર તથા મહેસાણા શહેરી વિસ્તારોમાં તા. ૪થી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૦૦-૦૦ કલાકથી તા. ૧૨મી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસ સહિત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહી.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મેળવી લાઉડ સ્પીકર સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય તેવી રીતે વગાડવાનું રહેશે. અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ/સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

ઉપરોક્ત હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ કે ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

INDEX

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ-૩૭ (૧) (એફ) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૦૯૯ થી ૨૧૧૦/ ૨૦૦૬.- વિજાપુર તથા મહેસાણા નગરપાલિકાની અનુક્રમે વોર્ડ નં. ૩, ૨ ની પેટા ચૂંટણીઓ માહે ઓક્ટોબર ૨૦૦૬ ના પ્રચાર દરમ્યાન મહેસાણા જિલ્લામાં વિજાપુર તથા મહેસાણા શહેરી વિસ્તારોમાં આવેલ જાહેર મકાનો, ખાનગી મકાનો, માર્ગ, સાઈન બોર્ડ, માઈલ પથ્થરો વિગેરેનો ચૂંટણી પ્રચારના કામે નિરંકુશ ઉપયોગ કરી જે તે સ્થળની શોભા બગાડી સુરૂચિનો ભંગ થાય તેવી શક્યતા જણાય છે. રાજ્યના ચૂંટણી પંચે પણ આ અંગે જરૂરી દિશા સુચનો જારી કરેલ છે. આ પ્રવૃત્તિ પર અંકુશ રહે તે હેતુથી સાવચેતીના પગલાંની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, **મનીષ ભારદ્વાજ, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા,** મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને : ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ-૩૭ (૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના વિજાપુર તથા મહેસાણા શહેરી વિસ્તારોમાં તા. ૪થી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૦૦-૦૦ કલાકથી તા. ૧૨મી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત (બન્ને દિવસ સહિત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવાનું ફરમાવું છું.

(૧) કોઈ ઉમેદવાર સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે અનુયાયીઓ/કાર્યકરો/સમર્થકો કે હમદર્દએ ખાનગી મકાનના માલિકની લેખિત પરવાનગી મેળવી હોય તો પણ સદર ખાનગી માલીકીની જમીન, મકાન, કંપાઉન્ડની દિવાલોનો ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમ્યાન પોસ્ટર ચોંટાડવા, ચિત્ર લખવા, પ્રતિક ચિતરવા, ધ્વજ દંડ ઉભા કરવા, પતાકા લગાવવા, નોટીસો ચોંટાડવી વિગેરે માટે ઉપયોગ કરવો નહી તેમજ પોતાના અનુગામીઓને આવી છુટ આપવી નહી.

(૨) કોઈ ઉમેદવાર/સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે તેના અનુગામી/કાર્યકર સમર્થક કે હમદર્દ કોઈ પણ પ્રકારની જાહેર મિલ્કતનો તથા ખાનગી મિલ્કતનો ચૂંટણી પ્રચાર દરમ્યાન ઉપર જણાવેલ કાર્યો માટે ઉપયોગ કરી શકશે નહી.

જાહેર મિલ્કત એટલે જાહેર મકાનો, માર્ગો મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ ધોરી માર્ગ પર માઈલ પથ્થરો, રેલવે ફાટકના ચેતવણીના બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મિનસ નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર તેમજ તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

મનીષ ભારદ્વાજ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 214

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, OCTOBER 3, 2006 / ASVINA 11, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૫/૨૦૦૬.—આણંદ જિલ્લામાં તાજેતરની સાંપ્રત પરિસ્થિતિમાં વિવિધ જુથો, મંડળો દ્વારા તેમના કહેવાતા પ્રશ્નો અંગે રેલી અને સભા, સરઘસોના માધ્યમથી પૂર્વ મંજુરી વગર વહીવટી કચેરી ઉપર રજુઆતો માટે આવવાના કિસ્સાઓ વધી રહેલ છે. હાલમાં પોલીસતંત્ર સહિત વહીવટી તંત્ર પુર રાહત અને વ્યવસ્થાપનના કામમાં રોકાયેલ છે તે સંજોગોમાં આવા આકસ્મિક કાર્યક્રમો કરવાથી કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા કરે છે તેમજ જે તે વહીવટી કચેરીઓની કામગીરીમાં પણ અવરોધ ઉભા કરે છે. તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી નવરાત્રી મહોત્સવ તેમજ તા. ૨જી ઓક્ટોબર, ૨૦૦૬ ના રોજ દશેરાના તહેવારની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામાની મુદત લંબાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૧મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :-સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ :-આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 215

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, OCTOBER 3, 2006 / ASVINA 11, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૬/૨૦૦૬.– આણંદ જિલ્લામાં તાજેતરની સાંપ્રત પરિસ્થિતિમાં વિવિધ જુથો, મંડળો દ્વારા તેમના કહેવાતા પ્રશ્નો અંગે રેલી અને સભા, સરઘસોના માધ્યમથી પૂર્વ મંજુરી વગર વહીવટી કચેરી ઉપર રજુઆતો માટે આવવાના કિસ્સાઓ વધી રહેલ છે. હાલમાં પોલીસતંત્ર સહિત વહીવટી તંત્ર પુર રાહત અને વ્યવસ્થાપનના કામમાં રોકાયેલ છે તે સંજોગોમાં આવા આકસ્મિક કાર્યક્રમો કરવાથી કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા કરે છે તેમજ જે તે વહીવટી કચેરીઓની કામગીરીમાં પણ અવરોધ ઉભા કરે છે. તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી નવરાત્રી મહોત્સવ તેમજ તા. ૨જી ઓક્ટોબર, ૨૦૦૬ ના રોજ દશેરાના તહેવારની ઉજવણી થનાર હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૬ પ્રસિધ્ધ કરવામાં આવેલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામાની મુદત લંબાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ આદેશ આપુ છું. સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી ૧૧મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોને એકત્ર થવું નહિ, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા-ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Extra No. 216

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVIII] SATURDAY OCTOBER 7, 2006/ASVINA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)અન્વયેનો.

નંબર પી.ઓ.એલ./૨/જાહેરનામા/એસ. આર./૪૭/૨૦૦૬.– સીનીયર સેકશન એન્જીનીયર (પશ્ચિમ રેલ્વે) પેટલાદનાઓએ તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ ના પત્રથી જણાવ્યાનુસાર તા. ૩-૧૦-૨૦૦૬ ના સવારના ૮-૦૦ કલાક થી તા. ૪થી ઓક્ટોબર, ૨૦૦૬ ના રોજના ૧૯-૦૦ કલાક દરમ્યાન રેલ્વેતંત્ર દ્વારા એલ. સી. ગેટ નં. ૨૧ એક્સ બોરસદ ભાદરણ રોડ ઉપર આવેલ હોઈ સદર ગેટનું અગત્યનું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવનાર હોઈ સદર ફાટક બંધ કરવા માંગણી કરેલ છે, આ કામે પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ ના પત્રથી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે હું, સી. એમ. પાડલીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ કલાક ૮-૦૦ થી ૪થી ઓક્ટોબર, ૨૦૦૬ ના રોજ સાંજના કલાક ૧૯-૦૦ સુધીના સમય માટે રેલ્વે ફાટક એલ. સી. ગેટ નં. ૨૧ બંધ કરવા તથા સદર રસ્તા ઉપરનો ટ્રાફીક ડાયવર્ઝન કરવા તથા ટ્રાફીક બીજા રસ્તા તરફ વાળવા હુકમ કરૂં છું.

(૧) બોરસદથી પાદરા વડોદરા-જંબુસર તરફ જવા માટે બોરસદ ભાદરણ જતા વાહનો બંધ કરાવી બોરસદ નિરાસયા, અલારસા, કોસીન્દ્રા, કિંખલોડ થી ગંભીરાપુલ થઈ પાદરા, વડોદરા, જંબુસર જશે.

(૨) ભાદરણ થી બોરસદ તરફ આવતા તમામ વાહનો જે હાલના રૂટ ઉપરથી બંધ કરી જે પૈકીના મોટા વાહનો ઉપર મુજબના રૂટ ઉપર અને નાના વાહનો ભાદરણથી વાસણા ગામે થઈ રેવાપુરી થઈ અલારસા, નિસરાયા થઈ આવી શકાશે.

(૩) ધુવારણ તરફથી બોરસદ તરફ આવતા વાહનો ઝારોલા પાટીયાથી ચુવા, રુંદેલ થઈ બોચાસણ ગામે થઈ બોરસદ આવી શકે છે જે રસ્તો પાકો ડામરનો છે. આશરે ૧૭ કિ. મી. નો થાય છે.

(૪) જંબુસર, પાદરા, વડોદરા થી આવતા વાહનો વાયા ભાદરણ બંધ કરાવી વાયા કિંખલોડ, કોસીંદ્રા, અલારસા, નિસરાયા, બોરસદ તરફ વાળવા.

(૫) ભાદરણ થી બોરસદ તરફ આવતા વાહનો વાયા રેલ્વે ફાટક બોરસદ વાળો રૂટ બંધ કરાવી તે વાસણા, રેવાપુરી, અલારસા, નિસરાયા થઈ બોરસદ તરફના રૂટે વાળવા.

(૬) ધર્મજ તરફથી આવતા અને ધુવારણ તરફ જતા વાહનો વાયા બોરસદ થઈ જતા વાહનો વાળો રૂટ બંધ કરાવી ધર્મજ થી બોચાસણ, રૂંદેલ, ચુવા, ઝારોલા પાટીયા થઈ ધુવારણ તરફ વાળવા.

શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No.217

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY OCTOBER 7, 2006 / ASVINA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. એમએજી/પી.એ.એલ./વશી/૪૨૫૯ થી ૪૨૭૦/ ૨૦૦૬.– પાટણ શહેરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ની પરીક્ષાઓ તા. ૫મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૬ દરમ્યાન લેવાનાર છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પાટણ જિલ્લાના કેન્દ્રો ઉપર લેવાનાર સદરહુ પરીક્ષાઓનું પાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસ ભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ, પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડમાં નિરીક્ષકો કોઈ પણ જાતના ભય અને ત્રાસ વગર નીરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહીં તે સારૂ પાટણ જિલ્લાના ધોરણ-૧૦ ના નીચે દર્શાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં (ત્રિજ્યામાં) કોઈ અસામાજિક તત્વો કે અનધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓ દાખલ થાય નહી તે સારૂં, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી જણાવું છું કે, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૬ ના રોજ સવારના પરીક્ષાના પ્રારંભ થતાં અગાઉ એટલે કે ૧૦-૦૦ વાગ્યાથી અને સાંજના ૧૮-૩૦ સુધી પરીક્ષા માટેના નીચે દર્શાવેલ તમામ પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહી.

(૧) આદર્શ વિદ્યાલય, પાટણ.

(૨) શેઠ એમ. એન. હાઈસ્કુલ, પાટણ.

(૩) શેઠ વી. કે. ભૂલા હાઈસ્કુલ, પાટણ.

(૪) એક્સપરીમેન્ટલ હાઉસ્કુલ, પાટણ.

(૫) કે. બી. વકીલ હાઈસ્કુલ, રાધનપુર.

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

INDEX

(૧) એસ. એચ. સી. પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

(૨) સદર પરીક્ષાની કામગીરીમાં ગુજરાત માધ્યમિક બોર્ડ તરફથી રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

(૩) સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરાયેલ આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ/સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ/રાધનપુર દ્વારા હુકમ કરવામાં આવે તેમને .

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ ની શિક્ષાને પાત્ર થશે.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 218

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, OCTOBER 7, 2006 / ASVINA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એમએજી./જાહેરનામું/વશી/૨૮૮૨/૯૭/૨૦૦૬.– ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ.એસ.સી. ની પરીક્ષાઓ તા. ૫મી ઓક્ટોબર, ૨૦૦૬ થી ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાઓ શાંત અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા-રાજપીપલાએ તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૬ ના પત્રક્રમાંક-પરીક્ષા વિભાગ/૧૦૯૬૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

આથી હું કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રટ, નર્મદા-રાજપીપલા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ સાથે બીડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધીત વિસ્તાર :

અનુસુચીત પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ચો તરફ ૧૫૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો, જગ્યા સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધીત કૃત્યો :

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધીત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇ બીન અધિકૃત માણસોએ ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ તેમજ કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિ. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખન કાર્યમાં અચડણ-. વિક્ષેપ-ધ્યાન ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહિ. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ ઈલેક્ટ્રોનિક આઈટમ પુસ્તક કાપલીઓ ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહિ કે કરાવવામાં મદદગારી કરવી નહિ.

સમય ગાળો :

તારીખ ૫મી ઓક્ટબર, ૨૦૦૬ થી તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સવારના ૧૦-૦૦ કલાક થી સાંજના ૧૮-૩૦ કલાક સુધીના સમયગાળા માટે.

આજ તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૦૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 219

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, OCOBER 11, 2006 / ASVINA 19, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૩(૧) (બી) (સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૨૫૮ થી ૨૨૭૦/૨૦૦૬.–મહેસાણા શહેરને નર્મદાનું શુધ્ધ પાણી પુરૂ પાડવાની યોજના અન્વયે ગોપી નાળાથી રાધનપુર ચાર રસ્તા સુધીની પાઈપ લાઈન કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, મહેસાણા દ્વારા નાંખવામાં આવેલ છે તેમજ તા. ૯મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તા. ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ ના સમયગાળા દરમ્યાન ગોપી નાળા (જુના) ની વચ્ચેથી ૧૦૦૦ મી. મી. ની એમ. એસ. પાઈપ લાઈન નાંખવાની કામગીરી તેઓ દ્વારા કરવામાં આવનાર છે. જે કામગીરી દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ગોપી નાળામાંથી પ્રવેશ કરી બજાર તરફ આવતા વાહનોને ડાયવર્ઝન આપવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. તેથી આ નાળામાંથી પસાર થતો વાહન વ્યવહાર બંધ કરવો પડે તેમ છે. સદરહુ બાબતે પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાના તા. ૭મી ઓક્ટોબર, ૨૦૦૬ ના પત્રથી જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, તા. ૯મી ઓક્ટોબર, ૨૦૦૬ થી ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી જાહેર સલામતી માટે અને ટ્રાફિકની અવર -જવરમાં મુશ્કેલી પડે નહી તે સારૂ મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૩(૧) (બી) (સી) થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છું.

તા. ૯મી ઓક્ટોબર, ૨૦૦૬ ના બપોરના ૧૨-૦૦ કલાકથી તા. ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ ના ૨૪-૦૦ કલાક સુધી રાધનપુર ચાર રસ્તાથી આવતા વાહનો ગોપી નાળામાંથી પ્રવેશ કરી ન આવતાં જેલ રોડ, ગુરૂદ્વારા, હાઈવે, રામોસણા જકાત નાકા થઈ હેડ ક્વાર્ટર પુલથી (સોમનાથ ચાર રસ્તા) હીરાનગર થઈ શહેરમાં પ્રવેશ કરે તેમજ ભમ્મરીયા નાળા થઈ પ્રવેશ કરે તે રીતે આદેશ કરૂં છું.

પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 220

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, OCTOBER 12, 2006 / ASVINA 20, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ડી) અન્વયેનો.

નંબર પીઓએલ/૨/જાહેરનામું/વશી/૫૪૭૩/૨૦૦૬.—આણંદ જિલ્લામાંથી પસાર થતાં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે ઉપર પસાર થતાં વાહનો દ્વારા અકસ્માત ન સર્જાય અને વાહનચાલકો તેમજ પ્રજાના જાનમાલને હાની ન પહોંચે તે આશયથી એક્સપ્રેસ વે પરથી પસાર થતાં વાહનોની ઝડપ ઉપર નિયંત્રણ રાખવા યાંત્રીક વાહનોની ગતિ મર્યાદા નિયંત્રિત કરતું જાહેરનામું હાલ અમલમાં છે.

અનુભવે જણાયેલ છે કે એક્સપ્રેસ વે પરથી ઝડપથી પસાર થતાં યાંત્રીક વાહનોની પાછળના ભાગની લાઈટો એટલે કે બ્રેક લાઈટ કે બેક લાઈટ અને રીફલેકટરો રાત્રીના સમયે કાર્યરત ન હોવાના કારણે ઘણા જીવલેણ અકસ્માતો ભૂતકાળમાં સર્જાયેલ છે. જેમાં જાનમાલની મોટી ખુવારી થયેલ છે. સબબ, આવા અકસ્માત તથા તેનાથી થતાં જાનમાલના નુકશાનને નિવારવાના હેતુસર રાત્રીના સમયે એક્સપ્રેસ વે પરથી પસાર થતા વાહનોની બેક લાઈટ, બ્રેક લાઈટ તથા રીફલેકટરો એટલે કે વાહનોની પાછળના ભાગની લાઈટો કાર્યરત રાખવી જરૂરી આવશ્યક અને ફરજીયાત જણાય છે.

વાસ્તે, હું આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ડી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે નો ઉપયોગ કરતા તમામ વાહનોની બેક લાઈટ, બ્રેક લાઈટ તથા રીફલેકટરો કાર્યરત ન હોય તેવા વાહનો માટે સાંજના ૧૭-૦૦ કલાકથી સવારના ૬-૩૦ કલાક સુધીના સમય દરમ્યાન એક્સપ્રેસ વે નો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમની અમલવારી પોલીસ અધિક્ષકશ્રી, આણંદ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આણંદ તથા પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી, એકસ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, અમદાવાદએ પોલીસની મદદ લઈ. કરાવવાનો રહેશે. જો તેઓ આ હુકમનો અમલ નહી કરે, કરાવે અને વાહનની બેક લાઈટ, બ્રેક લાઈટ તથા રીફલેકટરો કાર્યરત ન હોવાને કારણે અકસ્માત સર્જાસે તો તે બાબતે તેમની અંગત જવાબદારી બનશે. આ માટે વાહનોની ચકાસણી કરવા માટે સ્થળ પર જરૂરી આંતર માળખાકીય સુવિધા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એક્સપ્રેસ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, અમદાવાદે પુરી પાડવાની રહેશે. જેથી, આવી ક્ષતિવાળા વાહનોને એક્સપ્રેસ હાઈવે ઉપર પ્રવેશતા રોકી શકાય.

શિક્ષા :-આ હુકમનો ભંગ તથા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

આજ તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 221

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, OCTOBER 13, 2006 / ASVINA 21, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : પીસીબી/પાસા/ડીટીએન/જાહેરનામા/૧૩૫૫/૨૦૦૬.– હું દિપક સ્વરૂપ, આઈ. પી. એસ. પોલીસ કમિશનર વડોદરા શહેર ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૮ (૨) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

વડોદરા શહેરના પોલીસ મથક વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ નિવડે તેવી અસામાજિક પ્રવૃતિ આચરતા શ્રી ઠાકોરભાઈ મનુભાઈ પાટણવાડીયા રહે. બી/૩, આત્મિય ટેનામેન્ટ, માણેજા, વડોદરા શહેરનાની અસામાજિક પ્રવૃતિ અટકાવવા માટે ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ (પાસા) ની કલમ ૩ (૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૮મી મે, ૧૯૮૫ ના જાહેરનામા ક્રમાંક : જી/૧૫૫/એસબી/પીએએસ/ ૧૦૮૫/૧૧૯૪ થી મળેલ સત્તા અન્વયે ઉપરોક્ત ઈસમની નિવારક અટકાયત કરવા માટેના હુકમ ક્રમાંક : પીસીબી/પાસા/ડીટીએન/૧૪૯/ ૦૬ તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી જારી કરવામાં આવેલ છે. જે હુકમને સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : વિ૩/પાસા/૩૩૦૬/ ૯૮૯, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી મંજુર કરેલ છે. જે અટકાયત હુકમની બજવણી માટે સતત પ્રયત્નો કરતા સરકારી અધિકારીશ્રીઓના અહેવાલ તેમજ અમારી જાત તપાસણી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે જે વ્યક્તિના સંબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે ઉક્ત વ્યક્તિ ફરાર થઈ ગયેલ છે અને તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે, તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહુ હુકમની અમલ બજવણી કરી શકાતી નથી જેથી ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ ની કલમ ૮ (૨) થી અમોને મળેલ અધિકારની રૂએ ઉક્ત ફરારી વ્યક્તિએ આ હુકમની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં વડોદરા શહેર ખાતે અમારી સમક્ષ પોલીસ કમિશ્નર કચેરી, પહેલો માળ, પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા અથવા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે. બી. જાડેજા ડી. સી. બી. પોલીસ સ્ટેશન, વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે. જો તેઓ આ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો સદરહુ કાયદાની કલમ ૮ (૧) અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા તારીખ ૧૧મી ઓકટોબર ૨૦૦૬.

દિપક સ્વરૂપ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 222

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, OCTOBER 16, 2006 / ASVINA 24, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ડી) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/વશી/૪૨૫૯/૨૦૦૬.—ખેડા જિલ્લામાંથી પસાર થતાં અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે ઉપર પસાર થતાં વાહનો દ્વારા અકસ્માત ન સર્જાય અને વાહન ચાલકો તેમજ પ્રજાના જાન માલને હાની ન પહોંચે તે આશયથી એક્સપ્રેસ વે પરથી પસાર થતાં વાહનોની ઝડપ ઉપર નિયંત્રણ રાખવા યાંત્રીક વાહનોની ગતી મર્યાદા નિયંત્રીત કરતુ જાહેરનામુ હાલ અમલમાં છે.

અનુભવે જણાયેલ છે કે, એક્સપ્રેસ વે પરથી ઝડપથી પસાર થતાં યાંત્રીક વાહનોની પાછળના ભાગની લાઈટો એટલે કે બ્રેક લાઈટ, બેક લાઈટ અને રીફલેક્ટરો રાત્રીના સમયે કાર્યરત ન હોવાના કારણે ઘણાં જીવલેણ અકસ્માતો ભૂતકાળમાં સર્જાયેલ છે. જેમાં જાન માલની મોટી ખુવારી થયેલ છે. સબબ, આવા અકસ્માત તથા તેનાથી થતાં જાન માલના નુકશાનને નિવારવાના હેતુસર રાત્રીના સમયે એક્સપ્રેસ વે પરથી પસાર થતાં વાહનોની બેક લાઈટ, બ્રેક લાઈટ તથા રીફલેક્ટરો એટલે કે, વાહનોની પાછળના ભાગની લાઈટો કાર્યરત રાખવી જરૂરી આવશ્યક અને ફરજીયાત જણાય છે.

વાસ્તે હું આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા નડીઆદ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ડી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ખેડા જિલ્લામાંથી પસાર થતાં અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે નો ઉપયોગ કરતાં તમામ વાહનોની બેક લાઈટ, બ્રેક લાઈટ તથા રીફલેક્ટરો ફરજીયાત રીતે ચાલુ હાલતમાં (કાર્યરત) રાખવા અને જો બેક લાઈટ, બ્રેક લાઈટ તથા રીફલેક્ટરો કાર્યરત ન હોય તેવા વાહનો માંટે સાંજના ૧૭-૦૦ કલાકથી સવારના ૬-૩૦ કલાક સુધીના સમય દરમ્યાન એક્સપ્રેસ વે નો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમની અમલવારી પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, નડીઆદ તથા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એક્સપ્રેસ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, અમદાવાદએ પોલીસની મદદ લઈ કરાવવાનો રહેશે. જો તેઓ આ હુકમનો અમલ નહી કરે, કરાવે અને વાહનની બેક લાઈટ, બ્રેક લાઈટ તથા રીફલેક્ટરો કાર્યરત ન હોવાને કારણે અકસ્માત સર્જાશે તો તે બાબતે તેમની અંગત જવાબદારી બનશે. આ માટે વાહનોની ચકાસણી કરવા માટે સ્થળ પર જરૂરી આંતર માળખાકીય સુવિધા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એક્સપ્રેસ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, અમદાવાદે પુરી પાડવાની રહેશે. જેથી, આવી ક્ષતિવાળા વાહનોને એક્સપ્રેસ હાઈવે ઉપર પ્રવેશતા રોકી શકાય.

શિક્ષા : આ હુકમનો ભંગ તથા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

આજ તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 223

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, OCTOBER 16, 2006 / ASVINA 24, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર પીઓએલ (૧)/૪૧૪૩/૨૦૦૬.--ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસ. એસ. સી. ની પરીક્ષાઓ તા. ૫મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી જિલ્લાના જુદાજુદા પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે બંન્ને પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લો, નડિયાદએ તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૬ ના પત્ર જા. નં. એસ. એસ. સી./પરીક્ષા-૨૦૦૬/૬૩૧૩ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આ સાથે બીડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર :

અનુસૂચિત પરીક્ષા કેન્દ્ર તથા તેની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહી તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતી અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી તેમજ આ રીતના કોઈપણ દુષ્પ્રેરણ કે પ્રયાસમાં ફરજો પરના સુપરવાઈઝરી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોર્ડ ના મણસોએ સામેલ ન થવું તેમજ પ્રમાણિકપણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા ન સેવવી. પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈપણ વસ્તુ, ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે ફેક્સ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઉપકરણ સેલ્યુલર ફોન, મોબાઈલ, પેજર, હેન્ડસેટ, વોકીટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ,, ઝેરોક્ષ નકલોનું કોઈએ વહન કરવું નહી કે તે કરાવવામાં ફરજો પરના સંબંધિત તમામ માણસોએ મદદગારી કે દુષ્પ્રેરણ કરવા નહી અને સંબંધિત પરીક્ષા કેન્દ્ર કે શાળામાં આવેલ હોય તે શાળા સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદ્દેદારોએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવો નહિ.

સમયગાળો : તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૧૮-૩૦ કલાક સુધીના સમય ગાળા માટે.

અનુસૂચિ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેના હુકમ

ક્રમાંક પીઓએલ (૧) ૪૧૪૩/૨૦૦૬ ને સંલગ્ન

અ.નં. ૧	પરીક્ષા કેન્દ્રનું નામ ૨	પરીક્ષા સ્થળનું નામ ૩
૧	બાલાસિનોર	શેઠ. ઓચ્છવલાલ હાઇ. બાલાસિનોર યુનિટ-૧ શેઠ. ઓચ્છવલાલ હાઇ. બાલાસિનોર યુનિટ-૨ પી. વી. વિદ્યાલય, બાલાસિનોર જે. વી. દેસાઇ પ્રા. શાળા, C/o. પી. વી. વિદ્યાલય, બાલાસિનોર નવગુજરાત માધ્યમિક શાળા, બાલાસિનોર
૩	ડાકોર	સંસ્થાન હાઇ., ડાકોર યુનિટ-૧ સંસ્થાન હાઇ., ડાકોર યુનિટ-૨ જી. ડી. ભટ્ટ મેમો. હાઇસ્કુલ, ડાકોર
૬	કપડવંજ	શેઠ. એમ. પી. હાઇ. કપડવંજ યુનિટ-૧ શેઠ. એમ. પી. હાઇ. કપડવંજ યુનિટ-૨ સી. એન. વિદ્યાલય, કપડવંજ
૯	ખેડા	એચ. એન્ડ ડી. પારેખ હાઇ. ખેડા યુનિટ-૧ એચ. એન્ડ ડી. પારેખ હાઇ. ખેડા યુનિટ-૨
૧૨	નડીયાદ શહેર	બાસુદીવાલા પબ્લીક હાઇ. નડીયાદ સંતરામ ગર્લ્સ હાઇ., નડીયાદ યુનિટ-૧ સંતરામ ગર્લ્સ હાઇ., નડીયાદ યુનિટ-૨ સરદાર પટેલ હાઇ., નડીયાદ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર., નડીયાદ ભગત એન્ડ સોનાવાલા હાઇ., નડીયાદ ડી. પી. દેસાઇ હાઇસ્કુલ, નડીયાદ મણીબા ગર્લ્સ હાઇસ્કુલ, નડીયાદ ન્યુ ઇંગ્લીશ સ્કુલ, રેલ્વે સ્ટેશન, નડીયાદ જીવન વિકાસ એજ્યુ. સેકન્ડરી સ્કુલ, નડીયાદ

આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 224

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, OCTOBER 16, 2006 / ASVINA 24, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેર.ના.ક.૩૭(૩)/વશી/ ૪૪૨૦ થી ૪૪૫૦/૨૦૦૬.–આગામી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ દિવાળી તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ નૂતનવર્ષ તથા તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ ભાઈબીજ અને રમજાન ઈદના તહેવારો ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમિયાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તેમજ જાહેર સૂલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી પાટણે મુંબઇ પોલીસ અધિનિયમ કલમ-૩૭ (૩) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત મુદત માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨)ની કલમ- ૩૭ (૩) ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેર. ના. ક. ૩૭ (૧) વશી/ ૪૩૮૯ થી ૪૪૧૯/૨૦૦૬.–આગામી તારીખ ૨૧મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ દિવાળી તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ નૂતન વર્ષ તથા તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ ભાઈબીજ અને રમજાન ઈદના તહેવારો ઉજવવામાં આવનાર છે. આ તહેવારો દરમિયાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઈ પોલીસ અધિનિયમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઈપણ ઇસમને નહિ કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે, એકઠા કરવાની કે, સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઇ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતીનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું, ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી; પાટણ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ/રાધનપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 225

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] MONDAY, OCTOBER 16, 2006 / ASVINA 24, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

નંબર જીએચ / કયુએલ / ૪૪૦૮ / ૪૭૩૮ / ૨૦૦૬ / યુ.એમ.કે.એસ.કે. :–શ્રી પટેલ રામાભાઈ કુબેરદાસને આ કચેરીના હુકમ નં. જીએચ/કયુએલ/૩૮૪૩/૩૪૧૯, તારીખ ૮મી નવેમ્બર ૨૦૦૧ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે રેતી ખનિજનું ૩ વર્ષ માટે કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૪મી જાન્યુઆરી ૨૦૦૨ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	હિંમતનગર	કડોલી	સાબરમતી નદી પટ્ટ	૧-૯૨-૦૦ હેક્ટર

અને આ લીઝ આ કચેરીના હુકમ નં. જીએચ/કયુએલ/રીન્યુ/૪૪૦૮/૨૪૪૧, તારીખ ૧૨મી મે ૨૦૦૬થી રીન્યુ નામંજુર કરેલ છે.

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિગતે ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન ૩૦ પછીથી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૧૦મી ઓક્ટોબર, ૨૦૦૬.

બી.એચ. ઘોડાસરા, (I. A. S.)
કલેકટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 226

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] MONDAY, OCTOBER 16, 2006 / ASVINA 24, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

નંબર જીએચ / ક્યુએલ / ૧૯૧૬ / ૪૭૩૯ / ૨૦૦૬ / યુ.એમ.કે.એસ.કે. :—શ્રી પરમાર બબાજી નોનાજીને આ કચેરીના હુકમ નં. જીએચ/ક્યુએલ/૧૯૧૬/૮૭૭, તારીખ ૧લી માર્ચ ૧૯૯૪ થી સાબરકાંઠા જિલ્લામાં નીચેની વિગતે ક્વાર્ટઝાઈટ ખનિજનું બે વર્ષ માટે ક્વોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૫ના રોજ કરવામાં આવેલ હતું.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાબરકાંઠા	મોડાસા	ગાજણ	૨૭૬ પૈકી	૧-૦૦-૦૦ હેક્ટર

અને આ લીઝ આ કચેરીના હુકમ નં. જીએચ/ક્યુએલ/૩૩૭૯/૫૪૮૯, તારીખ ૨જી નવેમ્બર ૧૯૯૯થી રીન્યુ નામંજુર કરેલ છે.

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિગતે ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૩૦ પછીથી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩જી ઓકટોબર, ૨૦૦૬.

બી.એચ. ઘોડાસરા, (I. A. S.)
કલેક્ટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 227

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, OCTOBER 7, 2006 / ASVINA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નં. એમએજી/પી.ઓ.એલ./વશી/૪૨૭૧ થી ૪૨૮૩/ ૨૦૦૬.– પાટણ જિલ્લામાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ કેન્દ્રો ઉપરથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૬ થી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૬ સુધી એસ.એસ.સી./ઓકટોબર-૨૦૦૬ ની પરીક્ષા લેવાનાર છે. જિલ્લામાં આવેલ કેન્દ્રો ઉપર લેવાનાર એસ.એસ.સી. પરીક્ષાનું સંચાલન શાંત અને સરળતાથી થાય તે જરૂરી છે. ઝેરોક્ષની દુકાન તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા હોય તેવા કોમ્પ્યુટર સેન્ટર ઉપર પરીક્ષાલક્ષી સાહિત્યની નકલ થવાથી અને તે સાહિત્ય પરીક્ષા કેન્દ્રોમાં મોકલવાની પ્રવૃત્તિથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે વિકટ પ્રશ્ન ઉપસ્થિત થતો હોઈ જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ દુકાનો તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા તમામ કોમ્પ્યુટર સેન્ટરો ઉપર થતી પરીક્ષાલક્ષી સાહિત્યની નકલો કાઢવાની અન અધિકૃત કૃત્ય અટકાવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે. આથી પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૧૦૦ (એક સો) મીટરના વિસ્તારમાં (ત્રિજ્યામાં) આવેલ તમામ ઝેરોક્ષ દુકાનો તથા સ્કેનીંગની સુવિધા ધરાવતાં તમામ કોમ્પ્યુટર સેન્ટરોમાં એસ.એસ.સી. પરીક્ષામાં મદદરૂપ થાય તેવું કોઈપણ સાહિત્યની ઝેરોક્ષ નકલ કાઢવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણએ અત્રે વિનંતી કરેલ છે. જે મુજબ કાર્યવાહી કરવી મને જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે, તારીખ ૫મી ઓકટોબર, ૨૦૦૬ થી તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૬ (બન્ને દિવસો સુધ્ધાંત) સુધી એસ.એસ.સી પરીક્ષા માટે પાટણ જિલ્લામાં આવેલ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રવાળા ગામ / શહેર વિસ્તારમાં નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું.

પરીક્ષા કેન્દ્રો :

(૧) આદર્શ વિદ્યાલય, પાટણ.
(૨) શેઠ એમ. એન. હાઈસ્કુલ, પાટણ
(૩) શેઠ વી. કે. ભુલા હાઈસ્કુલ, પાટણ.
(૪) એકસપરીમેન્ટલ હાઈસ્કુલ, પાટણ
(૫) કે. બી. વકીલ હાઈસ્કુલ, રાધનપુર

૧. જિલ્લામાં આવેલ ઉપરોકત એસ.એસ.સી. કેન્દ્રોવાળા ગ્રામ / શહેરી વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા તમામ કોમ્પ્યુટર સેન્ટરો ઉપર ઉપરોકત તારીખોએ સવારે ૧૦-૦૦ કલાકથી બપોરે ૧૪-૦૦ કલાક અને બપોરે ૧૫-૦૦ કલાકથી સાંજે ૧૯-૦૦ કલાક સુધી ખુલ્લા રાખવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

૨. પરીક્ષામાં ગેરરીતિ માટે મદદરૂપ થાય તેવું તેમજ પરીક્ષાલક્ષી સાહિત્ય પરીક્ષાખંડમાં તેમજ કેન્દ્રમાંથી બહાર લઈ જવા તેમજ બહારથી પરીક્ષા કેન્દ્રમાં કે ખંડમાં લાવવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ / ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પાટણ, તારીખ ૪થી ઓકટોબર, ૨૦૦૬.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 228

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, OCTOBER 20, 2006/ASVINA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૪૩૪૩/૨૦૦૬.—તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૦૬ થી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૬ દરમ્યાન કાળી ચૌદશ, દિપાવલી, નુતનવર્ષ, ભાઈબીજ અને રમઝાન ઈદના વિવિધ તહેવારો છે. આ તહેવારો દરમ્યાન વિવિધ અગત્યના ધાર્મિક સ્થળો અને મંદિરોએ પુજા-પાઠ, આરતી અને ધાર્મિક લોકમેળો યોજાનાર છે. આ તહેવારો દરમ્યાન કોમી એકતાના મુદ્દાને સંવેદનશીલ બનાવી ચોક્કસ તત્વો આ તહેવારોની ઉજવણીને નિમિત્ત બનાવી જાહેર સુલેહ અને શાંતિને ભડકાવી વાતાવરણ તંગ બનાવી ઘર્ષણ પેદા કરવાની શક્યતા નકારી શકાય નહીં. જેથી ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે ઈ.ચા. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડાએ તારીખ ૧૩મી ઓકટોબર, ૨૦૦૬ના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૨૭૨૫/૦૬ થી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્ત ઉચિત અને આવશ્યક હોવાનું જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએથી સમગ્ર ખેડા જિલ્લા વિસ્તારમાં તારીખ ૨૦મી ઓકટોબર, ૨૦૦૬ થી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું ;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું ;

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું ;

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવાં ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઇપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું ;

વિસ્તાર :- સમગ્ર ખેડા જિલ્લાનો વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 229

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, OCTOBER 20, 2006/ASVINA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયેનો

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૯/૨૦૦૬.—સીનીયર સેકશન એન્જિનીયર (પ. રેલ્વે) પેટલાદનાઓએ તારીખ ૭મી ઓક્ટોબર, ૨૦૦૬ના પત્રથી જણાવ્યાનુસાર તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૬ના સાંજના ૧૮-૦૦ કલાક થી તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ના સવારના ૮-૦૦ કલાક દરમ્યાન રેલ્વેતંત્ર દ્વારા આણંદ-ખંભાત રેલ્વે લાઈન ઉપર ભાટીયેલ-પેટલાદ રેલ્વે સ્ટેશન વચ્ચે આવેલ રેલ્વે ફાટક નંબર-૨૮નું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવનાર હોઈ સદર ફાટક બંધ કરવા માંગણી કરેલ છે, આ કામે પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૬ના પત્રથી જાહેરનામુ પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે હું, સી.એમ. પાડલીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૬ના સાંજના ૧૮-૦૦ કલાક થી તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ સવારના ૮-૦૦ કલાક સુધીના સમય માટે રેલ્વેફાટક નંબર-૨૮ બંધ કરવા તથા સદર રસ્તા ઉપરનો ટ્રાફીક ડાયવર્ઝન કરવા તથા ટ્રાફીક બીજા રસ્તા તરફ વાળવા હુકમ કરૂં છું.

(૧) રેલ્વે ફાટક નંબર-૨૮ વાહનો માટે બંધ રહેનાર હોઈ તે રસ્તા ઉપરના વાહનો પેટલાદથી સુણાવ રોડ ઉપર થઈ રંગાઈપુરા ગામે થઈ નડીયાદ હાઈવે ઉપર જશે તથા નંડીયાદ તરફથી આવતા વાહનો બાંધણી ચોકડીથી તારાંપુર થઈ ખંભાત જશે. અને ખંભાત તરફથી આવતા ભારે વાહનો ધર્મજ ચોકડીથી તારાપુર થઈ આગળ જશે.

શિક્ષા આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનીયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. એમ. પાડલીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 230

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, OCTOBER 20, 2006/ASVINA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૭૮૪૫ થી ૭૯૦૫/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, ડી.બી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, માહે ઓકટોબર, ૨૦૦૬ના માસમાં દિવાળી તથા રમજાન ઈદના તહેવારો આવતા હોઈ તેમજ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;

(૨) કોઈ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને;

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. બી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

Extra No. 231

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, OCTOBER 20, 2006 / ASVINA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પીઓએલ/વશી/૨૨૯૬ થી ૨૩૦૮/ ૨૦૦૬.- મહેસાણા જિલ્લામાં મહેસાણા નગરપાલીકાની વોર્ડ નં. ૨ ની પેટા ચૂંટણી માહે ઓક્ટોબર, ૨૦૦૬ નું મતદાન સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈપણ અવરોધ પેદા થાય નહી તે માટે તેમજ મતદાન મથકના સ્થળોએ જુદા જુદા પક્ષના લોકો, ટેકેદારો/કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ મતદાન મથકના સ્થળોએ અને તેની આજુ બાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુઈએ આથી ફરમાવું છું કે, તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૫મી ઓક્ટોબર, ૨૦૦૬ના ૧૮-૦૦ કલાક સુધી મહેસાણા નગરપાલીકા ચુંટણી અંગેના મતદાન મથકના સ્થળથી ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) ચૂંટણી ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે અન્ય કોઈપણ વ્યક્તિ મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી માટે બુથ ઉભા કરી શકશે નહીં.

(૨) મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અનધિકૃત વ્યક્તિઓ એકત્રિત થશે નહી કે, મતદાન મથકમાં પ્રવેશી શકશે નહીં, કે વાહન લઈ જઈ શકશે નહી, કે લાવશે નહીં.

(૩) કોઈપણ વ્યક્તિ મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોડલેસફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

(૪) કોઈપણ વ્યક્તિ મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં મેગાફોન અથવા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકશે નહીં.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી અંગેની મતદાનની કામગીરી માટે ચૂંટણી અધિકારીશ્રી/ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ મતદાન અધિકારીઓ/કર્મચારીઓને.

(૨) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

INDEX

(૩) કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ સ્ટાફને.

(૪) રાજ્ય ચૂંટણીપંચ તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેવી વ્યક્તિઓને.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પીઓએલ/વશી/૨૩૦૯ થી ૨૩૧૭/ ૨૦૦૬.—મહેસાણા જિલ્લાના મહેસાણા નગરપાલીકાની વોર્ડ નં. ૨ ની પેટા ચૂંટણી માહે ઓક્ટોબર, ૨૦૦૬ ની મત ગણતરી સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈપણ અવરોધ પેદા થાય નહીં તે માટે તેમજ મત ગણતરી કેન્દ્રના સ્થળે જુદા જુદા પક્ષના લોકો, ટેકેદારો, કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ મત ગણતરી કેન્દ્રના સ્થળે અને તેની આજુ બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસોએ ભેગા નહી થવા માટે તેમજ મતગણતરીના કામે ઉપયોગમાં લેવાનાર સ્થળે આવેલ મકાનોમાં બીન અધિકૃત વ્યક્તિ/વ્યક્તિઓ દાખલ થાય નહી તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુઈએ આથી ફરમાવું છું કે, મત ગણતરીના દિવસે તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી મહેસાણા નગરપાલીકાની વોર્ડ નં. ૨ની પેટા ચુંટણી અંગેની મત ગણતરીની કામગીરી માટેના નીચે દર્શાવેલ મતગણતરી કેન્દ્રના સ્થળથી ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ સદરહું સ્થળે મત ગણતરીના કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાન તથા તેના કમ્પાઉન્ડની અંદર બીનઅધિકૃત વ્યક્તિ/વ્યક્તિઓએ પ્રવેશ કરવો નહીં.

સ્થળ :-પ્રાંત કચેરી, મહેસાણા

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી અંગેની મતગણતરીની કામગીરીમાં ચૂંટણી અધિકારીશ્રી/જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ અધિકારીઓ/કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ સ્ટાફને.

(૩) ચૂંટણીના ઉમેદવારો તથા તેમના અધિકૃત ચૂંટણી એજન્ટને.

(૪) મત ગણતરી માટે ઉમેદવાર/ચૂંટણી એજન્ટ તરફથી નિયુક્ત મતગણતરી એજન્ટ કે જેઓની નિમણુંકને સંબંધિત ચૂંટણી અધિકારી શ્રી તરફથી માન્યતા આપેલ હોય તેવા.

(૫) રાજ્ય ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેવી વ્યક્તિઓ.

(૬) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા, દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

પુરવણી જાહેરનામું

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩(૧)(બી) (સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૩૩૪ થી ૨૩૪૬/ ૨૦૦૬.—આ કચેરીના તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૦૬ના જાહેરનામા નં. પીઓએલ/વશી/૨૨૫૮ થી ૨૨૭૦/૦૬ થી મહેસાણા શહેરમાં રાધનપુર ચાર રસ્તાથી આવતા વાહનો ગોપી નાળામાંથી પ્રવેશ કરી ન આવતાં જેલ રોડ, ગુરૂદ્વારા, હાઈવે, રામોસણા જકાત નાકા થઈ હેડ ક્વાર્ટર પુલથી (સોમનાથ ચાર રસ્તા) હીરાનગર થઈ શહેરમાં પ્રવેશ કરે તેમજ ભમ્મરીયા નાળા થઈ પ્રવેશ કરે તે રીતનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ હતું.

કા. પા. ઈ. શ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, મહેસાણાએ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૬ના પત્રથી આ જાહેરમાનાની મુદત તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી વધારી આપવા વિનંતી કરેલ છે. જેથી આ કચેરીના તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૦૬ના જાહેરનામાની મુદત તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી આથી વધારવા પુરવણી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

આ પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૭મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 232

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, OCTOBER 20, 2006 / ASVINA 28, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ક્રમાંક પીસીબી / પાસા / ડીટીએન/જાહેરનામું/૧૩૭૯/૨૦૦૬.– હું, દિપક સ્વરૂપ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા, સને ૧૯૮૫ની કલમ-૮(૨) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

વડોદરા શહેરના પોલીસ મથક વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ નિવડે તેવી અસામાજીક પ્રવૃત્તિ આચરતા શ્રી યાસીન ઉર્ફે મુન્નો મહંમદભાઈ વ્હોરા, રહે. નિઝામપુરા, કુંભારવાડા, વડોદરા શહેરના ની અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા માટે ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા, સને ૧૯૮૫(પાસા) ની કલમ-૩(૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૮મી મે, ૧૯૮૫ના જાહેરનામા ક્રમાંક જી/૧૫૫/એસબી/પીએએસ/૧૦૮૫/૧૧૯૪ થી મળેલ સત્તા અન્વયે ઉપરોકત ઈસમની નિવારક અટકાયત કરવા માટેના હુકમ ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/૧૬૧/૦૬, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૦૬ થી જારી કરવામાં આવેલ છે. જે હુકમને સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ.૩/પાસા/૩૩૦૬/૧૦૪૦, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી મંજુર કરેલ છે. જે અટકાયત હુકમની બજવણી માટે સતત પ્રયત્નો કરતા સરકારી અધિકારીશ્રીઓના અહેવાલ તેમજ અમારી જાત તપાસણી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે જે વ્યકિતના સંબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે ઉકત વ્યકિત ફરાર થઈ ગયેલ છે અને તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે, તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહું અટકાયત હુકમની અમલ બજવણી કરી શકાતી નથી જેથી ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ની કલમ-૮(૨) થી અમોને મળેલ અધિકારની રૂએ ઉકત ફરારી વ્યકિતએ આ હુકમની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં વડોદરા શહેર ખાતે અમારી સમક્ષ પોલીસ કમિશનર કચેરી, પહેલો માળ, પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા અથવા પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે. એમ. ગોહીલ, ફતેગંજ પો. સ્ટે., વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે. જો તેઓ આ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો સદરહુ કાયદાની કલમ-૮(૧) અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની જોગ્વાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૬.

જાહેરનામું

ક્રમાંક પીસીબી / પાસા / ડીટીએન/જાહેરનામું/૧૩૮૦/૨૦૦૬.– હું, દિપક સ્વરૂપ, આઈ.પી.એસ., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા, સને ૧૯૮૫ની કલમ-૮(૨) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

INDEX

વડોદરા શહેરના પોલીસ મથક વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ નિવડે તેવી અસામાજીક પ્રવૃત્તિ આચરતા શ્રી વિશાલ સુધીરભાઇ સાવંત રહે. ૧૦૧, શ્રીરાજ એપાર્ટમેન્ટ, પહેલોમાળ, પ્રતાપરોડ, રાવપુરા, વડોદરા શહેરના ની અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા માટે ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા, સને ૧૯૮૫(પાસા) ની કલમ-૩(૨) તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૮મી મે, ૧૯૮૫ના જાહેરનામા ક્રમાંક જી/૧૫૫/એસબી/પીએએસ/૧૦૮૫/૧૧૯૪ થી મળેલ સત્તા અન્વયે ઉપરોકત ઈસમની નિવારક અટકાયત કરવા માટેના હુકમ ક્રમાંક પીસીબી/પાસા/ડીટીએન/૧૬૩/૦૬, તા. ૧૮મી સપ્ટેમ્બર, ૦૬ થી જારી કરવામાં આવેલ છે. જે હુકમને સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક વિ.૩/પાસા/૩૩૦૬/૧૦૫૨, તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૬ થી મંજુર કરેલ છે. જે અટકાયત હુકમની બજવણી માટે સતત પ્રયત્નો કરતા સરકારી અધિકારીશ્રીઓના અહેવાલ તેમજ અમારી જાત તપાસણી ઉપરથી અમોને એમ માનવાને કારણ છે કે જે વ્યકિતના સંબંધમાં સદરહુ અટકાયત હુકમ કરવામાં આવેલ છે. તે ઉકત વ્યકિત ફરાર થઈ ગયેલ છે અને તેઓ એવી રીતે છુપાતા ફરે છે કે, તેમની નિવારક અટકાયત કરવા માટે કરવામાં આવેલ સદરહું અટકાયત હુકમની અમલ બજવણી કરી શકાતી નથી જેથી ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ પ્રતિબંધક ધારા સને ૧૯૮૫ની કલમ-૮(૨) થી અમોને મળેલ અધિકારની રૂએ ઉકત ફરારી વ્યકિતએ આ હુકમની તારીખથી દિન-૩૦ (ત્રીસ) માં વડોદરા શહેર ખાતે અમારી સમક્ષ પોલીસ કમિશનર કચેરી, પહેલો માળ, પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા અથવા પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે. એમ. ગોહીલ, ફતેગંજ પો. સ્ટે., વડોદરા શહેર સમક્ષ હાજર થવા આદેશ કરવામાં આવે છે. જો તેઓ આ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં હાજર નહી થાય તો સદરહુ કાયદાની કલમ-૮(૧) અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, સને ૧૯૭૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

વડોદરા, તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૦૬.

દિપક સ્વરૂપ,
પોલિસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 233

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, OCTOBER 30, 2006 / KARTIKA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (એમ) અન્વયે.

નંબર પીઓએલ(૧)/૪૩૭૬/૨૦૦૬.–ખેડા જિલ્લામાં આવેલ પ્રસિદ્ધ યાત્રાધામ વડતાલ મુકામે ગોમતી તળાવ આવેલ છે. વડતાલ ગામનો પ્રવાસન વર્ષ-૨૦૦૬માં પણ પ્રવાસન સ્થળ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ સ્વામિનારાયણ મંદિર, વડતાલ તથા સ્વામિનારાયણ ગુરૂકુલ, રાજકોટ દ્વારા તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૬ દરમ્યાન શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ ઉજવવામાં આવનાર છે. જે પ્રસંગની ગરિમા જોતાં, વડતાલ ગામમાં આવેલ ગોમતી તળાવની સ્વચ્છતા અને સુંદરતાને ક્ષતિ ન પહોંચે અને આ તળાવનો નયનરમ્ય દેખાવ જળવાઈ રહે તે માટે સદર ગોમતી તળાવનું પાણી કપડાં ધોઈ, લોકો દુષિત ન કરે તે માટે જરૂરી હુકમ બહાર પાડવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(એમ) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ વડતાલ સ્થિત ગોમતી તળાવની ચર્તુદિશાની ચોતરફની ૨૦ મીટરની ત્રિજ્યામાં તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૬ (બંને દિવસો સુદ્ધાંત) સુધી નીચેની વિગતોએ પ્રતિબંધ ફરમાવું છું.

(૧) વડતાલ મુકામે આવેલ ગોમતી તળાવના પાણીમાં કોઈએ કપડાં/વાસણ ધોવા નહીં કે વાહનોની સફાઈ કરવી નહીં.

(૨) આ પાણીમાં પુજાના ફુલો કે મૃત વ્યક્તિના અસ્થિનું વિસર્જન કરવું નહીં.

(૩) આ પાણીમાં ભોજન બાદ એંઠી પેપરડીસ, વધેલું ભોજન, પ્લાસ્ટીકના પેકીંગ, પ્લાસ્ટીકની કેરી બેગ કે અન્ય કોઈપણ પ્રકારનો કચરો ફેંકવો નહિ કે અન્ય કોઈ ક્રિયાથી તળાવના પાણીમાં ગંદકી કરી શકાશે નહીં.

(૪) તળાવના ઘાટ ઉપર લારી-ગલ્લાવાળા, પાથરણાંવાળા, ફેરીયાઓ, ભિક્ષુકો તથા અન્ય ધંધાદારીઓએ પ્રવેશ કરવો નહિ.

(૫) કોઈપણ વ્યક્તિએ તળાવ ખાતે આવેલ જાહેર મિલ્કત સાથે ચેડાં કરવા કે કરાવવા નહીં.

વિસ્તાર : આ હુકમ સુપ્રસિદ્ધ યાત્રાધામ વડતાલ મુકામે આવેલ ગોમતી તળાવની ચર્તુદિશાની ચોતરફની ૨૦ મીટરની ત્રિજ્યામાં લાગુ પડશે.

શિક્ષા : આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 234

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, OCTOBER 30, 2006 / KARTIKA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) (સી) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૩૮૧ થી ૨૩૯૩/ ૨૦૦૬.– આ કચેરીના તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૬ના જાહેરનામા નં. પીઓએલ/વશી/૨૨૫૮ થી ૨૨૭૦/૨૦૦૬ની મુદત પુરી થતાં માંગણી આધારે તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૬ના જાહેરનામાની મુદત તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૬ના જાહેરનામા નંબર પીઓએલ/વશી/૨૩૩૪ થી ૨૩૪૬/૨૦૦૬થી તારીખ ૨૫મી ઓકટોબર, ૨૦૦૬ સુધી વધારી આપેલ હતી.

કા. પા. ઈ.શ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, મહેસાણાએ તારીખ ૨૬મી ઓકટોબર, ૨૦૦૬ના પત્રથી આ જાહેરનામાની મુદત તારીખ ૩જી નવેમ્બર, ૨૦૦૬ સુધી વધારી આપવા વિનંતી કરેલ છે. જેથી આ કચેરીના તારીખ ૧૭મી ઓકટોબર, ૨૦૦૬ના જાહેરનામાની મુદત તારીખ ૩જી નવેમ્બર, ૨૦૦૬ સુધી આથી વધારવા પુરવણી જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

આ પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

Extra No. 235

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, NOVEMBER 1, 2006 / KARTIKA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (યુ) અન્વયે.

નંબર પીઓએલ(૨)/૨૨૪૯ થી ૨૨૮૪/૨૦૦૬.–દિવાળીના તહેવારો નિમિત્તે ફટાકડાનો વિશેષ પ્રમાણમાં થતો ઉપયોગ ધ્યાને લેતાં, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો તેમજ ધાર્મિક સ્થળો જેવા શાંત વિસ્તારોમાં કોઇપણ સમયગાળા દરમ્યાન ફટાકડા અને તેના અવાજથી થતા અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવું જરૂરી બને છે. વાસ્તે હું કે. કે. વાગડીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(યુ) થી મને મળેલ સત્તાની રૂઇએ ફટાકડા ફોડવા તેમજ વગર વિચારે અગનશસ્ત્રો મુકવા, આતશબાજી સળગાવીને નાખવા અથવા આતશબાજીનું બલુન અથવા રોકેટ સળગાવીને ઉડાવવા સબંધે નીચેની વિગતોએ પ્રતિબંધ ફરમાવું છું.

સમગ્ર ખેડા જિલ્લામાં આવેલ તમામ હોસ્પીટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો તેમજ ધાર્મિક સ્થળો જેવા શાંત વિસ્તારોની ચર્તુદિશાની ચોતરફની ત્રિજ્યાના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઇપણ ઇસમે ફટાકડા ફોડવા તેમજ વગર વિચારે અગનશસ્ત્રો મુકવા, આતશબાજી સળગાવીને નાખવા અથવા આતશબાજીનું બલુન અથવા રોકેટ સળગાવીને ઉડાવવા ઉપર આજ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી પ્રતિબંધ ફરમાવું છું.

શિક્ષા :-

આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ની પેટા-કલમ બી(૧) તથા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ(૧)/૪૪૩૬/૨૦૦૬.–ખેડા જિલ્લામાં આવેલ પ્રસિધ્ધ યાત્રાધામ વડતાલ ગામનો પ્રવસન વર્ષ-૨૦૦૬માં પણ પ્રવાસન સ્થળ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ સ્વામીનારાયણ મંદિર, વડતાલ તથા સ્વામીનારાયણ ગુરૂકુલ, રાજકોટ દ્વારા તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૬ થી તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૬ દરમ્યાન શ્રીહરિકૃષ્ણ મહારાજ મહોત્સવ ઉજવવામાં આવનાર છે. આ મહોત્સવમાં રાજ્યના જુદા જુદા ભાગોમાંથી સ્વામીનારાયણ સંપ્રદાયના

INDEX

સાધુ, સંતો, હરિભક્તો અને દર્શનાર્થીઓ પધારશે. વડતાલ સ્વામીનારાયણ મંદિરમાં છેલ્લા કેટલાક વર્ષોથી દેવ પક્ષ અને આચાર્ય પક્ષ વચ્ચે વિખવાદ ચાલે છે. તેમજ આ મહોત્સવ દરમ્યાન કોમી એકતાના મુદ્દાને સંવેદનશીલ બનાવી ચોક્કસ તત્વો આ મહોત્સવની ઉજવણીને નિમિત્ત બનાવી જાહેર સુલેહ અને શાંતિને ભડકાવી વાતાવરણ તંગ બનાવી ઘર્ષણ પેદા કરવાની શક્યતા નકારી શકાય નહી. જેથી વડતાલ ગ્રામ પંચાયત વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે ઇ.ચા. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડા-નડિયાદે તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૦૬ના પત્ર ક્રમાંક એલઆઈબી/એચએ/જાહેરનામું/૨૭૮૭/૨૦૦૬ થી મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) અન્વયેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્ત ઉચિત અને આવશ્યક હોવાનું જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર વડતાલ ગ્રામ પંચાયત વિસ્તારમાં તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું;

વિસ્તાર :- સમગ્ર વડતાલ ગ્રામ પંચાયત વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 236

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, NOVEMBER 1, 2006/KARTIKA 10, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર પીઓએલ(૨)/૨૨૮૫ થી ૨૩૨૦/૨૦૦૬.–દિવાળીના તહેવારો નિમિત્તે ફટાકડાનો વિશેષ પ્રમાણમાં થતો ઉપયોગ ધ્યાને લઇ, હવા અને અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવા નામદાર સુપ્રિમ કોર્ટના તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૦૫ના હુકમથી મળેલ સુચનાઓ મુજબ રાત્રીના કલાક ૧૦.૦૦ થી સવારના ૬.૦૦ કલાક સુધી ફટાકડા ફોડવા (ઉપયોગ) ઉપર સંપુર્ણ પ્રતિબંધ ફરમાવેલ છે તથા ૧૨૫ ડેસીબલ (એ.આઇ.) યુનીટ અથવા ૧૪૫ ડેસીબલ(સી) પી. કે. યુનીટથી અવાજ વધે નહી તેવા ફટાકડાનું ઉત્પાદન, વેચાણ કે વપરાશ કરવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવેલ છે.

સબબ, નામદાર સુપ્રિમ કોર્ટના તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૦૫ના હુકમથી મળેલ સુચનાઓ ખેડા જિલ્લામાં દિવાળીના તહેવારને અનુલક્ષી હવા અને અવાજના પ્રદુષણને નિયંત્રિત કરવાનું જરૂરી જણાય છે. વાસ્તે, હું આર. આર. વરસાણી, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર જિલ્લામાં દિવાળીનાં તહેવાર નિમિત્તે ફટાકડા ફોડવા (ઉપયોગ) સંબંધે નીચેની વિગતોએ પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાત્રીના ૧૦.૦૦ કલાક થી સવારના ૬.૦૦ કલાક સુધી ફટાકડા ફોડવા (ઉપયોગ) ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) ૧૨૫ ડેસીબલ(એ.આઇ.) યુનીટ અથવા ૧૪૫ ડેસીબલ(સી) પી. કે યુનીટથી અવાજ વધે નહી તેવા ફટાકડાનું ઉત્પાદન, વેચાણ કે વપરાશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

શિક્ષા :-આ જાહેરનામાના કોઇપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 237

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, NOVEMBER 2, 2006 / KARTIKA 11, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩)/વશી-૩૦૧૩/૨૦૦૬.– તારીખ ૧૯મી ઓક્ટોબર, ૨૦૦૬થી દિવાળીના તહેવારો શરૂ થતા હોય તેમજ તારીખ ૨૪મી ઓક્ટોબર, ૨૦૦૬ ના રોજ રમજાન ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ ઉપરોક્ત દિવસો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ થી તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ તારીખ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઈ જતાં ખેડુતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 238

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, NOVEMBER 3, 2006/ KARTIKA 12, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૮૦૦૨ થી ૮૧૨૨/ ૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું ડી. ડી. જાડેજા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, માહે નવેમ્બર, ૨૦૦૬ના માસમાં તુલસી વિવાહ, દેવ દિવાળી તથા ગુરુ નાનક જયંતિના તહેવારો આવતા હોઈ તેમજ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રુઈએ ઉપરોક્ત વિસ્તારોમાં તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન-

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં;

(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં. વધુમાં હું એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;

(૨) કોઈ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. ડી. જાડેજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/ એમએજી/જાહેરનામું/વશી- કલમ-૩૭ (૧)/૮૦૦૨થી ૮૧૨૨/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨ માં)ની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ડી. ડી. જાડેજા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, માહે નવેમ્બર, ૨૦૦૬ના માસમાં તુલસી વિવાહ, દેવદિવાળી, ગુરુ નાનક જયંતિ જેવા તહેવારો આવતા હોઈ તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ અર્થે તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સાકરવા નહીં અથવા તૈયાર કરવા નહિ;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં, તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ડી. ડી. જાડેજા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 239

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI I] MONDAY, NOVEMBER 6, 2006 / KARTIKA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (૨૨મો)ની કલમ-૩૭(૧) મુજબ.

નંબર પી.ઓ.એલ./ વશી/ ૨૩૫૧ થી ૨૩૮૦/૨૦૦૬.–આગામી દિવસોમાં દેવદિવાળી, નાતાલ જેવા તહેવારો હોઈ તેમજ વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજરે મહેસાણા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે. જેથી આગામી તહેવારો તેમજ વર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને આ જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ છે.

વાસ્તે હું, જી. સી. બ્રહ્મભટ્ટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૪થી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઇપણ ઇસમને નહિ કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાની કે, એકઠાં કરવા તે, સાથે રાખી ફરવાનું કે કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઇ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવાનું કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારી કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતીનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું, કે ઉપયોગ કરવાનું.

અપવાદ :

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા-વિસનગર, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીઓએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

(૩) ઉપરોક્ત (૨) સિવાય અન્ય કિસ્સાઓમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી વ્યકિતઓને,

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૫મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જી. સી. બ્રહ્મભટ્ટ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 240

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, NOVEMBER 6, 2006 / KARTIKA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાની કલમ-૩૭(૧) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેર. ના. ક. ૩૭ (૧)/ વશી/ ૪૭૧૮ થી ૪૭૪૮/૨૦૦૬.—આગામી નવેમ્બર માસમાં સિધ્ધપુર મુકામે કાર્તિકી પૂનમના મેળાની ઉજવણી તારીખ ૩જી નવેમ્બર ૨૦૦૬ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૬ સુધી થનાર છે. તથા પાટણ શહેરમાં પદમનાથ ભગવાનના મેળાની ઉજવણી તારીખ ૪થી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૬ સુધી થનાર છે. જે મેળા નિમિત્તે પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહશાંતીનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઈ પોલીસ અધિનિયમ-૩૭ (૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે પાટણ જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહિ કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટ પદાર્થો બનાવવાની કે, એકઠા કરવાની કે, સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતીનો ભંગ થાય તેવા હાવભાવ કરવા તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડ તૈયાર કરવાનું, ઉપયોગ કરવાનું.

INDEX

અપવાદ :

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પાટણ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ/રાધનપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 241

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVI I] TUESDAY, NOVEMBER 7, 2006/KARTIKA 16, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૪૩(૧) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામું-મેળો/૪૩(૧)/વશી/૪૬૩૩ થી ૪૬૬૩/૨૦૦૬.–પાટણ જિલ્લાના સિધ્ધપુર મુકામે કાર્તિકી પૂનમનો મેળો તા. ૩જી નવેમ્બર, ૨૦૦૬ થી ૭મી નવેમ્બર, ૨૦૦૬ સુધી યોજાનાર છે. આ મેળામાં આજુબાજુના વિસ્તાર ઉપરાંત દૂર-દૂરથી મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે. જેથી જાહેર જનતાથી તંદુરસ્તી અને જાહેર આરોગ્ય જળવાય તે સારૂં સાવચેતીના પગલાં લેવાની ખાસ આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૪૩ (૧) થી મને મળેલ સત્તાની રૂએ સિધ્ધપુર મુકામે સુધરાઈ વિસ્તારમાં અને મેળામાં આવતા જતા તમામ ઈસમોને તા. ૩જી નવેમ્બર, ૨૦૦૬ થી ૭મી નવેમ્બર, ૨૦૦૬ સુધી બંને દિવસો સુધ્ધાંત નીચેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યક્તિએ નદીના પાણીનો ઉપયોગ પીવા માટે કરવો નહી.

(૨) કોઈપણ વ્યક્તિએ કુવામાંથી પાણી ખેંચવા માટે ફરજ પર હાજર હોય તે માણસ આપે અગર કુવા ઉપર પુરૂ પાડવામાં આવે તે વાસણ સિવાય પોતાની પાસેનું કોઈપણ વાસણ પાણીમાં બોળવું નહી અથવા વાસણથી પાણી ખેંચવું નહી.

(૩) કોઈપણ વ્યક્તિ જે સ્થળે મેળો ભરાવવાનો હોય તે સ્થળે નિયત કરેલ જગ્યા સિવાય સંડાસ, પેશાબ કરવા નહી.

(૪) ગંધાતા, વાસી, ઉતરી ગયેલા અથવા માનવ ખાદ્ય માટે ઉપયોગમાં ન આવે તેવા ફળફળાદી, પીણા, ખોરાક કોઈ વેચવા સારૂં રાખવો નહી અથવા રાખેલા હશે તો તે જપ્ત કરવાને પાત્ર થશે અને ફરજ ઉપરના સેનેટરી ઈન્સ્પેક્ટરશ્રી તથા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અધિકૃત કરેલ કર્મચારીઓ જપ્ત કરી શકશે.

(૫) ખાનપાનની દુકાનોની, હોટલો, રેસ્ટોરન્ટ તથા ફળફળાદીની દુકાનો તથા મનોરંજનના સ્થળોએ ફરજ પરના સેનેટરી ઈન્સ્પેક્ટર જાહેર તંદુરસ્તી અથવા સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સુચના આપે તેનો અમલ કરવો.

(૬) ફરજ પરના વૈદ્યકીય અધિકારીશ્રી તેમજ આરોગ્ય અધિકારીશ્રી અથવા કોઈપણ અધિકારીશ્રી જાહેર સ્વચ્છતાની દ્રષ્ટિએ જરૂર જણાય તો મેળામાં આવનાર કોઈપણ યાત્રીઓની તપાસ કરી

શકશે અને કોઈપણ વ્યક્તિને પ્લેગ, કોલેરા, શીતળા અથવા સ્વાસ્થ્યની ખાતર જરૂર જણાય તો આવા ઈસમોને મેળામાંથી ઈલાયદા રાખવામાં આવશે.

જો કોઈપણ વ્યક્તિ ઉપરના નિયમોને કોઈપણ ખંડનો ભંગ કરે અથવા એમ કરવામાં કોઈપણ મદદગીરી કરશે તો તે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૯ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાની કલમ-૩૭ (૩)મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામુ/ ક.-૩૭(૩) /વશી/૪૬૮૭ થી ૪૭૧૭/૨૦૦૬.—આગામી નવેમ્બર માસમાં સિધ્ધપુર મુકામે કાર્તિકી પૂનમના મેળાની ઉજવણી તારીખ ૩જી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૬ સુધી થનાર છે. તથા પાટણ શહેરમાં પદમનાથ ભગવાનના મેળાની ઉજવણી તારીખ ૪થી નવેમ્બર, ૨૦૦૬થી તારીખ ૧૦મી નવેમ્બર, ૨૦૦૬ સુધી થનાર છે. જે મેળા નિમિત્તે પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંતની મુદત માટે કોઇપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને.

(૩) કોઇ લગ્નના વરઘોડાને.

(૪) કોઇ સ્મશાનયાત્રાને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને.

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨)ની કલમ-૩૭(૩) ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 242

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, NOVEMBER 7, 2006 / KARTIKA 16, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નં. એમએજી/પી.એ.એલ./વશી/૪૭૪૯ થી ૪૭૬૯/ ૨૦૦૬.– પાટણ જિલ્લામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવેમ્બર-ડિસેમ્બર-૨૦૦૬ ના ગાળામાં વિવિધ પરીક્ષાઓ લેવાનાર છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પાટણ જિલ્લાના વિવિધ કેન્દ્રો ઉપર લેવાનાર વિવિધ પરીક્ષાઓનું, પાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતીથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ, પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડમાં નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતી ઉભી થાય નહી તે સારૂં પાટણ જિલ્લાના હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુનાં ૨૦૦ (બસ્સો) મીટરના વિસ્તારમાં (ત્રિજ્યામાં) કોઈ અસામાજિક તત્વો કે અનધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓ દાખલ થાય નહી તે સારૂં, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે, હું જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે, તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૬ થી ૨જી ડિસેમ્બર, ૨૦૦૬ સુધી દરરોજ સવારના પરીક્ષાના પ્રારંભ થતા અગાઉ એટલે કે ૧૦-૦૦ વાગ્યાથી પરીક્ષા સમાપ્ત થતા સુધી એટલે કે સાંજના ૬-૦૦ સુધી પરીક્ષા માટેના પાટણ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસ્સો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહી.

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

૧. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

૨. સદર પરીક્ષાની કામગીરીમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.

૩. સદરહું પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરાયેલ આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

૪. જિલ્લા મેજિસ્ટ્રેટ પાટણ/ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ/ રાધનપુર દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહું હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પાટણ, તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૬.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 243

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, NOVEMBER 7, 2006 / KARTIKA 16, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું.

નંબર ડી/એમએજી/૧/યુનિ. પરીક્ષા/જાહેરનામું/વશી/૨૦૦૬.– હેમચંદ્રાચાર્ય ગુજરાત યુનિવર્સીટી દ્વારા ઓકટોબર-ડિસેમ્બર, ૨૦૦૬ના ગાળામાં વિવિધ પરીક્ષાઓ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૬ થી ૧૬મી નવેમ્બર, ૨૦૦૬ સુધી લેવાનાર છે. કોલેજોમાં લેવાનાર તમામ પરીક્ષાઓ સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, વિશ્વનીયતાનું વાતાવરણ સર્જાય, પરીક્ષા સંચાલકો સરળતાથી ફરજ બજાવી શકે અને કોલેજના વિદ્યાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે, તથા કોઈ ખલેલ ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પરીક્ષા કેન્દ્રોના સ્થળોએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું બહાર પાડવા કુલ સંચિવશ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણએ તેમના પત્ર નં. પરી./૧/૧૩૩૨/૨૦૦૬, તારીખ ૨૦મી ઓક્ટોબર, ૨૦૦૬ દરખાસ્ત રજુ કરેલ છે. કુલ સચિવશ્રીની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી આવશ્યક જણાય છે.

વાસ્તે હું, બી. સી. પટણી, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા-પાલનપુર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૬ થી ૧૬મી નવેમ્બર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સહીત) પરીક્ષા કેન્દ્રના સ્થળની હદ મર્યાદાથી બહાર ૨૦૦ મીટરના વિસ્તારમાં પરીક્ષાર્થીઓ અને સંચાલકો સિવાય ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પરીક્ષા કેન્દ્રોની વિગત

અનુ. નંબર	પરીક્ષા કેન્દ્રનું નામ	સ્થળ
(૧)	પાલનપુર	૧. આર. આર. મહેતા, કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ, કૉલેજ ઓફ કોમર્સ.
		૨. જી. ડી. મોદી, કોલેજ ઓફ આર્ટસ.
		૩. લો કોલેજ.

આજરોજ તારીખ ૩૦મી ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

બી. સી. પટણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 244

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, NOVEMBER 8, 2006/ KARTIKA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ (૧) હેઠળ.

ક્રમાંક ઉ/ગપક/ટફક/નરસિંહજી વરઘોડો/જાહેરનામું/૧૫૫૨/૨૦૦૬.—વડોદરા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે નરસિંહજી ભગવાનનો વરઘોડો તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૧૭-૦૦ વાગે નીકળી તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૭-૦૦ વાગે મંદિરે પરત આવતો હોય આ પ્રસંગે જાહેર જનતાની સલામતી તેમજ ટ્રાફિક નિયમન અંગેની સરળતા જળવાઈ રહે તે હેતુથી આ જાહેરનામું તાત્કાલિક બહાર પાડવાની જરૂર હોવાથી હું દિપક સ્વરૂપ, પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧)ના ૨૨ માંની કલમ-૩૩ (૧) બી.સી. થી મળેલ સત્તાની રૂએ તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૧૪-૦૦ થી તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૬ના સવારના કલાક ૭-૦૦ વાગ્યા સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિદ્ધ કરૂં છું.

જાહેનામાની વિગત

(૧) તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૧૪-૦૦ થી ૨૪-૦૦ તથા તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૬ના સવારના કલાક ૭-૦૦ સુધી માંડવી ચારેય દરવાજાની અંદરનો વિસ્તાર તથા માંડવીથી બેન્ક રોડ થઈ, ચાંપાનેર દરવાજા, યાકુતપૂરા નાકા થઈ, અડાણીયા પુલ થઈ, ફતેપુરા ચાર રસ્તા, રામરાજ હોટેલ થઈ, ભાંડવાડા, રાજીવનગર થઈ, તુલસી મંદિર સુધીના રોડની બંન્ને સાઈડ " નો પાર્કિંગ ઝોન" તરીકે જાહેર કરવામાં આવે છે.

(૨) તારીખ ૫મી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૧૪-૦૦ થી ૨૪-૦૦ સુધી તથા તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી ૭-૦૦ સુધી આયુર્વેદિક કોલેજ ચાર રસ્તાથી પાણીગેટ પો. સ્ટે. થઈ, માંડવી તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક તથા સંગમ ચાર રસ્તાથી માંડવી તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક તથા નાની શાક માર્કેટ થઈ, ગેંડીગેટ થઈ માંડવી તરફ આવતો તમામ પ્રકારનો ટ્રાફિક અને ન્યાયમંદિર, લહેરીપુરા દરવાજા થઈ, માંડવી તરફ આવતા તમામ પ્રકારના ટ્રાફિક માટે ઉપરોક્ત તારીખો અને સમયે " **પ્રવેશબંધી**" જાહેર કરવામાં આવે છે.

ઉપરોક્ત જાહેરનામામાંથી નરસિંહજી ભગવાનના વરઘોડા બંદોબસ્તમાં રોકાયેલ પોલીસના વાહનો તથા એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય સેવામાં જોડાયેલા વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

જાહેર જનતા માટે નીચે જણાવેલ રસ્તાઓ અવર જવર માટે ખુલ્લા રાખવામાં આવેલ છે.

(૧) આજવા, વાઘોડીયા રોડ, પાણીગેટથી શહેર તરફ આવતા વાહનો માટે આયુર્વેદિક કોલેજ ત્રણ રસ્તા થઈ, ગાજરાવાડી પાણીની ટાંકી થઈ, વિહાર સિનેમા થઈ, ગંગોત્રી એપાર્ટમેન્ટ થઈ, તમામ પ્રકારના વાહનો અવર જવર કરી શકશે. જે તમામ

વાહનોની અવર જવર કરવા માટે ખુલ્લા રહેશે.

(૨) સંગમ ચાર રસ્તાથી વારસીયા થઇ પાણીગેટ જવાનો તમામ રસ્તો વાહનોની અવર જવર માટે ખુલ્લો રહેશે. તેવી જ રીતે સંગમ ચાર રસ્તાથી મુક્તાનંદ ત્રણ રસ્તા થઇ, ઉત્કર્ષ સર્કલ થઇ, ફતેગંજ જુની વુડા ઓફીસ તરફ તમામ પ્રકારના વ્હીકલો જઇ આવી શકશે. તેવી જ રીતે સાવલી રોડ અને હાલોલ રોડથી આવતો ટ્રાફિક સંગમ ચાર રસ્તા સુધી આવી શકશે. જે વારસીયા રીંગરોડ તથા મુક્તાનંદ ત્રણ રસ્તા થઇ, જે તે તરફ જઇ શકશે.

(૩) રાવપુરા રોડથી ન્યાયમંદિર, લહેરીપુરા થઇ, માડવી તરફ જતો ટ્રાફિક લહેરીપુરા દરવાજાથી એમ.જી. રોડ તરફ પ્રવેશ કરી શકશે નહી.

વૈકલ્પીક રૂપે આ ટ્રાફીક રાવપુરા રોડથી ન્યાયમંદિર, એમ.જી. રોડ જતો ટ્રાફીક જે ન્યાયમંદિર, સાધના ટોકીઝ થઈ, ન્યુ રોડ થઈ, બરાનપુરા થઈ, નાની શાકમાર્કેટ થઈ, જે તે તરફ જઈ શકશે.

(૪) એસ.ટી. બસોની વ્યવસ્થા સારૂ ડભોઇ તરફથી આવતી સીટી/ગ્રામ્ય બસો પ્રતાપનગર બ્રિજ થઇ, નાની શાંક માર્કેટ તરફ આવી શકશે નહીં. જે વૈકલ્પીકરૂપે પ્રતાપનગર બ્રિજ થઇ, મકરપુરા પો. સ્ટે. થઇ, લાલબાગ ફાટક થઇ, શહેર તરફ પ્રવેશ કરી શકશે.

(૫) વાઘોડીયા તથા આજવા રોડથી જે સીટી/ગ્રામ્ય વિસ્તારની બસો પાણીગેટ દરવાજા, માંડવી થઇ, શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

વૈકલ્પીકરૂપે વાઘોડીયા, આજવા રોડ તરફથી આવતી એસ.ટી. બસો, વૃંદાવન ચાર રસ્તાથી સોમા તળાવ, ડભોઇ રોડ થઇ, પ્રતાપનગર બ્રિજ થઇ, મકરપુરા પો. સ્ટે. થઇ, લાલબાગ ફાટક થઇ, શહેરમાં પ્રવેશ કરશે અથવા સરદાર એસ્ટેટ, મહાવીર હોલ ચાર રસ્તા થઇ, વી.આઈ.પી. રોડ થઇ, સંગમ ચાર રસ્તા થઇ, મુક્તાનંદ ચાર રસ્તા, ઉત્કર્ષ સર્કલ થઇ સ્ટેશન તરફ જઇ શકશે.

(૬) શહેરના સીટી/ગ્રામ્ય એસ.ટી. ડેપોમાંથી ઉપડતી એસ. ટી. બસો જેવી કે માંડવી વાયા ટાવર, ન્યાયમંદિર, પાણીગેટની બસો ઉપરોકત સમયમાં પ્રવેશી શકશે નહી.

વૈકલ્પિકરૂપે સ્ટેશનથી કાલાઘોડા થઇ, નરહરી સર્કલ થઇ, વુડા ઓફિસ સર્કલ, ઉત્કર્ષ સર્કલ, મુકતાનંદ ત્રણ રસ્તા, સંગમ ચાર રસ્તા થઇ, વારસીયા રીંગરોડથી પાણીગેટ તરફ આવી શકશે. અને તે જ રૂટ ઉપરથી પરત જઇ શકશે.

(૭) શહેરના સીટી/ગ્રામ્ય એસ.ટી. ડેપોમાંથી પ્રતાપનગર, મકરપુરા તરફ જતી એસ.ટી. બસો વાયા ટાવર, ન્યાયમંદિર ચોખંડી ચાર રસ્તા થઇ, જાય છે. તે ઉપરોક્ત સમયમાં જઇ શકશે નહી.

વૈકલ્પિકરૂપે કાલાઘોડા, જેલરોડ થઇ, રાજમહેલ મેઇન ગેઇટ થઇ, લાલબાગ ફાટક થઇ તરસાલી, મકરપુરા તરફ જઇ શકશે.

(૮) શહેરના સીટી/ગ્રામ્ય એસ.ટી. ડેપોમાંથી ભુતડીઝાંપા થઇ, ફતેપુરા ચાર રસ્તા થઇ, હરણી, હાલોલ, સાવલી તરફ જતી એસ.ટી. બસો, ફતેપુરા ચાર રસ્તા થઇ, સંગમ ચાર રસ્તા થઇ, જઇ શકશે નહી.

વૈકલ્પિકરૂપે ભુતડીઝાંપા એસ.ટી. સ્ટેન્ડની એસ. ટી. બસો ભુતડીઝાંપા ગ્રાઉન્ડ થઇ, કાસમઆલા કબ્રસ્તાન થઇ, જીવન ભારતી ચાર રસ્તા થઇ, મુક્તાનંદ ચાર રસ્તા થઇ, ઉત્કર્ષ સર્કલ થઇ, જે તે તરફ જઇ શકશે અને તેજ રૂટ પરથી પરત આવી શકશે.

મેં આજરોજ તારીખ ૩જી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

દિપક સ્વરૂપ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 245

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, NOVEMBER 8, 2006 / KARTIKA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/જાહેરનામું/૨૦૦૬.– તારીખ ૩૦મી ઓકટોબર ૨૦૦૬ થી તારીખ ૫મી નવેમ્બર ૨૦૦૬ સુધી વડતાલ શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે શ્રી હરીકૃષ્ણ મહારાજ મહોત્સવની ઉજવણી થનાર છે. તેમજ જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમોમાં દુર સુદુરથી ભાવિક ભકતો, શ્રદ્ધાળુઓ દર્શનાર્થે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણવા ઉપસ્થિત થશે. આ દરમ્યાન વડતાલ ગામ તથા તેની આજુબાજુના જાહેર માર્ગો ઉપર ટ્રાફિક નિયમન કરવું આવશ્યક જણાય છે. ઈ. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડાએ તેઓના પત્ર ક્રમાંક એલઆઈબી/એચએ/જાહેરનામું/૨૮૨૨/૨૦૦૬, તારીખ ૨૭મી ઓકટોબર ૨૦૦૬થી ભારે વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. ઈ. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ખેડાની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૩૦મી ઓકટોબર ૨૦૦૬ થી તારીખ ૫મી નવેમ્બર ૨૦૦૬ સુધી વડતાલ ગામ તરફ આવેલ રસ્તાનો ઉપયોગ કરવા સબંધી નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(A) **ભારે વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો.**

(૧) નરસંડા ચોકડી (ને.હા. રોડ નં. ૮) થી વડતાલ થઈ વિદ્યાનગર તરફ જતા વાહનો.

(૨) વલેટવા ચોકડી થી વાયા સંજાયા થઈ વડતાલ તરફ જતા વાહનો.

(૩) કણજરી થી વડતાલ તરફ જતા વાહનો.

(B) **જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ થતાં આ વાહન વ્યવહાર પસાર થવા માટેના વૈકલ્પિક રસ્તાઓ.**

(૧) નરસંડા ચોકડીથી વડતાલ તરફ જતા વાહનો સીધા કણજરી ચોકડી થઈ આણંદ અને વિદ્યાનગર તરફ જઈ શકશે.

(૨) વલેટવા ચોકડીથી વડતાલ તરફ જતા વાહનો સીધા પીપલગ ચોકડી થઈ આણંદ તરફ જઈ શકશે.

(૩) કણજરી થી વડતાલ તરફ જતા વાહનો સીધા કણજરી ચોકડી

થઈ ને. હાઈવે રોડ તરફ જઈ શકશે.

અપવાદ :- સરકારી વાહનો, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

શિક્ષા :- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ તારીખ ર૭મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૪૪૬૪/૨૦૦૬.– તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૬ ના રોજ સવારે ૦૮-૦૦ કલાક થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી નડિયાદ-મહેમદાવાદ રોડ (મીલ રોડથી કમળા) વચ્ચે આવેલ રેલ્વે ફાટક નં. ૪ માં સુધારા-વધારા અને સમારકામ થવાનું હોઈ, સદરહું રસ્તા પરથી પસાર થતો તમામ ટ્રાફિક સમારકામ ચાલે તેટલો સમય પુરતા બંધ રાખવા મુખ્ય રેલ પથ નિરીક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે, નડિયાદ તરફથી તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૬ ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ સવારે ૦૮-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી નડિયાદ-મહેમદાવાદ રોડ (મીલ રોડ થી કમળા) વાળા રસ્તાનો ઉપયોગ કરવા સબંધી પ્રતિબંધ ફરમાવું છું તેમજ રસ્તાના ઉપયોગ સબંધે નીચે મુજબ વૈકલ્પિક વ્યવસ્થા ફરમાવું છું.

નડિયાદ-મહેમદાવાદ રોડ (મીલ રોડથી કમળા) ફાટક નં. ૪ પરથી પસાર થતો તમામ વાહન વ્યવહાર નડિયાદ-કપડવંજ રોડ (મીલ રોડ થી નવા બિલોદરા) ફાટક નં. ૯ પરથી પસાર થઈ ડભાણ, મહેમદાવાદ રોડ તરફ પસાર થશે.

શિક્ષા :- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ઉક્ત અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રસ્તા પરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે, જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેમતલબના બોર્ડ જે તે સ્થળોએ મુખ્ય રેલપથ નિરીક્ષક, પશ્ચિમ રેલ્વે, નડિયાદ તરફથી મુકવાના રહેશે તથા તે અંગે જરૂરી સાથ સહકાર પોલીસ ખાતાને આપવાનો રહેશે.

આજ તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 246

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, NOVEMBER 9, 2006 / KARTIKA 18, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) અત્રેના જાહેરનામા ક્રમાંક એમએજી/કા. અને વ્ય. /વશી/૭૮૬ અને ૮૨૧/૨૦૦૬, તા. ૨૦-૨-૨૦૦૬.

(૨) ડાયરેક્ટરશ્રી (પર્યાવરણ) વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકારનો તા. ૧૪-૯-૨૦૦૬નો રેફરન્સ નં. ઈએનવી/૧૦૨૦૦૫/એસસી/૪/પી (પાર્ટ-II).

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (૧૯૫૧)માંની કલમ-૩૩(૧)(આર) (૩) મુજબનું.

નંબર એમએજી/કા. અને વ્ય./વશી/૪૮૭૬ થી ૪૮૯૮/૨૦૦૬.- નામદાર સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન (સી) નં. ૭૨/૧૯૯૮માં તારીખ ૧૮મી જુલાઈ ૨૦૦૫ના રોજ આપેલ જજમેન્ટના નિર્દેશ અનુસાર અવાજના પ્રદુષણને નાથવા માટે ઉંચા અવાજનાં તરંગો પેદા કરતી સાઉન્ડ સીસ્ટમ વગાડવા ઉપર પ્રતિબંધ મુકતું મુંબઈ પોલીસ અધિનિયમ (૧૯૫૧) માની કલમ-૩૩ (૧) (આર) (૩) મુજબનું જાહેરનામું અત્રેના આમુખ-૧માં દર્શાવેલ જાહેરનામા ક્રમાંકથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહુ જાહેરનામામાં અવાજના તરંગોની મર્યાદા દર્શાવેલ નથી. આમુખ-૨ થી આ કામે અવાજના તરંગોનું લેવલ નક્કી કરી જણાવવામાં આવેલ છે. જે મુજબ લાઉડ સ્પીકર્સ તેમજ અન્ય તમામ મોટા અવાજનાં તરંગો પેદા કરતી સાઉન્ડ સીસ્ટમનો અવાજ જાહેર વિસ્તારોમાં અવાજના નક્કી કરેલ માનક ધોરણો કરતાં ૧૦ ડીબી (એ) થી એમ્બીયન્ટ નોઈઝ સ્ટાન્ડર્ડ વધે નહી અથવા તો તમામ રીતે કુલ ૭૫ ડીબી (એ) એ બંનેમાંથી જે ઓછું હોય તેટલા પ્રમાણમાં નક્કી કરવાપાત્ર થાય છે.

વાસ્તે, હું, જે. ડી. ભાડ (આઇ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ અવાજ પ્રદુષણ નિયંત્રણ કરવાના હેતુથી જાહેર હિતમાં નીચે મુજબનો વધારાનો હુકમ કરું છું.

(૧) પાટણ જિલ્લાનાં તમામ જાહેર રસ્તાઓ તથા જાહેર વિસ્તારોમાં જયાં લાઉડ સ્પીકર્સ અથવા પબ્લીક એડ્રેસ સિસ્ટમ અગર તો અવાજ ઉત્પન્ન કરતાં માધ્યમોનો ઉપયોગ કરવામાં આવતો હોય તો આવા અવાજનાં તરંગોની મર્યાદા સંબંધી જે તે વિસ્તારમાં અવાજના નક્કી કરેલ માનક ધોરણો કરતાં ૧૦ ડીબી (એ) થી એમ્બીયન્ટ નોઈઝ સ્ટાન્ડર્ડ વધે નહીં અગર તો તમામ રીતે કુલ ૭૫ ડીબી (એ) થી વધે નહીં એ રીતે-એ બંનેમાંથી જે ઓછું હોય તેટલા પ્રમાણમાં જ અવાજ મર્યાદા રાખવાની રહેશે. અને કોઈપણ સંજોગોમાં તેનાથી વધવી જોઈશે નહી.

INDEX

(૨) અંગત માલીકીની સાઉન્ડ સિસ્ટમની પેરીફેરીયલ અવાજની મર્યાદા જે તે વિસ્તારનાં આદર્શ એર કવાલિટીનાં ધોરણો કરતાં ૫ ડીબી (એ) થી વધવી જોઈશે નહીં.

સદરહુ જાહેરનામાનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ /સંસ્થા સામે યોગ્ય તે કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

આજ રોજ તારીખ ૪થી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 247

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, NOVEMBER 16, 2006 / KARTIKA 25, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)અન્વયેનો.

નંબર પી.ઓ.એલ./૨/જાહેરનામા/એસ. આર./૬૮૭૫/૨૦૦૬.-- સીનીયર સેકશન એન્જીનીયરશ્રી (પશ્ચિમ રેલ્વે)પેટલાદનાઓએ તારીખ ૩૧મી ઓકટોબર, ૨૦૦૬ના પત્રથી જણાવ્યાનુસાર તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૦૬ના સવારના કલાક ૮-૦૦ કલાકથી તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૦૬ના સાંજના ૧૮-૦૦ કલાક દરમ્યાન રેલ્વેતંત્ર દ્વારા વાસદ-બોચાસણ રેલ્વે સ્ટેટશનની વચ્ચે આવેલ આંકલાવની રેલ્વે ફાટક એલ.સી. ગેટ નં. ૧૩ નું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવનાર હોઈ સદર ફાટક બંધ કરવા માંગણી કરેલ છે, આ કામે પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૬ના પત્રથી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે હું; એન. સી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૬ના સવારના ૮-૦૦ કલાક થી તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૦૬ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધીના સમય માટે રેલ્વેફાટક એલ.સી. ગેટ નં. ૧૩ બંધ કરવા તથાં સદર રસ્તા ઉપરનો ટ્રાફીક ડાયવર્ઝન કરવા તથા ટ્રાફીક બીજા રસ્તા તરફ વાળવા હુકમ કરૂં છું.

(૧) વડોદરા તરફ જતા વાહનો આસોદર ચોકડીથી સીધા વાસદ તરફ અને આંકલાવથી બોરસદ/આસોદર જતા વાહનોને જોષીકુવા કોસીન્દ્રા થઈ જવાનું રહેશે.

શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

----

e Copies
10

Extra No. 248

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, NOVEMBER 17, 2006 / KARTIKA 26, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૪૭૫ થી ૨૪૮૩/૨૦૦૬.– સરકારીશ્રીના આદેશ મુજબ હાલમાં મહેસાણા શહેરમાં ગેરકાયદેસર દબાણો દુર કરવાનો કાર્યક્રમ ચાલુ છે. જેથી દબાણ હટાવવાના કાર્યક્રમ દરમ્યાન મહેસાણા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારુ કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરાવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ મહેસાણા શહેરમાં તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત (બન્ને દિવસો સહિત) માટે કોઈપણ સરઘસ કે ચાર કરતા વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યક્તિઓને.
(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ સ્મશાન યાત્રાને.
(૫) પોલીસ સ્ટાફ.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 249

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, NOVEMBER 20, 2006 / KARTIKA 29, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૪૮૭ થી ૨૫૧૫/ ૨૦૦૬.- સરકારશ્રીના આદેશ મુજબ હાલમાં મહેસાણા જિલ્લાના ઉંઝા, કડી, વિજાપુર તાલુકામાં ગેરકાયદેસર દબાણો દુર કરવાનો કાર્યક્રમ ચાલુ છે. જેથી દબાણ હટાવવાના કાર્યક્રમ દરમ્યાન મહેસાણા જિલ્લાના ઉંઝા, કડી, વિજાપુર તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧(સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના ઉંઝા, કડી, વિજાપુર તાલુકામાં તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાક થી તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત (બન્ને દિવસો સહિત) માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.
(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યકિતઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ સ્મશાન યાત્રાને.
(૫) પોલીસ સ્ટાફ.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 250

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, NOVEMBER 23, 2006/AGRAHAYANA 2, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

નંબર ઈસી/પાસા/વશી/૫૦૭૧ થી ૫૦૭૭/૨૦૦૬.—ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા બાબતના અધિનિયમ, ૧૯૮૫ની કલમ-૩ની પેટા-કલમ-૨ (સી) અન્વયે શ્રી મુનીયો ઉર્ફે મુન્નો ઉર્ફે વિજયભાઈ ગણપતભાઈ ગોહિલના સંબંધમાં મેં તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ અટકાયત હુકમ નં. પોલ/પાસા/ડી/૧૬/૨૦૦૬ કર્યો છે. તેના અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય દ્વારા તારીખ ૯મી જૂન, ૨૦૦૬ના રોજ એવો રીપોર્ટ કરવામાં આવ્યો છે કે, આ ઈસમ ઉકત હુકમ બજે નહીં તે માટે નાસતો અથવા સંતાતો ફરે છે.

તેથી, હું રાજીવ ટોપનો, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા સને, ૧૯૮૫ના ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા બાબતના અધિનિયમની કલમ-૮ની પેટા-કલમ-૨ (ક) થી મને મળેલ અધિકારો અન્વયે આથી ફરમાવું છું કે, શ્રી મુનીયો ઉર્ફે મુન્નો ઉર્ફે વિજયભાઈ ગણપતભાઈ ગોહિલ એ આ હુકમની તારીખથી દિન-૭માં પોલીસ સ્ટેશને હાજર થવું.

આથી તેમને તે પણ જણાવવામાં આવે છે કે, તેઓ સદરહુ હુકમનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો, એક વર્ષની મુદત સુધીની સજા અને દંડને પાત્ર થશે. આ ગુનો "કોગ્નીઝેબલ" ગુનો છે.

શ્રી મુનીયો ઉર્ફે મુન્નો ઉર્ફે વિજયભાઈ ગણપતભાઈ ગોહિલ, રહે. ભાયલી સ્ટેશન, તા.જી. વડોદરાને પોલીસ સમક્ષ હાજર થવાની તાકીદ.

૧૩, સ્વામીનારાયણ સોસાયટી, ભાયલી સ્ટેશન, તા. જી. વડોદરામાં રહેતા શ્રી મુનીયો ઉર્ફે મુન્નો ઉર્ફે વિજયભાઈ ગણપતભાઈ ગોહિલ સામે જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરાએ ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા બાબતના અધિનિયમ, ૧૯૮૫ની જોગવાઈઓ નીચે તારીખ ૫મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ અટકાયત કરવાનો હુકમ કર્યો છે. તે હુકમથી બચવા માંટે તેઓ નાસતા અને સંતાતા ફરે છે. તેથી સદરહુ અધિનિયમની કલમ-૮ (૨) (ક) નીચે જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા તેઓને આજરોજ દિન-૭ (સાત)માં ભાયલી પોલીસ સ્ટેશને હાજર થવા તથા તે મુજબ અમલ કરવા આથી તેઓને તાકીદ કરવામાં આવે છે અન્યથા તેઓ ૧ વર્ષની સજા અથવા દંડ અથવા સજા અને દંડને પાત્ર થશે, તેની તેઓએ નોંધ લેવી.

આજરોજ તારીખ ૧૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

રાજીવ ટોપનો,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 251

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, NOVEMBER 24, 2006/AGRAHAYANA 3, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૮૩૯૮ થી ૮૪૫૮/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું સી .જે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, આગામી માસમાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાનાર હોય તેમજ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રુઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન-

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં;

(૨) સભા ભરવી નહીં કે બોલાવવી નહીં. વધુમાં હું એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;

(૨) કોઈ લગ્નના વરઘોડાને;

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી .જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 252

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, NOVEMBER 24, 2006/AGRAHAYANA 3, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૫૫/૨૦૦૬.– આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. તેમજ તારીખ ૩જી ડીસેમ્બર ૨૦૦૬ના રોજ આંકલાવ નગરપાલિકાના વોર્ડ નં. ૪ની પેટા-ચૂંટણી યોજાનાર હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી છે.

વાસ્તે હું, એન. સી. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 253

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, NOVEMBER 24, 2006 / AGRAHAYANA 3, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૫૬/૨૦૦૬.– આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. તેમજ તારીખ ૩જી ડીસેમ્બર ૨૦૦૬ના રોજ આંકલાવ નગરપાલિકાના વોર્ડ નં. ૪ની પેટા ચૂંટણી યોજાનાર હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબ આદેશ આપું છું. સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટાગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫ માં)ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (છ) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૫૭/૨૦૦૬.– આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય પેટા ચૂંટણી યોજાનાર હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) (છ) મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (છ) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાની પેટા ચૂંટણી યોજાનાર છે. તે સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) જેનાથી સુરૂચિ તથા નીતિનો ભંગ થતો હોય અથવા રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું તથા

(૨) જેનાથી સુરૂચિ અથવા નીતિનો તથા ચૂંટણી કમિશનરશ્રી દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુ તૈયાર કરવાનું કૃત્ય

આ હુકમ આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે તે વિસ્તારો માટે લાગુ પડે છે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માની કલમ-૩૩ (૧) (થ) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૫૮/૨૦૦૬.– આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય પેટા ચૂંટણી યોજાનાર છે તેમજ તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આંકલાવ નગરપાલિકાના વોર્ડ નં. ૪ની પેટા ચૂંટણી યોજાનાર હોઈ આણંદ જિલ્લામાં ચૂંટણીઓ દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું. અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમની-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (થ) થી મને મળેલ અધિકારની રૂઈએ આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાની પેટા ચૂંટણી યોજવાની છે. તે વિસ્તારમાં તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચેના મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :-

(૧) કોઈપણ વ્યકિત જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહી.

(૨) લઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફકત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ ડખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાની રહશે.

ઉપરોકત હુકમની ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ (૫) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ આણંદ જિલ્લામાં જ્યાં ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણી યોજવાની છે તે વિસ્તારને લાગુ પડે છે.

આજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 254

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY NOVEMBER 27, 2006/AGRAHAYANA 6, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)અન્વયેનો.

નંબર પી.ઓ.એલ./૨/જાહેરનામા/એસ. આર. ૫૯/૨૦૦૬.– બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનાઓએ તા. ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૦૬ના રોજ અરજી મોકલી આપી સંસ્થાને ૧૦૦ વર્ષ પુરા થતા હોય તા. ૨૬મી નવેમ્બર, ૨૦૦૬ થી ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ દરમ્યાન શતાબ્દી ઉત્સવ, મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ, વિશ્વ શાંતિ મહાયજ્ઞ તથા પરમ પુજ્ય મહારાજના જન્મ જયંતિનો ઉત્સવ ઉજવવામાં આવનાર હોય, આ ઉત્સવ દરમ્યાન બોચાસણથી પસાર થતા સ્ટેટ હાઇવે ઉપર ત્રણેક લાખ યાત્રાળુઓની અવરજવર રહેનાર છે. જેથી આ સમય દરમયાન કોઇ અકસ્માત સર્જાય નહી તે માટે તેમજ માનવમેદનીના કારણે સંભવિત ટ્રાફિક જામના કારણે વાહન ચાલકોને અગવડતા ન પડે તે માટે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા સારુ બોરસદ-ધર્મજ રોડ ભારે કોમર્શીયલ વાહનો માટે બંધ કરવા/ડાયવર્ઝન આપવા વિનંતી કરેલ છે. આ કામે પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તા. ૨૨-૧૧-૨૦૦૬ના ફેકસ મેસેજથી જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રે વિનંતી કરેલ છે.

વાસ્તે હું, એન. સી. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ની કલમ ૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ થી ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ સુધીના સમય માટે બોરસદ-ધર્મજ રોડ ભારે કોમર્શીયલ વાહનો (એસ.ટી. બસ સિવાય) માટે બંધ કરી નીચે જણાવેલ રસ્તાઓથી ડાયવર્ઝન કરવા હુકમ કરૂં છું.

(૧) તારાપુરથી વડોદરા તરફ જતા વાહનો સોજીત્રા, બાંધણી ચોકડી, આણંદ, ચીખોદરા ચોકડી નેશનલ હાઇવે નં. ૮ થઇ વાસદ, વડોદરા તરફ જશે.

(૨) વડોદરા તરફથી તારાપુર જતા વાહનો વાસદ થઇ બોરસદ, કાવિઠા, વહેરા, પેટલાદ, ધર્મજ ચોકડી થઇ તારાપુર તરફ જશે.

શિક્ષા :-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 255

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, NOVEMBER 27, 2006 / AGRAHAYANA 6, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયેનો.

નંબર પીઓએલ/ફાયરીંગ બટ/તલોદ/૧૧/૨૦૦૬.– તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૬ના રોજ રાજયકક્ષા મહિલા બેઝીક તાલીમ કેમ્પ, મુ. ચંદ્રાલા, જી. ગાંધીનગર દ્વારા એચ. પી. આર્ટસ કોલેજ, તલોદ ખાતેની શોર્ટ રેન્જ ફાયરીંગ ઉપર ૨૨ ફાયરીંગ તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૬ના રોજ યોજવા કેમ્પ કમાન્ડન્ટ, રાજકા મહિલા હોમગાર્ડ તાલીમ કેમ્પ, મુ. ચંદ્રાલા, તા. જી. ગાંધીનગરે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે આ બટની આજુબાજુ પ્રજાની સલામતી જળવાઈ રહે તે માટેનું જરૂરી જાહેરનામું બહાર પાડવા માગણી કરેલ છે. જેથી એચ. પી. આર્ટસ કોલેજ, તલોદ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુના પ્રજાજનોની સલામતી જાળવવા માટે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ એધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવો જરૂરી છે.

આથી, હું, બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૦મા) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સાબરકાંઠા જિલ્લાના તલોદ, તા. તલોદ ખાતે આવેલ એચ. પી. આર્ટસ કોલેજમાં ૨૨ રાયફલ ફાયરીંગ રેન્જની પ્રેક્ટીસ ૨૬૫ મહિલા હોમગાર્ડઝનો બેઝીક તાલીમ કેમ્પ મુ. ચંદ્રાલા, જી. ગાંધીનગરને કરાવવાની હોવાથી તલોદ, તા. તલોદની એચ. પી. આર્ટસ કોલેજ વિસ્તારની જમીનની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુના ૧.૬ કી. મી. ની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૬ ના રોજ સવારના ૮-૦૦ કલાકથી બપોરના ૧૭-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહીં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસે અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહી.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની, કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે અને બિનઅધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

મેં આજ તારીખ ૧લી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 256

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, NOVEMBER 27, 2006/AGRAHAYANA 6, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પીઓએલ/વશી/૨૫૭૧થી ૨૫૮૦/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા ખેરાલુ નગરપાલિકાની વોર્ડ નં.-૭ની પેટા ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ નું સરળ શાંતિપૂર્ણ સંચાલન થઈ શકે તેમજ ચૂંટણી દરમ્યાન કોઈ ધાક/ધમકીનું વાતાવરણ ઉભું ન થાય અને જાહેર સુલેહશાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થાને સંપુર્ણપણે જળવાઈ રહે તે સારૂ તકેદારીના પગલા રૂપે કોઈપણ પ્રકારના શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં સાથે રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, મહેસાણા જિલ્લાના ખેરાલુ શહેરી વિસ્તારના વોર્ડ નં.-૭માં કોઈપણ વ્યકિત તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) કોઈપણ પ્રકારના શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં પોતાની સાથે રાખી બહાર લઈ જઈ શકશે નહીં.

વધુમાં હું આદેશ કરૂ છુ કે, સદરહુ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર સાથે રાખવા પડતાં હોય તેવા સરકારી કર્મચારીઓને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા તરફથી પરવાના તળેનું હથિયાર સાથે રાખવા જો ખાસ કિસ્સામાં પરવાનગી અપાયેલ હોય તો તેવી વ્યકિતઓને.

ઉપરના હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પીઓએલ/વશી/૨૫૮૧થી ૨૬૧૧/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય ચૂંટણી તથા ખેરાલુ નગરપાલિકાની વોર્ડ નં.-૭ની પેટા ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ નું મતદાન સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈપણ અવરોધ પેદા ન થાય નહીં તે માટે તેમજ મતદાન મથકના સ્થળોએ જુદા જુદા પક્ષના લોકો, ટેકેદારો/કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ મતદાન મથકના સ્થળોએ અને તેની આજુ-બાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩જી ડીસેમ્બર ૨૦૦૬ના ૧૮-૦૦ કલાક સુધી તથા તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૧૮-૦૦ કલાક સુધી અનુક્રમે મહેસાણા જિલ્લામાં ખેરાલુ નગરપાલિકાની વોર્ડ-૭ની પેટા ચૂંટણી તથા જિલ્લામાં ગ્રામપંચાયતોની સામાન્ય ચૂંટણી અંગેના મતદાન મથકના સ્થળથી ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચેના કૃત્યો નહીં કરવા ફરમાવું છું.

(૧) ચૂંટણી ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે અન્ય કોઈપણ વ્યકિત મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી માટે બુથ ઉભા કરી શકશે નહી.

(૨) મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અનધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી કે, મતદાન મથકમાં પ્રવેશી શકશે નહીં, કે વાહન લઈ જઈ શકશે નહીં, કે લાવશે નહી.

(૩) કોઈપણ વ્યકિત મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોડલેસફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

(૪) કોઈપણ વ્યકિત મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં મેગાફોન અથવા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકશે નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી અંગેની મતદાનની કામગીરી માટે ચૂંટણી અધિકારીશ્રી/જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ મતદાન અધિકારીઓ કર્મચારીઓને.

(૨) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

(૩) કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ સ્ટાફને.

(૪) રાજય ચૂંટણીપંચ તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેવી વ્યકિતઓને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પીઓએલ/વશી/૨૬૧૨થી ૨૬૨૦/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં ખેરાલુ નગરપાલિકાની વોર્ડ નં.-૭ની પેટા ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ની મત ગણતરી સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈપણ અવરોધ પેદા થાય નહીં તે માટે તેમજ મત ગણતરી કેન્દ્રના સ્થળે જુદા જુદા પક્ષના લોકો, ટેકેદારો, કાર્યકરો એકઠા થાય ત્યારે એક બીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ મત ગણતરી કેન્દ્રના સ્થળે અને તેની આજુ-બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસોએ ભેગા નહીં થવા માટે તેમજ મતગણતરીના કામે ઉપયોગમાં લેવાનાર સ્થળે આવેલ મકાનોમાં બીનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓ દાખલ થાય નહીં તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, મત ગણતરીના દિવસે તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાક સુધી ખેરાલુ નગરપાલિકાની વોર્ડ નં. ૭ની પેટા ચૂંટણી અંગેની મત ગણતરીની કામગીરી માટેના મતગણતરી કેન્દ્રના સ્થળથી ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ સદરહુ સ્થળે મત ગણતરીના કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાન તથા કમ્પાઉન્ડની અંદર બીનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ પ્રવેશ કરવો નહીં.

સ્થળ :- મામલતદાર કચેરી, ખેરાલુ.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી અંગેની મતગણતરીની કામગીરીમાં ચૂંટણી અધિકારીશ્રી/જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ અધિકારીઓને/કર્મચારીઓને.

INDEX

(૨) કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ સ્ટાફ.

(૩) ચૂંટણીના ઉમેદવારો તથા તેમના અધિકૃત ચૂંટણી એજન્ટને.

(૪) મત ગણતરી માટે ઉમેદવાર / ચૂંટણી એજન્ટ તરફથી નિયુકત મતગણતરી એજન્ટ કે જેઓની નિમણુંકને સંબધિત ચૂંટણી અધિકારીશ્રી તરફથી માન્યતા આપેલ હોય તેવા.

(૫) રાજય ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેવી વ્યકિતઓ.

(૬) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, / અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પીઓએલ /વશી/૨૬૨૧થી ૨૬૫૧/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ની મત ગણતરી સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈપણ અવરોધ પેદા થાય નહી તે માટે તેમજ મત ગણતરી કેન્દ્રના સ્થળે જુદા જુદા પક્ષના લોકો, ટેકેદારો કાર્યકરો એકઠા થાય ત્યારે એક બીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ મત ગણતરી કેન્દ્રના સ્થળે અને તેની આજુ-બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસોએ ભેગા નહી થવા માટે તેમજ મતગણતરીના કામે ઉપયોગમાં લેવાનાર સ્થળે આવેલ મકાનોમાં બીનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓ દાખલ થાય નહી તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, મત ગણતરીના દિવસે તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ થી કલાક ૨૪-૦૦ કલાક સુધી મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અંગેની મત ગણતરીની કામગીરી માટેના મતગણતરી કેન્દ્રના સ્થળથી ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી. તેમજ સદરહું સ્થળે મત ગણતરીના કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાન તથા કમ્પાઉન્ડની અંદર બીનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ પ્રવેશ કરવો નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) ચૂંટણી અંગેની મતગણતરીની કામગીરીમાં ચૂંટણી અધિકારીશ્રી / જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ અધિકારીઓ/કર્મચારીઓને.

(૨) કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ સ્ટાફ.

(૩) ચૂંટણીના ઉમેદવારો તથા તેમના અધિકૃત ચૂંટણી એજન્ટને.

(૪) મત ગણતરી માટે ઉમેદવાર / ચૂંટણી એજન્ટ તરફથી નિયુકત મતગણતરી એજન્ટ કે જેઓની નિમણુંકને સંબધિત ચૂંટણી અધિકારીશ્રી તરફથી માન્યતા આપેલ હોય તેવા.

(૫) રાજય ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેવી વ્યકિતઓ.

(૬) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, / અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭ (૧) (એફ) મુજબ.

નંબર પીઓએલ /વશી/૨૬૫૨થી ૨૬૬૧/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં ખેરાલુ નગરપાલિકાની વોર્ડ નં. ૭ની પેટા ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ના પ્રચાર દરમ્યાન મહેસાણા જિલ્લાના ખેરાલુ શહેરી વિસ્તારમાં આવેલ જાહેર મકાનો, ખાનગી મકાનો, માર્ગ, સાઈન બોર્ડ,માઈલ પથ્થરો વિગેરેનો ચૂંટણી પ્રચારના કામે નિરંકુશ ઉપયોગ કરી જે તે સ્થળની શોભા બગાડી સુરૂચિનો ભંગ થાય તેવી શકયતા જણાય છે. રાજયના ચૂંટણી પંચે પણ આ અંગે જરૂરી દિશા સુચનો જારી કરેલ છે આ પ્રવૃતિ પર અંકુશ રહે તે હેતુથી સાવચેતીના પગલાંની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી. એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭ (૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂઈએ મહેસાણા જિલ્લાના ખેરાલુ શહેરી વિસ્તારમાં તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાક થી તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) કોઈ ઉમેદવાર સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે અનુયાયીઓ/કાર્યકરો/ સમર્થકો કે હમદર્દએ ખાનગી મકાનના માલિકની લેખિત પરવાનગી મેળવી હોય તો પણ સદર ખાનગી માલીકીની જમીન, મકાન, કંપાઉન્ડની દિવાલોનો ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમ્યાન પોસ્ટર ચોંટાડવા, ચિત્ર લખવા, પ્રતિક ચિતરવા, ધ્વજ દંડ ઉભા કરવા, પતાકા લગાવવા, નોટીસો ચોંટાડવી વિગેરે માટે ઉપયોગ કરવો નહીં તેમજ પોતાના અનુગામીઓને આવી છુટ આપવી નહીં.

(૨) કોઈ ઉમેદવાર/ સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે અનુગામી/ કાર્યકર/ સમર્થક કે હમદર્દ કોઈપણ પ્રકારની જાહેર મિલકતનો તથા ખાનગી મિલકતનો ચૂંટણી પ્રચાર દરમ્યાન ઉપર જણાવેલ કાર્યો માટે ઉપયોગ કરી શકશે નહીં.

જાહેર મિલકત એટલે જાહેર મકાનો, માર્ગો, મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવવા સાઈન બોર્ડ ધોરી માર્ગ પર માઈલ પથ્થરો, રેલ્વે ફાટકના ચેતવણીના બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ બસ ટર્મિનસ નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર તેમજ તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭ (૧) (એફ) મુજબ.

નંબર પીઓએલ /વશી/૨૬૬૨થી ૨૭૦૧/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ના પ્રચાર દરમ્યાન મહેસાણા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ જાહેર મકાનો, ખાનગી મકાનો, માર્ગ, સાઈન બોર્ડ,માઈલ પથ્થરો વિગેરેનો ચૂંટણી પ્રચારના કામે નિરંકુશ ઉપયોગ કરી જે તે સ્થળની શોભા બગાડી સુરૂચિનો ભંગ થાય તેવી શકયતા જણાય છે. રાજયના ચૂંટણી પંચે પણ આ અંગે જરૂરી દિશા સુચનો જારી કરેલ છે. આ પ્રવૃતિ પર અંકુશ રહે તે હેતુથી સાવચેતીના પગલાંની આવશ્યકતા જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી. એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭ (૧) (એફ) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહીં કરવાનું ફરમાવું છું.

(૧) કોઈ ઉમેદવાર/ સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે અનુયાયીઓ/ કાર્યકરો/ સમર્થકો કે હમદર્દએ ખાનગી મકાનના માલિકની લેખિત પરવાનગી મેળવી હોય તો પણ સદર ખાનગી માલીકીની જમીન, મકાન, કંપાઉન્ડની દિવાલોનો ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમ્યાન પોસ્ટર ચોંટાડવા, ચિત્ર લખવા, પ્રતિક ચિતરવા, ધ્વજ દંડ ઉભા કરવા, પતાકા લગાવવા, નોટીસો ચોંટાડવી વગેરે માટે ઉપયોગ કરવો નહી તેમજ પોતાના અનુગામીઓને આવી છુટ આપવી નહી/.

(૨) કોઈ ઉમેદવાર/ સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે તેના અનુગામી/ કાર્યકર/ સમર્થક કે હમદર્દ કોઈપણ પ્રકારની જાહેર મિલકતનો તથા ખાનગી મિલકતનો ચૂંટણી પ્રચાર દરમ્યાન ઉપર જણાવેલ કાર્યો માટે ઉપયોગ કરી શકશે નહીં.

જાહેર મિલકત એટલે જાહેર મકાનો, માર્ગો, મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવવા સાઈન બોર્ડ ધોરી માર્ગ પર માઈલ પથ્થરો, રેલ્વે ફાટકના ચેતવણીના બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ બસ ટર્મિનસ નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થશે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર તેમજ તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ.

નંબર પીઓએલ /વશી/૨૭૦૨ થી ૨૭૩૧/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ નું સરળ શાંતિપૂર્ણ સંચાલન થઈ શકે તેમજ ચૂંટણી દરમ્યાન કોઈ ધાક/ધમકીનું વાતાવરણ ઉભું ન થાય અને જાહેર સુલેહશાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા સંપુર્ણપણે જળવાઈ રહે તે સારૂ તકેદારીના પગલાં રૂપે કોઈપણ પ્રકારના શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં સાથે રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, મહેસાણા જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ વ્યકિત તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) કોઈપણ પ્રકારના શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં પોતાની સાથે રાખી બહાર લઈ જઈ શકશે નહી.

INDEX

વધુમાં હું આદેશ કરૂ છુ કે, સદરહુ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર સાથે રાખવા પડતાં હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા તરફથી પરવાના તળેનું હથિયાર સાથે રાખવા જો ખાસ કિસ્સામાં પરવાનગી અપાયેલ હોય તો તેવી વ્યકિતઓને.

ઉપરના હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ (૧) (એન) તથા ૩૩(૧) (આર) (૩) મુજબ.

નંબર પીઓએલ /વશી/૨૭૩૨થી ૨૭૬૨/૨૦૦૬.--મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ દરમ્યાન મહેસાણા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યામાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ (૧) (એન) તથા કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહિત) રસ્તામાં અથવા રસ્તાની નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યકિત કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મેળવી લાઉડ સ્પીકર સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન ન થાય તેવી રીતે વગાડવાનું રહેશે. અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ/સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા આવાજથી વગાડવાના રહેશે.

ઉપરોક્ત હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ કે ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ (૧) (એન) તથા ૩૩(૧) (આર) (૩) મુજબ.

નંબર પીઓએલ /વશી/૨૭૬૩થી ૨૭૭૧/૨૦૦૬.--મહેસાણા જિલ્લામાં ખેરાલુ નગર પાલીકાની વોર્ડ નં. ૭ની પેટા ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ દરમ્યાન ખેરાલુ શહેરના રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યામાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૩ (૧) (એન) તથા કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના ખેરાલુ શહેરી વિસ્તારોમાં તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાક થી તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહિત) રસ્તામાં અથવા રસ્તાની નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યકિત કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મેળવી લાઉડ સ્પીકર સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન ન થાય તેવી રીતે વગાડવાનું રહેશે. અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ,

શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહુ કચેરીઓ/સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમાં આવાજથી વગાડવાના રહેશે.

ઉપરોક્ત હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ કે ચૂંટણી અંગેની આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૭૭૨થી ૨૮૦૧/૨૦૦૬.–મહેસાણા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ ગ્રામ્ય પંચાયતોની સામાન્ય ચૂંટણી માહે ડીસેમ્બર, ૨૦૦૬ લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત (બન્ને દિવસો સહિત) માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને;

(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યકિતઓને;

(૩) કોઈ લગ્નના વરઘોડાને;

(૪) કોઈ સ્મશાન યાત્રાને;

(૫) પોલીસ સ્ટાફ;

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૮૦૨થી ૨૮૦૯/૨૦૦૬.–મહેસાણા જિલ્લામાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ ખેરાલુ નગરપાલિકાની વોર્ડ નં.૭ની પેટા ચૂંટણીઓ માહે ડીસેમ્બર, ૨૦૦૬ લક્ષમાં લેતાં મહેસાણા જિલ્લામાં ખેરાલુ શહેરી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં)ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ મહેસાણા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત (બન્ને દિવસો સહિત) માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાહ વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને;

(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યકિતઓને;

(૩) કોઈ લગ્નના વરઘોડાને;

(૪) કોઈ સ્મશાન યાત્રાને;

(૫) પોલીસ સ્ટાફ;

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 257

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, NOVEMBER 28, 2006 / AGRAHAYANA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર પીઓએલ (૧)/૪૯૧૧/૨૦૦૬.–રાજય ચૂંટણી પંચના નિર્ધારીત કાર્યક્રમ અનુસાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ પુર્વેની પરિસ્થિતિને લક્ષમાં લેતાં, તથા ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ આચાર સંહિતાના હાર્દના પરિપાલન, જાહેર સુલેહશાંતિ, જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થાની સુયોગ્ય જાળવણી તથા મુકત અને ન્યાયી ચુંટણી પ્રક્રિયા માટે કેટલાક ચોક્કસ કૃત્યો કરવાની મનાઈ ફરમાવવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, આર. આર. વરસાણી, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના મતદાન મથક વિસ્તારમાં તારીખ ૯મી ડીસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૦૬ (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયાવાળા વિસ્તારમાં ચૂંટણીનો પ્રચાર કરવો નહી કે પક્ષ /ઉમેદવારના ચૂંટણી ચિન્હો દર્શાવવા નહી.

(૨) નિર્ધારીત મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયાવાળા વિસ્તારની અંદર, ચૂંટણી પંચની સુચના અનુસાર છપાયેલ હોય તે સિવાયની ચોક્કસ ચૂંટણી ઉમેદવાર કે પક્ષની વિગતો દર્શાવતી બીનઅધિકૃત કાપલીઓનું મતદારોને વિતરણ કરવું નહિ.

(૩) હરિફ ઉમેદવાર, તેમના એજન્ટ અને કાર્યકરના ઉપયોગ સારૂં, મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયાવાળા વિસ્તારથી દુર એક ટેબલ અને બે ખુરશીઓથી વધારે ફર્નિચર ગોઠવવું નહી.

(૪) નિર્ધારીત મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયાવાળા વિસ્તારમાં સક્ષમ અધિકારીની પરવાનગી સિવાયના વાહનોએ અવર-જવર કરવી નહિ.

(૫) ચૂંટણી મતદાનના દિવસે મતદારોને તેમના ઘર-સ્થળેથી વાહનમાં ભરી મતદાન મથક સુધી લાવવા કે લઈ જવા નહિ.

(૬) ચૂંટણી પંચની પ્રવર્તમાન સુચનાઓ મુજબ ચૂંટણી અધિકારી કે,

INDEX

અન્ય સક્ષમ અધિકારી પાસે નોંધાયા સિવાયના કે માન્ય પરમીટ અને પરવાનગી સિવાયના વાહનો ચૂંટણી કામે વાપરવા નહિ.

(૭) ચૂંટણી પ્રચાર દરમ્યાન ત્રણ કરતાં વધારે વાહનો એકી સાથે ચલાવવા નહિ.

અપવાદ :-

ઉપરોક્ત અ. નં. ૪ વાળી બાબત ચૂંટણી ફરજ પરના વાહન કે અધિકારીને લાગુ પડશે નહિ.

શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર પીઓએલ (૧)/૪૯૪૨/૨૦૦૬.–રાજ્ય ચૂંટણી પંચના નિર્ધારીત કાર્યક્રમ અનુસાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓનું મતદાન ખેડા જિલ્લામાં તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. સદરહુ ચૂંટણી અને મતદાનની કાર્યવાહી તેમજ આચાર સંહિતાની સુચનાઓ લક્ષમાં લઈ, જિલ્લામાં મતદાનના દિવસે, તમામ મતદાન મથકોના કેન્દ્રથી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારની અંદર તેમજ મત ગણતરીના દિવસે એટલે કે તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજથી મત ગણતરી કેન્દ્રના વિસ્તાર અને તેની આસપાસના ૧૦૦ મીટર સુધી સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર તથા તેને આનુસંગિક ઈલેક્ટ્રીક ગેઝેટસ/એસેસરીઝ સાથે રાખવા તથા તેના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ અને આવશ્યક જણાય છે.

સબબ હું, આર. આર. વરસાણી, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, ખેડા જિલ્લામાં મતદાનના દિવસે એટલે કે તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મતદાન મથકના કેન્દ્રની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તેમજ મત ગણતરીના દિવસે એટલે કે ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજથી મત ગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી મત ગણતરી કેન્દ્રના સમગ્ર વિસ્તાર અને તેની આજુબાજુના ૧૦૦ મીટર સુધી સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર અને તેને આનુસંગિક ઈલેક્ટ્રીક ગેઝેટસ/એસેસરીઝ સાથે રાખવા તથા તેના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ નીચે જણાવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચૂંટણી ફરજ પરના તમામ અધિકૃત વ્યક્તિઓ તથા ચૂંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીએ આ અર્થે અધિકૃત કરેલ તેવી બીજી વ્યક્તિઓ.

(૩) ચૂંટણી પંચ દ્વારા અધિકૃત અધિકારીઓ.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનો.

નંબર પીઓએલ (૧)/૪૯૭૩/૨૦૦૬.–રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ પુર્વેની પરિસ્થિતિને લક્ષમાં લેતાં તથા ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ આચાર સંહિતાના હાર્દના પરિપાલન માટે તથા પરવાનેદાર હથિયાર ધારકો દ્વારા જાહેર જનતાને કોઈ ભય, ત્રાસ કે નુકશાન ન પહોંચે તેમજ જાહેર સલામતિ જળવાઈ રહે તથા સલામત, મુકત અને ન્યાયીક ચૂંટણી પ્રક્રિયા થઈ શકે તેવા હેતુસર કેટલાક ચોક્કસ કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, આર. આર. વરસાણી, (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાની હદ વિસ્તારમાં તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૩મી ડીસેમ્બર, ૨૦૦૬(બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી નામદાર ચૂંટણી પંચના આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાના અનુસંધાને નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારોએ જાહેર મિલ્કતો ઉપર ચૂંટણી જાહેરાત પ્રચાર કરતા પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા, લખાણો વગેરે સંબંધિત સંસ્થા, કચેરી કે માલિકની સંમતિ /ધોરણસરની પરવાનગી સિવાય ચોંટાડવા નહિ કે લખવા નહિ કે લગાડવા નહિ. ચૂંટણી પ્રચાર અર્થે કોઈ કટઆઉટ, દરવાજા કે કમાનો ઉભા કરવા નહિ.

INDEX

(૨) જાહેર સ્થળોએ સ્થાનિક સત્તાધિકારીની મંજુરી પ્રમાણે નિયત રકમની ચુકવણીથી ચૂંટણી પ્રચાર માટેના હોર્ડિંગ્સ પ્રદર્શિત કરી શકાશે. પરંતુ નામદાર ચૂંટણી પંચે હવે ચૂંટણીની જાહેરાત કરી દીધેલ હોઈ, આવી જગા કે હોર્ડિંગ્સની સાઈઝ હવે વિસ્તારી શકાશે નહિ કે ઘટાડી શકાશે નહિ.

(૩) કોઈપણ રાજકીય પક્ષે અને ઉમેદવારોએ કે તેમના ટેકેદારોએ અન્ય પક્ષોએ યોજેલ સભા અને સરઘસમાં અવરોધો ઉભા કરવાની કે તે સભા તોડવી નહિ. તેમજ એક રાજકીય પક્ષના કાર્યકરો કે સહાનુભૂતિ દર્શાવનારાઓએ બીજા રાજકીય પક્ષોએ યોજેલી જાહેર સભાઓમાં ઘર્ષણ સર્જાય તેવી રીતે મૌખિક કે લેખિત પ્રશ્નો પુછીને અથવા પોતાના પક્ષના ચોપાનીયાં વેચીને ખલેલ પહોંચાડવી નહિ તેમજ જયાં એક પક્ષે સભાઓ યોજી હોય, તેવા સ્થળોએ બીજા પક્ષોએ સરઘસ લઈ જવું નહિ તેમ એક પક્ષે બહાર પાડેલ ભીતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દુર કરવા નહિ.

(૪) હથિયાર ધારણ કરવા માટેનો પરવાનો ધરાવતી કોઈપણ વ્યકિત / પરવાનેદાર, પરવાના હેઠળનું હથિયાર પોતાની સાથે લઈને ચૂંટણી કાર્ય અને સભામાં ફરવું નહિ.

શિક્ષા :-

(૧) આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૨) ઉકત હુકમમાં જણાવેલ ખાનગી તેમજ જાહેર મિલ્કતના માલિકની લેખિતમાં પુર્વ મંજુરી વગર મિલ્કતનો બગાડ કે નુકશાન પહોંચાડશે, તેની સામે ફોજદારી રાહે કામ ચલાવવામાં આવશે તથા જાહેર કે ખાનગી મિલ્કતનો બગાડ અંગે તેઓ બગાડ કરનારના ખર્ચે સુધારવામાં આવશે અને તમામ ખર્ચ તેઓ પાસેથી વસુલ કરવામાં આવશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 258

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, NOVEMBER 28, 2006/AGRAHAYANA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૩ (૧) (આર) (૩) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૫૦૦૪/૨૦૦૬.–મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ, આગામી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન ચૂંટણીની આચાર સંહિતાને ધ્યાનમાં રાખતાં, લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર, જાહેર હેતુસર ચૂંટણીના સરળ સંચાલન માટે તથા જાહેર જનતાને અવાજનું પ્રદુષણ ન થાય તે માટે, સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી મેળવીને સ્થાયી કે વાહન ઉપર ગોઠવેલા લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૬-૦૦ વાગ્યાથી સાંજના ૧૦-૦૦ વાગ્યા સુધી જ કરવાનો રહેશે. તે સિવાયના સમયમાં લાઉડસ્પીકરોનો ચૂંટણી પ્રચારના કામે ઉપયોગ કરી શકાશે નહીં.

અપવાદ : આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચૂંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ.

(૨) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતાં અધિકારીઓ અથવા તેઓને મદદ કરતી એજન્સીઓ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ દંડ અથવા શિક્ષા અથવા બન્ને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૫૦૩૫/૨૦૦૬.–મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ (૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂઈએ હું કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ, આગામી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ પૂર્વેની પરિસ્થિતિને લક્ષમાં લેતાં, મને સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં જાહેર સુલેહશાંતિ તથા સલામતી જાળવવા સારૂં માણસોના સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા

મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી સિવાય સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તારીખ ૩૦મી નવેમ્બર ૨૦૦૬ થી તારીખ ૧૩મી ડીસેમ્બર, ૨૦૦૬ (બન્ને દિવસો સુધ્ધાંત) સુધી અનઅધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

અપવાદ :

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા, એસ. ટી. બસ અને રેલ્વેમાં મુસાફરી કરતાં, ધાર્મિક સ્થળે પ્રાર્થના માટે જતાં અગર સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનાફાઈડ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૫ (૩) અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ-૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ(૧)/૫૦૬૬/૨૦૦૬.–મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૩૭ (૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂઈએ હું કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ આગામી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી પુર્વેની પરિસ્થિતિને લક્ષમાં લેતાં, મને આ જિલ્લામાં જાહેર સુલેહશાંતિ તથા સલામતી જાળવવા સારૂં હથિયાર બંધી ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૩મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથીયાર, તલવાર, ભાલા, ધોકા, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

વિસ્તાર :- સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ :-આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 259

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] THURSDAY, NOVEMBER 30, 2006 / AGRAHAYANA 9, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

વંચાણ :

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ થવા અંગે.
જાહેરનામા ક્રમાંક નં. ઉમક-એજીડી-કયુએલ-રીગ્રાન્ટ-

જાહેરનામું

નંબર એજેડી/કયુએલ/જાહેરનામું /૧૭૭૯/૨૦૦૬.–આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમો ૧૯૬૬ ના નિયમો મુજબ પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારોમાં અગાઉ ક્વોરીલીઝો મંજુર થયેલ. પરંતુ નિયમોનુસાર ક્વોરીલીઝોનું નિયત સમય મર્યાદામાં કરારખત કરાવેલ ન હોઈ, ક્વોરીલીઝના મંજુરી હુકમો રીવોક કરવામાં આવેલ, ક્વોરીલીઝ રીન્યુઅલ મંજુરી હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં કરારખત કરાવેલ ન હોઈ, ક્વોરીલીઝ રીન્યુઅલ હુકમ રીવોક કરવામાં આવેલ. ક્વોરીલીઝોની રીન્યુ અરજી નામંજુર કરવામાં આવેલ હોઈ. તથા ક્વોરીલીઝ રીન્યુઅલ અરજી દફતરે કરવામાં આવેલ, તેમજ ક્વોરીલીઝોની મુદત પુરી થવાથી અને ક્વોરીલીઝ કરારખત શરતભંગ બદલ રદ કરવામાં આવેલ હોઈ, ગુજરાત ગૌણ ખનિજ નિયમ ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) મુજબ હું કલેકટર, શ્રીમતિ મમતા વર્મા, સદર ધારા હેઠળ જાહેર થયેલ સક્ષમ અધિકારી દાહોદ તરીકે મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારો ખાણકામ માટે ઉપલબ્ધ વિસ્તાર તરીકે આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ પછીના ૩૦ દિવસ બાદ જાહેર કરૂં છું. નિયત સમય પહેલા આવેલ અરજી અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

અનુ. નંબર	નામ	ખનિજ	ગામ	તાલુકો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
૧	૨	૩	૪	૫	૬	૭
૧	શ્રી દીપસિંગભાઈ બુદસીંગ પટેલ	સા. રેતી	રામા	દે. બારીયા	૫૪, ૫૫ ને લાગુ પાનમ નદી પટ્ટ	૧-૮૨-૦૦
૨	શ્રી ખાલીદ આઈ. દડી	,,	રામા	દે. બારીયા	૭૦ ને લાગુ પાનમ નદી પટ્ટ	૦-૭૦-૦૦
૩	શ્રી રાયસીંગભાઈ કાળુભાઈ પટેલ	,,	રામા	દે. બારીયા	૪૫ ને લાગુ પાનમ નદી પટ્ટ	૧-૦૨-૦૦

૧	૨	૩	૪	૫	૬	૭
૪	શ્રી માનસીંગભાઈ જેસીંગભાઈ પટેલ	સા. રેતી	રામા	દે. બારીયા	૪૧, ૪૨ ને લાગુ પાનમ નદી પટ્ટ	૨-૦૦-૦૦
૫	શ્રી ધી બારીયા તાલુકા પશ્ચિમ વિભાગ મ. કા. સ. મં. લી. ભામૈયા	,,	ભથવાડા	દે. બારીયા	૩૩૯/૧ ને લાગુ પાનમ નદી પટ્ટ	૨-૦૦-૦૦
૬	શ્રી ઈસ્માઈલ રસુલ ઘાંચી	,,	રામા	દે. બારીયા	૭૨ ને લાગુ પાનમ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૭	શ્રી ઈસ્માઈલ રસુલ ઘાંચી	,,	રામા	દે. બારીયા	૪૪ ને લાગુ પાનમ નદી પટ્ટ	૦-૭૨-૦૦
૮	શ્રી નટવરસિંહ નવલાભાઈ નાયક	,,	રામા	જુના બારીયા	૧૨૧, ૧૨૨, ૧૨૩ ને લાગુ પાનમ નદી પટ્ટ	૩-૮૦-૦૦
૯	શ્રી મંગળભાઈ કમરાભાઈ કોળી	,,	કાળી ડુંગરી	દે. બારીયા	૩૩૪ ને લાગુ મુજબ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૧૦	શ્રી ગોવિંદભાઈ પુનાભાઈ પટેલ	,,	ડુખળી	દે. બારીયા	૧૨૫ ને લાગુ પાનમ નદી પટ્ટ	૧-૫૦-૦૦
૧૧	શ્રી નારૂભાઈ કાળુભાઈ પટેલ	,,	ડુખળી	દે. બારીયા	૨૩૨ ને લાગુ પાનમ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૧૨	શ્રી રયજીભાઈ ભોદુભાઈ પટેલ	,,	ડુખળી	દે. બારીયા	૧૩૨, ૧૦૩ની સામે પાનમ નદી પટ્ટ	૦-૬૪-૦૦
૧૩	શ્રી બાબુભાઈ મનસુખભાઈ ડાયરા	,,	ડુખળી	દે. બારીયા	૧૩૨ ને લાગુ પાનમ નદી પટ્ટ	૨-૦૦-૦૦
૧૪	શ્રી ગીરીશકુમાર મગનલાલ બારીયા	,,	નાથુડી	દે. બારીયા	૭ ને લાગુ પાનમ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૧૫	શ્રી હસમુખભાઈ નાનજીભાઈ પટેલ	,,	ઉચવાણ	દે. બારીયા	૪૩/૩ ને લાગુ પાનમ નદી પટ્ટ	૦-૭૦-૦૦
૧૬	શ્રી રયજીભાઈ છગનભાઈ ભાભોર	,,	મેન્દ્રા	દે. બારીયા	૩૭ ને લાગુ નંદોઈ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૧૭	શ્રી રામસિંહ ઘેમા ચૌહાણ	,,	ભથવાડા	દે. બારીયા	૩૦૮, ૩૦૯/૧,૨ ને લાગુ પાનમ નદી પટ્ટ	૧-૦૦-૦૦
૧૮	શ્રી લક્ષ્મણસિંહ શંકરસિંહ બારીયા	,,	ટીડકી	દે. બારીયા	૩૮/૧ ને લાગુ પાનમ નદી પટ્ટ	૧-૫૫-૦૦
૧૯	શ્રી ચંદ્રાસિંહ નવલાભાઈ નાયક	,,	જુના બારીયા	દે. બારીયા	૧૧૯, ૧૨૦, ૧૫૬ ને લાગુ પાનમ નદી પટ્ટ	૩-૦૦-૦૦
૨૦	શ્રી રણછોડભાઈ બોડાભાઈ કોળી	,,	જુના બારીયા	દે. બારીયા	૧૮૭,૧૭૭ ને લાગુ પાનમ નદી પટ્ટ	૨-૦૦-૦૦
૨૧	શ્રીગાયત્રીકૃપા ક્વોરી વર્કસ પ્રો, જી. બી. ડામોર	બ્લેકટ્રેપ	ખંગેલા	દાહોદ	૧૮૭ પૈકી લાગુ સ. નં. ૧૬૩	૧-૯૦-૦૦
૨૨	વસૈયા પારૂભાઈ જેતાભાઈ	બ્લેકટ્રેપ	પીપળીયા	ઝાલોદ	સ. નં. ૪૧, ૪૨,૪૩ માછણ નદી પટ્ટ	૦-૯૦-૦૦

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
૨૩	સમંદરભાઈ નારસિંગભાઈ સંગાડા	બાંધકામ પથ્થર	આગાવાડા	દાહોદ	૧૮૨/બ	૨-૦૦-૦૦
૨૪	શ્રી કિરીટકુમાર એલ. પટેલ	બ્લેકટ્રેપ	કાળીતલાઈ	દાહોદ	૨૭ પૈકી	૦-૩૦-૦૦
૨૫	શ્રી હઠીલા જીતેન્દ્ર મોહનલાલ	બ્લેકટ્રેપ	છાપરી	દાહોદ	૧૮૧/અ ગૌચરણ પૈકી	૨-૦૦-૦૦
૨૬	શ્રી કિરીટકુમાર એલ. પટેલ	બ્લેકટ્રેપ	ઝરીબુઝર્ગ	ગરબાડા	૧૫૭ પૈકી	૨-૦૦-૦૦
૨૭	શ્રી પી. પી. પટેલ	બ્લેકટ્રેપ	લીલવાઠાકોર	ઝાલોદ	૧૫૪/૧ પૈકી	૩-૦૦-૦૦

દાહોદ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૬.

શ્રીમતિ મમતા વર્મા,
કલેક્ટર, દાહોદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 260

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, NOVEMBER 30, 2006/ AGRAHAYANA 9, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંક એમએજી/જાહેરનામું/વશી/૩૫૧૩-૩૫૩૨/૨૦૦૬.– નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૭ની પેટા કલમ (૧) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, કે. આર. વસાવા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા રાજપીપલા જાહેર શાંતિ અને સલામતી સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૩મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી ૨૪-૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહીત) કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઇપણ સાધન સાથે લઇ જવું નહી;

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી;

(ગ) પથ્થરો અથવા હાનીકારક પ્રવાહી રસાયણ છાંટવા અથવા ફેંકવા નહિ અથવા ફેંકી શકાય તેવી બાજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાના તથા ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી એકત્ર કરવા નહી અથવા તૈયાર કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરુચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં, તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :-

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિઓને કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઇ હથિયાર લઇ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા પોલીસ અધિક્ષકશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને;

INDEX

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી નર્મદા આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ

નર્મદા જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી કરી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. આર. વસાવા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા, રાજપીપલા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 261

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, NOVEMBER 30, 2006/AGRAHAYANA 9, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/જાહેરનામું/૧૧/૨૦૦૬.–સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના માંકરોડા ગામના સ. નં. ૪૮/બ/૨ માં ફાયરીંગ બટ આવેલો છે. આ ફાયરીંગ બટમાં પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના પોલીસના માણસોનું વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૬ થી ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી નક્કી કરેલ હોઈ આ બટની જમીનની આજુબાજુ વિસ્તારમાં પ્રજાની સલામતી જળવાઈ રહે તે સારૂ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે પ્રતિબંધિત હુકમ કરવા પોલીસ અધિક્ષકશ્રીએ તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૬ના પત્ર નં. મકમ/સીબી-૪/૨૨૦૮૪ થી જણાવેલ છે.

આથી હું બી. એચ. ઘોડાસરા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૦મા) ની કલમ-૩૭ (૪) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના માંકરોડા ગામના સ. નં. ૪૮ / બ / ૨ માં ફાયરીંગ બટ આવેલો છે. આ ફાયરીંગ બટમાં પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના પોલીસ કર્મચારીઓ માટે વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટીસ લેવાની હોવાથી ઉકત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુના ૧.૬ કી. મી. ની ત્રિજયાના વિસ્તારમાં તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી ફાયરીંગ પ્રેક્ટીસ કરવાની હોઈ ઉકત તારીખો દરમ્યાન સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહીં. તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસ અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં.

આ હુકમનો ભંગ કરનાર ઉકત અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અને બિનઅધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઈપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 262

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, NOVEMBER 30, 2006 / AGRAHAYANA 9, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ.

નંબર : પીઓએલ/વશી/૨૮૧૫ થી ૨૮૨૩/૨૦૦૬.– સરકારશ્રીના આદેશ મુજબ હાલમાં મહેસાણા શહેરમાં ગેરકાયદેસર દબાણો દુર કરવાનો કાર્યક્રમ ચાલુ છે. જેથી દબાણ હટાવવાના કાર્યક્રમ દરમ્યાન મહેસાણા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારુ કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ મહેસાણા શહેરમાં તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત (બન્ને દિવસો સહિત) માટે કોઈપણ સરઘસ કે ચાર કરતા વધુ વ્યકિતઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

(૫) પોલીસ સ્ટાફ.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુબંઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 263

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, NOVEMBER 30, 2006 / AGRAHAYANA 9, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

લોક પ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક)ની જોગવાઈઓના પાલન માટે.

નંબર પીઓએલ/વશી/૨૮૩૪ થી ૨૮૫૮/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માહે ડીસેમ્બર-૨૦૦૬માં યોજાનાર છે. ચૂંટણી દરમ્યાન પ્રચાર માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક)ની જોગવાઈઓ લાગુ પડે છે. કલમ-૧૨૭ (ક) (૧)ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રણ અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો વિગેરે છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહી. તેવી જ રીતે કલમ-૧૨૭ (ક) (૨) મુજબ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી.

ઉપરોકત જોગવાઈઓની આવશ્યકતાઓનો કડક અમલ તથા પાલન થાય તે જરૂરી હોઈ તેના કડક અમલ માટે નિર્વાચન આયોગ દ્વારા પણ આ બાબતે જરૂરી આદેશો કરેલ હોઈ હું કે. એસ. મેણાત, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મહેસાણા જિલ્લામાં આવેલ મુદ્રણાલયોના મુદ્રકોને ઉકત આદેશની જોગવાઈઓ મુજબ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.

(૧) કલમ-૧૨૭ (ક) (૧)ની જોગવાઈઓ મુજબ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે અવશ્ય દર્શાવવા.

(૨) ચૂંટણી સંબંધી કોઈપણ ચોપાનીયા અથવા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલા ઉકત કલમ-૧૨૭ (ક) (૨) ની જોગવાઈઓ મુજબ મુદ્રકે નિર્વાચન આયોગ દ્વારા નક્કી થયેલા આ સાથેના જોડાણ-(ક) મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક પાસેથી એકરાર પત્ર બે નકલમાં મેળવવાના રહેશે. અને આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતની શાખ તરીકે સહીઓ કરવાની રહેશે. મુદ્રકે પણ તે અધિકૃત કર્યા બદલ સહી કરી મુદ્રીત સામગ્રીની ત્રણ નકલો સાથે એકરારપત્રની એક નકલ ત્રણ દિવસમાં અત્રેની ચૂંટણી શાખામાં મોકલી આપવાની રહેશે.

(૩) ઉપર મુદ્દા નં. (૨)માં નિર્વાચન આયોગના આદેશ મુજબ મુદ્રકે પ્રકાશકના એકરારનામા સાથે મુદ્રીત સામગ્રીની ચાર (૪) નકલો તેના મુદ્રણના ત્રણ દિવસની અંદર નિર્વાચન આયોગ તરફથી નક્કી થયેલ આ સાથેના જોડાણ-'ખ' મુજબના નમુનામાં મુદ્રકે છાપેલા દસ્તાવેજોની નકલોની સંખ્યા તેના મુદ્રણ કામ અંગે થયેલ ખર્ચની માહિતી વિગેરે વિગતો દર્શાવી સહી કરી અત્રેની કચેરની ચૂંટણી શાખાને બિનચુક રજુ કરવાની રહેશે.

INDEX

(૪) મુદ્રકે તેના છાપેલા ચૂંટણીનાં દરેક ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેની બાબતમાં આવા દરેક દસ્તાવેજના મુદ્રણના ત્રણ દિવસની અંદર આવી માહિતી સંયુક્ત રીતે નહી પણ અલગ અલગ રીતે અત્રેની કચેરીની ચૂંટણી શાખાને કરવાની રહેશે.

(૫) કલમ-૧૨૭ (ક) ઉપર દર્શાવેલ જોગવાઈ અને નિર્વાચન આયોગના આદેશ મુજબ આપવામાં આવેલ ઉપર્યુક્ત સૂચનાઓનું દરેક મુદ્રકે ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. અને તેનો ભંગ થશે તો કલમ-૧૨૭ (ક) (૪)ની જોગવાઈ મુજબ છ માસની સજા અગર રૂા. ૨૦૦૦-ના દંડ કે બન્ને સજાઓને પાત્ર રહેશે.

આ ઉપરાંત ઉક્ત જોગવાઈઓ / સુચનાઓના ભંગ બદલ યોગ્ય જણાયે મુદ્રણાલયની સામે કાનુની પગલાં ભરવામાં આવશે.

(૬) આ જાહેરનામું તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધીના સમય માટે અમલમાં રહેશે.

જોડાણ - 'ક'

ચૂંટણીના ભીંતપત્રો, ચોપાનીયા વગેરેના પ્રકાશકે રજુ કરવાના એકરાર પત્ર માટેનો પ્રફોર્મા (જુઓ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક)).

હું.................................તે ....

શ્રી .... નો (નામ)

(નામ)

/ની પુત્ર/પુત્રી/પત્ની ....

(ગ્રામ/નગર) .... (જિલ્લો) ....

રાજયનો .... રહેવાસી, આથી એકરાર કરૂં છું

કે.................................

(મુદ્રણાલયનું નામ)

દ્વારા છાપવામાં આવેલ ....

....

....

....

(ચૂંટણીના ભીંતપત્રો, ચોપાનીયા, વગેરેની ટૂંકી વિગતો આપી) નો પ્રકાશક છું.

સ્થળ .... પ્રકાશકની સહી ....

તારીખ .... પુરૂં સરનામું ....

પ્રમાણિત કરનાર (પ્રકાશકને અંગત રીતે ઓળખતી વ્યક્તિ)

(૧) સહી :

(નામ અને સરનામું)

(૨) સહી :

(નામ અને સરનામું)

સામી સહી કરનાર :

સહી :

(મુદ્રકનું નામ અને સરનામું)

જોડાણ 'ખ'

ચૂંટણીના ભીંતપત્રો, ચોપાનીયા વગેરેના મુદ્રણને લગતી માહિતી રજુ કરવા માટેના પ્રફોર્મા

(૧) મુદ્રકનું નામ અને સરનામું ....

....

(૨) પ્રકાશકનું નામ અને સરનામું :- ....

....

(૩) પ્રકાશકના છાપકામ / હુકમની તારીખ ....

(૪) પ્રકાશકના એકરારપત્રની તારીખ ....

(૫) ચૂંટણીના ભીંત પત્રો, ચોપાનીયા વગેરેની ટૂંકી વિગત :-

....

....

....

(૬) ઉક્ત દસ્તાવેજોની મુદ્રિત નકલોની સંખ્યા :- ....

(૭) મુદ્રણની તારીખ :- ....

(૮) ઉક્ત દસ્તાવેજોની બાબતમાં પ્રકાશક પાસેથી વસુલ કરવામાં આવતું મુદ્રણ ખર્ચ (કાગળના ખર્ચ સહિત) ....

....

સ્થળ :- .... (મુદ્રકની સહી) ....

તારીખ .... (મુદ્રકનો સિક્કો). ....

આજ તારીખ ૨૨મી નવેમ્બર ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

INDEX

જાહેરનામું

લોક પ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક)ની જોગવાઈઓના પાલન માટે.

નંબર પીઓએલ/વશી/૨૮૫૯ થી ૨૮૬૭/૨૦૦૬.—મહેસાણા જિલ્લામાં ખેરાલુ નગરપાલીકાની વોર્ડ નં. ૭ની પેટા ચૂંટણી માહે ડીસેમ્બર-૨૦૦૬માં યોજાનાર છે. ચૂંટણી દરમ્યાન પ્રચાર માટે ચૂંટણીને લગત ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે **લોક પ્રતિનિધિત્વ ધારા, ૧૯૫૧ની કલમ-૧૨૭ (ક)ની** જોગવાઈઓ લાગુ પડે છે. કલમ-૧૨૭ (ક) (૧)ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રણ અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો વિગેરે છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહી. તેવી જ રીતે કલમ-૧૨૭ (ક) (૨) મુજબ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી.

ઉપરોકત જોગવાઈઓની આવશ્યકતાઓનો કડક અમલ તથા પાલન થાય તે જરૂરી હોઈ તેના કડક અમલ માટે નિર્વાચન આયોગ દ્વારા પણ આ બાબતે જરૂરી આદેશો કરેલા હોઈ હું, કે. એસ. મેણાત, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મહેસાણા જિલ્લામાં આવેલ મુદ્રણાલયોના મુદ્રકોને ઉકત આદેશની જોગવાઈઓ મુજબ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા ફરમાવું છું.

(૧) **કલમ-૧૨૭ (ક) (૧)ની** જોગવાઈઓ મુજબ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે અવશ્ય દર્શાવવા.

(૨) ચૂંટણી સંબંધી કોઈપણ ચોપાનીયા અથવા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલા ઉકત **કલમ-૧૨૭ (ક) (૨)** ની જોગવાઈઓ મુજબ મુદ્રકે નિર્વાચન આયોગ દ્વારા નક્કી થયેલા આ સાથેના જોડાણ-(ક) મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક પાસેથી એકરાર પત્ર બે નકલમાં મેળવવાનો રહેશે. એ આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતની શાખ તરીકે સહીઓ કરાવાની રહેશે. મુદ્રકે પણ પોતે તે અધિકૃત કર્યા બદલ સહી કરી મુદ્રીત સામગ્રીની ત્રણ નકલો સાથે એકરારપત્રની એક નકલ ત્રણ દિવસમાં અત્રેની કચેરીની અધિક ચીટનીશ શાખાના નગરપાલીકા ચૂંટણી દફતરે મોકલી આપવાની રહેશે.

(૩) ઉપર મુદ્દા નં. (૨)માં નિર્વાચન આયોગના આદેશ મુજબ મુદ્રકે પ્રકાશકના એકરારનામા સાથે મુદ્રીત સામગ્રીની ચાર (૪) નકલો તેના મુદ્રણના ત્રણ દિવસની અંદર નિર્વાચન આયોગ તરફથી નક્કી થયેલ આ સાથેના જોડાણ-'ખ' મુજબના નમુનામાં મુદ્રકે છાપેલા દસ્તાવેજોની નકલોની સંખ્યા તેના મુદ્રણ કામ અંગે થયેલ ખર્ચની માહિતી વિગેરે વિગતો દર્શાવી સહી કરી અત્રેની કચેરની અધિક ચીટનીશ શાખાના નગરપાલીકા ચૂંટણી દફતરે બિનચુક રજુ કરવાની રહેશે.

(૪) મુદ્રકે તેના છાપેલા ચૂંટણીનાં દરેક ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેની બાબતમાં આવા દરેક દસ્તાવેજના મુદ્રણના ત્રણ દિવસની અંદર આવી માહિતી સંયુક્ત રીતે નહી પણ અલગ અલગ રીતે અત્રેની કચેરીની અધિક ચીટનીશ શાખાના નગરપાલીકા ચૂંટણી દફતરે રજુ કરવાની રહેશે.

(૫) **કલમ-૧૨૭ (ક)** ઉપર દર્શાવેલ જોગવાઈ અને નિર્વાચન આયોગના આદેશ મુજબ આપવામાં આવેલ ઉપર્યુક્ત સૂચનાઓનું દરેક મુદ્રકે ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. અને જો તેનો ભંગ થશે તો **કલમ-૧૨૭ (ક) (૪)ની** જોગવાઈ મુજબ છ માસની સજા અગર રૂા. ૨૦૦૦/-ના દંડ કે બંન્ને સજાઓને પાત્ર રહેશે.

આ ઉપરાંત ઉક્ત જોગવાઈઓ / સુચનાઓના ભંગ બદલ યોગ્ય જણાયે મુદ્રણાલયની સામે કાનુની પગલા ભરવામાં આવશે.

(૬) આ જાહેરનામું તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૦૬ સુધીના સમય માટે અમલમાં રહેશે.

આજ તારીખ ૨૨મી નવેમ્બર ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 264

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, DECEMBER 4, 2006/ AGRAHAYANA 13, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/વશી-૩૨૯૯/૨૦૦૬.– જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તેમજ જિલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ અંગેની પ્રક્રિયા ચાલી રહેલ છે. તે જોતાં જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ તારીખ ૨૯મી નવેમ્બર,૨૦૦૬ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ અન્છિનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેને અથવા હોમગાર્ડ, કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના ઓજારો વિગેરે લઇ જતાં ખેડૂતોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/વશી-૩૨૯૯/૨૦૦૬.– જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાએ તેઓના તારીખ ૧૭મી નવેમ્બર, ૨૦૦૬ના પત્રથી મોકલેલ અહેવાલની વિગતે તેમજ જિલ્લામાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ અંગેની પ્રક્રિયા ચાલી રહેલ છે. તે જોતાં જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ તારીખ ૨૯મી નવેમ્બર,૨૦૦૬ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબ હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. પી. પટેલ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી, લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું, કે એકઠા કરવાનું તથા તેમ કરવાનું.

(૩) પથ્થરો અથવા બીજા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું.

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું.

(૫) વ્યક્તિઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગાવાનું.

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાનું જેનાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા ફેલાવો કરવાનું.

અપવાદ : આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ- ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૨) સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનું હોય આવશ્યક હોય;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) ખેતીના કામે ઓજારો લઈ જતાં ખેડૂતો.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. પી. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 265

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, DECEMBER 4, 2006 / AGRAHAYANA 13, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમની-૧૯૫૧ કલમ-૩૩ (૧) (બી) હેઠળનો.

નંબર પીઓએલ/ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામું/૧૧/(૧)૨૦૦૬.– સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૬ના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ચૂંટણીનું મતદાન તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ પુરી થનાર છે. રાજય ચૂંટણીપંચના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશ ક્રમાંક ૭-ઈએલઈસી/સીઓસી થી વાહનોના કાફલામાં મોટરકાર કે અન્ય વાહનોની અવરજવર અંગે સુચનાઓ આપેલ છે.

જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયત ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી ઉમેદવારો તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક જ સાથે ફરે તો લોકોમાં ભય પેદા થાય, ટ્રાફીકને અડચન ઉભી થાય. વધુમાં ચૂંટણીપ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીયપક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ગાડીઓમાં સવાર થઈને જનારાને કારણે સાઈકલ ઉપર જનાર અથવા ચાલતા જનારને અગવડ ઉભી થવા સંભવ છે, જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે.

વાસ્તે, હું બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે :-

(૧) સાબરકાંઠા જિલ્લામાં જાહેર રસ્તા ઉપર ત્રણથી વધુ કાફલામાં મોટારકાર/અન્ય વાહનો ઉપર અવરજવર કરવા દેવામાં આવશે નહિં.

(૨) ચૂંટણી કામે જતા સરકારી વાહનોને.

(૩) સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણી કામે સંપાદન કરવામાં આવેલ વાહનોને

આ હુકમનો ભંગ કરનાર /ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪અન્વયે.

નંબર પીઓએલ/ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામું/૧૧ (૨)/૨૦૦૬.– સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૬ના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ચૂંટણીનું મતદાન તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ પુરી થનાર છે. રાજય ચૂંટણીપંચના તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૯ના આદેશ ક્રમાંક એસઈસી/ઈએલસી/સીઓસી/૧૬/૧૯૯૯ થી બહાર પાડેલ છે.

જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયત ચૂંટણીઓ દરમ્યાન જિલ્લાની કાયદો/વ્યવસ્થાની પરિસ્થિતિ સામાન્ય પણે જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુક્ત ન્યાયી અને શાંતિપુર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહશાંતિ ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જેથી હું બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

સાબરકાંઠા જિલ્લાના તમામ હથિયાર પરવાનેદારોએ અને જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સાબરકાંઠાના સમગ્ર વિસ્તારમાં શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતુ કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહી, તેમજ હથિયાર પોતાના રહેણાકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા.

ચૂંટણીની પ્રક્રિયા શરૂ થયેલ હોઇ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઇ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઇ ઉપર પેરામાં જણાવેલ હુકમ હુ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરું છું.

સદરહુ આદેશ, કાયદો અને વ્યવસ્થા અંગેનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નીમેલા નિરીક્ષકોને લાગુ પડશે નહીં.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામું/૧૧(૩)/૨૦૦૬.– સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૬ના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ચૂંટણીનું મતદાન તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ પુરી થનાર છે. રાજય ચૂંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશ ક્રમાંક ૮ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, પાટીયા બેનર વિગેરે મુકવા ઉપર જરૂરી નિયંત્રણ રાખવું જરૂરી જણાયેલ છે.

ચૂંટણી દરમ્યાન ઉમેદવારો દ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, કટઆઉટ, વિગેરે ઉભા કરવામાં આવશે, પ્રદર્શિત કરવામાં આવશે. એજ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વીજળી/ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો ભીંતસુત્રો, ધ્વજા, પતાકા ભીંતચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકવામાં આવે છે. આના લીધે ટ્રાફિકની સમસ્ય ઉભી થવા સંભવ છે. તેમજ રાહદારીઓની અસલામતી વધે છે. જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગાનો અયોગ્ય ઉપયોગ થવા સંભવ છે. જેથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૦૬ની પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, જાહેરાત, પાટીયા બેનર, વિગેરે મુકવા ઉપર પ્રતિબંધ મુકવા માટે હું, બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે :-

(૧) રાજય સરકારના સરકારી બોર્ડ, નિગમો, પંચાયતોની માલીકીના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગાઓ ઉપર કોઇપણ ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવારો માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટઆઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકાશે નહિં, આવી આ મિલ્કત ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહિં.

(૨) સમાચાર બોર્ડ અથવા કટઆઉટ, જાહેરાત, પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ, ખાનગી માલીકીની જગામાં મુકવા માગતા હોય તો ઉમેદવાર, ઉમેદવાર માટેના કોઇ મંડળ, સંગઠન અથવા વ્યકિતને નીચેની શરતોનું પાલન કરવાની શરતે મુકી શકશે કે ઉભા કરી શકશે.

   (૧) હોર્ડીંગ્સ સાઇઝ ૧૫' ફુટ × ૮' ફુટ થી વદારે જોઇએ નહિં.

   (૨) કટઆઉટની ઉંચાઇ ૮'' ફુટથી વધવી હોવી જોઇએ નહિ.

   (૩) જે તે ઉમેદવાર ખાનગી જગાએ કટઆઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ મુકયા હશે તે જગાના માલીકની લેખિત મંજુરી લીધેલ હોવી જોઇએ. આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી/ચૂટણી અધિકારી, પોલીસ અધિકારી જ્યારે માગશે ત્યારે તેઓ સમક્ષ રજુ કરાવની રહેશે.

INDEX

(૪) કટઆઉટ, જાહેરાત, ભીંતસુત્રો, પાટીયા, બેનર વિગેરે કોઇ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી, સંબંધિત ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૫) ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સો, કટઆઉટ વિગેરે મુકવા સ્થાનિક કાયદા અનુસાર, સંબંધિત સત્તાધિકારીની પરવાનગી જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવી લીધેલ હોવી જોઇએ.

આ હુકમનો ભંગ કરનાર/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામું/૧૧(૪)/૨૦૦૬.– સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૬ના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ચૂંટણીનું મતદાન તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ પુરી થનાર છે. ચૂંટણી પંચ દ્વારા મતદાન કેન્દ્રો તથા મતગણતરી મથકની અંદર અને નજીક ૧૦૦ મીટરની ત્રિજ્યમાં (પરિમિતિ) કોઇપણ વ્યકિતએ સેલફોન લઇ જવા અંગે પ્રતિબંધ મુકવા જરૂરી આદેશ પાડેલ છે.

સબબ મુક્ત ન્યાયી રીતે ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર થતો અટકાવવા તેમજ મતગણતરી મથકોએ મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો-વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રો અને મતગણતરી મથકોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયા (પરિમિતિ) માં કોઈપણ વ્યકિતને સેલ્યુલર / મોબાઈલ ફોન, પેજર, કોર્ડલેસ ફોન અથવા વાયરલેસ સેટ, વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક છે.

વાસ્તે હું બી. એચ. ઘોડાસરા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે :-

જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૬ની સામાન્ય ચૂંટણી અન્વયે સાબરકાંઠા જિલ્લાના તમામ મતદાન મથકો તેમજ મતગણતરી મથકની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત મતદાન અને મતગણતરીના દિવસોએ સેલ્યુલર/મોબાઈલ ફોન, પેજર, કોર્ડલેસ ફોન અથવા વાયરલેસ સેટ/ વોકીટોકી સેટ સાથે લઈ જઈ શકશે નહિં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહિં.

સદર આદેશ કાયદો-વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાન અધિકારીઓ અને મતગણતરી અધિકારીઓને લાગુ પડશે નહિં.

સદર આદેશનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે સેલ્યુલર/મોબાઈલ ફોન, પેજર, કોડલેસ ફોન અથવા વાયરલેસ સેટ/ વોકીટોકી સેટ જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (એફ) અન્વયે.

નંબર પીઓએલ/ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામું/૧૧(૫)/૨૦૦૬.– સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૬ના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ચૂંટણીનું મતદાન તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ પુરી થનાર છે. રાજ્ય ચૂંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશ ક્રમાંક : ૬ ઈએલઈસી-સીઓસી મુજબ ચૂંટણી જાહેર થયા પછી ચૂંટણીને લગતા ચોપાનીયાએ ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશનોને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૭ (ક)ની જોગવાઈઓ લાગુ પડે છે. જેથી ચૂંટણીને લગતા ચોપાનીયા ભીંતપત્રો વિગેરેના મુદ્રણ ઉપર નિયંત્રણ રાખવું આવશ્યક છે.

જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી દરમ્યાન ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે પર મુદ્રક, પ્રકાશકનું નામ અને સરનામું છપાવવાની ખાસ આવશ્યકતા છે.

વાસ્તે, હું બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) (એફ) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે :-

(૧) કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિદ્ધ કરી શકશે નહિ અથવા છપાવી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહિં.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહિં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેનું અંગત રીતે ઓળખતી હોય તેવી વ્યકિતઓને શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપી હોય.

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હેન્ડબીલ, પ્લેકાર્ડ, પોસ્ટર, ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલીક કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ મુદ્રકનું નામ સરનામું તથા છાપેલ સાહિત્યની સંક્યા લખવાની રહેશે.

લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ-૧૨૭ (ક) હેઠળ આવું સાહિત્ય છાપનારે તેની ૪ (ચાર) નકલ જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠાને મોકલી આપાવની રહેશે. તેમજ તે અંગે નિયત જોડાણમાં જિલ્લા મેજિસ્ટ્રેટને લેખિતમાં જાહેરાત કરવાની રહેશે. આ સુચનાનો તમામ પ્રીન્ટીંગ પ્રેસના માલીકો/મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે કરેલ.

નંબર પીઓએલ/ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામું/૧૧(૫)/૨૦૦૬.– સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૬ના જાહેર થયેલ કાર્યક્રમ મુજબ ચૂંટણીનું મતદાન તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. અને ચૂંટણીની તમામ પ્રક્રિયા તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ પુરી થનાર છે. રાજય ચૂંટણી પંચના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશ ક્રમાંક : ૧ ઈએલઈસી-સીઓસીમાં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડસ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાંન ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરના ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડસ્પીકરનો ઉપયોગ ફકત નિયત મંચ ઉપર નહીં પરંતુ ટ્રક, ટેમ્પો, કાર, જીપ, ટેક્ષીવાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, સાયકલ રીક્ષા વિગેરે જેવા વાહનો ઉપર ગોઠવીને પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખુબ જ ઉંચા અવાજે પ્રચાર કરતા લાઉડસ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગોએ, શેરીઓ અને ગલીઓમાં ફરે છે. તેમજ જુદા જુદા ગામોએ વસવાટોને મહોલ્લાએ, વસાહતો અને લત્તાઓમાં પણ પહોંચે છે. આના કારણે પ્રદુષણ થાય છે. અને આમજનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખુબ જ પ્રતિકુળ અસર પડે છે. કારણકે વહેલી સવારથી લાઉડસ્પીકરો વગાડવાનું શરૂ થઇ જાય છે. અને તે ખૂબ જ મોડી રાત સુધી વગાડવામાં આવે છે. આના પરિણામે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે છે. વૃધ્ધો, અશકત અને માંદાઓને પણ ઉંચા અવાજથી ખુબ જ તકલીફ પડે છે. સામાન્ય પ્રજાને ખુબ જ હરકત, અગવડ ત્રાસ, જોકમ અને ભય થાય છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકર બેફામ અને મનસ્વી રીતે વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી રહે છે.

જેથી હું બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે :-

(૧) ચુંટણી પ્રચારના કોઇપણ હેતુ માટે જાહેરસભા કે સરઘસના હેતુસર કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલ લાઉડસ્પીકરનો જિલ્લાના કોઇપણ વિસ્તારમાં રાત્રીના ૧૦-૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક સુધી ઉપયોગ કરી શકાશે નહિં.

(૨) કોઇ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૬-૦૦ વાગ્યાથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સરકારી સત્તાધિકારીની અગાઉથી લેખિત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સરકારી સત્તાધિકારીએ જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેરશાંતિ જોખમાય નહીં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે અને લાઉડસ્પીકરના ઉપયોગની પરાવનગી માટે કલાકો નક્કી કરવાના રહેશે.

(૩) ચુંટણી પ્રચારમાટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનોમાં ગોઠવેલ લાઉડ સ્પીકર માટે ઉપયોગમાં કરવામાં આવતી અરજીમાં વાહનોના પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન ચાલકે પરવાનગીનો હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતા વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે જ પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનોનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાના રહેશે.

(૫) ફરતા વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઇ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી અથવા મદદનીશ ચુંટણી અધિકારીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર પરમીટની સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

સદર આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 266

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, DECEMBER 5, 2006/AGRAHAYANA 14, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૫૧૫૦/૨૦૦૬.–તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી નડિયાદ ખાતે આવેલ શ્રી માઈ માતા મંદિર મુકામે શતાબ્દી મહેત્સવની ઉજવણી થનાર છે તેમજ જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયેજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમોમાં દુર સુદુરથી ભાવિક ભકતો, શ્રધ્ધાળુઓ દર્શનાર્થે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણવા ઉપસ્થિત થશે. આ દરમ્યાન નડિયાદ શહેરના જાહેર માર્ગો ઉપર ટ્રાફિક નિયમન કરવું આવશ્યક જણાય છે. ઈ. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ખેડા એ તેઓના પત્ર ક્રમાંક એલઆઈબી/જાહેરનામું/૩૧૧૨/૨૦૦૬, તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ થી વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. ઈ. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ખેડાની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી નડીયાદ શહેરમાં આવેલ રસ્તાનો ઉપયોગ કરવા સબંધી નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો

(૧) માઈ મંદિર ગરનાળાથી વી. બી. પેટ્રોલ પંપ સામેનો ખાંચો હાઈલેન્ડ ઓટો ગેરેજ તરફ જતા તમામ વાહનો.

(૨) શીવાલીકા ચાર રસ્તા થી માઈ મંદિર થઈ રેલ્વે ગરનાળા તરફ જતા તમામ વાહનો.

(બ) જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ થતાં આ વાહન વ્યવહાર પસાર થવા માટેના વૈકલ્પીક રસ્તાઓ

(૧) માઈ મંદિર ગરનાળાથી વી. બી. પેટ્રોલ પંપ તરફ જતા વાહનોને હાઈલેન્ડ ઓટો ગેરેજ ત્રણ રસ્તાથી શ્યામવિહાર સોસાયટી થઈ, વૈશાલી રોડ તરફ અને શ્યામવિહાર સોસાયટી બાજુથી આવતા વાહનો હાઈલેન્ડ ઓટો ગેરેજ રેલ્વે ગરનાળા તરફથી પસાર થશે.

(૨) શીવાલીકા ચાર રસ્તા થી માઈ મંદિર તરફ પસાર થતા વાહનો શીવાલીકા કોમ્પલેક્ષ ચાર રસ્તા થી ડી. બી. આર. ખાંચાથી શ્યામવિહાર સોસાયટી થઈ, હાઈલેન્ડ ઓટો ગેરેજ તરફ અને રાઈ તલાવડી રોડ ઉપરથી આવતા વાહનો માઈ મંદિર નાળા તરફથી આવતા વાહનો ઉપરના માર્ગો ઉપર થી પસાર થશે.

અપવાદ :

સરકારી વાહનો, ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

INDEX

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 267

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, DECEMBER 6, 2006/AGRAHAYANA 15, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કરેલ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./વશી/૫૧૨૦ થી ૫૧૩૦/૨૦૦૬.—પાટણ જિલ્લામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડિસેમ્બર-૨૦૦૬ થી જાન્યુઆરી-૨૦૦૭ના ગાળામાં વિવિધ પરીક્ષાઓ લેવાનાર છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા પાટણ જિલ્લાના વિવિધ કેન્દ્રો ઉપર લેવાનાર વિવિધ પરીક્ષાઓનું પાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહુ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતીથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતી કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ, પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા ખંડમાં નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરીક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઉભી થાય નહી તે સારૂં પાટણ જિલ્લાના હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં (ત્રિજ્યામાં) કોઈ અસામાજિક તત્વો કે અનધિકૃત વ્યકિત કે વ્યકિતઓ દાખલ થાય નહી તે સારૂં, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે તેવો મારો અભિપ્રાય છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી જણાવું છું કે તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૮મી જાન્યુઆરી, ૨૦૦૭ સુધી દરરોજ સવારના પરીક્ષાના પ્રારંભ થતા અગાઉ એટલે કે ૧૦-૦૦ વાગ્યાથી પરીક્ષા સમાપ્ત થતા સુધી એટલે કે સાંજના ૭-૦૦ સુધી પરીક્ષા માટેના પાટણ જિલ્લાના પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુ બાજુના ૨૦૦ (બસો) મીટરના વિસ્તારમાં કોઈ વ્યકિત કે વ્યકિતઓએ દાખલ થવું નહી અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી ઉભી કરવી નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને.

INDEX

(૨) સદર પરીક્ષાની કામગીરીમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તરફથી રોકાયેલ અધિકારી/કર્મચારીઓને.

(૩) સદરહુ પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરાયેલ આ કામગીરીમાં રોકાયેલ સરકારી અધિકારી/કર્મચારીને.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ/સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, પાટણ દ્વારા હુકમ કરવામાં આવે તેમને.

સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ની શિક્ષાને પાત્ર થશે.

પાટણ, તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૦૬.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 268

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, DECEMBER 8, 2006 / AGRAHAYANA 17, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭ (૧) મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામા ક.-૩૭ (૧)/વશી/૫૨૫૦ થી ૫૨૮૦/૨૦૦૬.–આગામી ડિસેમ્બર માસમાં તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જે દરમ્યાન પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, પાટણે મુંબઈ પોલીસ અધિનિયમ૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧લી, ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ ૦-૦૦ કલાકથી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહિ કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાની કે, એકઠા કરવાની કે, સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું;

(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું;

(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પુતળા કાઢવાનું કે ચાળા પાડવા કે, અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું;

(૫) ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું;

(૬) અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું કે અશ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું;

(૭) માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું;

(૮) નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતીનો ભંગ થાય તેવા હાવભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું ઉપયોગ કરવાનું.

INDEX

અપવાદ :

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાટણ, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાટણ/રાધનપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઇ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઇસમોને.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી. ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 269

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, DECEMBER 11, 2006 / AGRAHAYANA 20, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૦/૨૦૦૬.– આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અત્રેથી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) મુજબના જાહેરનામાની મુદત લંબાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું એન. સી. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૬ ઠ્ઠી ડીસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 270

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, DECEMBER 11, 2006 / AGRAHAYANA 20, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૧/૨૦૦૬.– આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અત્રેથી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) મુજબના હુકમની મુદત લંબાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડિયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબ આદેશ આપુ છું સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર, ૨૦૦૬ થી ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહિ. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટાગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (છ) અન્વયેનો.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૨/૨૦૦૬.– આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર હોઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે અત્રેથી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (છ) મુજબના હુકમની મુદત લંબાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડિયા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) (છ) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. તે સમગ્ર વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર, ૨૦૦૬ થી ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) જેનાથી સુરૂચિ તથા નીતિનો ભંગ થતો હોય અથવા રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું તથા

(૨) જેનાથી સુરૂચિ અથવા નીતિનો તથા ચૂંટણી કમિશનરશ્રી દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુ તૈયાર કરવાનું કૃત્ય.

આ હુકમ આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયત ચૂંટણી યોજાનાર છે તે વિસ્તારો માટે લાગુ પડે છે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (થ) અન્વયેનો.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૩/૨૦૦૬.– આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર હોઈ આણંદ જિલ્લામાં ચૂંટણીઓ દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર દ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ મુકવા અત્રેથી તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨ માંની કલમ-૩૩ (૧) (થ) મુજબના જાહેરનામાની મુદત લંબાવવી જરૂરી જણાય છે.

વાસ્તે, હું ડી. જી. ઝાલાવાડિયા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (થ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી તે વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર, ૨૦૦૬ થી ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચેના મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :–

(૧) કોઈપણ વ્યકિત જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહી.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફકત સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ ડખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ (૫) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ આણંદ જિલ્લામાં જયાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવાની છે તે વિસ્તારને લાગુ પડે છે.

મેં આજરોજ તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 271

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] TUESDAY, DECEMBER 12, 2006/AGRAHAYANA 21, 1928

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ના નિયમ ૧૧ અન્વયે.

નંબર જીએચ/ક્યુએલ/૨૭૭૪/૫૫૨૧/૨૦૦૬.–અરજદારશ્રી રંગુસંગ ચંદાજી સોલંકી રે. આકોડીયા તાં. બાયડને મોજે આકોડીયા તા. બાયડના સ. નં. વાત્રક નદી પટમાં ૧-૬૮-૦૦ હે. વિસ્તાર બ્લેકટ્રેપ ખનીજ માટે ૧૦ વર્ષની મુદત માટે આ કચેરીના હુકમ તારીખ ૧૭મી જાન્યુઆરી ૧૯૯૬ થી મંજુર કરવામાં આવેલ કરારખત તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૬ના રોજ કરી આપવામાં આવેલ.

સદર ક્વોરીલીઝ શરતભંગના કારણે આ કચેરીના હુકમ તારીખ ૩૦મી મે ૨૦૦૧ થી રદ કરવામાં આવેલ છે.

ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) (સી) મુજબ આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ બાદ ૩૦ દિવસ સદર વિસ્તાર જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૫મી ડીસેમ્બર, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા,
I.A.S.
કલેકટર,
જિલ્લો સાબરકાંઠા,
હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા

Extra No. 272

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] TUESDAY, DECEMBER 12, 2006/AGRAHAYANA 21, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/જાહેરનામું/વશી-કલમ-૩૭ (૧)/૮૬૬૩ થી ૮૮૧૩/ ૨૦૦૬.–મુંબઈ પોલીસ અધિનિયમ,૧૯૫૧ (મુંબઈ ૨૨ માં)ની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. જે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલમાં ચાલતી પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ અર્થે તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૬ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૬ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ–

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈપણ વસ્તુઓ અને ફેંકવાના તથા ધકેલવાના યંત્રો સંઘરવા નહીં અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(છ) જેનાથી સુરૂચિ નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં અથવા તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :-

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યક્તિ તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

INDEX

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

સી. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી-જાહેરનામું ૮૬૬૩ થી ૮૮૧૩/૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, સી. જે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, હાલની ચાલતી પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતિ જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને;
(૨) કોઇ લગ્નના વરઘોડાને;
(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને;
(૪) કોઇપણ સ્મશાન યાત્રાને;
(૫) કોઇપણ રાષ્ટ્રિય કાર્યક્રમને;

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 273

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, DECEMBER 13, 2006 / AGRAHAYANA 22, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર/પીઓએલ/૨/જાહેરનામા/એસઆર/૬૪/૨૦૦૬.—આંણદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદાન મથકોની આજુબાજુમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યાઘાત ન પડે તેમજ મતદાન શાંતિ રીતે પૂર્ણ થાય તે માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ - ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મતદાનના દિવસે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા માન્ય થયેલ મતદાન મથકોના સંદર્ભે નીચે મુજબ હુકમ ફરમાવું છું.

(૧) જે તે મતદાન મથકમાં ફક્ત નીચેની વ્યક્તિઓ જ પ્રવેશી શકશે.

- મતદાર
- પોલીંગ ઓફિસર્સ
- ચૂંટણી સાથે સંકળાયેલ સરકારી કર્મચારીઓ
- રાજ્ય ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિઓ
- ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારનો એક મતદાન એજન્ટ
- સ્ત્રી મતદારે તેડેલું બાળક
- અંધ, અશક્ત ઉમેદવારનો સાથી
- આ સિવાયની અન્ય વ્યક્તિ કે જેને ચૂંટણી અધિકારીશ્રી અથવા પ્રિસાઈડીંગ ઓફીસરે નિયુક્ત કર્યા હોય તેવી વ્યક્તિ.

(૨) મતદાન મથકથી ૨૦૦ મીટર દૂર ઉમેદવાર દ્વારા ઉભા કરવામાં આવેલ બુથ ઉપરથી અથવા ઉમેદવાર તરફથી જે કાપલી મતદારને આપવામાં આવે તેમાં કોઈપણ ઉમેદવારનું નામ, પ્રતિક, સંજ્ઞા કે અન્ય કોઈ લખાણ હોવું જોઈએ નહીં. કોઈપણ મતદાર કે વ્યક્તિ મતદાન મથકની ૨૦૦ મીટરની હદમાં આવી કોઈ કાપલી કે જેમાં ઉમેદવારનું નામ, પ્રતિક, કે સંજ્ઞાનું લખાણ હોય તે લઈ પ્રવેશી શકશે નહીં.

(૩) મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં કોઈ પણ વ્યક્તિ પેજર, કોર્ડલેસ ફોન, સેલ્યુલર ફોન કે વાયરલેસ લઈ પ્રવેશી શકશે નહીં.

(૪) મતદાન મથકથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રચાર અંગેનું કોઈપણ સાહિત્ય, બેનર, કટઆઉટ, પોસ્ટર રાખી શકશે નહીં.

વિસ્તાર :- આંણદ જિલ્લાના ગ્રામ પંચાયતના ચૂંટણીના મુકરર થયેલ મતદાન મથકો.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને લાગું પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને-૧૮૬૦ ના ૪૫માં)ની કલમ-૧૮૮હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી ડીસેમ્બર, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 274

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] WEDNESDAY, DECEMBER 13, 2006 / AGRAHAYANA 22, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો.

નંબર/પીઓએલ/૨/જાહેરનામા/એસઆર/૬૫/૨૦૦૬.—આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ આગામી તારીખ ૧૦મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ યોજાનાર છે. તેમજ તે અંગેની મતગણતરી તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ હાથ ધરવામાં આવનાર છે. મતગણતરી અંગે ગ્રામ પંચાયતવાર આ સાથેની અનુસૂચિ-૧ માં દર્શાવેલ સ્થળો નક્કી કરવામાં આવેલ છે. ચૂંટણીના પરિણામો જાણવા માટે મોટી સંખ્યામાં માણસો એકત્ર થવાની શક્યતાઓ રહેલી છે અને તેના કારણે તંગદીલીભર્યું વાતાવરણ સર્જાય અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતાઓ રહેલી છે. જેથી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હુકમ કરવા માટે પુરતા કારણો છે.

વાસ્તે, હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છું કે આ સાથેની અનુસૂચિ-૧માં જણાવેલ મતગણતરીના સ્થળોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ રાત્રિના ૧૨-૦૦ કલાકથી શરૂ કરીને મતગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમય માટે.

(૧) ચાર કે તેથી વધુ માણસોએ એકી સાથે ભેગા થવું નહિં.

(૨) જાહેર સુલેહશાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહિં.

(૩) જાહેર સુલેહશાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહિં.

(૪) કોઈપણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈ હથિયાર સાથે રાખીને ફરવું નહિ.

(૫) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવો કોઈ પદાર્થ સાથે રાખવો નહિ.

(૬) કોઈ વ્યક્તિએ મતગણતરી સ્થળ કે જેની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોર્ડલેસ ફોન, મોબાઈલ (સેલ્યુલર) ફોન, પેજર કે વાયરલેસ સાથે પ્રવેશવું નહિ.

અપવાદ :- સરકારી નોકર કે જે ફરજ ઉપર હશે તેને આ હુકમ લાગુ થશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ (સને-૧૮૬૦ ના ૪૫માં)ની કલમ-૧૮૮હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અનુસૂચિ-૧

ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી, ૨૦૦૬

મતગણતરી સ્થળ દર્શાવતું પત્રક

અ. નં.	તાલુકાનું નામ	ગ્રામ પંચાયત મતદાર મંડળનું નામ	સ્થળ
(૧)	તારાપુર	૧ મહીયારી	એફ. કે. અમીન હોલ, સાર્વજનિક હાઈસ્કુલ, તારાપુર.
		૨ વરસડા	
		૩ વલ્લી	
		૪ મોટા કલોદરા	
		૫ મોરજ	
		૬ ઈસરવાળા	

INDEX

અ. નં.	તાલુકાનું નામ	ગ્રામ પંચાયત મતદાર મંડળનું નામ	સ્થળ
(૧)	તારાપુર (ચાલુ)	૭ તારાપુર	એફ. કે. અમીન હોલ, સાર્વજનિક હાઈસ્કુલ, તારાપુર.
		૮ પચેગામ	
		૯ મીલરામપુરા	
		૧૦ દુગારી	
		૧૧ જીચકા	
		૧૨ ખડા	
		૧૩ વાળંદાપુરા	
		૧૪ નભોઈ	
		૧૫ ટોલ	
		૧૬ કસ્બારા	
(૨)	આણંદ	૧ રાસનોલ	એન. બી. પટેલ, સાયન્સ કોલેજ, આણંદ.
		૨ કુંજરાવ	
		૩ રાહતલાવ	
		૪ અડાસ	
		૫ સુંદણ	
		૬ વહેરાખાડી	
		૭ આંકલાવડી	
		૮ વડોદ	
		૯ હાડગુડ	
		૧૦ સામરખા	
		૧૧ ગોપાલપુરા	
		૧૨ કાસોર	
		૧૩ નાપાડવાંટા	
		૧૪ ખેરડા	
		૧૫ રામનગર	
		૧૬ સંદેશર	
		૧૭ ગામડી	
		૧૮ જીટોડીયા	
		૧૯ સારસા	
		૨૦ જોળ	
		૨૧ લાંભવેલ	
		૨૨ ચિખોદરા	
		૨૩ ઝાંખરીયા	
		૨૪ વાંસખિલીયા	
(૩)	ખંભાત	૧ મીતલી	શ્રી માધવલાલ શાહ હાઈસ્કુલ, ખંભાત.
		૨ વાસણા	
		૩ નાના કલોદરા	
		૪ રાલેજ ગૃપ	
		૫ કણઝટ	
		૬ પાંદડ	
		૭ ખડોધી	
		૮ લુંણેજ	
		૯ સોખડાગૃપ	
		૧૦ માલાસોની	
		૧૧ ઉંદેલ	

અ. નં.	તાલુકાનું નામ	ગ્રામ પંચાયત મતદાર મંડળનું નામ	સ્થળ
(૩)	ખંભાત (ચાલુ)	૧૨ ખટનાલ	શ્રી માધવલાલ શાહ હાઈસ્કુલ, ખંભાત.
		૧૩ પીપળોઈ	
		૧૪ જલુંધ	
		૧૫ તામસાગૃપ	
		૧૬ વેણજગૃપ	
		૧૭ કલમસર	
		૧૮ બાજીપુરા	
		૧૯ જહાંજ	
		૨૦ વટાદરા	
		૨૧ વડગામ	
		૨૨ તડેતળાવ	
		૨૩ નગરા	
		૨૪ મોતીપુરા ગૃપ	
		૨૫ ટીંબા	
		૨૬ મેતપુરા	
		૨૭ શકરપુરા	
		૨૮ સાયમા	
		૨૯ વત્રા	
		૩૦ જીણજ	
(૪)	પેટલાદ	૧ બોરીયા	એન. કે. હાઈસ્કુલ, પેટલાદ.
		૨ દંતાલી	
		૩ દાવલપુરા	
		૪ વટાવ	
		૫ માણજ	
		૬ ખડાણ	
		૭ ધૈર્યપુરા	
		૮ ભુરાકુઈ	
		૯ સીમરડા	
		૧૦ મહેળાવ	
		૧૧ ધુંટેલી	
		૧૨ પોરડા	
		૧૩ દંતેલી	
		૧૪ સિંહોલ	
		૧૫ પંડોળ	
		૧૬ રવિપુરા	
		૧૭ ધર્મજ	
		૧૮ પાળજ	
		૧૯ ચાંગા	
		૨૦ સંજાયા	
		૨૧ વિશ્નોલી	
(૫)	સોજીત્રા	૧ રૂણજ	મામલતદાર કચેરી મીટીંગ હોલ, સોજીત્રા.
		૨ લીંબાલી	
		૩ કોસોર	
		૪ વિરોલ (સો)	
		૫ બાલીન્ટા	

INDEX

અ. નં.	તાલુકાનું નામ	ગ્રામ પંચાયત મતદાર મંડળનું નામ	સ્થળ
(૬)	ઉમરેઠ	૧ મેઘવા (બડાપુરા)	મામલતદાર કચેરી,
		૨ તાડપુરા	ઉમરેઠ.
		૩ અરડી	
		૪ બેચરી	
		૫ ધોરા	
		૬ રતનપુરા	
		૭ આશીપુરા	
		૮ ખોરવાડ	
		૯ જાખલા	
		૧૦ સુંદલપુરા	
		૧૧ અહિમા	
		૧૨ બડાપુરા	
		૧૩ ગંગાપુરા	
		૧૪ ખાનકુવા	
		૧૫ ફતેપુરા	
		૧૬ લીંગડા	
		૧૭ ભ્રાટપુરા	
		૧૮ ધુળેટા	
		૧૯ ભાલેજ	
		૨૦ સુરેલી	
		૨૧ પ્રતાપપુરા	
(૭)	આંકલાવ	૧ અંબાલી	આંકલાવ હાઈસ્કુલ,
		૨ આસરમા	આંકલાવ.
		૩ કોસીન્દ્રા	
		૪ ગંભીરા	
		૫ લાલપુરા	
		૬ ભેટાસીવાંટા	
		૭ આમરોલ	
		૮ આસોદર	
		૯ જોષીકુવા	
		૧૦ હઠીપુરા	
		૧૧ બામણગામ	
		૧૨ ભેટાસીબા.ભાગ	
(૮)	બોરસદ	૧ કસુંબાડ	જે. ડી. પટેલ હાઈસ્કુલ,
		૨ વિરસદ	બોરસદ.
		૩ નાપાતળપદ	
		૪ ચુવા	
		૫ સંતોકપુરા	
		૬ નિસરાયા	

અ. નં.	તાલુકાનું નામ	ગ્રામ પંચાયત મતદાર મંડળનું નામ	સ્થળ
(૮) ચાલુ	બોરસદ	૭ પીપળી	જે. ડી. પટેલ હાઈસ્કુલ,
		૮ નામણ	બોરસદ.
		૯ બોદાલ	
		૧૦ રાસ	
		૧૧ વહેરા	
		૧૨ કણભા	
		૧૩ પામોલ	
		૧૪ બનેજડા	
		૧૫ અલારસા	
		૧૬ જંત્રાલ	
		૧૭ નાપાવાંટા	
		૧૮ કાલુ	
		૧૯ કઠાણા	
		૨૦ મોટીશેરડી	
		૨૧ ભાદરણીયા	
		૨૨ સીંગલાવ	
		૨૩ ખેડાસા	
		૨૪ વડેલી	
		૨૫ ડભાસી	
		૨૬ દાદપુરા	
		૨૭ ગાજણા	
		૨૮ સૈજપુરા	
		૨૯ સારોલ	
		૩૦ વાલવોડ	
		૩૧ બદલપુરા	
		૩૨ દહેમી	
		૩૩ કંકાપુરા	
		૩૪ દહેવાણ	
		૩૫ દેદરડા	
		૩૬ ગોરવા	
		૩૭ ઝારોલ	
		૩૮ ખાનપુર	

આજ તારીખ ૭મી ડીસેમ્બર, ૨૦૦૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યા.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 275

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, DECEMBER 14, 2006 / AGRAHAYANA 23, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાની કલમ-૩૭ (૩)મુજબ.

નંબર એમ.એ.જી./પી.ઓ.એલ./જાહેરનામા/ ક-૩૭(૩)/વશી/૫૨૧૯ થી ૫૨૪૯/૨૦૦૬.–આગામી ડિસેમ્બર માસમાં તારીખ ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ ગ્રામ પંચાયતની સામાન્ય ચુંટણીઓ યોજાનાર છે. જે દરમ્યાન પાટણ જિલ્લામાં તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારું સાવચેતીના પગલાંની આવશ્યકતા રહે છે.

વાસ્તે હું, જે. ડી. ભાડ, જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત મુદત માટે કોઈપણ સરઘસ કે ચાર કરતાં વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યકિતઓને;

(૨) ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને;

(૩) કોઇ લગ્નના વરઘોડાને;

(૪) કોઇ સ્મશાનયાત્રાને;

(૫) સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલ સમારંભ કે સરઘસને;

(૬) ચૂંટણીની કાયદેસરની પ્રક્રિયાને.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને : ૧૯૫૧ ના ૨૨મા)ની કલમ-૩૭ (૩) ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

જે. ડી. ભાડ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 276

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] SATURDAY, DECEMBER 16, 2006/AGRAHAYANA 25, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ.

નંબર પીઓએલ/વશી/૨૯૩૫ થી ૨૯૪૩/૨૦૦૬.– સરકારીશ્રીના આદેશ મુજબ હાલમાં મહેસાણા શહેરમાં ગેરકાયદેસર દબાણો દુર કરવાનો કાર્યક્રમ ચાલુ છે. જેથી દબાણ હટાવવાના કાર્યક્રમ દરમ્યાન મહેસાણા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારુ કોઈપણ મંડળીની કે સરઘસોની મનાઈ કરવાનું યોગ્ય જણાય છે.

વાસ્તે હું, કે. એસ. મેણાત, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ મહેસાણા શહેરમાં તારીખ ૧૩મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૬મી ડીસેમ્બર, ૨૦૦૬ના ૨૪-૦૦ કલાક સુધીની મુદત (બન્ને દિવસો સહિત) માટે કોઈપણ સરઘસ કે ચાર કરતા વધુ વ્યક્તિઓની મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં હોય તેવી વ્યક્તિઓને.
(૨) ફરજ ઉપર હાજર હોય તેવી વ્યક્તિઓને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) કોઈ સ્મશાન યાત્રાને.
(૫) પોલીસ સ્ટાફ.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૩મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કે. એસ. મેણાત,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 277

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] MONDAY, DECEMBER 18, 2006 / AGRAHAYANA 27, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો.

નંબર પીઓએલ(૧)/૫૨૬૩/૨૦૦૬.—નડિયાદ શહેરમાં નવા બસ સ્ટેન્ડ થી સંતરામ મંદિર તરફ ડૉ. આંબેડકરના સ્ટેચ્યુ સુધીના વિસ્તારમાં ભુગર્ભ ગટર યોજનાનું મરામત કામ ચાલુ કરવામાં આવેલ છે. આ રોડ પરથી પસાર થતા ભારે વાહનોની અવર-જવરના કારણે ટ્રાફિક જામ થઈ જતો હોય છે અને અકસ્માત થવાની સંભાવના રહેલી છે તેમજ વાહનોની સતત અવર-જવરના કારણે ભુગર્ભ ગટર યોજનાના કામમાં વિલંબ થાય છે. જેથી સદરહુ રસ્તો ભારે વાહનો માટે તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી બંધ રાખવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદે તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૦૬ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૩૨૪૧/૦૬ થી અત્રે દરખાસ્ત કરેલ આવેલ છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) થી મને મળેલ સત્તાની રૂઈએ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી નડીયાદ શહેરમાં નવા બસ સ્ટેન્ડથી સંતરામ મંદિર તરફ ડૉ. શ્રી આંબેડકરના સ્ટેચ્યુ સુધી આવેલ રસ્તાનો ઉપયોગ કરવા સબંધી નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(A) ભારે વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવાના જાહેર માર્ગો.

નવા બસ સ્ટેન્ડ થી સંતરામ મંદિર રોડ, ટ્રાફિક ચોકી પાસે આવેલ ડૉ. આંબેડકરના સ્ટેચ્યુ તરફ જતો રોડ.

(B) જાહેર માર્ગો ઉપરનો વાહન વ્યવહાર બંધ થતાં આ ભારે વાહન વ્યવહાર પસાર થવા માટેના વૈકલ્પિક રસ્તાઓ.

નડિયાદમાં બસ સ્ટેન્ડમાં આવતા વાહનો મહા ગુજરાત સર્કલ, ચકલાસી ભાગોળ, કનીપુરા નાકા, દિવાન બેકરી થઈ બસ સ્ટેન્ડમાં અવર-જવર કરી શકશે.

અપવાદ : સરકારી વાહનો ફાયર બ્રિગેડના વાહનો, એમ્બ્યુલન્સ વાનને લાગુ પડશે નહી.

શિક્ષા : આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ મુંબઈ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

INDEX

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા તેમના માણસો મુકીને કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તે મતલબના બોર્ડ જે તે સ્થળોએ સ્થાનીક પોલીસે મુકવાના રહેશે.

આજ તારીખ ૧૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 278

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, DECEMBER 21, 2006 / AGRAHAYANA 30, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) (ફ) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર.-૬૬/૨૦૦૬.– આણંદ જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓ તથા પોલીસ માણસોની સને ૨૦૦૬ની વાર્ષિક ફાયરીંગની પ્રેક્ટીસ અહિમા ગામે અહિમા બટ ઉપર તારીખ ૪થી ડિસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૮મી ડિસેમ્બર, ૨૦૦૬ સુધી તથા તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૬ સુધી લેવાની હોઈ, આ અંગે ફાયરીંગ બટના વિસ્તારમાં પશુઓ તથા માણસોની હેરફેર અટકાવવા તથા પ્રતિબંધિત હુકમ તેમજ જરૂરી સુચનો અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૬ના પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, ડી. જી. ઝાલાવાડીયા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ના (૧) (ફ) થી મને મળેલ અધિકારની રૂઈએ મોજે અહિમા, તા. જિ. આણંદ ખાતે ફાયરીંગ બટના (એક કિલોમીટર) વિસ્તારમાં તારીખ ૧૫મી ડીસેમ્બરે, ૨૦૦૬ થી તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) દરમ્યાન પશુઓ તથા માણસોની હેરફેર અને જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સંમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૮મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યા.

ડી. જી. ઝાલાવાડીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 279

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, DECEMBER 21, 2006 / AGRAHAYANA 30, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

(૧) અત્રેના નં. પીઓએલ/ટ્રાફીક નિયમન /જાહેરનામું વશી-૩૭૩૯/૨૦૦૫ તા. ૧૮-૬-૨૦૦૫ અન્વયે પ્રસિધ્ધ કરેલ જાહેરનામુ

(૨) અત્રેના નં. પીઓએલ/ટ્રાફીક નિયમન /જાહેરનામું વશી-૩૭૩૯/સુધારો/૨૦૦૫ તા. ૨-૨-૨૦૦૬ અન્વયે સદરહું જાહેરનામા અંગે ઠરાવેલ સુધારો

(૩) પોલીસ અધિક્ષકશ્રી, સા. કાં. ના પત્ર નં. ટ્રાફિક /જાહેરનામું ૨૯૬ /૨૦૦૬ તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૦૬ અન્વયે રજુ થયેલ દરખાસ્ત.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/ટ્રાફિક/૩૩ (૧) (બી) વશી/૩૪૪૭/૨૦૦૬.– આમુખ-(૧)ની વિગતે હિંમતનગરથી અમદાવાદ જતા માર્ગ ઉપર રેલ્વે ક્રોસીંગ ફાટક નં. ૮૧/એએસપીએલ ઉપર સુચિત રેલ્વે ઓવરબ્રીજના બાંધકામની થઈ રહેલ કામગીરી સંદર્ભે સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે જરૂરી જાહેરનામું ટ્રાફિક નિયમનના હેતુથી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૦૬ સુધીની સમયમર્યાદાનું અત્રેના અધિકારમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. સદરહું જાહેરનામામાં આમુખ-(૨)ની હકીકતે અનુરૂપ સુધારો પણ કરવામાં આવેલ છે.

આમુખ-૩ની હકીકતે પોલીસ અધિક્ષકશ્રી, સા. કાં. ના જણાવ્યાનુસાર રેલ્વે ઓવરબ્રીજનું કામકાજ ચાલુ થતાં ટ્રાફિક નિયમન અંગે પ્રસિધ્ધ કરેલ સદરહું જાહેરનામાની મુદત તારીખ ૩૧ જુલાઈ, ૨૦૦૬ના રોજ પુર્ણ થઈ ગયેલ હોઈ અને હાલમાં પણ રેલ્વે ઓવરબ્રીજનું કામ ચાલુ હોવાથી હિંમતનગર ટાઉન પો. સ્ટે. ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ના અહેવાલ આધારે વધુ ૧ (એક) વર્ષ માટે સદરહું જાહેરનામાની મુદતમાં વધારો કરવા વિનંતી કરેલ છે.

રેલ્વે ઓવરબ્રીજનું કામગીરીની સમયમર્યાદા ૧૬ માસ હોવા અંગે કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ (રાજય) હિંમતનગર દ્વારા અગાઉ ઉલ્લેખ થયેલ છે. મુળ જાહેરનામું તારીખ ૧૮મી જુન, ૨૦૦૫ના રોજ પ્રસિધ્ધ કરેલ છે. જે જોતા કામગીરીની મુદત પુર્ણ થયેલ છે. અલબત્ત ટુંક સમયમાં આ કામગીરી પુર્ણ થાય તે માટે સંબંધિત કક્ષાએથી યોગ્ય સુપરવીઝન રાખવું જરૂરી છે.

વાસ્તે હું, બી. એચ. ઘોડાસરા, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ના ખંડ (બી)અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આમુખ-૧ તથા ૨ની હકીકતે પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદત આગામી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૭ સુધી અમલમાં રાખવા ફરમાવું છું.

INDEX

આ જાહેરનામાનો ભંગ કરનાર /ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નો ૨૨મો)ની કલમ-૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

બી. એચ. ઘોડાસરા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 280

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] THURSDAY, DECEMBER 28, 2006 / PAUSA 7, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section
in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/(૧)/૫૩૧૬/૨૦૦૬.–તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ મુસ્લીમ કોમનો બકરીઈદનો તહેવાર યોજાનાર છે. આ તહેવારો દરમ્યાન કોમી એકતાના મુદ્દાને સંવેદનશીલ બનાવી ચોક્કસ તત્વો આ તહેવારોની ઉજવણીને નિમિત્ત બનાવી જાહેર સુલેહ શાંતિને ભડકાવી વાતાવરણ તંગ બનાવી ઘર્ષણ પેદા કરવાની શકયતા નકારી શકાય નહીં. જેથી ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપે ઈ. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક ખેડા-નડીયાદએ તા. ૨૧-૧૨-૨૦૦૬ના પત્ર ક્રમાંક એલઆઈબી/એમએ/જાહેરનામું/૦૬/૩૩૨૩ થી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્ત ઉચિત અને આવશ્યક હોવાનું જણાય છે.

વાસ્તે હું, કે. કે. વાગડીયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, જિલ્લો નડીયાદ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના વિસ્તારમાં તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

(૩) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

(૪) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું.

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું, રાજ્યની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

વિસ્તાર :- સમગ્ર ખેડા જિલ્લાનો વિસ્તાર.

અપવાદ :- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા :- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

કે. કે. વાગડીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 281

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, DECEMBER 29, 2006 / PAUSA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section
in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬

નંબર જીએચ/ક્યુએલ/૨૬૧૪/૫૭૬૪/૨૦૦૬.– નંબર યુએમકે/એસકે/જીએચ/ક્યુએલ/ક્વાર્ટઝાઈટ શ્રી ભાટ નાનજી તેનીજીની મોજે-જનાલી, તા. ભિલોડાના સર્વે નં. ના બ્લોક નં. ૩૮૨ પૈકીની ૧-૦૦-૦૦ હેક્ટર વિસ્તારની ક્વોરી લીઝ તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫ થી મંજુર કરવામાં આવેલ; જે અત્રેની કચેરીના તારીખ ૨૪મી માર્ચ, ૨૦૦૫ ના હુકમથી નામંજુર (રદ) કરવામાં આવેલ છે. જેની હકીકત નીચે મુજબ છે.

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
૧	૨	૩	૪	૫
સાંબરકાંઠા	ભિલોડા	જનાલી	બ્લોક નં. ૩૮૨	૧-૦૦-૦૦ હેક્ટર

ઉપરોક્ત હકીકતે બાકી લેણાંના કારણે ક્વોરીલીઝ રદ કરેલ હોવાથી ફરી ખાણકામ માટે જાહેર કરવાનો હોઈ, આથી ગુજરાત ગૌણ ખનિજ ધારો ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) સી હેઠળ મળેલ સત્તાની રૂએ કલેક્ટરશ્રી સાંબરકાંઠા અને સક્ષમ અધિકારશ્રી ઉપરોક્ત પત્રકમાં જણાવેલ વિગતે વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ પછીની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૬.

બી. એચ. ઘોડાસરા, (I. A. S.)
કલેક્ટર, સાબરકાંઠા, હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

Extra No. 282

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, DECEMBER 29, 2006 / PAUSA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા
જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

નંબર ઈસી/એમએજી/વશી/જાહેરનામું/૧૦૧૬ થી ૧૧૩૬/૨૦૦૬.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, સી. જે. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, તા. ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ નાતાલનો તહેવાર આવતો હોઈ તથા હાલમાં ચાલતી પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને જીલ્લામાં કાયદો અંને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ (પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરના હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે) વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે. તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈ ૨૨માં) ની કલમ-૩૭ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૬મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ ૦૦-૦૦ કલાક થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહીં. વધુમાં હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતઓને.

(૨) કોઇ લગ્નના વરઘોડાને.

(૩) ફરજ પર હોય તેવી ગ્રામ રક્ષકદળની વ્યકિતઓને.

(૪) કોઈપણ સ્મશાન યાત્રાને.

(૫) કોઈપણ રાષ્ટ્રિય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથકના વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે. એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે. આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી આપ્યો.

સી. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 283

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, DECEMBER 29, 2006 / PAUSA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૭/૨૦૦૬.– આગામી તારીખ ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ નાતાલ તેમજ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૬ અને તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ નવા વર્ષની ઉજવણી થનાર હોય તથા તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ ના રોજ બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ આ તહેવાર દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેના જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ ફેક્સ મેસેજથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, એન.સી. શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૭ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, મનુષ્યો અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું;

(૩) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૪) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું અથવા તેનો ફેલાવો કરવાનું.

વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

અપવાદ : આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી; અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન. સી. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

Extra No. 284

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRA ORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. XLVII] FRIDAY, DECEMBER 29, 2006 / PAUSA 8, 1928

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART - I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનો.

નંબર પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૬૮/૨૦૦૬.– આણંદ જિલ્લામાં તારીખ ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ નાતાલ તેમજ તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૦૬ અને તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ નવા વર્ષની ઉજવણી થનાર હોય તથા તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ ના રોજ બકરી ઈદનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ આ તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેના જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદએ તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ ફેક્સ મેસેજથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આર. આર. વરસાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબ આદેશ આપું છું. સમગ્ર આણંદ જિલ્લામાં તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૬ થી તારીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૭ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :- સમગ્ર આણંદ જિલ્લો.

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા-ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫, માં) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજરોજ તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. આર. વરસાણી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX